# વેદની વિચારધારા

★

રાધાકૃષ્ણન

★

ચંદ્રશંકર શુક્લ



THE UNIVERSITY LIBRARY
The Maharaja Sayajirao University
of Baroda
Call No. B
131
R2
BK-3092

THE UNIVERSITY LIBRARY
The Maharaja Sayajirao University
of Baroda
Call No. BL
114
R2
BK-3092

# વેદની વિચારધારા

[ રાધાકૃષ્ણનના Indian Philosophy
Vol. I નાં પ્રકરણ ૨–૩ નો અનુવાદ ]

અનુવાદક
**ચંદ્રશંકર પ્રાણશંકર શુકલ**

: સોલ એજન્ટ :
એન. એમ. ઠક્કર ઍન્ડ કંપની, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ ૨

: પ્રકાશક :
**વોરા ઍન્ડ કંપની, પબ્લિશર્સ, લિમિટેડ**
૩ રાઉન્ડ બિલ્ડિંગ, કાલબાદેવી રોડ, મુંબઈ ૨

Gift
BK-3092

શ્રી. ચંદ્રશંકર શુક્લનાં ઇતર પુસ્તકો

સીતાહરણ ( પાંચમી આવૃત્તિ )
પિરામીડની છાયામાં

B
131
R2

: અનુવાદો :

ચીનનો અવાજ — લૉવેઝ ડિકિન્સન ( બીજી આવૃત્તિ )
ધર્મસંસ્થાપન — ગાંધીજી
રચનાત્મક કાર્યક્રમ — ગાંધીજી
રચનાત્મક કાર્યક્રમ — રાજેન્દ્રપ્રસાદ
હિંદુ જીવનદર્શન — રાધાકૃષ્ણન
મહાત્મા ગાંધી — રાધાકૃષ્ણન
અહિંસાની તાલીમ — ગ્રેગ
ગાંધીજીને જગવંદના — રાધાકૃષ્ણન ( બીજી આવૃત્તિ )
ધર્મોનું મિલન — રાધાકૃષ્ણન
ગાંધીજીના જીવનપ્રસંગ — મીલી પોલાક
પુણ્યશ્લોક ગાંધીજી ( લેખસંગ્રહ )
ગાંધીજી સાથે અઠવાડિયું — લુઈ ફીશર
હિંદુ ધર્મ — રાધાકૃષ્ણન
ચૂપ નહીં રહેવાય — ટૉલસ્ટૉય
બે નવલકથા — ટૉલસ્ટૉય
યન્ત્રો સામે બળવો — જૅક્સ
ગાંધીજીની યુરોપયાત્રા — મ્યુરીએલ લેસ્ટર
ગીતાદર્શન — રાધાકૃષ્ણન

---

આવૃત્તિ પહેલી, ડીસેમ્બર ૧૯૪૪

કિંમત : સવાબે રૂપિયા

## પ્રસ્તાવના

રાધાકૃષ્ણને ‘ ઈંડિયન ફિલૉસૉફી ’ એ નામના બે ભાગવાળા ગ્રન્થમાં ભારતીય તત્ત્વજ્ઞાનનો જે ઈતિહાસ અંગ્રેજીમાં લખેલો છે તે સુપ્રસિદ્ધ છે, ને એ વિષયના પ્રમાણભૂત ગ્રન્થ તરીકે આખા જગતમાં વંચાય છે. એમાંના બીજા ને ત્રીજા પ્રકરણનો — The Hymns of the Ṛg-veda અને Transition to the Upaniṣads નો અનુવાદ ‘ વેદની વિચારધારા ’ દ્વારા ગુજરાતી વાચકવર્ગ સમક્ષ રજૂ કરતાં આનન્દ થાય છે. વેદ એ ભારતીય પ્રજાનો જ નહીં પણ સમગ્ર માનવજાતિનો જૂનામાં જૂનો ગ્રન્થ છે, અને આપણાં ધર્મ ને તત્ત્વજ્ઞાનનો મૂળ આરંભ ત્યાંથી થાય છે, એટલે ભારતીય તત્ત્વજ્ઞાનના ઈતિહાસમાં એનો અભ્યાસ અનિવાર્ય છે. એની સૂક્ષ્મ, તટસ્થ ને રસિક સમાલોચના આ પુસ્તકમાં થયેલી છે. રાધાકૃષ્ણનની શૈલી ને તેમની નિરૂપણપદ્ધતિ ગુજરાતી વાચકવર્ગને બહુ ગમી છે, એટલે એને વિષે તો ભલામણરૂપે શું લખવાનું હોય ? એમનાં પુસ્તકોના આગલા અનુવાદોને સુજ્ઞ વાચકો ને વિવેચકો તરફથી જે આવકાર મળ્યો છે તે આ પ્રવૃત્તિ વિષેનો મારો ઉત્સાહ વધારે છે, એટલું હું સાભાર સ્વીકારું છું. આ જ ઢબે ક્રમે ક્રમે ‘ ઇંડિયન ફિલૉસૉફી ’ એ ગ્રન્થનાં બીજાં પ્રકરણોના અનુવાદ પણ આપવાની યોજના છે; ને એ દિશામાં થોડુંક કામ થયું પણ છે.

મૂળ અંગ્રેજી ગ્રન્થમાં લેખકે પોતાના વિવેચનના ઉદાહરણરૂપે વેદ તથા બ્રાહ્મણગ્રન્થોના અનેક સ્થળનિર્દેશો ઠેકઠેકાણે પાદટીપોરૂપે આપ્યા છે. અંગ્રેજી પુસ્તક વાંચનાર વિદ્વાનો ને અભ્યાસીઓ ધારે ત્યારે એ મૂળ સંસ્કૃત ગ્રન્થો ઉઘાડીને તેમાંનાં વચનો જોઈ શકે; જોકે તેમને પણ એ સર્વ ગ્રન્થો એકસાથે ને ગમે ત્યાં મળી શકતા નથી. પણ આપણા સામાન્ય વાચકોને માટે તો એ પુસ્તકો મેળવીને જોવાની શક્યતા નહીંજેવી હોય છે. તેથી પુસ્તકની પાછળ જુદો ટિપ્પણ–વિભાગ કરી તેમાં એ સર્વ મૂળ અવતરણો, ગુજરાતી અનુવાદ સાથે, આપેલાં છે; જેથી વાચકો લેખકના વિવેચનની સાથેસાથે, જે વચનોને ધ્યાનમાં રાખીને લેખક લખે છે તે વચનો પણ જોઈ શકે. રાધાકૃષ્ણને આ વસ્તુને સંમતિ આપી છે. જે મિત્રોએ આ અનુવાદ લખાતો ને છપાતો જોયો છે તેમણે આ ગોઠવણની ઉપયોગિતા સ્વીકારી છે; ને મને આશા છે કે વાચકવર્ગને પણ તે ઉપયોગી લાગશે. આ અવતરણો ને તેના અર્થો આપવામાં મારા મિત્ર શ્રી. શંકરલાલ ચંદુલાલ ભટ્ટે મને ઘણી મદદ કરી છે, ને મારી ઘણી મહેનત બચાવી છે. અર્થો આપવામાં સાયણ-ભાષ્યનો તેમજ આધુનિક સંશોધનોનો બને એટલો ઉપયોગ કર્યો છે. પણ વેદના અર્થોને વિષે વિવિધ મતો પ્રવર્તે છે, એ જોતાં કેટલીક જગાએ વિદ્વાન વાચકોને જુદા અર્થો કરવા જેવા લાગે તો તેઓ તે પ્રમાણે કરી શકે છે. અનુવાદ કરતી વખતે ક્યાંક સમજૂતી કે પૂર્તિરૂપે નોંધ આપવા જેવી લાગી તે પાદટીપોમાં આપી. અનુવાદ છપાયા પછી, કેટલીક વધારે નોંધો આપવાનો વિચાર થયો; તે નોંધો પુસ્તકને છેડે ‘ અનુવાદકનાં ટિપ્પણો ’ રૂપે આપી છે. એમાં સવિસ્તર માહિતી આપવાનો આશય જરા પણ નથી. માત્ર ક્યાંક ક્યાંક લેખકના વિવેચનની સહેજસાજ પૂર્તિરૂપે જ કેટલીક હકીકતો આપી છે. રાધાકૃષ્ણનના આ ગ્રન્થો આપણી પ્રજામાં આપણા પૂર્વજોએ મૂકેલી એ વિશાળ સમૃદ્ધિ વિષે રુચિ, ને તેનો વિવેકપૂર્વક અભ્યાસ કરવાની ઇચ્છા, જાગૃત કરવામાં નિમિત્તરૂપ નીવડો, એટલી જ આશા આપણે રાખીએ.

ગોધરા, ૨૭–૧૨–૪૪ — **ચંદ્રશંકર પ્રાણશંકર શુક્લ**

# અનુક્રમણિકા


| ક્રમાંક | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ખંડ ૧ : | ઋગ્વેદનાં સૂક્તો .... .... | ૫—૬૮ |
| ૧. | વેદ .... .... .... .... | ૫ |
| ૨. | સૂક્તોના અભ્યાસનું મહત્ત્વ .... | ૮ |
| ૩. | વેદનું તાત્પર્ય ... ... ... | ૧૧ |
| ૪. | તત્ત્વચિન્તનની દિશામાં ... ... | ૧૩ |
| ૫. | દેવસૃષ્ટિ ... ... ... | ૧૫ |
| ૬. | એકેશ્વરવાદની દિશામાં ... .... | ૩૪ |
| ૭. | એકેશ્વરવાદ વિ. અદ્વૈતબ્રહ્મવાદ ... | ૩૮ |
| ૮. | સૃષ્ટિવિજ્ઞાન .... ... .... | ૪૭ |
| ૯. | ઉપાસના ને કર્મકાંડ ... .... | ૫૫ |
| ૧૦. | નીતિનિયમ અને સદાચાર ... | ૬૦ |
| ૧૧. | મરણોત્તર જીવન .... ... | ૬૫ |
| ૧૨. | ઉપસંહાર ... .... ... | ૬૮ |
| ખંડ ૨ : | અથર્વવેદ અને બ્રાહ્મણો ... ... | ૬૯—૯૦ |
| ૧. | અથર્વવેદ ... ... .... | ૬૯ |
| ૨. | અથર્વવેદના દેવો .... ... | ૭૨ |
| ૩. | યજુર્વેદ અને બ્રાહ્મણો .... ... | ૭૫ |
| ૪. | યજુર્વેદ અને બ્રાહ્મણોના દેવો .... | ૭૭ |
| ૫. | સૃષ્ટિસર્જન વિષેના વાદ .... ... | ૮૪ |
| ૬. | નીતિનિયમ અને સદાચાર ... | ૮૪ |
| ૭. | મરણોત્તર જીવન .... .... | ૮૭ |
| | લેખકનાં ટિપ્પણો ... ... ... | ૯૧—૧૪૨ |
| | અનુવાદકનાં ટિપ્પણો .... ... ... | ૧૪૩—૧૫૪ |

# વેદની વિચારધારા

## ખંડ ૧લો : ઋગ્વેદનાં સૂક્તો

ચાર વેદ — વેદના ભાગ : મન્ત્ર, બ્રાહ્મણ, ઉપનિષદ્ — સૂક્તોના અભ્યાસનું મહત્ત્વ — સમય અને કર્તા — સૂક્તોના તાત્પર્ય વિષે જુદા જુદા મતો — તેમાંના તાત્ત્વિક વિચારો — ધર્મ — દેવ — નિસર્ગપૂજા અને માનવરૂપધારી દેવદેવીની ઉપાસના — દ્યાવાપૃથિવી — વરુણ — ઋત — સૂર્ય — ઉષા — સોમ — યમ — ઈન્દ્ર — નાનાં દેવદેવીઓ — વૈદિક દેવદેવીઓનું વર્ગીકરણ — એકેશ્વરવાદ તરફનું વલણ — નિસર્ગની એકરૂપતા — તાર્કિક મનની. એકવાક્યતા સાધવાની, વૃત્તિ — ઉપાસનાની વૃત્તિનું પૃથક્કરણ — એક એક દેવને સર્વશ્રેષ્ઠ માનવાની વૃત્તિ (અધિદેવવાદ) — વિશ્વકર્મા, બૃહસ્પતિ, પ્રજાપતિ, અને હિરણ્યગર્ભ — ચિંતન અને ટીકાનો ઉદય — તાત્ત્વિક દૃષ્ટિએ એકેશ્વરવાદની અપૂર્ણતા — અદ્વૈતવાદ — ફિલસૂફી અને ધર્મ — વેદનાં સૂક્તોમાં વિશ્વોત્પત્તિને લગતી કલ્પનાઓ — નાસદીય સૂક્ત — જગતનો બ્રહ્મ સાથેનો સંબન્ધ — પુરુષસૂક્ત — વ્યાવહારિક ધર્મ — ઉપાસના — યજ્ઞ — નીતિનિયમો અને સદાચાર — કર્મ — તપસ્યાનો માર્ગ — વર્ણવ્યવસ્થા — મરણ પછીનું જીવન — દેવયાન અને પિતૃયાન — નરક — પુનર્જન્મ — ઉપસંહાર.

### ૧. વેદ

મનુષ્યના મનની જે તવારીખો આપણી પાસે અત્યારે મોજૂદ છે તેમાં જૂનામાં જૂની તે વેદ છે. વિલસન લખે છે : “ ઋગ્વેદ અને યજુર્વેદની સંહિતાઓ પૂરેપૂરી છપાઈ રહેશે ત્યારે આપણને પૂરતી સામગ્રી મળી જશે; એમાંથી કાઢવાનાં અનુમાનો વિષે આપણે નિર્ભયપણે અટકળ કરી શકીશું; અને સમાજવ્યવસ્થાની જે જૂનામાં જૂની તવારીખો અત્યારલગી આપણી જાણમાં

આવી છે તે તવારીખોના જમાનામાં હિંદુઓની રાજકીય ને ધાર્મિક સ્થિતિ ખરેખર કેવી હતી તેનો સાચો ખ્યાલ બાંધી શકીશું. એ જમાનો ગ્રીક સંસ્કૃતિના ઉષ:કાળ કરતાં ઘણો પ્રાચીન હતો; એસીરિયન સામ્રાજ્યના જે જૂનામાં જૂના અવશેષો આજ લગીમાં જડ્યા છે તેથી પણ જૂનો હતો; જૂનામાં જૂનાં હિબ્રુ લખાણોનો કદાચ સમકાલીન હશે; અને માત્ર મિસરના રાજવંશોથી જ પાછળનો હતો, પણ એ વંશોને વિષે તો હજુ આપણી પાસે ખાલી નામ સિવાય બીજી માહિતી નથી જ એમ કહી શકાય. પ્રાચીન કાળના તત્ત્વવિચારમાં જે રસિકમાં રસિક અંશો છે તે સર્વને વિષે આપણને વેદમાંથી પુષ્કળ માહિતી મળે છે."[1] વેદ ચાર છે: ઋગ્, યજુષ્, સામ અને અથર્વ. પહેલા ત્રણનાં નામ, રચનાનો પ્રકાર, અને ભાષામાં જ નહીં, પણ તેમાં વર્ણવેલા વિષયોમાં પણ, મળતાપણું છે. એ સર્વમાં ઋગ્વેદ મુખ્ય છે. વિદ્વાનોનો એકંદર મત એવો છે કે આર્યો તેમનું મૂળ રહેઠાણ છોડીને ભારતવર્ષમાં આવ્યા ત્યારે પોતાની સાથે, કવિપ્રતિભાથી રચાયેલાં કાવ્યો ને ગીતોનો સંગ્રહ લાવેલા, ને તેને તેઓ પોતાની મોટામાં મોટી સંપત્તિ માનતા હતા. નવા દેશમાં જ્યારે બીજાં દેવદેવીઓના ઉપાસકોની ઘણી મોટી સંખ્યાનો ભેટો થયો ત્યારે તેમને પોતાની એ સંપત્તિ ભેગી કરીને સાચવી રાખવાનો વિચાર આવ્યો; ને પરિણામે તેનો વ્યવસ્થિત સંગ્રહ કરવામાં આવ્યો. એ સંગ્રહ તે ઋગ્વેદ.[2] સામવેદમાં કેવળ યજ્ઞયાગમાં ને સામાજિક ઉપાસનાઓમાં ગાવાનાં સામ (ગાયન) નો સંગ્રહ છે. એમાંનાં ઘણાં સૂક્તો તો ઋગ્વેદમાં મળી આવે છે. એમાં જે સૂક્તો મૌલિક છે તેમાં પણ કંઈ ખાસ બોધ કે ચિન્તન નથી. તે બધાં યજ્ઞયાગ વખતે ગાવાના હેતુથી જ ગોઠવેલાં છે. સામવેદની પેઠે યજુર્વેદ પણ યજ્ઞયાગ અને સામાજિક ઉપાસનામાં ઉપયોગી થાય છે. ક્રિયાકાંડવાળા ધર્મને અંગે જે જરૂર ઊભી થઈ તે પૂરી પાડવા માટે એ સંગ્રહ કરવામાં આવેલો. વ્હીટની લખે છે: "વૈદિક યુગના પ્રારંભકાળમાં યજ્ઞ એ મુખ્યત્વે ઉપાસકે સ્વેચ્છાએ ને સ્વતંત્રપણે કરેલી ઉપાસનાની ક્રિયારૂપ હતો. યજ્ઞ કરાવવાનું કામ ધંધાદારી ને ખાસ અધિકારવાળા ઋત્વિજોના વર્ગને સોંપાયેલું નહોતું. તેની ઝીણી ઝીણી વીગતો વિષે નિયમો ઘડાયેલા નહોતા. યજ્ઞ કરનારને પોતાની મરજી ફાવે તેવી રીતે યજ્ઞનો વિધિ કરવાની છૂટ હતી. યજમાને હૃદયની સ્વેચ્છાથી પ્રેરાઈને દેવતાને જે ભેટ ધરવાનો નિશ્ચય કર્યો હોય તે



ભેટ આપવાનું કામ તેના હાથ કરતા હોય તે વેળાએ તેની જીભ બંધ ન રહે, એટલા માટે યજ્ઞના હોમની સાથેસાથે ઋગ્વેદનાં સૂક્તો ને સામવેદનાં ગાયનો ગાવાનો રિવાજ હતો......પણ કાળે કરીને એ ક્રિયાકાંડમાં વિધિઓ વધારે ને વધારે નિશ્ચિત રૂપ ધારણ કરતા ગયા: અને છેવટે તેની હારબંધ થનારી એક એક ક્રિયાને વિષે કડક ને વીગતવાર નિયમો નક્કી થયા. એટલે કઇ ક્રિયા વખતે કયા મન્ત્રો બોલાય એ નક્કી થયું; એટલું જ નહીં પણ આખા યજ્ઞની પ્રત્યેક ક્રિયાનો ખુલાસો કરવા, તેનું પ્રયોજન બતાવવા, તેને આશીર્વાદ આપવા, કે તેનું રહસ્ય સમજાવવા માટે, તે ક્રિયા કરતી વેળાએ, બોલવાનાં મન્ત્રો, સૂત્રો ઇત્યાદિનો સંગ્રહ પણ તૈયાર થઈ ગયો...યજ્ઞ વખતે બોલવાનાં આ વચનોને, 'यज्' એટલે યજ્ઞ કરવો એ ધાતુ પરથી, 'યજુષ્' નામ અપાયું......આ વચનોનો સંગ્રહ તે યજુર્વેદ. તેમાંનાં કેટલાંક ગદ્યમાં છે, ને કેટલાંક પદ્યમાં. જે ક્રમમાં યજ્ઞ વેળાએ તેનો ઉપયોગ કરવાનો હોય છે તે ક્રમમાં તે ગોઠવેલાં છે."[1] ઋગ્વેદની સંહિતા અને બ્રાહ્મણો એ બેના યુગની વચ્ચેના ગાળામાં, જ્યારે કર્મકાંડના પ્રાધાન્યવાળો ધર્મ સારી પેઠે જામ્યો હશે ત્યારે, સામવેદ અને યજુર્વેદના સંગ્રહો રચાયા હોવા જોઈએ. અથર્વવેદને લાંબા સમય લગી વેદમાં ગણાવા જેટલી પ્રતિષ્ઠા મળી નહોતી. છતાં, આપણે અત્યારે જે વિષયનો વિચાર કરીએ છીએ તેની દૃષ્ટિએ તો, તેનું મહત્ત્વ એકલા ઋગ્વેદથી જ ઊતરે એવું છે; કેમકે ઋગ્વેદની પેઠે એ પણ સ્વતન્ત્ર વિચારોનો જ ઐતિહાસિક સંગ્રહ છે. આ વેદ વિચારોના પાછલા યુગે સરજાવેલી કૃતિ છે. તેમાં જુદી જ ભાવના વ્યાપી રહેલી જોવા મળે છે. વૈદિક આર્યો દેશના જે આદિવાસી લોકોને ધીરેધીરે તાબે કરતા હતા તે લોકોને હાથે પૂજા પામતાં નવાં દેવદેવીઓ ને ભૂત પ્રેત પિશાચ આદિની સાથે કામ લેવામાં આર્યોએ સમાધાનની વૃત્તિ ધારણ કરેલી. એ વૃત્તિનું પરિણામ આપણને અથર્વવેદમાં દેખાય છે.

દરેક વેદના ત્રણ ભાગ છે: મન્ત્ર, બ્રાહ્મણ, અને ઉપનિષદ. મન્ત્રો અથવા સૂક્તોનો સંગ્રહ તેનું નામ સંહિતા. બ્રાહ્મણ ગ્રન્થોમાં યજ્ઞયાગ તથા આચારના નિયમો અને ધાર્મિક કર્તવ્યો સમજાવેલાં છે. આરણ્યકો ને ઉપનિષદો એ બ્રાહ્મણોના આખરી ભાગો છે; તેમાં તત્ત્વજ્ઞાનના પ્રશ્નોની ચર્ચા કરેલી છે. દેશમાં પાછળથી તત્ત્વજ્ઞાનના જે વિચારો ઊપજ્યા ને ફેલાયા તે

સર્વની માનસિક પૂર્વભૂમિકા ઉપનિષદોમાં મળે છે. છેક જૂનાં ઉપનિષદોમાંથી ઐતરેય અને કૌષીતકિ ઋગ્વેદનાં; કેન અને છાંદોગ્ય સામવેદનાં; ઈશ, તૈત્તિરીય અને બૃહદારણ્યક યજુર્વેદનાં; ને પ્રશ્ન તથા મુંડક અથર્વવેદનાં છે. આરણ્યકો બ્રાહ્મણ અને ઉપનિષદની વચ્ચે આવે છે. એમનું નામ જ એમ સૂચવે છે કે અરણ્યમાં વસનારા માણસોને ચિંતનના વિષય પૂરા પાડવાનો 'આરણ્યકો'નો ઉદ્દેશ છે. બ્રાહ્મણ ગ્રંથોમાં ગૃહસ્થે પાળવાના વિધિઓની ચર્ચા કરેલી છે. પણ ગૃહસ્થ વૃદ્ધાવસ્થામાં સંસાર છોડી વનમાં જઈ વસે ત્યારે તેને ગૃહસ્થાશ્રમના ધાર્મિક વિધિઓની અવેજીમાં કંઈક જોઈએ; એ એને આરણ્યકોમાંથી મળી રહે છે. યજ્ઞયાગમાં જે રૂપકો ને આત્મજ્ઞાનના અંશો છે તેને વિષે વાનપ્રસ્થે ચિંતન કરવાનું હોય છે; ને હોમવાળા યજ્ઞનું સ્થાન આ ચિંતન લે છે. આરણ્યકો એ બ્રાહ્મણ ગ્રંથોના યજ્ઞયાગ અને ઉપનિષદોનું તત્ત્વચિંતન એ બે વચ્ચેની સંક્રાંતિસૂચક કડી છે. સંહિતાઓ કવિઓની કૃતિ છે;[1] બ્રાહ્મણ ગ્રંથો ઋત્વિજો ને પુરોહિતોની રચના છે; અને ઉપનિષદો એ તત્ત્વજિજ્ઞાસુઓનાં ચિન્તનો છે. સંહિતામાં નિસર્ગપૂજાનો ધર્મ છે; બ્રાહ્મણોમાં કર્મકાંડનો ધર્મ છે; અને ઉપનિષદોમાં આત્મજ્ઞાનનો. પાછલા કાળમાં ધર્મના એ ત્રણે પ્રકાર એકબીજાની જોડાજોડ ચાલ્યા છે; છતાં મૂળે તો તે એક પછી એક એમ જુદા જુદા યુગમાં વિકસેલા, એ વિષે કશી શંકા નથી. ઉપનિષદો એ એક અર્થમાં વૈદિક ઉપાસનાના અનુસંધાનરૂપ છે, પણ બીજા અર્થમાં તે બ્રાહ્મણોના ક્રિયાકાંડવાળા ધર્મની સામે બળવારૂપ છે.

## ૨. સૂક્તોના અભ્યાસનું મહત્ત્વ

ભારતીય તત્ત્વજ્ઞાનનો સાંગોપાંગ ઇતિહાસ આપવો હોય તો તેને માટે ઋગ્વેદનાં સૂક્તોનો અભ્યાસ અનિવાર્ય છે. એને વિષે આપણે ગમે તે ખ્યાલ બાંધીએ — તેને અધકચરી કલ્પિત કથાઓ માનીએ કે અણઘડ રૂપકકથાઓ માનીએ, અંધારામાં મારેલાં ફાંફાં ગણીએ કે કાચા માણસોની રચનાઓ ગણીએ, — તોપણ ભારતવાસી આર્યોનાં પછીનાં રીતરિવાજ અને તત્ત્વચિન્તનનું ઉગમસ્થાન એ સૂક્તોમાં છે; અને પાછળના વિચારોને યોગ્ય રીતે સમજવા માટે તેનો અભ્યાસ જરૂરનો છે. જગતની ગૂઢતા ઉકેલવા ને વર્ણવવાના માનવી મનના આ પ્રથમ પ્રયાસોમાં વસંતના વાયુ જેવી કે પ્રભાતના પુષ્પ જેવી તાજગી, સાદાઈ, ને અકળ રમણીયતા આપણને જોવા મળે છે.



વેદની જે વાચના આપણી પાસે અત્યારે મોજૂદ છે તે, આર્યો તેમનું મૂળ નિવાસસ્થાન છોડીને ભારતવર્ષમાં આવ્યા તે યુગમાં ચાલેલી બૌદ્ધિક પ્રવૃત્તિનું પરિણામ છે, ને તેની પાસેથી આપણને વારસારૂપે મળેલી છે. એ આર્યો તેમની સાથે કેટલીક કલ્પનાઓ ને માન્યતાઓ લાવેલા; તે ભારતવર્ષની ભૂમિ પર વિકાસ પામી અને ચાલુ રહી. આ સૂક્તોની રચના, અને સંહિતાના રૂપમાં તેમની સંકલના, એ બેની વચ્ચે સમયનો લાંબો ગાળો વીત્યો હોવો જોઈએ. મેક્સમૂલર સંહિતાયુગના બે ભાગ પાડે છે — છંદોયુગ, અને મન્ત્રયુગ.[1] છંદોયુગમાં સૂક્તો રચાયેલાં. એ નવસર્જનનો યુગ હતો. એમાં ખરેખરી કવિતા સ્ફુરેલી; અને મનુષ્યોની લાગણીઓ ઊભરાઇને ગાનરૂપે તેનો પ્રવાહ ચાલેલો. એ યુગમાં આપણને યજ્ઞોનું નામનિશાન જોવા મળતું નથી. મોઢેથી ગાઇને દેવોની ઉપાસના કરવામાં આવતી એટલું જ. બીજો યુગ તે સૂક્તોના સંગ્રહનો યા પદ્ધતિસર સંકલનનો. એ વખતે સૂક્તો જે ક્રમમાં ગોઠવાયાં તે જ ક્રમમાં આપણને અત્યારે મળે છે એમ કહી શકાય. આ યુગમાં યજ્ઞની કલ્પનાઓ ધીરેધીરે ખીલવા લાગી. સૂક્તો ચોકસ ક્યારે રચાયાં ને સંઘરાયાં એને વિષે અટકળો જ કરવાની રહે છે. માત્ર આપણે એટલું ચોકસ જાણીએ છીએ કે ઇસુ ખ્રિસ્તના સમય પહેલાં આશરે પંદરસો વરસ પર તે મોજૂદ હતાં. બૌદ્ધ ધર્મ, જેનો પ્રચાર ભારતવર્ષમાં ઈ. સ. પૂર્વે ૫૦૦ ને સુમારે થવા લાગેલો, તેને વેદનાં સૂક્તોની જ નહીં, પણ બ્રાહ્મણો ને ઉપનિષદો સહિત આખા વૈદિક સાહિત્યની, હસ્તીની જાણ હોય એમ લાગે છે. બ્રાહ્મણ ગ્રન્થોની યજ્ઞયાગની સંકલનાને પાકે પાયે જામતાં, અને ઉપનિષદોના તત્ત્વજ્ઞાનને પૂરેપૂરો વિકાસ પામતાં, લાંબો વખત લાગે એ સ્વાભાવિક હતું.[2] આ વિશાળ સાહિત્યમાં વિચારોનો જે વિકાસ દેખાય છે તેને માટે ઓછામાં ઓછાં હજાર વર્ષ તો જોઇએ જ. એ સાહિત્યમાં કેટલી વિવિધતા ને કેવા ગગનવિહારનું દર્શન થાય છે એ યાદ કરીએ, તો આ સમય વધારેપડતો લાંબો નથી લાગતો. કેટલાક ભારતીય વિદ્વાનો વેદનાં સૂક્તોને ઈ. સ. પૂર્વે ૩૦૦૦ ના અરસામાં મૂકે છે; બીજા ઈ. સ. પૂર્વે ૬૦૦૦ ના અરસામાં. સ્વ. લોકમાન્ય તિલકે સૂક્તોનો કાળ સુમારે ઈ. સ. પૂર્વે ૪૫૦૦ નો, બ્રાહ્મણોનો ઈ. સ. પૂર્વે ૨૫૦૦ નો, અને પ્રાચીન ઉપનિષદોનો ઈ. સ. પૂર્વે ૧૬૦૦ નો ગણ્યો છે. યાકોબી સૂક્તોનો

કાળ ઈ. સ. પૂર્વે ૪૫૦૦ નો માને છે. અમે તેને ઈ. સ. પૂર્વે ૧૫ મા સૈકાનાં માનીએ છીએ, અને અમે આપેલી એ સાલ વધારેપડતી પ્રાચીન છે એવો આક્ષેપ તેની સામે નહીં થાય એવી આશા રાખીએ છીએ.[1]

ઋગ્વેદની સંહિતામાં એટલે કે સૂક્તોના સંગ્રહમાં ૧,૦૧૭ સૂક્તો છે, ને તેમાં કુલ ઋચાઓ આશરે ૧૦,૬૦૦ છે. તેનાં આઠ અષ્ટકો પાડવામાં આવ્યાં છે.[2] દરેક અષ્ટકમાં આઠ આઠ અધ્યાય છે. એ અધ્યાયોના પાછા વર્ગો પાડેલા છે. કેટલીકવાર સંહિતાને દસ મંડળમાં પણ વહેંચવામાં આવે છે. આ વિભાગ વધારે લોકપ્રિય છે. પહેલા મંડળમાં ૧૯૧ સૂક્તો છે; અને ગૌતમ, કણ્વ આદિ પંદરેક ઋષિઓએ તે રચ્યાં ગણાય છે. આ મંડળમાં કરેલી સૂક્તોની ગોઠવણમાં એક સિદ્ધાન્ત લક્ષમાં રખાયો લાગે છે. અગ્નિને ઉદ્દેશીને રચાયેલાં સૂક્તો પહેલાં આવે છે; ઇન્દ્રને ઉદ્દેશેલાં બીજે નંબરે; ને બાકીનાં તે પછી. બીજાથી સાતમા સુધીનાં છ મંડળ એક જ કવિકુટુંબે રચ્યાં મનાય છે, અને તેની ગોઠવણ પણ ઉપર જણાવેલા ક્રમમાં થઈ છે. આઠમા મંડળમાં કશો ચોકસ ક્રમ નથી. પહેલા મંડળની પેઠે એ પણ જુદા જુદા ઋષિઓની કૃતિ ગણાય છે. નવમું મંડળ સોમની સ્તુતિનાં સૂક્તોનું બનેલું છે. આઠમા ને નવમા મંડળનાં ઘણાં સૂક્તો સામવેદમાં પણ મળે છે. દસમું મંડળ પાછળથી ઉમેરાયેલું લાગે છે. ગમે તેમ પણ વૈદિક સૂક્તોના વિકાસની આખરી અવસ્થામાં પ્રચલિત હતા એવા વિચારો આ મંડળમાં પ્રગટ થયેલા જોવામાં આવે છે. એમાં અગાઉની ભક્તિમય કવિતાના મૂળ રંગ પર તાત્ત્વિક વિચારની આછી છાયા પડવાથી મૂળની ભભક ફીકી પડી ગઈ છે. સૃષ્ટિની ઉત્પત્તિ વિષેનાં, કલ્પનાથી ભરેલાં, સૂક્તો આ મંડળમાં મળે છે. આ તાત્ત્વિક કલ્પનાની જોડાજોડ, અથર્વવેદના યુગના વહેમથી ભરેલા જાદુ, જંતરમંતર, જારણમારણ, ઉચ્ચાટન વગેરે અભિચારો પણ તેમાં મળી આવે છે. કાવ્યથી ભરેલાં સૂક્તોમાં જે માનસ પ્રથમ પ્રગટ થયું હતું તેની પાકટ અવસ્થા આ મંડળના જ્ઞાનની કલ્પનાઓથી ભરેલા ભાગોમાં દેખાય છે; જ્યારે આ અભિચારપ્રયોગો બતાવે છે કે એ અરસામાં વૈદિક આર્યો આદિવાસી હિંદીઓના આચાર-વિચારથી વાકેફ થઈ ગયા હોવા જોઈએ. આ બન્ને વસ્તુઓ સ્પષ્ટપણે સૂચવે છે કે દસમું મંડળ પાછળથી રચાયું હોવું જોઈએ.

## ૩. વેદનું તાત્પર્ય

જે સમર્થ વિદ્વાનોએ આ પ્રાચીન ધર્મગ્રન્થોનો જીવનભર અભ્યાસ કર્યો છે તેમનામાં, વૈદિક સૂક્તોમાં કેવી ધર્મભાવના ઉપદેશેલી છે એ પ્રશ્ન પરત્વે, જુદા જુદા મત ચાલે છે. ફ્લીડેરર કહે છે કે "ઋગ્વેદની ઉપાસના એ પ્રાચીન લોકોની, બાળકના જેવી, મુગ્ધ પ્રાર્થના છે." પિકટેટ કહે છે કે ઋગ્વેદના આર્યો, ગમે તેવો સંદિગ્ધ ને અણઘડ પણ, એકેશ્વરવાદ માનતા. રૉથ, તથા આર્યસમાજના સંસ્થાપક દયાનંદ સરસ્વતી એ વિચારમાં સંમત છે. રામમોહન રાય માને છે કે વેદના દેવો તે "પરમાત્માના ભિન્ન ભિન્ન ગુણોનાં પ્રતીકો છે." બ્લૂમફીલ્ડ વગેરે કેટલાક બીજા માને છે કે ઋગ્વેદ એ કર્મકાંડના વિધિઓને ઘણું મહત્ત્વ આપનારી એક અતિપ્રાચીન ને અર્ધસંસ્કૃત પ્રજાનાં, યજ્ઞ વખતે ગાવાનાં, કાવ્યો કે ગાયનો છે. બરગેન માને છે કે એ બધાં રૂપકોથી ભરેલાં છે. ભારતના પ્રસિદ્ધ ભાષ્યકાર સાયણાચાર્ય સંહિતાના દેવોને નિસર્ગની જુદી જુદી શક્તિઓ માને છે; એ વિચારને અત્યારના યુરોપિયન વિદ્વાનો ટેકો આપે છે. સાયણ કેટલીકવાર પાછળના બ્રાહ્મણ ગ્રન્થોની ધર્મભાવના અનુસાર વેદમન્ત્રોના અર્થ કરે છે. આ જુદા જુદા મત એકબીજાના વિરોધી છે એમ માનવાની જરૂર નથી; કેમકે એ તો એટલું જ બતાવે છે કે ઋગ્વેદ સંહિતાનાં સૂક્તો કેવાં વિવિધ પ્રકારનાં છે. એ સંગ્રહમાં વિચારકોની અનેક પેઢીઓના વિચાર સચવાઈ રહેલા છે; એટલે તેમાં વિચારના જુદા જુદા અનેક થર જોવા મળે છે. પણ મુખ્યત્વે આપણે એટલું કહી શકીએ કે ઋગ્વેદમાં એક મુગ્ધ, નિર્વ્યાજ યુગનો ધર્મ આલેખાયેલો છે. એમાંના મોટા ભાગનાં સૂક્તો સાદાં ને મુગ્ધભાવથી ભરેલાં છે; અને તેમાં જે લોકોની ધર્મભાવના વર્ણવાઈ છે તેમને હજુ પાછળની તર્કજાળનો સ્પર્શ થયો લાગતો નથી. પાછળના રૂઢિબદ્ધ ને કર્મકાંડવાળા બ્રાહ્મણ ગ્રન્થોના યુગનાં પણ કેટલાંક સૂક્તો એમાં છે. ખાસ કરીને છેલ્લા મંડળમાં કેટલાંક સૂક્તો એવાં છે જેમાં જગતનું પ્રયોજન અને તેમાં મનુષ્યનું સ્થાન એને વિષે મનુષ્યે કરેલા સજ્ઞાન ચિન્તનનાં પરિપક્વ ફળો આપેલાં છે. ઋગ્વેદનાં કેટલાંક સૂક્તોમાં એકેશ્વરવાદ પ્રગટ થાય છે. કેટલીકવાર જુદા જુદા અનેક દેવોને પરબ્રહ્મ કે પરમાત્માનાં જુદાં જુદાં નામો ને અંગો માનવામાં આવતાં, એ વિષે જરા પણ શંકા નથી.[1] પણ

આ એકેશ્વરવાદે આધુનિક જગત માને છે એવા સ્પષ્ટ, અસંદિગ્ધ, ને નિશ્ચિત રૂપરંગવાળા એકેશ્વરવાદનું રૂપ હજુ ધારણ કર્યું નહોતું.

ભારતના મહાન વિદ્વાન ને યોગી શ્રી. અરવિંદ ઘોષનો મત એવો છે કે વેદ ગુપ્ત સિદ્ધાન્તો ને ગૂઢવાદી તત્ત્વવિચારોનાં સૂચનોથી ભરેલા છે. વેદ-મન્ત્રોનાં દેવદેવીઓ તે મનુષ્યના મનમાં ચાલતી ક્રિયાઓનાં મૂર્ત પ્રતીકો છે એમ તેઓ માને છે. તેમના મત પ્રમાણે સૂર્ય તે બુદ્ધિ, અગ્નિ તે સંકલ્પશક્તિ, ને સોમ તે લાગણી છે. પ્રાચીન ગ્રીસમાં જે ઓરફીક અને ઇલ્યુઝિનિયન સંપ્રદાયો* હતા તેની પેઠે વેદ પણ ગુપ્ત ઉપાસનાવિધિઓવાળો ધર્મ હતો એમ એમનું માનવું છે. તેઓ કહે છે: “મારું અનુમાન એવું છે કે માનવી વિચારના જે પ્રાચીન યુગના ભગ્ન અવશેષોરૂપે ગુપ્ત ઉપાસનાઓવાળા ઇલ્યુઝિનિયન અને ઓરફીક સંપ્રદાયો રહી ગયેલા, તે કાળની એકમાત્ર મોટી સાહિત્યકૃતિ આપણી પાસે રહી ગયેલી; તે ઋગ્વેદ છે. એ જમાનામાં પ્રજાનું આધ્યાત્મિક ને માનસિક જ્ઞાન મૂર્ત ને સાકાર આકૃતિઓ ને પ્રતીકોરૂપી પડદાની પાછળ સંતાડી રાખવામાં આવતું. એમ કરવાનાં કારણ અત્યારે સમજવાં મુશ્કેલ છે. પણ એમ કરવાથી એ જ્ઞાનનો અર્થ અજ્ઞ સંસારી જીવોથી ગુપ્ત રહેતો, ને માત્ર જેમણે સંપ્રદાયની દીક્ષા લીધી હોય એવા લોકોને જ જણાવવામાં આવતો. આત્મા અને દેવો વિષેનું સાચું જ્ઞાન અતિ પવિત્ર ને ગૂઢ છે, એવો વિચાર આ ગૂઢવાદીઓનો એક મુખ્ય સિદ્ધાન્ત હતો. તેઓ માનતા કે આ જ્ઞાન સામાન્ય માણસોને માટે નકામું છે; કદાચ હાનિ-કારક પણ હોય; અથવા જો એ જ્ઞાન પ્રાકૃત ને અશુદ્ધ જીવોને જણાવવામાં આવે તો તેની વિકૃતિ થાય, તેનો દુરુપયોગ થાય, ને કદાચ તેનું તેજ હણાઈ પણ જાય. તેથી, સંસારમાં રચ્યાપચ્યા જીવોને માટે અસરકારક પણ અપૂર્ણ એવો બાહ્ય પૂજાવિધિ રહે, અને દીક્ષિતોને માટે આંતરિક સાધના રખાય, એવી યોજના તેમને ગમતી; અને તેઓ પોતાની ભાષાને શબ્દો ને રૂપકોનાં એવાં વસ્ત્રો પહેરાવતા, જેમાંથી શિષ્ટ પુરુષો આધ્યાત્મિક અર્થ કાઢી શકે, અને સામાન્ય ઉપાસકોનો સમુદાય ભૌતિક અર્થ કાઢી શકે. વેદનાં સૂક્તોની કલ્પના ને સંકલના આ સિદ્ધાંતને આધારે થઈ હતી.”[1] આ મતની સામે માત્ર યુરોપિયન વિદ્વાનોના આધુનિક વિચારોનો જ વિરોધ છે એવું નથી.

* જુઓ ‘ધર્મોનું મિલન’ (રાધાકૃષ્ણન), પૃ. ૩૩–૪૦.



સાયણાચાર્ય, અને વેદના અર્થને માટે પ્રમાણભૂત ગણાતું પૂર્વમીમાંસાનું દર્શન, એમણે પ્રાચીન પ્રણાલિકાને અનુસરીને કરેલા અર્થો પણ આથી ઊલટા છે. એટલે, શ્રી. અરવિંદ ઘોષના દૃષ્ટિબિન્દુમાં બુદ્ધિચાતુર્ય ગમે તેટલું હોય તોપણ, તેમનો મત સ્વીકારતાં આપણે ખંચાવું પડે છે. વેદનાં સૂક્તોમાં આત્મજ્ઞાનનાં સર્વોચ્ચ સત્યો હતાં; અને વેદકાળ પછી ભારતીય તત્ત્વજ્ઞાનની જે પ્રગતિ થઈ તેમાં એ સત્યોનો એકધારો લોપ જ થતો ગયો; એ બનવાજોગ હકીકત નથી. મૂળની પૂર્ણત્વની અવસ્થામાંથી ઉત્તરોત્તર અવનતિ થતી ગઈ, એ એક મત છે. પ્રાચીન માનસની જે અણઘડ ને અધકચરી કલ્પનાઓ હતી, પ્રજાના છેક બાલ્યકાળમાં જે નૈતિક કલ્પનાઓ ને આધ્યાત્મિક ઝંખનાઓ નીપજેલી, તેમાંથી જ પાછળનાં ધર્મો ને ફિલસૂફીઓનો ઉદ્‌ભવ થયો, એ બીજો મત છે. મનુષ્યના એકંદર વિકાસક્રમ વિષે જે ઐતિહાસિક હકીકતો જાણીતી છે તેનો આ બીજા મતની સાથે વધારે મેળ ખાય છે; ને તેથી એ મત સ્વીકારવો વધારે સહેલો છે.

બ્રાહ્મણો ને ઉપનિષદો એ વેદનાં સૂક્તો પછી તરત જ રચાયેલાં છે. એમણે એ સૂક્તોના અર્થો વિષે જે મત સ્વીકાર્યો છે તે જ મત અમે પણ એ સૂક્તોની અંતર્ગત ભાવનાનો અર્થ ઘટાવવામાં સ્વીકારવા માગીએ છીએ. બ્રાહ્મણો ને ઉપનિષદો એ પાછળના ગ્રંથો હોઈ તેમાં સૂક્તોના વિચારોનાં અનુસંધાન અને વિકાસ જોવામાં આવે છે. જગતમાં મનુષ્ય સર્વત્ર બાહ્ય વસ્તુઓની ઉપાસનાથી શરૂઆત કરે છે, ને આગળ જતાં અંતર્મુખ બની અંતસ્તત્ત્વને શોધે છે. ધાર્મિક વિકાસનો આ જે સામાન્ય નિયમ છે તે ધ્યાનમાં લઈએ, તો સંહિતામાં થતી નિસર્ગની બાહ્ય શક્તિઓની પૂજા પરથી ઉપનિષદોના આત્મચિન્તન ને આત્મજ્ઞાનવાળા ધર્મ તરફ થયેલી પ્રગતિ સહેજે સમજી શકાય છે. ઉપનિષદો પ્રાચીન નિસર્ગપૂજાની પરવા નથી રાખતાં, પણ વેદમાં જે સર્વોચ્ચ જ્ઞાનના અંશો છે તેને જ ઉપાડી લઈને ખીલવે છે. વેદવચનોના અર્થો ઘટાવવાની આ રીતનો આધુનિક ઐતિહાસિક પદ્ધતિ સાથે જ નહીં, પણ સાયણાચાર્યે રજૂ કરેલી ભારતવર્ષની પ્રસિદ્ધ પ્રણાલિકા સાથે પણ, પૂરેપૂરો મેળ ખાય છે.

## ૪. તત્ત્વચિન્તનની દિશામાં

ઇન્દ્રિયગોચર અને બાહ્ય વસ્તુઓને અંગે ઊભી થતી અવિરત

પ્રશ્નપરંપરામાંથી નાસી છૂટવાનો કંઈક ઠામ ખોળનારા, પ્રાચીન, પણ કવિપ્રતિભાવાળા આત્માઓની ભાવાવેશવાળી વાણી આપણને ઋગ્વેદમાં મળે છે. એ વેદના મન્ત્રો અથવા સૂક્તો કંઈક પણ અલૌકિક દૃષ્ટિ વડે કે કોઈ પણ અતિપ્રાકૃતિક યા અપૌરુષેય શક્તિ પાસેથી મળેલા શ્રુતિજ્ઞાન વડે નહીં, પણ કેવળ શુદ્ધ તર્કની મદદથી જ, જગતની ગૂઢતાઓનો ખુલાસો આપવાનો પ્રયાસ કરે છે, એટલે અંશે એમાં તત્ત્વચિન્તનનો અંશ છે એમ કહી શકાય. વેદનાં સૂક્તોમાં જે માનસનું દર્શન થાય છે તે કોઈ એક પ્રકારનું નથી. એમાં કેટલાક જીવો એવા હતા જેમનામાં કવિત્વની ભાવના ઊભરાતી હતી; તેમણે આકાશનાં સૌંદર્યો ને પૃથ્વીનાં આશ્ચર્યોનું જ મનન કર્યાં કર્યું, અને સૂક્તો રચીને તે દ્વારા પોતાના સંગીતપ્રિય આત્માનો બોજો હળવો કર્યો. દ્યૌ, વરુણ, ઉષા, મિત્ર વગેરે હિંદી–ઈરાની દેવો આવા કવિઓની પ્રતિભામાંથી ઉદ્‌ભવેલા હતા. એથી વધારે કર્મપરાયણ સ્વભાવવાળા માણસોએ જગતને પોતાની ધારણાઓ પાર પાડવાના સાધન તરીકે વાપરી તેનો લાભ ઉઠાવવાનો પ્રયત્ન કર્યો. જગત વિષેનું જ્ઞાન તેમને જીવનમાં માર્ગદર્શન કરાવવા માટે ઉપયોગી થઈ પડ્યું. અને જે યુગમાં આર્યો લડાઈઓ કરવામાં ને જીત મેળવવામાં રોકાયેલા હતા તે યુગમાં ઇન્દ્ર જેવા, મનુષ્યનું કામ કરી આપનારા, દેવો કલ્પવામાં આવ્યા. ખરેખરી ફિલસૂફીની વૃત્તિ — સાચી તત્ત્વજિજ્ઞાસા, એટલે કે શુદ્ધ જ્ઞાનપ્રાપ્તિને ખાતર જગતને જાણવા ને સમજવાની ઇચ્છા — ઉત્પાતો ને ઝંઝાવાતોના આ યુગને અંતે જ દેખાવા પામી. એ જ વખતે, માણસો પોતે અજ્ઞાનથી જે દેવોને પૂજતા તેમને વિષે શંકા ઉઠાવવા બેઠા ને જીવનની ગૂઢતાઓને વિષે ચિન્તન કરવા લાગ્યા. એ યુગમાં જે પ્રશ્નો પુછાવા લાગ્યા તેના સન્તોષકારક ઉત્તર મનુષ્યનું મન આપી શક્યું નહીં. વેદનો એક કવિ બોલી ઊઠે છે: " હું કેવા પ્રકારની વસ્તુ છું તે હું જાણતો નથી; મારું મન ગૂઢતાથી ભરેલું ને મર્યાદિત હોઈ ભમે છે. " સાચી ફિલસૂફીના અંકુરો મોડા દેખા દે છે એ ખરું, છતાં વેદનાં સૂક્તોના કાવ્યમાં ને તેમાં વર્ણવેલા આચારમાં જીવન પ્રત્યે જોવાની જે દૃષ્ટિ તરી આવે છે તે બોધપ્રદ છે. જેમ પહેલાં દંતકથા પરથી ઇતિહાસ રચાય છે ને પછી પુરાતત્ત્વના અવશેષો પરથી; પહેલાં કીમિયા થાય છે ને પછી રસાયણશાસ્ત્ર જન્મે છે; પહેલાં ફલજ્યોતિષનો અભ્યાસ થાય છે ને પછી ખગોળશાસ્ત્રનો; તે જ પ્રમાણે ફિલસૂફી ને વિજ્ઞાનની પહેલાં પુરાણકથાઓ ને કવિતાનો વિકાસ થવા પામે છે.



ફિલસૂફી એટલે કે તત્ત્વચિન્તન ને તત્ત્વજિજ્ઞાસાની વૃત્તિ પહેલવહેલી પુરાણ-કથાઓ ને ઉપાસનારૂપે પ્રગટ થાય છે. પરમ સત્યના સ્વરૂપને લગતા પ્રશ્નોના જે ઉત્તર તે વખતના લોકો સાચા માનતા હોય તે ઉત્તરો આપણને એ પુરાણકથાઓ ને ઉપાસનાના પ્રકારોમાં જોવા મળે છે. એ ઉત્તરો કલ્પના-માંથી જ નિપજાવેલા હોય છે. જગતનાં ઉત્પત્તિ, સ્થિતિ ને લય કોઈ દેવદેવીઓને હાથે થતાં માનવામાં આવે છે. જેમ જેમ કલ્પના પર બુદ્ધિનું પ્રાબલ્ય જામતું જાય છે, તેમ તેમ જગતની દૃષ્ટિગોચર વસ્તુઓ કયા શાશ્વત ને અનશ્વર તત્ત્વમાંથી ઉત્પન્ન થઈ તે શોધવાનો પ્રયત્ન કરવામાં આવે છે. જગતની ઉત્પત્તિ કયા દેવે કરી તેને બદલે તે કયા મૂલદ્રવ્યમાંથી કયા ક્રમે થઈ તેને વિષે અટકળો કરવામાં આવે છે. જે સ્થાયી તત્ત્વો અથવા મહાભૂતોનું આ વિશ્વ બનેલું છે તેમને દેવદેવીરૂપે કલ્પવામાં આવે છે; અને એમ થતાં સૃષ્ટિવિજ્ઞાન અને દેવોપાસના બે ભેળસેળ થઈ જાય છે. ઋગ્વેદમાં આપણને તત્ત્વચિન્તનની જે પ્રાથમિક ભૂમિકાઓ જોવા મળે છે તેમાં દેવદેવીઓ વિષેની કલ્પનાઓ, સૃષ્ટિવિજ્ઞાન, અને ધર્મ અથવા ઉપાસના, એ સર્વનું મિશ્રણ થયેલું દેખાઈ આવે છે. એ સૂક્તોમાં પ્રગટ થતા વિચારોનું સંક્ષિપ્ત વર્ણન દેવસૃષ્ટિ, સૃષ્ટિવિજ્ઞાન, નીતિનિયમ અને સદાચાર, ને મરણોત્તર જીવન, એ ચાર જુદાં જુદાં મથાળાં નીચે આપવું ઠીક થઈ પડશે.

## ૫. દેવસૃષ્ટિ

જે ધર્મ ઘણાં સૈકાંઓથી વિકાસ પામતો ચાલ્યો આવતો હોય તેના મતો ને વિચારો એવા સાદા પારદર્શક ન જ હોય કે તેનાં વ્યાખ્યા ને વર્ગીકરણ સહેલાઈથી કરી શકાય. ઋગ્વેદનાં સૂક્તોનું એક લક્ષણ એ છે કે તેમાં જુદા જુદા અનેક દેવોના ઉલ્લેખ કરેલા છે. ઘણાં દેવદેવીઓનાં નામો આપેલાં છે, ને તેમની સ્તુતિ અને ઉપાસના કરેલી છે. છતાં કેટલાંક સૂક્તોમાં અમૂર્ત, નિરાકાર તત્ત્વને વિષે ઊંડું ચિંતન કરેલું જોઈને આપણે છક થઈ જઈએ છીએ. અતિપ્રાચીન અર્ધસંસ્કૃત દશાની એકદેવપૂજા, અને વ્યવસ્થિત તત્ત્વ-ચિંતનવાળી ફિલસૂફી, એ બેની વચ્ચેનો ગાળો ઘણો મોટો ગણાય; ને એક છોડીને બીજા પર આવવું એટલે ઘણી પ્રગતિ થઈ કહેવાય. ઋગ્વેદનાં સૂક્તોના ધર્મમાં વિચારના ત્રણ થર દેખાઈ આવે છે — નિસર્ગની વિવિધ શક્તિઓરૂપી અનેક દેવદેવીઓની ઉપાસના; એકદેવવાદ યા એકેશ્વરવાદ; અને અદ્વૈતબ્રહ્મવાદ.

આ ચર્ચા કરતાં એક અગત્યનો મુદ્દો ધ્યાનમાં રાખવાનો છે. ‘દેવ’ શબ્દનો અર્થ અચોક્કસ છે, ને ઘણી જુદી જુદી વસ્તુઓ સૂચવવા તેનો ઉપયોગ થાય છે.[૧] “માણસને દાન આપે તે દેવ,” એવો પણ એક અર્થ ઘટાવવામાં આવે છે.[૨] ઈશ્વર એ દેવ છે કેમકે તે આખું જગત આપે છે. ઈતર મનુષ્યોને જ્ઞાન આપનાર વિદ્વાન તે પણ દેવ.[૩] સૂર્ય, ચંદ્ર અને આકાશ દેવ છે કેમકે તેઓ આખી સૃષ્ટિને પ્રકાશ આપે છે. પિતા, માતા, અને આત્મજ્ઞાન આપનાર આચાર્ય પણ દેવ છે.[૪] અતિથિ પણ દેવ છે. ‘દેવ’ શબ્દના અનેકવિધ અર્થમાંથી જે અર્થ ઈશ્વર વિષેની આપણી આધુનિક કલ્પનાને સહેજ પણ મળતો આવતો હોય તે અર્થને જ આપણે અહીં ધ્યાનમાં લેવાનો છે. એ રીતે જોતાં ‘દેવ’નો અર્થ છે દ્યુતિમાન અર્થાત્ તેજસ્વી.

મનુષ્યના મનરૂપી કારખાનામાં ચાલી રહેલી, દેવો બનાવવાની ક્રિયા જેટલી સ્પષ્ટ ઋગ્વેદમાં દેખાય છે તેટલી બીજે ક્યાંય દેખાતી નથી. તેમાં આપણે મનુષ્યના મનના ઉષઃકાળની નવીનતા ને તેજસ્વી ભવ્યતાની ઝાંખી કરી શકીએ છીએ. જૂની રૂઢિ કે પ્રાચીન પ્રણાલિકાએ હજુ એ મનની ગતિને રૂંધેલી દેખાતી નથી. વિચારોના ઇતિહાસમાં પ્રથમ આરંભ જેવું કંઈ હોતું નથી, એટલે આપણે કોઈ પણ એક જગાએથી શરૂઆત કરવી પડે છે. કુદરતની કેટલીક શક્તિઓને દેવદેવીરૂપે કલ્પવામાં આવી એ ઘટનાથી પણ આપણે ધારીએ તો શરૂઆત કરી શકાય; અને એમ બતાવી શકાય કે એ દેવદેવીઓને ધીરેધીરે ઊંચે ચડાવીને, છેવટે તેઓ નીતિપ્રવર્તક ને નીતિરક્ષક તથા અલૌકિક સત્ત્વો છે એવી કલ્પના કરવામાં આવી. વેદનાં સૂક્તોના પહેલ-વહેલા દ્રષ્ટાઓ કુદરતના દેખાવો જોઈ, પોતાની મુગ્ધતાને લીધે ને અજ્ઞાતપણે, રાચતા. કવિત્વની વૃત્તિ એમના સ્વભાવમાં જન્મથી જડાયેલી હતી. એટલે નિસર્ગનાં દૃશ્યો જોતાં તેમનાં મનમાં એટલી તીવ્ર લાગણી ઊપજતી ને તેમની કલ્પના એટલા પ્રબળ વેગથી ચાલવા માંડતી કે એ દૃશ્યો જાણે સજીવ બની જતાં ને તેમાં ચેતન સ્ફુરવા માંડતું. કુદરત પર પ્રેમ કેમ રાખવો એ એમને આવડતું. સૂર્યોદય અને સૂર્યાસ્તનાં અદ્ભુત આશ્ચર્યો — આત્મા અને સૃષ્ટિનો યોગ સાધનારી એ ગૂઢ ક્રિયાઓ—માં તન્મય થઈ જવાની કળા તેમણે સાધી હતી. તેઓ સકળ સૃષ્ટિને સજીવ, સચેતન માનતા, ને તેની સાથે



વાતચીત કરી શકતા. નિસર્ગનાં કેટલાંક તેજસ્વી અંગો તેમની નજરે સ્વર્ગની બારીરૂપ ભાસતાં; ને તે વાટે પરમાત્મા આ ઈશ્વર વિનાની પૃથ્વી પર નજર નાખે છે એમ એમને લાગતું. ચંદ્ર અને તારા, સમુદ્ર અને આકાશ, ઉષા અને સંધ્યાને તેઓ દેવરૂપ માનતા. નિસર્ગને નિસર્ગરૂપે માનીને જ કરેલી આવી પૂજા, એ વેદકાળના ધર્મનું સૌથી પ્રાચીન રૂપ હતું.

થોડા જ વખતમાં શાન્ત, સ્વસ્થ, નિરાગ્રહી ચિન્તનની શરૂઆત થાય છે. પરિણામે વસ્તુમાત્રમાં રહેલા અંતસ્તત્ત્વ સુધી પહોંચવાનો પ્રયત્ન જાણેઅજાણે થવા માંડે છે. માણસ પોતાના જેવાં જ રૂપગુણવાળા દેવો બનાવવાના ઉદ્યમમાં પડેલો છે. આખા જગતમાં અસંસ્કૃત ને અર્ધસંસ્કૃત મનુષ્યના ધર્મમાં માણસના જેવાં જ રૂપગુણવાળાં દેવદેવીઓની પૂજા થતી જોવામાં આવે છે. ભૌતિક જગતમાં જે અવ્યવસ્થા ને અંધાધૂંધી વર્તે છે તેનાથી સન્તોષ માનીને બેસી રહેવાનું આપણને રુચતું નથી. આપણે કોઈ પણ રીતે એનો ભેદ સમજવાનો પ્રયત્ન કરીએ છીએ, અને જીવનને વિષે કંઈક સિદ્ધાન્ત મનમાં બાંધીએ છીએ તેમ કરતાં આપણા મનમાં એટલી પ્રતીતિ હોય છે કે આપણી પાસે જીવનને વિષે કશો જ સિદ્ધાન્ત ન હોય તેના કરતાં ભલે કામ-ચલાઉ પણ કંઈક સિદ્ધાન્ત હોય તે સારું. આપણે સ્વાભાવિકપણે એમ માની લઈએ છીએ કે કુદરતમાં પણ આપણા જેવી જ લાગણીઓ છે; અને કુદરતનાં દૃશ્યોની પાછળ કોઈ સજીવ તત્ત્વો કામ કરી રહેલાં છે, ને તે તત્ત્વોની શક્તિ વડે જ કુદરતમાં જુદા જુદા બનાવો બને છે, એમ કહીએ છીએ.[૧] આપણા પોતાના મનમાં જેવી વિવિધ ક્રિયાઓ ચાલે છે તેવી જ ક્રિયાઓ વિશ્વમાં પણ ચાલે છે, અને નિસર્ગનાં દૃશ્યો ને ફેરફારો કોઈ શક્તિઓની ઇચ્છા અનુસાર ચાલે છે, એમ માનીએ છીએ. આ સિદ્ધાન્ત અને ‘સચેતનવાદ’ (ઍનીમીઝમ) ને નામે ઓળખાતો સિદ્ધાન્ત બે એક જ છે એમ માની લેવું એ ભૂલ છે; કેમકે આખી સૃષ્ટિમાં સર્વત્ર કંઈક ચૈતન્ય વિલસી રહેલું છે એવો વિચાર, જે સિદ્ધાન્તની આપણે વાત કરીએ છીએ તેની પાછળ રહેલો નથી. એ તો એક પ્રકારની અનેકદેવપૂજા છે; અને હિંદુસ્તાનમાં નિસર્ગનાં જે અનેક સુંદર અને ભવ્ય દૃશ્યો દેખાય છે તેને જ દેવદેવી રૂપે કલ્પી તેમની સ્તુતિ ને ઉપાસના કરવામાં આવે છે મનુષ્યના સ્વભાવમાં જન્મથી જડાયેલી ધર્મવૃત્તિ આ રીતે પ્રગટ થાય છે. માણસ કોઈ ઝઝૂમી

રહેલી આફતમાંથી ઊગરી ગયો હોય, કે કુદરતની પ્રચંડ શક્તિઓની આગળ પોતે સાવ તુચ્છ ને અસહાય છે એવું ભાન તેને થયું હોય, એવે સમયે — તેના અંતરમાં ઊંડી ધર્મભાવના તીવ્ર રૂપમાં જાગી હોય એવી ક્ષણોમાં — તેને લાગે છે કે ઈશ્વર આપણી સામે હાજરાહજૂર છે. તેને વાવાઝોડામાં ઈશ્વરની વાણી સંભળાય છે; ને સમુદ્રનાં મોજાં શાંત પડે તેમાં ઈશ્વરનો હાથ દેખાય છે. છેક યુરોપના સ્ટૉઇક સંપ્રદાયના* સમય સુધી આપણને આ પ્રકારની કલ્પનાઓ જોવા મળે છે. ક્રિસિપસ નામનો સ્ટૉઇક લેખક કહે છે: "સૂર્ય, ચંદ્ર, તારા, ઋત, અને મનુષ્યોએ દેવોનાં રૂપ ધારણ કરેલાં છે."[1] જે જગત આપણને ચર્મચક્ષુ વડે દેખાય છે તે ઉપરાંત એક અદૃષ્ટ જગત પણ પડેલું છે એવી શ્રદ્ધા વેદકાળના આર્યોને હતી, એ સારી વાત છે. એ વિષે એમનાં મનમાં લેશ પણ શંકા ન હતી. દેવો છે જ એમ એ લોકો માનતા. નિસર્ગનાં દૃશ્યોની નિસર્ગરૂપે ઉપાસના, તથા એ દૃશ્યોને માનવરૂપધારી દેવદેવીરૂપે કલ્પી તેની ઉપાસના, એ વૈદિક ધર્મની પ્રથમ ભૂમિકાઓ હોય એમ દેખાય છે.[2]

વૈદિક આર્યો અને ઇરાનીઓ માનવકુળની એક જ શાખામાંથી ઊતરી આવેલા હતા, અને તેમની વચ્ચે મુખાકૃતિ અને ગુણ એ બંનેની બાબતમાં ઘણું મળતાપણું હતું; એ વાત ઇતિહાસમાં સર્વમાન્ય થઈ ચૂકેલી છે. જે મૂળ નિવાસસ્થાનમાં તેઓ ભેગા રહેતા હતા તે છોડીને તેઓ હિંદ અને ઇરાનમાં આવ્યા; અને એ મધ્યવર્તી પ્રદેશમાં તેઓ એક સંયુક્ત પ્રજા તરીકે રહ્યા. છેવટે જ્યારે જીવનની જરૂરિયાતો વધવા લાગી, રહેવાની જગા ઓછી પડી, અને સાહસવૃત્તિ જાગી, ત્યારે તેમને એ માતૃભૂમિ છોડીને જુદી જુદી દિશામાં નવાં નવાં ક્ષેત્રોની શોધમાં નીકળવું પડ્યું.[3] હિંદ અને ઈરાનના પ્રાચીન ધર્મો ને તત્ત્વવિચારોમાં સરખાપણાના આટલા બધા અંશો જોવામાં આવે છે, તેનું આ જ કારણ છે. ડૉ. મિલ્સ કહે છે: "વેદનું સંસ્કૃત ને રામાયણ મહાભારતનું સંસ્કૃત એ બેની વચ્ચે છે તેના કરતાં વધારે સામ્ય વેદની ભાષા ને અવસ્તાની વચ્ચે છે." એ દેશોની ભાષામાં એક પ્રકારની એકસૂત્રતા છે.[4] આર્યો ભારતવર્ષમાં આવ્યા ત્યાં તેમણે રસ્તો રોકીને ઊભેલા દેશના

* જુઓ 'ધર્મોનું મિલન' (રાધાકૃષ્ણન), પૃ. ૫૭–૫૯.



આદિવાસીઓને જોયા.[1] એ દસ્યુઓ કાળી ચામડીવાળા, ગોમાંસ ખાનારા, ને ભૂત પ્રેત પિશાચની પૂજા કરનારા હતા. તેમને જોતાં જ આર્યોને તેમનાથી અળગા રહેવાનું મન થયું. 'અમે ઊંચા ખવાસના છીએ ને અમારી સંસ્કૃતિ સર્વશ્રેષ્ઠ છે,' એ જાતના ગર્વમાંથી જ આ અતડાપણાની વૃત્તિ જન્મી હતી. ને એમાંથી જ વધીને આગળ જતાં જાતિભેદ અને ઊંચનીચપણાની ભાવના પેદા થવા પામી. પોતાના ધર્મને ઓળાવાડામાંથી બચાવી શુદ્ધ રાખવાની આતુરતા આર્યોનાં મનમાં હતી; તેને લીધે તેમણે પોતાના ધાર્મિક સાહિત્યનો સંગ્રહ કર્યો. 'સંહિતા' શબ્દનો અર્થ જ સંગ્રહ છે. તે પરથી એમ જણાઈ આવે છે કે આર્યો ને અનાર્યો ભારતવર્ષની ભૂમિ પર ભેગા થયા તે કાળમાં ઋગ્વેદનાં સૂક્તોનો સંગ્રહ કરવામાં આવ્યો હશે. બે સગી બહેનો જેવી આ હિંદી ને ઇરાની પ્રજાઓ, વિખૂટી પડતા પહેલાં, સમાન આદરથી જે હિંદી–ઇરાની દેવોને માનતી ને પૂજતી તે દેવોથી જ આપણે વેદના દેવો વિષેની આ રૂપરેખાનો આરંભ કરીશું.

આ જગત અપૂર્ણ ને અધૂરું છે; માણસ નિર્બળ છે; તેને કોઈ ઉચ્ચતર સત્ત્વની, માર્ગદર્શકની, મિત્રની, કંઈ ટેકા કે આલંબનની, જરૂર રહે છે, જેના પર તે આધાર રાખી શકે ને વિપત્તિવેળાએ જેને ધા નાખીને બોલાવી શકે — આવી લાગણી મનુષ્યના થાકેલા હારેલા હૃદયમાં ઊપજવી સ્વાભાવિક છે. વેદના એ પ્રાચીન યુગમાં, અનંતત્વ માટેની આ ઝંખના આકાશના અનંત, અમર્યાદ ને તેજસ્વી પટથી સંતોષાય એટલી સારી રીતે બીજી કોઈ વસ્તુથી સંતોષાય એમ નહોતું. સૂર્ય, ચંદ્ર અને તારામાં પરિવર્તનો થાય છે, વાવાઝોડાં આવે છે, ને વાદળાં વિખેરાય છે; પણ આકાશ તો સદાકાળ તેવું ને તેવું જ રહે છે. દ્યૌ[2] એ માત્ર હિંદી–ઇરાની દેવ નથી, પણ હિંદી–યુરોપી દેવ છે. તે દીર્ઘ કાળ લગી ટકી રહે છે; ને ગ્રીસમાં ઝ્યુસરૂપે, ઇટલીમાં જ્યુપીટર (દ્યૌષ્પિતર) રૂપે, અને ટ્યૂટન પ્રજાઓમાં ટીર અથવા ટાઈરૂપે દેખા દે છે. દેવ શબ્દનો મૂળ અર્થ હતો દ્યુતિમાન અર્થાત્ તેજસ્વી. પાછળથી તે સર્વ તેજસ્વી તત્ત્વોને — સૂર્ય, આકાશ, તારા, ઉષા, દિવસ વગેરે સર્વને — લાગુ પાડવામાં આવ્યો. સર્વ તેજસ્વી કે જ્યોતિર્મય વસ્તુઓમાં જે સર્વ-સામાન્ય તત્ત્વો હતાં તે સૂચવનાર એ વ્યાપક શબ્દ થઈ પડ્યો. પૃથ્વી પણ થોડા જ વખતમાં દેવી ગણાવા લાગી. શરૂઆતમાં કદાચ આકાશ (દ્યૌ) અને

પૃથ્વીનાં ભૌતિક અંગો — લંબાઈ ( उर्वी ), પહોળાઈ ( माहिनी ), ફળદ્રુપતા ( घृतवती ) આદિ — તરફ જ કવિઓનું ધ્યાન ગયું હશે એમ લાગે છે.[૧] પૃથ્વીના ગુણ વર્ણવતાં ' મધ આપનારી ' ( मधुदुघा ) અને ' દૂધથી ભરેલી ' ( पयस्वती ) જેવાં વિશેષણો વાપરેલાં છે. પણ થોડા જ વખતમાં દ્યાવાપૃથિવીના જોડકાને મનુષ્યના જેવા ગુણો છે એમ કલ્પવામાં આવે છે; અને કહે છે કે તેમને ' કદી વૃદ્ધત્વ આવતું નથી ' ( अजरे ) ને તેઓ 'પિતા' છે, 'માતા' છે, વગેરે. તેઓ વિશ્વને સુખ આપનારાં, સર્વજ્ઞ, પ્રેમળ, ઉદાર, પુણ્યશીલ છે, એમ કહીને એ નૈતિક ગુણોનો પણ ઉમેરો કરવામાં આવે છે.[૨] પહેલાં ભૌતિક તત્ત્વોની ને પછી માનવરૂપધારી શક્તિઓની ઉપાસના, ને માનવરૂપમાંથી આગળ વધીને દૈવી તત્ત્વની ઉપાસના, એમ ઉત્તરોત્તર પ્રગતિ થઈ હોય એ સંભવિત છે. આખા જગતમાં સહુથી પહેલી પૂજા પૃથ્વી અને આકાશ ( द्यौ ) ની થયેલી. તેમને પહેલાં નોખાં ને સ્વતંત્ર સત્ત્વો માનેલાં; પણ થોડા જ વખતમાં તેમની વચ્ચે લગ્નસંબન્ધ બંધાયો. પૃથ્વીને ફળદ્રુપ માતા માનવામાં આવી, ને દ્યૌષ્પિતા તેમાં વીર્યનું સિંચન કરે છે એમ મનાયું. ગ્રીક મહાકવિ હોમરનાં સ્તોત્રોમાં પૃથ્વીને " દેવોની માતા, અને નક્ષત્રવાન આકાશની પત્ની " કહીને સંબોધેલી છે.[૩] ધરતીમાતા અને દ્યૌષ્પિતા એ વિશ્વનાં માતપિતા છે. તેઓ જીવમાત્રને જન્મ આપે છે, ને તેમને પોષણનું સાધન પૂરું પાડે છે. ઋગ્વેદમાં તેમને સામાન્ય રીતે દ્વિવચનથી જ સંબોધેલાં છે; એટલા માટે કે તેઓ બે મળીને એક જ દેવતાની કલ્પના કરવામાં આવી છે. પૃથ્વી અને આકાશની વચ્ચેનાં સર્વ તત્ત્વો — સૂર્ય, ઉષા, અગ્નિ, વાયુ ને પર્જન્ય — એ દ્યાવાપૃથિવીની સંતતિ છે. દ્યાવાપૃથિવી એ માણસોનાં તેમજ દેવોનાં માબાપ છે.[૪] દેવોની સંખ્યા જેમ વધતી ગઈ તેમ પ્રશ્ન એ ઊઠ્યો કે દ્યાવાપૃથિવીને બનાવ્યાં કોણે ? " જેણે વિશ્વને સુખદાયક એવાં દ્યાવાપૃથિવીને ઉત્પન્ન કર્યાં, જેણે ઉભય લોકને અત્યંત કુશળતા વડે રચ્યા, જેણે દ્યાવાપૃથિવીને સખત બંધ વડે બાંધ્યાં, તે આ દેવ દેવોમાં સહુથી કુશળ છે. "[૫] આ સર્જનશક્તિ અગ્નિ,[૬] ઇન્દ્ર[૭] અથવા સોમમાં[૮] છે એમ કહ્યું છે. બીજા દેવોને પણ એ માન આપવામાં આવ્યું છે.[૯]

વરુણ એ આકાશનો દેવ છે. ' વરુણ ' નામ ' वर् ' એટલે કે ' ઢાંકવું ' અથવા ' વ્યાપી વળવું ' એ ધાતુ પરથી આવ્યું છે. વેદનો વરુણ તે જ ગ્રીસનો ઉરેનૉસ અને અવસ્તાનો અહુરમઝદ છે. તેની ઉત્પત્તિ કુદરતી ઘટનામાંથી થઈ છે એ દેખીતું છે. વરુણ વિશ્વને ઢાંકે છે અથવા વ્યાપી વળે છે. તે તારાજડિત આકાશના આખા વિસ્તારને, " તેમાંનાં સર્વ પ્રાણીઓ તથા તેમનાં નિવાસસ્થાન સહિત, ઝભ્ભાની પેઠે ઢાંકી દે છે. "[૧] મિત્ર એ વરુણનો નિત્યનો સાથી છે. ' મિત્રાવરુણ ' એ શબ્દમાં વરુણ અને મિત્ર બે એક જોડકારૂપે વપરાય છે ત્યારે તેનો અર્થ રાત અને દિવસ, અંધકાર અને પ્રકાશ થાય છે. વરુણની આકૃતિનું સતત રૂપાન્તર થતું જાય છે; તેમાં નવા નવા સદ્‌ગુણોનું આરોપણ કરવામાં આવે છે; અને તેમ કરતાં તે વેદનો સહુથી વધારે નીતિમાન દેવ બને છે. તે જગત પર ચોકી રાખે છે ( विश्वदर्शतम् — બધું જોનાર — છે ), પાપીઓને સજા કરે છે, અને તેની ક્ષમા માગનારાઓનાં પાપ માફ કરે છે. સૂર્ય તેની આંખ છે, આકાશ તેનું વસ્ત્ર છે, અને વાયુ તેનો શ્વાસ છે.[૨] નદીઓ તેની આજ્ઞાથી વહે છે.[૩] તેના ધાકને લીધે સૂર્ય પ્રકાશે છે, અને તારા તથા ચન્દ્ર પોતપોતાને નિયત માર્ગે ચાલે છે.[૪] તેના નિયમ વડે આકાશ અને પૃથ્વી જુદાં જુદાં ટકી રહેલાં છે. તે જગતની ભૌતિક અને નૈતિક વ્યવસ્થાને ટકાવી રાખે છે. તે મનસ્વી દેવ નથી, પણ ' ધૃતવ્રત ' એટલે કે દૃઢ નિશ્ચયવાળો ને નિયમ પ્રમાણે ચાલનારો છે. બીજા દેવો વરુણ રાજાની આણ માને છે ને તેની આજ્ઞાને અનુસરે છે. તે સર્વજ્ઞ છે; એટલે અંતરિક્ષમાં ઊડતાં પંખીઓનાં પગલાં, સમુદ્રમાં ચાલતાં નાવનો માર્ગ, અને વાયુની ગતિ તે જાણે છે. એક ચકલું પણ તેની જાણ બહાર ફરકી શકતું નથી. તે દેવાધિદેવ છે; દેવોનો રાજા છે; અપરાધી પ્રત્યે કઠોર અને પાપનો પસ્તાવો કરનાર પ્રત્યે દયાળુ છે. નૈતિક જગતનો જે સનાતન નિયમ તેણે પોતે સ્થાપ્યો છે તેનું તે પોતે પણ પાલન કરે છે. છતાં તેની સામે અપરાધ કરનારાઓને તે દયાભાવે ક્ષમા કરવા તૈયાર હોય છે. " જેમણે પાપ કર્યું હોય તેમના પ્રત્યે પણ તે દયા કરે છે. "[૫] વરુણને ઉદ્દેશેલાં લગભગ સર્વ સૂક્તોમાં પાપની કબૂલાત અને પશ્ચાત્તાપની સાથે-સાથે પાપને માટે ક્ષમા પણ યાચેલી જોવામાં આવે છે.[૬] તે બતાવે છે કે પાપનો ભાર અને પ્રાર્થનાની શક્તિ એ બંનેનો ખ્યાલ આર્ય કવિઓને હતો.

વેદમાં કરેલી વરુણની આ ઉપાસનામાં પાપનું ભાન, અને દેવની ક્ષમાવૃત્તિ વિષે વિશ્વાસ જોવામાં આવે છે. પાછળથી વૈષ્ણવ અને ભાગવત

સંપ્રદાયમાં સગુણ ઈશ્વિરની ઉપાસનાના પ્રતિપાદનની સાથે ભક્તિમાર્ગ પર વિશેષ ભાર દીધેલો છે, તેનું મૂળ આ પ્રાચીન વરુણોપાસનામાં જોઈ શકાય છે. અધ્યાપક મૅકડોનેલ કહે છે કે "ઊંચા પ્રકારના એકેશ્વરવાદમાં પરમેશ્વરરૂપી સમ્રાટના જે ગુણો કલ્પવામાં આવે છે તેને મળતા ગુણો વેદના વરુણમાં છે."[૧]

વરુણ જે નિયમનો રક્ષક અને નિયન્તા છે તે નિયમને 'ઋત' કહેવામાં આવે છે. ઋતનો અક્ષરાર્થ છે 'વસ્તુમાત્રનો નિયત ક્રમ'. ઋતની કલ્પના સૂચવે છે કે જગતમાં નિયમ અથવા કાયદાની આણ ને ન્યાયનું સામ્રાજ્ય ચાલે છે. સૂર્ય, ચંદ્ર અને તારાની ગતિ, અને દિવસરાત તથા ઋતુચક્રના વારાફેરા એ બધાની નિયમિતતા જોઈને મૂળ એ કલ્પના સૂઝી હોવી જોઈએ. ઋત એટલે ચોકસ નિયમ અનુસાર ચાલનારી વિશ્વની વ્યવસ્થા. વિશ્વમાં જે કોઈ વસ્તુ નિયમિત રીતે ચાલે છે તે દરેક ઋતના સિદ્ધાન્તને અનુસરે છે. આપણી ઇન્દ્રિયો વડે જેનો અનુભવ થાય છે તે જગત એ ઋતનો પડછાયો કે પ્રતિબિંબ છે; અને એ પરિવર્તનોનાં વમળોમાં અવ્યય ને અવિકારી રહેનારું શાશ્વત સત્ય તે તો ઋત જ છે. સૃષ્ટિનું સર્જન થતા પહેલાં પણ ઋત હસ્તીમાં હતું એમ વેદના ઋષિઓ માને છે. જગતની સદા બદલાતી ઘટમાળમાં એ અનશ્વર ઋતનાં જ વિવિધ રૂપોનું દર્શન થાય છે. એટલે ઋતને સર્વનો પિતા કહેલો છે. "મરુતોની સાથે ઇન્દ્ર અમારા રક્ષણ માટે સૂર્યલોકમાંથી, દૂરથી કે ઋતના સદનમાંથી આવે છે."[૨] વિષ્ણુને 'ઋતનો ગર્ભ' કહેલો છે.[૩] દ્યાવાપૃથિવી ઋતને લીધે જ ટકી રહેલાં છે.[૪] શાશ્વત ને અવિકારી સત્ વિષેની જે ગૂઢવાદી કલ્પના પાછળથી ખીલેલી તેનાં પ્રથમ ચિહ્નો અહીં દેખાય છે. અવિચળ નિયમ એ જ સત્ છે. જગતમાં જે કંઈ દૃષ્ટિગોચર કે ઇન્દ્રિયગોચર છે તે તો અસ્થિર આભાસ છે, અધૂરી નકલ છે. સત્ તત્ત્વ એક, અખંડ ને અવિકારી છે; જ્યારે જગતની અનેક વસ્તુઓ બદલાય છે ને નાશ પામે છે. થોડા જ વખતમાં એમ મનાવા લાગે છે કે આ વિશ્વતન્ત્ર એ એક સર્વશ્રેષ્ઠ દેવની ચોકસ ઇચ્છા પ્રમાણે ચાલે છે; એટલું જ નહીં પણ તે નીતિ અને પુણ્યના નિયમને પણ વશ વર્તે છે. દેવો પણ એ નિયમનું ઉલ્લંઘન કરી શકતા નથી. ઋતની કલ્પનામાં આપણે ભૌતિક સૃષ્ટિના એક અવિચળ નિયમને દેવપદ આપેલું જોઇએ છીએ.[૫] "સૃષ્ટિનો, સૂર્ય ચંદ્ર અને તારાનો, સવાર અને સાંજનો, દિવસ અને રાતનો, નિશ્ચિત થયેલો માર્ગ અથવા



ગતિક્રમ," એવો 'ઋત' શબ્દનો મૂળ અર્થ હતો. ધીરેધીરે એમ મનાવા લાગ્યું કે એ મનુષ્યોએ અનુસરવાનો નીતિમાર્ગ છે, એટલું જ નહીં પણ એ પુણ્યમાર્ગે દેવોએ પણ ચાલવું ઘટે છે. "ઉષા ઋતને માર્ગે — રસ્તો સારી પેઠે જાણીતો હોય એવી રીતે — ચાલી જાય છે. તે કદી દિશાઓની બહાર પગલું મૂકતી નથી. સૂર્ય પણ વરુણે આંકી આપેલે ઋતને રસ્તે ચાલે છે."[૧] આખું વિશ્વ ઋતના પાયા પર ઊભું રહેલું છે, ને તેની મર્યાદામાં રહીને ચાલે છે.[૨] ઋતની આ કલ્પના પરથી વર્ડ્ઝવર્થે 'કર્તવ્ય'ને ઉદ્દેશીને લખેલી પંક્તિઓ યાદ આવે છે. તેનો આશય આ પ્રમાણે છે: "તું તારાઓને કુમાર્ગે જતા રોકે છે; અને પ્રાચીન સ્વર્ગો પણ, તારે લીધે, તાજાં ને બળવાન રહે છે."

ભૌતિક જગતમાં જે સ્થાન નિયમનું છે તે સ્થાન નૈતિક જગતમાં સદ્ગુણનું છે. નીતિમય જીવન એટલે સુરીલું સંવાદી જીવન અથવા સુવ્યવસ્થિત ને એકરાગવાળું જીવન, એવી જે કલ્પના ગ્રીક લોકોમાં હતી તેનું પણ અહીં સ્મરણ થાય છે. પહેલાં વરુણ ભૌતિક સૃષ્ટિની સુવ્યવસ્થા સાચવનાર મનાતો; તે આગળ જતાં નીતિનિયમનો રક્ષક (ऋतस्य गोपा) અને પાપની સજા કરનારો મનાય છે. ઘણી જગાએ દેવોની પ્રાર્થના મનુષ્યને સન્માર્ગે ટકાવી રાખવા માટે કરવામાં આવે છે. "હે ઇન્દ્ર, અમને ઋતને માર્ગે લઈ જાઓ; સર્વ પાપોની ઉપર થઇને સન્માર્ગે દોરી જાઓ."[૩]

ઋતની કલ્પના સ્વીકારાઈ તેની સાથે જ દેવોનાં સ્વરૂપમાં ફેરફાર થયો. હવે પછી વિશ્વમાં આકસ્મિક તત્ત્વો યા મહાભૂતોના આંધળા ક્રોધથી નીપજેલી અંધાધૂંધી ચાલતી નથી, પણ સુમધુર સંવાદ ને એકરાગ સાધનારી કોઈ એક શક્તિની ઇચ્છા કામ કરતી દેખાય છે. જ્યારે જ્યારે અનાસ્થા આપણને લલચાવે, અને આપણી આત્મશ્રદ્ધાના ભૂકા ઊડી જાય, ત્યારે આ પ્રકારની શ્રદ્ધા આપણને આશ્વાસન આપે છે; ને આપણું રક્ષણ કરનાર કોઈ શક્તિ બેઠેલી છે એટલે આપણે સુરક્ષિત છીએ, એવું ભાન આપણાં મનમાં પેદા કરે છે. સંસારમાં ગમે તેવા બનાવો ભલે બને, છતાં આપણને એટલી ધારણ રહે છે કે કુદરતમાં જે સુંદર વ્યવસ્થા ચાલે છે તેને મળતો ન્યાય ને નીતિનો નિયમ નૈતિક ક્ષેત્રમાં પણ પ્રવર્તે છે. જેમ આવતી કાલે સૂર્ય ઊગવાનો જ છે એ વિષે કશી શંકા નથી, તેમ સત્ય ને સદાચારનો

વિજય અચૂક થવાનો જ છે. ઋતને ભરોસે રહીને આપણે આપણું નાવ હંકારી શકીએ છીએ.

મિત્રદેવ વરુણનો સાથી છે, અને ઘણીવાર એનું આવાહન સાથે કરવામાં આવે છે. મિત્રનો અર્થ કેટલીકવાર સૂરજ ને કેટલીકવાર પ્રકાશ થાય છે. તે પણ સર્વદર્શી ને સત્યપ્રિય દેવ છે. મિત્રાવરુણ બંને મળીને ઋતની રક્ષા કરે છે ને પાપની ક્ષમા આપે છે. ધીરેધીરે મિત્રનો સંબન્ધ પ્રભાતના તેજ સાથે ને વરુણનો રાત્રિના આકાશ સાથે જોડાતો જાય છે. અર્યમા અને ભગની સાથે મિત્રાવરુણને પણ આદિત્ય, એટલે કે અદિતિના પુત્રો, કહેલા છે.

સૂર્ય તે આપણો સૂરજ. ઋગ્વેદનાં દસ સૂક્તો તેને ઉદ્દેશીને ગાયેલાં છે. સૂર્યની ઉપાસના કરવાની ઊર્મિ માણસને આપોઆપ થઈ આવે છે. સૂર્યપૂજા એ ગ્રીક ધર્મનું આવશ્યક અંગ હતી. પ્લેટોએ તેના ગ્રંથ 'રિપબ્લીક'માં સૂર્યપૂજાની પ્રશંસા કરેલી છે, ને તેનું તાત્પર્ય સમજાવ્યું છે. તે સૂર્યને સદ્‌ગુણ અને સદાચારનું પ્રતીક માનતો. ઈરાનમાં પણ સૂર્યપૂજા થતી જોવા મળે છે. સૂર્ય એ જગતમાં પ્રકાશનો દાતા ને જીવનનો પોષક હોઈ, તેનામાં અલૌકિક શક્તિ છે એમ મનાયું છે. તે સચરાચરનો — જંગમ તેમજ સ્થાવર સર્વનો — આત્મા છે (सूर्य आत्मा जगतस्तस्थुषश्च). તે સર્વદર્શી છે, જગતનો જાસૂસ છે. તે માણસોને ઊંઘમાંથી જગાડી કામે લગાડે છે, અને પ્રકાશ આપે છે (ज्योतिष्कृदसि सूर्य). "સૂર્ય બંને જગતમાં ફરી વળવાને ઊગે છે. તે માણસોને જુએ છે. જે કંઈ સ્થાવર કે જંગમ છે તે સર્વનો તે રક્ષક છે. મર્ત્ય લોકોમાં જે પાપ અને પુણ્ય થાય છે તે એ જુએ છે."[૧] સૂર્ય જગતનો સર્જક (प्रसवीता जनानाम्) અને શાસક બને છે.

સવિતા એ પણ સૂર્યનું જ એક રૂપ છે. તેની સ્તુતિ ઋગ્વેદનાં અગિયાર આખાં સૂક્તોમાં કરેલી છે. તેને સોનેરી આંખવાળો (हिरण्याक्षः ऋ. १; ३५; ८), સોનેરી હાથવાળો (हिरण्यहस्तः ऋ. १; ३५; १०), ને સોનેરી જીભવાળો (हिरण्यजिह्वः ऋ. ६; ७१; ३) કહેલો છે. એને કેટલીકવાર સૂર્યથી જુદો પાડવામાં આવ્યો છે,[૨] છતાં ઘણીવાર તો સવિતા એ સૂર્ય જ છે એમ બતાવેલું છે. સવિતા એ માત્ર સોનેરી દિવસનો તેજસ્વી સૂર્ય જ નથી,



રાતનો અદૃશ્ય સૂર્ય પણ છે. તેનામાં ભવ્ય નૈતિક તત્ત્વ પણ ભરેલું છે, કેમકે પાપી પશ્ચાત્તાપ કરીને તેની પાસે પાપ માટે ક્ષમાની યાચના કરતાં કહે છે: "હે સવિતા, અમે અજ્ઞાનથી, નબળાઈથી, ગર્વથી, કે મનુષ્યસ્વભાવને લીધે, જે કંઈ પાપ તારા પ્રત્યે, દેવો પ્રત્યે કે મનુષ્યો પ્રત્યે, કર્યાં હોય તે તું દૂર કર."[૧] ગાયત્રીમંત્ર પણ સવિતારૂપી સૂર્યદેવને જ સંબોધવામાં આવેલો છે: "અમે સવિતૃદેવના તે વરેણ્ય ભર્ગનું ધ્યાન ધરીએ છીએ. એ દેવ અમારી બુદ્ધિને સન્માર્ગે દોરો."* "હે સવિતૃદેવ, સર્વના સરજનહાર, અમારાં દુઃખો દૂર કરો, અને જે શુભ વસ્તુઓ હોય તે અમને આપો;"+ એ જે યજુર્વેદનો મંત્ર ઘણીવાર ગવાય છે, તે પણ સવિતાને ઉદ્દેશીને જ કહેલો છે.

વિષ્ણુ એ પણ સૂર્યનું જ એક રૂપ છે. વિષ્ણુ સર્વ લોકનું પાલન કરે છે.[૨] તે ત્રિવિક્રમ દેવ છે. તે મોટાં મોટાં ત્રણ ડગલાં ભરીને સર્વ લોકને — પૃથ્વી, સ્વર્ગ, અને મનુષ્યની નજરે દેખાતાં સર્વ ભુવનોને — વ્યાપી વળ્યો છે. "હે વિષ્ણુદેવ, તમારા મહિમાનો પાર કોઈ પામી શકતું નથી. પૃથ્વી પરથી તો અમે તમારા બે જ લોકને — પૃથ્વી અને અંતરિક્ષને — જોઈ શકીએ છીએ. તમારું પોતાનું પરમ ધામ તો તમે એકલા જ જાણો છો."[૩] ઋગ્વેદમાં વિષ્ણુનું સ્થાન ગૌણ છે, જોકે ભવિષ્યમાં તેમને ઘણું ઊંચું પદ પ્રાપ્ત થવા નિર્માયેલું છે. પણ વૈષ્ણવધર્મનું મૂળ ઋગ્વેદમાં મળી આવે છે. ત્યાં વિષ્ણુને बृहच्छरीर (મોટા શરીરવાળા, અથવા જગત જેનું શરીર છે એવા) એ નામે સંબોધેલા છે; અને ઉપાસકોના બોલાવતાંવેંત તે આવી પહોંચે છે એમ કહ્યું છે.[૪] માણસને જગા કરી આપવા માટે વિષ્ણુ ત્રણવાર પૃથ્વીને ફરી વળ્યા, ને તેનો વિસ્તાર વધાર્યો, એમ પણ કહ્યું છે.[૫]

પૂષા એ સૂર્યદેવનું બીજું એક રૂપ છે. તે ગોવાળોનો દેવ ને પશુધનનો રક્ષક હોઈ, મનુષ્યનો મિત્ર હોય એમ લાગે છે. તે પ્રવાસીઓ ને ખેડૂતોનો દેવ છે.

રસ્કીન કહે છે: "જે માણસ યોગ્ય રીતે વિચાર કરે છે તેને જેટલું

---

* तत्सवितुर्वरेण्यं भर्गो देवस्य धीमहि, धियो यो नः प्रचोदयात्। ऋ. ३; ६२; १०.

+ विश्वानि देव सवितर्दुरितानि परासुव। यद् भद्रं तन्न आसुव। ऋ. ५;८२;५.

ગાંભીર્ય ઉષામાં દેખાય છે તેટલું બીજી કોઈ વસ્તુમાં દેખાતું નથી." અખૂટ ને અમર્યાદ એવી પ્રભાતકાળની છટા, જેમાંથી દરરોજ સવારે પ્રકાશ અને ચેતન સ્ફૂરી નીકળે છે, તે ઉષાદેવી બને છે. (ગ્રીસમાં તે ઇઓસ દેવી છે.) અશ્વિનો તેમજ સૂર્ય તેને ચાહે છે. પણ સૂર્ય પોતાનાં સોનેરી કિરણો વડે તેને આલિંગન કરવા જાય છે ત્યાં જ ઉષા અલોપ થઈ જાય છે.

એ અશ્વિનો (अश्विनौ) નું આવાહન પચાસેક આખાં સૂક્તોમાં, અને છૂટુંછવાયું બીજાં ઘણાંમાં, કરેલું છે.[૧] અશ્વિનો એકસાથે જન્મેલા બે ભાઇનું, કદી છૂટું ન પડનારું, જોડકું છે. તેઓ તેજ અને પ્રકાશના તેજસ્વી સ્વામીઓ, બળવાન, ચપળ, ને ગરુડના જેટલા વેગથી દોડી શકે એવા છે. તેઓ દ્યૌના પુત્રો છે, ને ઉષા તેમની બહેન છે. માન્યતા એવી છે કે દિવસ રાત વચ્ચેના સંધિપ્રકાશના કુદરતી દૃશ્ય પરથી તેમની દેવરૂપે કલ્પના થયેલી છે. તેથી ઉષા અને સંધ્યા બેના જુદાજુદા સંધિપ્રકાશ માટે બે અશ્વિનો કલ્પેલા છે. તેઓ ધીરેધીરે દેવો ને માણસોના વૈદ્ય બને છે. તેઓ અનેક પ્રકારના ચમત્કારો કરે છે; સ્ત્રીને પતિ ને પુરુષને પત્ની આપે છે; દંપતીપ્રેમની તથા પ્રાણની રક્ષા કરે છે; અને દીન દુઃખી પીડિતોને સર્વ પ્રકારનાં દુઃખ અને ત્રાસમાંથી ઉગારે છે.

અદિતિનું નામ પાછળ આવી ગયું છે. અનેક દેવો તેના પુત્રો હોઈ આદિત્ય કહેવાય છે. અદિતિ શબ્દનો અક્ષરાર્થ છે 'અમાપ અથવા અમર્યાદ'. આપણી આસપાસ દશે દિશામાં જે અદૃષ્ટ, અનંત તત્ત્વ વ્યાપી વળેલું છે તે તત્ત્વને માટે એ નામ યોજાયું હોય એમ લાગે છે. પૃથ્વી, અંતરિક્ષ અને આકાશની પારના અનંત વિસ્તારને પણ એ નામ અપાય છે. આ જગતમાં ને તેની પાર જે કંઈ છે તે બધાનું તે અનંત અધિષ્ઠાન છે. "અદિતિ એ જ દ્યુલોક, અદિતિ જ અંતરિક્ષ, તે જ માતા, તે જ પિતા, તે જ પુત્ર છે. અદિતિ એ જ સર્વ દેવો છે. તે જ પંચજનો છે. જે કંઈ જન્મ્યું છે તે અદિતિ છે. જે કંઈ જન્મવાનું છે તે પણ અદિતિ છે."[૨] સર્વત્ર ફેલાયેલી, વસ્તુમાત્રને વ્યાપી વળનારી, ને સર્વને જન્મ આપનારી કુદરતનું — પાછળથી સાંખ્ય દર્શનમાં જેને પ્રકૃતિ કહી છે તેનું — જ પ્રાચીન સ્વરૂપવર્ણન જાણે આપણે 'અદિતિ' એ નામે વેદમાં થયેલું જોઈએ છીએ.

કુદરતની જે એક ઘણી અગત્યની ઘટનાને દેવરૂપ અપાયું છે તે છે



અગ્નિ.[૧] અગ્નિનું મહત્ત્વ એકલા ઈન્દ્રના કરતાં જ ઊતરતું ગણાયું છે, ને ઓછામાં ઓછાં બસો સૂક્તોમાં તેની સ્તુતિ કરવામાં આવી છે. સૂર્ય પોતાની ગરમીથી માણસોને દઝાડતો ને સળગી ઊઠે એવા પદાર્થોને બાળતો, તે જોઇને અગ્નિ સળગાવવાનો વિચાર માણસને સૂઝ્યો હશે. અગ્નિ વાદળાંમાંથી વીજળીરૂપે આવતો. ચકમકના પથ્થર ઘસીને પણ તે સળગાવી શકાય છે.[૨] અરણીનાં બે લાકડાં ઘસીને પણ દેવતા પાડી શકાય. ગ્રીક પુરાણકથામાંના પ્રૉમિથિયસની પેઠે માતરિશ્વા સ્વર્ગમાંથી અગ્નિને પાછો લઈ આવેલો, ને તે સાચવવાનું કામ તેણે ભૃગુઓને સોંપેલું, એમ મનાય છે.[૩] અગ્નિદેવને પિશંગ દાઢી, અણીદાર જડબાં, ને બળતા દાંત છે, એવાં એનાં વર્ણન આપેલાં છે; તે પરથી દેખાઈ આવે છે કે એ અગ્નિદેવ તે આપણો દેવતા જ છે. લાકડું કે ઘી એનો આહાર છે. તે સૂર્યની પેઠે પ્રકાશી રાત્રિના અંધકારને દૂર કરે છે. તે જ્યારે વન પર આક્રમણ કરે છે ત્યારે તેનો રસ્તો કાળો (कृष्णाध्वा । ऋ. २; ४; ६) હોય છે, ને તેનો અવાજ આકાશની મેઘગર્જના જેવો ગાજે છે. તે ધૂમકેતુ છે, કેમકે ધુમાડો એ એનો કેતુ એટલે કે ધ્વજ છે. એક ઋચામાં અગ્નિની સ્તુતિ કરતાં કહ્યું છે: "હે અગ્નિ, હું તમને આ સમિધ આપું છું તે સ્વીકારો, જોરથી સળગો, ને તમારો પવિત્ર ધુમાડો ઊંચે ચડાવો; તમારી ધૂમ્રશિખા વડે છેક ઉપરના સ્વર્ગને સ્પર્શ કરો, ને સૂર્યનાં કિરણો સાથે ભળી જાઓ." આમ અગ્નિ માત્ર પૃથ્વી પર ઘરમાં ને અગ્નિકુંડમાં જ રહેતો નથી દેખાતો; પણ આકાશમાં ને અંતરિક્ષમાં પણ સૂર્ય ને ઉષારૂપે, અને વાદળાંમાં વીજળીરૂપે, રહેતો દેખાય છે. તે સર્વશ્રેષ્ઠ દેવ (देवतमः । ऋ. १०; ७०; २) છે, ને દ્યાવાપૃથિવીને તેણે પેદા કર્યાં છે, એમ થોડા જ વખતમાં મનાવા લાગે છે. અગ્નિની કલ્પના સાકાર મટીને જેમ જેમ નિરાકાર થતી ગઈ, તેમ તેમ તેમાં ભવ્યતાનો અંશ પણ વધતો ગયો છે. તે દેવો ને મનુષ્યો વચ્ચે મધ્યસ્થી કરનાર*, ને સર્વનો સહાયક, બને છે. એક ઋચામાં કહ્યું છે: "હે અગ્નિ, તમે વરુણને અમારા યજ્ઞમાં લઈ આવો. સ્વર્ગમાંથી ઇન્દ્રને અને અંતરિક્ષમાંથી મરુતોને લઈ આવો."[૪] બીજી એક ઋચામાં કહ્યું છે: "અગ્નિને હું મારા પિતા માનું છું. અગ્નિને આપ્તજન માનું છું. અગ્નિને ભાઈ તેમજ સખા પણ માનું છું."[૫]

* दूतो देवानामसि मर्त्यानाम् । ऋ. १०; ७; २.

મનુષ્યને ઉન્માદ ચડાવનાર, પ્રેરણા આપનાર, ને અમૃતત્વ દેનાર સોમ, તે અવસ્તાના હૌમ દેવને, અને ગ્રીસના સુરા તથા દ્રાક્ષના અધિષ્ઠાતા ડાયોનીસસ દેવને, મળતો આવે છે. એ સર્વ દેવોના સંપ્રદાય તે સુરાપાન કરનારના સંપ્રદાય છે. દુઃખી માણસને પોતાનાં દુઃખ ડુબાડી દેવા માટે કંઈક વસ્તુ જોઈએ છે. તેને જ્યારે કેફી પીણું પહેલવહેલું મળી આવે છે ત્યારે તેને હર્ષનાં રોમાંચ આવે છે. તેને ઉન્માદ તો ચડે જ છે, પણ તે માને છે કે એ દૈવી ઉન્માદ છે. આપણે જેને આત્મદર્શન, આકસ્મિક સાક્ષાત્કાર, ક્રાન્તદર્શન, વિશાળ ઉદારતા, ને વ્યાપક સહૃદયતા કહીએ છીએ તે બધાં પેદા થાય છે ત્યારે આત્મા એક પ્રકારની પ્રેરણા, અભાનોર્મિ કે સમાધિની સ્થિતિમાં હોય છે. આત્માને એવી પ્રેરણા ચડાવનાર પીણાને દેવરૂપ માનવામાં આવે એમાં કશું આશ્ચર્ય નથી. વ્હીટની કહે છે : "નિસર્ગની અદ્‌ભુત શક્તિઓ ને ઘટનાઓની ઉપાસના એ જ સાદા ને સરળ મનવાળા આર્યોનો ધર્મ હતો. એટલે, સોમરસમાં ચિત્તને બહલાવવાની ને કામચલાઉ ઉન્માદ પેદા કરવાની એવી શક્તિ છે કે તેને લીધે માણસ પોતાની જન્મસિદ્ધ શક્તિ કરતાં વધારે મોટાં કામો કરવા પ્રેરાય ને કરી શકે, એમ એમણે જોયું કે તરત એમને સોમરસમાં કંઈક દૈવી અંશ દેખાયો. તેમને લાગ્યું કે એ દેવ છે, અને તેનું પાન કરનાર માણસોમાં દેવના જેવી શક્તિ આવે છે. જે છોડમાંથી એ રસ નીકળતો તેને તેમણે ઓષધિઓનો રાજા કલ્પ્યો. તેમાંથી સોમરસ કાઢવાની ક્રિયા યજ્ઞરૂપ થઈ પડી. એ કાળમાં વપરાતાં સાધનો (ખાંડણિયો, સાંબેલું વગેરે) પવિત્ર ગણાયાં. આ સંપ્રદાય ઘણો પ્રાચીન હતો, એનો પુરાવો ઈરાનના અવસ્તા સાહિત્યમાં આવતા તેના ઉલ્લેખો પરથી મળે છે. પણ ભારતવર્ષની ભૂમિ પર તેને નવું જોમ મળેલું એમ દેખાય છે."[1] સોમને પૂરેપૂરું માનવરૂપ અપાયું નથી. સોમનો છોડ ને તેનો રસ બંને કવિની નજર આગળ એટલા તાદૃશ છે કે તેને દેવરૂપ આપવાનું તેનાથી સહેજે બની શકતું નથી. છોડને ખાંડીને તેમાંથી રસ કઢાતો હોય તે વખતે ગાવા માટે સોમનાં સૂક્તો રચાયેલાં હતાં. "હે સોમ, ઇંદ્રને પાવા માટે તને અમે કાઢ્યો છે. માટે, અતિશય સ્વાદિષ્ટ ને મદ ચડાવનારી ધારે તું વહ્યે જા."[2] બીજી એક ઋચામાં ઉપાસક ગાવા લાગે છે : "અમે સોમ પીધો છે. અમે અમર થયા છીએ. અમે જ્યોતિમાં પ્રવેશ કર્યો છે. અમે દેવોને ઓળખ્યા છે."[3]



શારીરિક કેફને આત્માની મસ્તી માની લેવાનો ભ્રમ એકલા વેદયુગમાં જ હતો એવું નથી. વિલિયમ જેમ્સ કહે છે કે દારૂ પીનારના નશામાં ઈશ્વર-સાક્ષાત્કાર કરનારના કેફ અથવા અભાનોર્મિનો કંઈક અંશ અથવા છટા રહેલાં છે. કેફી પીણું પીને કે કેફી પદાર્થ ખાઈને શરીરને નશો ચડાવવાથી તે દ્વારા આપણે ઈશ્વરનું દર્શન કરી શકીએ છીએ, એવી એક માન્યતા ચાલે છે. સોમ ઔષધિ તરીકે કામમાં આવે છે, અને તે આંધળાને આંખ ને પાંગળાને પગ આપે છે, એમ ધીરે ધીરે મનાવા લાગે છે.[1] સોમને ઉદ્દેશીને રચેલું નીચેનું સુંદર સૂક્ત બતાવે છે કે તે વેદના આર્યોને કેટલો બધો પ્રિય હતો :

"હે સોમ, જે લોકમાં પ્રકાશ અખંડ રહે છે, ને જ્યાં સૂર્યને રાખેલો છે, તે અમર ને અક્ષય લોકમાં મને મૂકો.

જ્યાં વિવસ્વત્‌નો પુત્ર રાજા છે, જ્યાં સ્વર્ગનું ગુપ્ત સ્થાન છે, જ્યાં મોટી મોટી નદીઓ વહે છે, ત્યાં મને અમર બનાવો.

સ્વર્ગોમાંના ત્રીજા સ્વર્ગમાં, જ્યાં સ્વેચ્છાનુસાર વર્તી શકાય છે, ને જ્યાં જગત તેજથી ભરેલું છે, ત્યાં મને અમર બનાવો.

જ્યાં કામનાઓ ને સંકલ્પો વસે છે, જ્યાં તેજસ્વી સોમનું પાત્ર છે, જ્યાં અન્ન છે ને તૃપ્તિ છે, ત્યાં મને અમર બનાવો.

જ્યાં આનંદ અને આમોદ છે, જ્યાં હર્ષ ને આહ્‌લાદ વસે છે, જ્યાં આપણી કામનાઓની કામના તૃપ્ત થાય છે, ત્યાં મને અમર બનાવો."[2]

ઉપર આપેલા સૂક્તમાં વિવસ્વત્‌ના પુત્રનો ઉલ્લેખ છે. એ પુત્ર તે ઋગ્વેદનો યમ. અવસ્તામાં તેને વિવહ્વંતનો પુત્ર યિમ કહેલો છે. યમને ઉદ્દેશીને ત્રણ સૂક્તો રચાયેલાં છે. તે મૃતાત્માઓનો અગ્રણી છે; દેવ છે તેના કરતાં અધિક અંશે મૃતાત્માઓનો રાજા છે. મર્ત્ય મનુષ્યોમાં પહેલવહેલો મરનાર, પરલોકનો રસ્તો શોધી કાઢનાર, ને એ પિતૃયાન પર ચાલીને જનાર તે હતો.[3] પાછળથી તે યજમાન બનીને નવા આવનારાઓનું સ્વાગત કરે છે. તે પિતૃલોકના રાજ્યનો રાજા છે, કેમકે તેનો સૌથી લાંબો અનુભવ એને છે. કેટલીકવાર એને સૂર્યાસ્તનો દેવ કહીને સંબોધેલો છે.[4] બ્રાહ્મણ ગ્રન્થોમાં યમ માણસોનો ન્યાય કરનાર ને તેમને પાપની સજા કરનાર બને છે. પણ ઋગ્વેદમાં તો તે માત્ર રાજા જ છે (यमं राजानम्। ऋ. १०; १४; १). ગ્રીક

લેખક લ્યુશિયને હિરેક્લીટસના મોંમાં એક વાક્ય આ પ્રમાણે મૂક્યું છે: “ માણસો કોણ? મર્ત્ય દેવો. દેવો કોણ? અમર મનુષ્યો. ” આ વચન કેટલું ખરું છે એનું ઉદાહરણ યમ પૂરું પાડે છે.

પર્જન્ય એ આર્યોનો આકાશનો દેવ હતો. આર્યો હિંદુસ્તાનમાં દાખલ થયા તે પછી તેણે ઇન્દ્રનું રૂપ ધારણ કર્યું લાગે છે; કેમકે આર્ય કુળની બીજી શાખાઓને ઇન્દ્રનું નામ જાણીતું નથી. વેદમાં પર્જન્ય એ આકાશનું જ બીજું નામ છે. “ ભૂમિ મારી માતા છે ને હું પૃથ્વીનો પુત્ર છું. પર્જન્ય પિતા છે. તે અમારું પાલન કરો. ”[૧] અથર્વવેદમાં પૃથ્વીને પર્જન્યની પત્ની કહેલી છે.[૨] પર્જન્ય વાદળાં ને વરસાદનો દેવ છે.[૩] તે દેવરૂપે આખા જગત પર રાજ્ય કરે છે. આખું બ્રહ્માંડ તેની અંદર વસે છે. જંગમ ને સ્થાવર સર્વ વસ્તુનો તે આત્મા છે.[૪] એવી પણ ઋચાઓ છે જેમાં પર્જન્ય શબ્દ વાદળાં કે વરસાદના અર્થમાં વપરાયો છે.[૫] મેક્સમૂલરનો મત એવો છે કે વેદનો પર્જન્ય તે જ લિથુઆનિયાનો મેઘગર્જનાનો દેવ પરકુનાસ છે.[૬]

નિસર્ગની જે ઘટનાઓ મનુષ્યના મનમાં ભય અને થથરાટની લાગણી પેદા કરે છે તેમાં વરસાદનાં તોફાન ને વાવાઝોડાંની બરોબરી કરી શકે એવી કોઈ ઘટના નથી. ઇન્દ્ર કહે છે: “ હા, હું જ્યારે વાદળાંના કડાકા ને વીજળી મોકલું છું ત્યારે તમને મારે વિષે આસ્થા ઊપજે છે. ” ઇન્દ્રને ઉદ્દેશીને રચાયેલાં સૂક્તો પરથી ખ્યાલ બાંધીએ તો તે વેદનો સૌથી લોકપ્રિય દેવ લાગે છે. આર્યોએ ભારતવર્ષમાં પ્રવેશ કર્યો ત્યાં જોયું કે તેમની આબાદી, આજની પેઠે, વરસાદની મહેર પર આધાર રાખે છે. એટલે વરસાદનો દેવ એ સ્વાભાવિકપણે ભારતવાસી આર્યોનો રાષ્ટ્રીય દેવ થઈ પડ્યો.[૭] ઇન્દ્ર એ અંતરિક્ષનો, નીલ આકાશનો, દેવ છે. ગ્રીક દેવોમાં જેવો ઝ્યુસ તેવો ભારતના દેવોમાં ઇન્દ્ર છે. તેની ઉત્પત્તિ નિસર્ગની ઘટનામાંથી થયેલી સ્પષ્ટ દેખાય છે. તે વજ્રધારી છે, ને અંધકારને જીતે છે. તે આપણને પ્રકાશ ને ચેતન, જોમ ને તાજગી આપે છે. સ્વર્ગ તેની આગળ નમન કરે છે, ને પૃથ્વી તેને આવતો જાણી કંપે છે. ઇન્દ્રનો આકાશ ને વાવાઝોડાં સાથે જે સંબન્ધ છે તે ધીરેધીરે ભુલાતો જાય છે. તે સ્વર્ગ, આકાશ, પૃથ્વી આદિનો સરજનહાર, આખા વિશ્વનો ને તેમાં વસતાં પ્રાણીમાત્રનો રાજા બને છે. તે જગતનો યોગક્ષેમ ચલાવે છે. તે બધું જ સાંભળે છે ને જુએ છે. તે



માણસોનાં મનમાં સારામાં સારાં વિચારો ને ભાવનાઓ ઉત્પન્ન કરે છે.[૧] વરસાદ ને વાવાઝોડાંનો દેવ વજ્રધારી મઘવા સુકવણાં પાડનાર ને અંધકાર પેદા કરનાર અસુરો પર વિજય મેળવે છે; અને દસ્યુઓ સામેનાં આર્યોનાં યુદ્ધોમાં વિજયવંત યુદ્ધદેવનું રૂપ ધારણ કરે છે. એ યુગ ભારે પ્રવૃત્તિનો હતો, ને લોકો વિજય અને સામ્રાજ્ય મેળવવાના સાહસમાં રોકાયેલા હતા. વિધર્મી આદિવાસીઓની સાથે કશો સંબન્ધ રાખવાની ઇન્દ્ર ના પાડે છે. “ જે શ્રેષ્ઠ ને વીર દેવે જન્મતાંવેંત પોતાના પરાક્રમ વડે દેવોનું રક્ષણ કર્યું, ને જેના બળ તથા પરાક્રમને લીધે દ્યાવાપૃથિવી બંને કાંપી ઊઠ્યાં, — હે લોકો, તે ઇન્દ્ર છે. જેણે કાંપતી પૃથ્વીને સ્થિર કરી, જેણે હાલતા પર્વતોને સ્થિર કર્યા, જેણે વિશાળ અંતરિક્ષને માપ્યું, ને દ્યુલોકને ટકાવી રાખ્યો, — હે લોકો, તે ઇન્દ્ર છે. જેણે અહિને મારીને સપ્ત સિન્ધુને છોડવી, જેણે વલના બંધનમાંથી ગાયોને મુક્ત કરી, ને જેણે બે પથ્થરમાંથી અગ્નિ પ્રગટાવ્યો, — હે લોકો, તે ઇન્દ્ર છે. જેને વિષે લોકો પૂછે છે કે ‘ એ ઘોર ઇન્દ્ર છે ક્યાં ?’ ને કહે છે કે ‘ તે નથી જ, ’ જે શત્રુઓની સંપત્તિ તેમને ત્રાસ દઈને હરી લે છે, તેના પર તમે શ્રદ્ધા રાખો, — હે લોકો, તે ઇન્દ્ર છે. અશ્વો, ગાયો, ગામડાં, ને તમામ રથો જેની આજ્ઞામાં રહે છે, જેણે સૂર્ય ને ઉષાને ઉત્પન્ન કર્યાં છે, જે પાણીનો પ્રેરક છે, — હે લોકો, તે ઇન્દ્ર છે. જેની મદદ વિના માણસો જીતતા નથી, જેને યુદ્ધ કરનારા રક્ષણ માટે બોલાવે છે, જે વિશ્વનો પ્રતિનિધિ બન્યો છે, ને જે જબરા માણસોને હેઠા પાડે છે, — હે લોકો, તે ઇન્દ્ર છે. જે મોટાં પાપ કરનારાઓને, ને અશ્રદ્ધાવાળાઓને વજ્ર વડે હણે છે, જે બડાઈ હાંકનારને બડાઈ હાંકવા દેતો નથી, ને જે દસ્યુઓનો હણનાર છે, — હે લોકો, તે ઇન્દ્ર છે. ”[૨] યુદ્ધમાં સહાયતા કરનાર ને વિજય અપાવનાર આ દેવમાં દેવોના ઉત્તમોત્તમ ગુણો છે, એવી કલ્પના કરવામાં આવે છે. તે આકાશ, પૃથ્વી, પાણી ને પર્વતો[૩] પર રાજ્ય કરે છે; વેદના દેવમંડળમાં વરુણ અગ્રસ્થાન ભોગવતો હતો ત્યાંથી તેને ધીરેધીરે હઠાવી તે સ્થાન પોતે લે છે. વરુણદેવ ભવ્ય, ન્યાયી, શાન્ત, ધૃતવ્રત છે. આર્યોએ જે લડાઈઝઘડા, જીત, ને સતત પ્રવૃત્તિના યુગમાં પ્રવેશ કર્યો છે તે યુગને માટે વરુણ કામનો રહ્યો નથી. એટલે, વરુણને સ્થાને ઇન્દ્રની જે સ્થાપના થઈ એ મહાક્રાન્તિના પડઘા કેટલાંક સૂક્તોમાં સંભળાય છે.[૪]

ભારતવર્ષમાં વસેલા જુદા જુદા જાતિસમૂહો જેમની ઉપાસના કરતા એવા બીજા દેવોની સાથે પણ ઇંદ્રને યુદ્ધમાં ઊતરવું પડ્યું હતું. એ લોકો પાણી,[૧] અશ્વત્થ વૃક્ષ[૨] વગેરેને પૂજનારા હતા. જે અસુરોની સાથે ઇંદ્રને લડવું પડયું તેમાંના ઘણા, વૃત્ર સર્પની[૩] પેઠે, એક એક જાતિસમૂહના દેવ હતા. ઋગ્વેદના કાળમાં ઇંદ્રનો એક બીજો શત્રુ તે કૃષ્ણ હતો. તે કૃષ્ણ નામના લોકોનો વીરપુરુષ હતો, ને પાછળથી દેવ તરીકે પૂજાવા લાગેલો. ઋગ્વેદની એક ઋચામાં કહ્યું છે : "વેગવાન કૃષ્ણ દસ હજાર યોદ્ધા સાથે અંશુમતી (યમુના) ના કિનારા પર રહેતો હતો. ઇન્દ્રે પોતાની શક્તિ વડે આ મોટી ગર્જના કરતા સેનાપતિને વિષે જાણી લીધું. તેમણે આપણા હિતને ખાતર એ ક્રૂર સેનાનો નાશ કર્યો."[૪] એ ઋચાનો આવો અર્થ સાયણાચાર્યે સૂચવ્યો છે; ને કૃષ્ણપૂજાના સંપ્રદાયને અંગે એ કથા આપણે માટે કામની છે. પાછળનાં પુરાણોએ પણ ઇંદ્ર અને કૃષ્ણના યુદ્ધનું વર્ણન કર્યું છે. સંભવ છે કે કૃષ્ણ એ ઋગ્વેદકાળની ગોપ જાતિ, જેના પર ઇન્દ્રે વિજય મેળવેલો, તેનો દેવ હશે. પણ તેણે પોતાની ગુમાવેલી પ્રતિષ્ઠા ભગવદ્ગીતાના સમયમાં ઘણે અંશે પાછી મેળવી લીધી; અને કૃષ્ણ તે જ ભાગવત સંપ્રદાયનો વાસુદેવ અને વૈષ્ણવ સંપ્રદાયનો વિષ્ણુ, એવી માન્યતા પ્રચલિત થવાથી કૃષ્ણને તેનું અગાઉનું સ્થાન ફરી પ્રાપ્ત થયું. એની ઉત્પત્તિ ને એનો ઇતિહાસ આવાં સંકુલ હોવાથી તેને ભગવદ્ગીતાનો પ્રણેતા, પરમાત્માનો અવતાર, તથા યમુનાને કાંઠે બંસી બજાવતો ગોપાલ વગેરે વિવિધ રૂપ પ્રાપ્ત થયાં છે.[૫]

ઇન્દ્રને પડખે અનેક અંતરિક્ષવાસી નાના નાના દેવો છે — વાત અથવા વાયુ, એટલે કે પવન; વાવાઝોડાના દેવ મરુતો; અને ગર્જના કરનાર રુદ્ર. વાયુને વિષે એક કવિએ ગાયું છે : "એ ક્યાં જન્મ્યો ને ક્યાંથી ઉત્પન્ન થયો ? તે દેવોનો શ્વાસ છે, ને વિશ્વનો ગર્ભ છે. એ દેવ મરજી આવે ત્યાં ફરે છે. તેનો અવાજ સંભળાય છે, પણ તેનું રૂપ દેખાતું નથી."[૬] વાત એ હિંદી-ઈરાની દેવ છે.

હિંદુસ્તાનમાં વરસાદનાં વાવાઝોડાં તો ઘણાં થાય છે. તેનું દેવરૂપ તે મરુતો. એ વાવાઝોડાં વિષે મૅક્સમૂલર લખે છે : "ધૂળ અને વાદળાંને લીધે આકાશ કાળું થઈ જાય છે, ઝાડનાં પાંદડાં ક્ષણવારમાં ખરી પડે છે, ડાળીઓ કાંપે છે, ડાંખળીઓ તૂટી જાય છે. પૃથ્વી કાંપતી લાગે છે, પહાડો હાલતા ભાસે છે,



ને નદીઓનાં પાણીમાં ઉછાળા ને ફીણ આવે છે."[૧] મરુતો સામાન્યપણે બળવાન ને વિનાશક હોય છે, પણ કેટલીકવાર દયાવાન ને હિતકારી પણ બને છે. તેઓ જગતને એક છેડાથી બીજા છેડા સુધી પવનના ઝપાટાથી ફટકારે છે, અથવા તો હવાને સાફ કરે છે ને વરસાદ લાવે છે.[૨] તેઓ ઇન્દ્રના સાથી ને દ્યૌના પુત્રો છે. ઇન્દ્રને કેટલીક જગાએ મરુતોમાં જ્યેષ્ઠ કહેલો છે. તેમના ભીષણ રૂપને લીધે, તેમને કેટલીકવાર ઉગ્ર ને બળવાન એવા રુદ્રદેવના પુત્રો કહેલા છે.[૩] ઋગ્વેદમાં રુદ્રનું સ્થાન બહુ ગૌણ છે. ત્રણ જ આખાં સૂક્તોમાં તેની સ્તુતિ કરેલી છે. તે હાથમાં વજ્ર ધારણ કરે છે, ને આકાશમાંથી વીજળીના ચમકારા કરે છે. પાછળથી તે કલ્યાણકારી શિવનું રૂપ ધારણ કરે છે, ને તેની પૂજાનો એક સ્વતંત્ર સંપ્રદાય સ્થપાય છે.[૪]

આવી જ રીતે જેમનો વિકાસ થયેલો એવી કેટલીક દેવીઓ પણ ઋગ્વેદમાં મળે છે. ઉષા ને અદિતિ દેવીઓ છે. સિંધુ નદીને એક સૂક્તમાં દેવી કહીને તેની સ્તુતિ કરેલી છે.[૫] સરસ્વતી એ પહેલાં એક નદીનું નામ હતું; તે ધીરેધીરે વિદ્યાની દેવી બને છે.[૬] વાક્ એ વાણીની દેવી છે. અરણ્યાની એ અરણ્યની દેવી છે.[૭] પાછળના શાક્ત સંપ્રદાયો ઋગ્વેદની દેવીઓનો ઉપયોગ કરે છે. તિમિરનો નાશ કરનાર ને પાપને બાળી નાખનાર દેવી પ્રકાશનું ચિન્તન કરતાં વેદકાળના આર્યો શક્તિ અથવા પરમાત્માની ચિચ્છક્તિની સ્તુતિ કરતા, ને કહેતા : "હે વર દેનારી દેવી, તમે આવો. તમે અક્ષર છો, અવિનાશી છો, બ્રહ્મની બરોબરી કરનારાં છો."[૮]

માણસો ભૌતિક તત્ત્વોથી આગળ વધીને આધ્યાત્મિક વસ્તુઓનો વિચાર કરવા લાગ્યા, પ્રકૃતિનાં જડ તત્ત્વોને છોડી માનવરૂપધારી દેવદેવીઓને પૂજવા લાગ્યા, એટલે પછી મનુષ્યનાં ગુણો ને લાગણીઓરૂપી નિરાકાર દેવદેવીઓની ઉપાસના કરવાનું સહેલું થઈ પડ્યું. એવાં ઘણાખરાં દેવદેવીના ઉલ્લેખ ઋગ્વેદના છેલ્લા મંડળમાં આવે છે, તે બતાવે છે કે તેમની ઉત્પત્તિ પ્રમાણમાં મોડી થઈ હોવી જોઈએ. મન્યુ,[૯] શ્રદ્ધા[૧૦] વગેરેની સ્તુતિ કરેલી જોવામાં આવે છે. ખરા દેવમાં જે કેટલાક ગુણો હોય તે ગુણોને પણ દેવ માનવામાં આવે છે. ત્વષ્ટા, જેને કેટલીકવાર સવિતાનું[૧૧] જ એક રૂપ માનવામાં આવે છે, તે વિશ્વનો બનાવનાર અથવા ઘડનાર છે. તેણે ઇન્દ્રનું વજ્ર ઘડેલું, બ્રહ્મણસ્પતિની પરશુને ધાર ચડાવેલી, દેવોને સોમ પીવાનાં

પાત્રો બનાવી આપેલાં, ને સર્વ સજીવ વસ્તુઓની આકૃતિઓ ઘડેલી. બ્રહ્મણસ્પતિ ઘણો પાછળથી ઊપજેલો દેવ છે. જે યુગમાં યજ્ઞો થવા લાગેલા તે યુગમાં એ દેખા દે છે. મૂળ તો તે બ્રહ્મ એટલે કે સ્તુતિનો દેવ હતો, પણ થોડા જ વખતમાં યજ્ઞનો દેવ બની ગયો. શુદ્ધ વૈદિક ધર્મની ભાવના, અને પાછળની બ્રાહ્મણ ગ્રંથોની ભાવના, એ વચ્ચેની સંક્રાન્તિનું દર્શન આપણે આ દેવમાં કરી શકીએ છીએ.[1]

## ૬. એકેશ્વરવાદની દિશામાં

આગળ ઉપર અથર્વવેદ વિષેની ચર્ચામાં આપણે જોઈશું તેમ, આર્ય જગતની સીમા બહારનાં, ને વિચારની જુદી જ કક્ષામાંથી નીપજેલાં, દેવદેવીઓ વૈદિક દેવમંડળમાં દાખલ થવા પામ્યાં હતાં. દેવદેવીઓની આટલી મોટી ભીડ જામી એને લીધે બુદ્ધિ થાકી ગઈ. એટલે એક દેવ એ બીજા કોઈ દેવનું જ રૂપ હોઈ તેનાથી અભિન્ન છે એમ કહેવાની, અથવા બધા જ દેવોને ભેળા કરવાની, વૃત્તિ બહુ વહેલેથી દેખાવા લાગી હતી. દેવોનું વર્ગીકરણ કરવાના જે પ્રયત્નો થયા તેમાં દેવોને પૃથ્વી, અંતરિક્ષ અને આકાશ એમ ત્રણ ક્ષેત્રમાં વહેંચી નાખવામાં આવ્યા. દેવો ૩૩૩ છે, અથવા તો ૩ એ આંકડાવાળી બીજી કોઈ સંખ્યા જેટલા છે, એમ પણ કેટલેક ઠેકાણે કહ્યું છે.[2] બે દેવો જ્યારે એકનાં એક કામ કરતા હોય ત્યારે તેમના જોડકાનું સાથે આવાહન કરવામાં આવે છે. કેટલીકવાર 'વિશ્વેદેવાઃ' એ વ્યાપક નામ હેઠળ તમામ દેવોને ભેગા કરી તેમની સ્તુતિ કરાય છે. દેવોની સંકલનામાં કંઈક પદ્ધતિ કે વ્યવસ્થા દાખલ કરવાની આ જે વૃત્તિ છે તેનું સ્વાભાવિક પરિણામ એકદેવવાદ કે એકેશ્વરવાદમાં જ આવે. દેવદેવીઓનું મોટું ટોળું એકબીજાની સામે લડાઈઝઘડા કરતું હોય અને અરાજકતા ને અંધાધૂંધી મચાવતું હોય, એના કરતાં એક જ દેવ કે ઈશ્વરની ઉપાસનામાં વધારે સરળતા ને વધારે સુસંગતિ છે, એ તો દેખીતું છે.

માણસને ઈશ્વરને વિષે સાચી કલ્પના સૂઝે તે પછી તેને એકેશ્વરવાદ પર આવ્યા વિના ચાલતું જ નથી. પરમેશ્વર તો એક જ હોઈ શકે. પરમ ને અનવચ્છિન્ન એવાં બે સત્ તત્ત્વો હોઈ શકે જ નહીં. વેદના જમાનામાં ઠેરઠેર એ પ્રશ્ન પુછાતો કે અમુક દેવ તે બીજા કોઈ દેવે સરજેલો છે કે કેમ?



જે દેવ જન્મ પામેલો કે સરજેલો હોય તે પરમેશ્વર હોઈ જ ન શકે. સૃષ્ટિની ક્રિયાઓનું તથા દેવોના સ્વરૂપ વિષેનું માણસનું જ્ઞાન જેમ વધતું ગયું તેમ અનેક દેવો ઓગળીને એકરસ થવા લાગ્યા. જગતમાં એક જ તત્ત્વ કામ કરે છે એ કલ્પનાની ઝાંખી ઋતની કલ્પનામાં થઈ હતી; તેણે પણ એકેશ્વરવાદને મદદ કરી. નિસર્ગની ભિન્ન ભિન્ન ઘટનાઓનો ખુલાસો આપવા માટે જો ઘણાં દેવદેવી માનવાની જરૂર હોય, તો નિસર્ગમાં રહેલી એકતાનો ખુલાસો આપવા સારુ વિશ્વંભર ને વિશ્વવ્યાપી એવો એક જ દેવ માનવાની જરૂર કેમ નહીં? નિસર્ગના નિયમ વિષે વિશ્વાસ રાખવો એનો અર્થ જ એ કે ઈશ્વર એક છે એમ માનવું ને તેના પર આસ્થા રાખવી. એક ઈશ્વર વિષેની આ કલ્પના જેમ જેમ આગળ વધતી જાય તેમ તેમ વહેમનું જોર ઘટતું જાય. કુદરતના નિયમબદ્ધ ને વ્યવસ્થિત તન્ત્રમાં કોઈ દેવદેવીને મનસ્વીપણે દખલ કરવાની છૂટ રહેતી નથી. એવી છૂટ હોય ત્યારે જ વહેમ ને વિચારના ગોટાળાનું જોર જામે છે, ને અનેક દેવદેવીની માનતા ને બાધાઆખડી ચાલે છે. વરુણની ઉપાસનામાં આપણે એકેશ્વરવાદની લગોલગ પહોંચી જઈએ છીએ. તે ન્યાયી છે, માનવહિતકારી છે, પુણ્યને ઉત્તેજન આપનાર છે, એટલું જ નહીં દયાવાન પણ છે, વગેરે અનેક નૈતિક ને આધ્યાત્મિક સદ્‌ગુણો તેનામાં છે, એવાં એનાં વર્ણનો ઋગ્વેદમાં આપેલાં છે. એ દેવનાં જે સ્થૂલ યા ભૌતિક અંગો છે તે ભૂલવાની, યા તેના પ્રત્યે પ્રમાણમાં ઓછું ધ્યાન આપવાની, અને તેનાં જે ઉચ્ચતર ને આધ્યાત્મિક અંગો છે તેના પર વધારે ભાર દેવાની, વૃત્તિ ઉત્તરોત્તર વધતી જાય છે. માણસ અને કુદરત, ઈહલોક તથા પરલોક સહુની ઉપર વરુણ રાજાનો અમલ ચાલે છે. તે માત્ર બાહ્ય આચાર જોતો નથી, અંતરની શુદ્ધિ પણ માગે છે. મનુષ્યની ધાર્મિક વૃત્તિને એક ઈશ્વરની કલ્પના પર પહોંચ્યા વિના ચેન જ પડતું નથી. એને લીધે, જેને અંગ્રેજીમાં 'હેનોથીઈઝમ' કહે છે તે વૃત્તિ વેદમાં દેખાય છે. એ શબ્દ મૅક્સમૂલરે બનાવ્યો છે. તેનો અર્થ એ છે કે વારાફરતી એક એક દેવ, જાણે મોટામાં મોટો ને એકમાત્ર દેવ (વેદના પોતાના શબ્દ વાપરીને કહીએ તો, देवानां देवतमः અથવા देवेषु अधिदेवः) હોય, એવી રીતે એની સ્તુતિ કરવી તે. પણ આ વાદમાં તર્કદૃષ્ટિએ જોતાં વિચારદોષ રહેલો છે. એમાં હૃદય તો આગળ વધવાનો ખરો માર્ગ બતાવે છે, પણ બુદ્ધિ એ

રસ્તે જવાની ના પાડે છે. દેવો અનેક ન હોઈ શકે, કેમકે હૃદયમાં રહેલી ધર્મવૃત્તિ એવી અનેકતા માનીને સંતોષ પામતી નથી. માણસ અંધારામાં ફાંફાં મારતો એકેશ્વરવાદને માર્ગે ચાલે છે ત્યાં તેને અજાણતાં 'હેનોથીઇઝમ'* મળી આવે છે, એમ કહી શકાય. મનુષ્યનું નિર્બળ મન જે વસ્તુને શોધવા નીકળ્યું છે તે હજુ તેને મળી નથી; તેને માટેની એની ઝંખના તો હજુ ચાલુ છે. જે તત્ત્વ સર્વોત્તમ અને પરાત્પર છે તે અત્યંત ગૂઢ ને દુર્દર્શ છે, અને માણસે કરેલી પ્રચલિત કલ્પનાઓ અધૂરી હોઈ એ પરમ સત્યનું નિરૂપણ કરવા અસમર્થ છે, એવું તીવ્ર ભાન તો વૈદિક આર્યોને હતું. 'અધિદેવ' યા 'દેવતમ' અથવા સર્વોત્તમ દેવ તરીકે પૂજાતા સર્વ દેવો એક જ હારના ને સમોવડિયા છે; માત્ર તેમાંના એકને તે ક્ષણ પૂરતું સર્વોચ્ચ સ્થાન અપાય છે એટલું જ. એક દેવ સર્વોત્તમ ગણાય એનો અર્થ એવો નથી કે બીજા દેવો હસ્તી ધરાવતા જ નથી. કેટલીકવાર સાવ નાના દેવોને પણ 'દેવતમ' કહેવામાં આવે છે. જેવી કવિની ભક્તિ, અને જેવી તેની ધારણા. એક કવિ કહે છે: "વરુણ દ્યૌ છે, વરુણ પૃથ્વી છે, વરુણ અંતરિક્ષ છે, વરુણ વિશ્વ છે ને બીજું બધું જ છે." કેટલીકવાર અગ્નિને સર્વદેવરૂપ વર્ણવવામાં આવે છે. કેટલીકવાર ઇન્દ્રને 'અધિદેવ' કે 'દેવતમ' કહેવામાં આવે છે. જે દેવની સ્તુતિ ચાલતી હોય તે એટલા વખત પૂરતો જાણે બીજા સર્વ દેવોની સંયુક્ત છબિરૂપ બની જતો હોય એવો ભાસ થાય છે. પણ આધ્યાત્મિક અનુભવમાં મુખ્ય વસ્તુ તો એ હોય છે કે ઉપાસક ઉપાસ્યને, અથવા કહો કે ભક્ત ભગવાનને, સર્વભાવે શરણે જાય છે, ને સર્વસ્વ — પોતાનું વ્યક્તિત્વ સુદ્ધાં — તેને ચરણે અર્પણ કરી દે છે. એવું સ્વાર્પણ — અથવા બીજા શબ્દમાં કહીએ તો એવો પ્રપત્તિયોગ — તો માત્ર એક જ ઇશ્વરને વિષે શક્ય છે. આમ ધર્મ અને ઉપાસનાને માર્ગે તર્કશુદ્ધ રીતે આગળ વધતાં વધતાં વચ્ચે 'અધિદેવવાદ' અથવા 'હેનોથીઇઝમ' પર આવ્યા વિના

* વેદે દેવોમાં શ્રેષ્ઠ એ અર્થમાં 'अधिदेव' શબ્દ વાપર્યો છે (यो देवेष्वधिदेव एक आसीत् । ऋ. १०; १२१; ८) તે પરથી આનો કામચલાઉ પર્યાયશબ્દ 'અધિદેવવાદ' બનાવી શકાય; જેમાં એક દેવને સર્વ દેવોમાં 'અધિદેવ' માનવામાં આવે છે તે. દેવોમાં શ્રેષ્ઠ એ અર્થમાં देवतम શબ્દ પણ ઋગ્વેદમાં છે: यो देवो देवतमः । ऋ. ४; २२; ३. —અનુવાદક



રહેવાય જ નહીં. બ્લૂમફીલ્ડ કહે છે: "અનેકદેવવાદ ઘણો વપરાઇને જૂનો ને જરઠ થઈ જાય; તેને ઝીણા ને બારીક ભેદ પાડતાં ન આવડે; તેમાંથી પોતાનો સ્વાર્થ સાધી લેનારો એક પ્રકારનો એકદેવવાદ ઉત્પન્ન થાય; જેમાં દરેક દેવ રાજદંડ ધારણ કરે પણ એકે ટકાવી ન શકે; એનું નામ તે 'હેનોથીઇઝમ'."[1] આ વર્ણન ખરું નથી.

દરેક દેવને વિશ્વનો સ્રષ્ટા માનવામાં આવતો હોય; વિશ્વકર્મા એટલે કે વિશ્વના રચનારના અને પ્રજાપતિ એટલે કે ભૂતમાત્રના અધિપતિના ગુણોનું આરોપણ વારાફરતી દરેક દેવને વિષે થતું હોય; અને ખાસ કરીને એ અનેક દેવો તે ખરેખરા માનવરૂપધારી ન હોય પણ ઝાંખી ને અસ્પષ્ટ કલ્પનારૂપ જ હોય; ત્યારે તે જુદા જુદા દેવોની વ્યક્તિગત વિશેષતાઓ ગાળી નાખવાનું, ને જે સામાન્ય કાર્યો તે બધા કરતા હોય તે કાર્યોને જ એક સ્વતંત્ર દેવરૂપે કલ્પવાનું, કામ સહેલું થઈ પડે છે.

વરુણની ઉપાસનામાં ઇશ્વર વિષેની કલ્પના ધીરેધીરે ઉચ્ચતર ને નિરાકાર બનતી દેખાય છે; ધર્મને લગતી તાર્કિક વિચારસરણી દેવોને એક-બીજામાં ભેળસેળ કરી નાખે છે; 'અધિદેવવાદ' અથવા 'હેનોથીઇઝમ' આગળ વધીને એકેશ્વરવાદની દિશામાં પ્રયાણ કરતો દેખાય છે; અખિલ સૃષ્ટિમાં એક જ નિયમ કામ કરે છે એમ ઋતની કલ્પના સૂચવે છે; અને મનુષ્યનું મન સ્વભાવતઃ અવ્યવસ્થામાંથી કંઈક વ્યવસ્થા કે પદ્ધતિ ઉત્પન્ન કરવાનો પ્રયાસ કરે છે; — આ બધાને લીધે, મનુષ્યના જેવાં રૂપગુણવાળાં અનેક દેવદેવીની ઉપાસનાને ખસેડી, તેને ઠેકાણે એક, અદ્વિતીય ને નિરાકાર એવા ઇશ્વરની ઉપાસના પ્રચલિત કરવામાં મદદ થાય છે. એ સમયમાં વેદના દ્રષ્ટાઓને તાલાવેલી એ શોધવાની લાગી હતી કે પોતે અજન્મા ને અનશ્વર, એક ને અદ્વિતીય હોય એવો, આ વિશ્વનો કર્તા કોણ હશે? એવો એકેશ્વરવાદ સ્થાપવાનો તર્કશુદ્ધ રસ્તો તો એ જ છે કે પહેલાં એ સર્વ દેવોને એક ઉચ્ચતર તત્ત્વના — અથવા કહો કે દેવાધિદેવના — તાબામાં લાવવા; ને એ તત્ત્વ કે દેવમાં આ નાના દેવોનાં કામકાજ પર અંકુશ રાખવાનું સામર્થ્ય છે એમ કલ્પવું. એમ કરવાથી, એક જ દેવ માટેની મનુષ્યની જે ઝંખના છે તે તૃપ્ત થઈ; અને છતાં ભૂતકાળ સાથેનું અનુસંધાન ચાલુ રાખી શકાયું. ભારતનો તત્ત્વવિચાર

ગમે તેટલો સાહસિક ને સત્યનિષ્ઠ હોવા છતાં, તેનામાં કઠોરતા ને અસભ્યતાનો અંશ જરા પણ ન હતો. સામાન્યપણે લોકોને અકારા થઈ પડવાનું તેને રુચતું નહીં; તેથી તે મોટે ભાગે તો મતભેદના પ્રસંગોમાં બાંધછોડ કરીને પતાવટ કરતો. પણ નિર્દય તર્ક તો અદેખો શઠ રહ્યો; એટલે તેણે પોતાની અવગણના થયાનું વેર વાળ્યું. પરિણામે આજે હિંદુ ધર્મ, તેની ઉદારતા ને સંગ્રાહક વૃત્તિને લીધે, ફિલસૂફીઓ, ધર્મો, પુરાણકથાઓ, ને જંતરમંતરનો શંભુમેળો બની ગયો છે. જે અનેક દેવો હતા તેઓ પરમાત્માનાં જ વિવિધ રૂપો યા અંગો છે એમ મનાતું. તેઓ પોતપોતાનાં ક્ષેત્રમાં રાજ્ય કરતા, ને પરમાત્મા તેમને માથે વિરાજતો ચક્રવર્તી સમ્રાટ હતો. એ દેવોની પાસે જે સત્તા હતી તે તેમને બીજાએ આપેલી હતી. તેઓ સૂબા હતા, સમ્રાટ નહીં. ગોટાળાથી ભરેલી નિસર્ગપૂજાના મનસ્વી ને સ્વચ્છંદી દેવો તે આગળ જતાં વિશ્વની વિવિધ શક્તિઓરૂપે પૂજાવા લાગ્યા; ને તેમની પ્રવૃત્તિ એક વ્યવસ્થિત નિયમ અનુસાર ચાલવા લાગી. ઇન્દ્ર અને વરુણ સુદ્ધાં વિશ્વના એક એક અંશના અધિપતિ બની ગયા. ઋગ્વેદના પાછલા ભાગમાં વિશ્વકર્માને સર્વોચ્ચ પદ અપાયું છે. તે સર્વદર્શી દેવ છે. તેને બધી જ બાજુએ આંખો છે, મુખ છે, બાહુ છે, પગ છે. પોતાનાં હાથ અને પાંખ હલાવીને તે દ્યાવાપૃથિવીને ઉત્પન્ન કરે છે. તે સર્વ ભુવનોને જાણે છે. પણ મનુષ્યો તેને જાણી કે કળી શકતા નથી.[૧] બૃહસ્પતિ પણ એ સર્વોચ્ચ પદનો ઉમેદવાર છે.[૨] ઘણી જગાએ એ સ્થાન પ્રજાપતિને મળ્યું છે.[૩] પરમાત્માને ભૂતમાત્રના એકમાત્ર પતિ તરીકે વર્ણવ્યો છે ત્યાં તેનું નામ હિરણ્યગર્ભ આપેલું છે.[૪]

## ૭. એકેશ્વરવાદ વિ. અદ્વૈતબ્રહ્મવાદ

વેદની સંહિતાના કાળમાં પણ આપણને કેવળ નિરંકુશ કલ્પનાઓ ને તરંગોનો ગગનવિહાર જોવા નથી મળતો; ગંભીર વિચાર ને તત્ત્વજિજ્ઞાસા પણ જોવા મળે છે. એનો પુરાવો એ છે કે દરેક વસ્તુ વિષે શંકા ને પૂછપરછ કરવાની વૃત્તિ ઘણીવાર જોર કરતી દેખાય છે. જગતની જે હકીકતો જોવામાં આવે તે વગરવિચારે ખરી માની લેવાને બદલે, ઊંડા ઊતરીને તેનું રહસ્ય સમજવાની વૃત્તિ માણસના મનમાં હોય છે; ને તેને લીધે જ કુદરતની વિવિધ ઘટનાઓની પાછળ અનેક દેવદેવીઓની કલ્પના કરવી પડે છે. "સૂરજ રાતે



ક્યાં હોય છે?" "તારા દહાડે ક્યાં જાય છે?" "સૂરજ નીચે પડી કેમ જતો નથી?" "રાત અને દિવસ, એમાં પહેલું કોણ ને પછી કોણ?" "વાયુ ક્યાંથી આવે છે ને ક્યાં જાય છે?"[૧] આવા પ્રશ્નોમાંથી ને ભય તથા આશ્ચર્યની લાગણીમાંથી જ વિજ્ઞાન અને ફિલસૂફીનો જન્મ થવા પામે છે. વળી દેવદેવીઓની અનેક આકૃતિઓની યોજના ને કલ્પનાના તરંગોની પાછળ પણ આપણે જ્ઞાનપ્રાપ્તિને માટે ફાંફાં મારવાની જન્મસિદ્ધ વૃત્તિ ડોકિયાં કરતી જોઈએ છીએ. ઘણા દેવો કલ્પવામાં તો આવ્યા. પણ માનવહૃદયની ઝંખના અનેક દેવદેવીવાળા દેવમંડળથી તૃપ્ત થાય એમ નહોતું. એ સર્વ દેવોમાં ખરો દેવ કયો, એ વિષે સંશય પેદા થયો. "અમારો હવિ અમે કયા દેવને આપીએ?" (कस्मै देवाय हविषा विधेम)[૨] એ પ્રશ્ન પુછાવા લાગ્યો. દેવોની ઉત્પત્તિ નાની નાની વસ્તુઓમાંથી થઈ હતી, એ સાવ દેખીતું હતું. એમાંના જે દેવો નવા હતા તે ભારતવર્ષની ભૂમિ પર વિકાસ પામ્યા હતા, ને કેટલાકને તો આદિવાસી પ્રજા પાસેથી લઈને આર્યોએ અપનાવેલા હતા. "હે શ્રદ્ધા, અમને શ્રદ્ધાળુ બનાવ," એવી પ્રાર્થના[૩] અવિચળ શ્રદ્ધાના યુગમાં થવી શક્ય નથી. પણ આ સમયે તો દેશની હવા જ સંશયવાદથી ભરેલી હતી. ઇન્દ્રની હસ્તી ને તેના શ્રેષ્ઠ પદને વિષે શંકા ઉઠાવવામાં આવતી હતી.[૪] નાસ્તિકતાની વૃત્તિ ફેલાઈ રહી હતી; ને દેવદેવીઓની આખી જંજાળ જ સાવ જૂઠી ને કલ્પિત છે, એમ કહી માણસો એનો છેદ ઉડાવી દેતા. અજ્ઞાત દેવોની સ્તુતિનાં સૂક્તો રચાતાં. એ 'દેવોની સંધ્યા'નો યુગ હતો. તેમાં આપણે દેવોને ધીરેધીરે અસ્ત પામતા ને અલોપ થઈ જતા જોઈએ છીએ. ઉપનિષદોમાં એ સંધ્યા મટીને રાત્રિ પ્રગટે છે; અને દેવો એવા અદૃશ્ય થઈ જાય છે કે તેમનું નામનિશાન સુદ્ધાં રહેતું નથી. ભૂતકાળનાં સ્વપ્નાં સેવનારા કોઈ કોઈ માણસો એમને યાદ કરે છે એટલું જ. એકેશ્વરવાદના† જમાનાનો દેવાધિદેવ પણ ટીકાથી મુક્ત રહી

† આ અર્થમાં આચાર્ય આનન્દશંકર ધ્રુવે યોજેલો 'સેશ્વરદ્વૈતવાદ' પણ અહીં વાપરી શકાય. ઈશ્વર એક છે એમ તો એમાં મનાય છે, પણ ઈશ્વર અને મનુષ્યની વચ્ચે અભેદ અથવા અદ્વૈત ન માનતાં તે બેને ભિન્ન માનવામાં આવે છે. એવો ઈશ્વર સગુણ કે પુરુષરૂપ હોય છે. એથી ઊલટું, જગતમાં એક ને અદ્વિતીય એવું બ્રહ્મતત્ત્વ જ વિલસે છે, અને મનુષ્યનો આત્મા ને પરબ્રહ્મ યા પરમાત્મા બેની વચ્ચે અદ્વૈત છે, એમ માનનાર વાદ તે અદ્વૈતબ્રહ્મવાદ. એ બ્રહ્મ તે નિર્ગુણ ને નિરાકાર છે. —અનુવાદક

શક્યો નહોતો. મનુષ્યના જેવાં રૂપગુણવાળા દેવથી માણસના મનને તૃપ્તિ થતી નથી. એક મહાન દેવ છે તેને બીજા બધા દેવો વશ વર્તે છે એમ કહીએ, તો તરત જ સામો પ્રશ્ન પુછાય છે: "જેને હાડકાં નથી એવા સત્ત્વે હાડકાંવાળા સત્ત્વને પેદા કર્યું; એ વેળા એ પ્રથમ જન્મેલાને કોણે જોયો હતો? ભૂમિનો પ્રાણ, તેનું રુધિર, તેનો આત્મા ક્યાં છે? એ વાત કોઈ જાણકારને પૂછવા કોણ ગયું હતું?"[૧] તત્ત્વજ્ઞાન યા ફિલસૂફીનો આ મૂલભૂત કોયડો છે. વિશ્વનો પ્રાણ અથવા તેનું સારભૂત તત્ત્વ શું? "આ એનો શાસ્ત્રે આપેલો જવાબ; તે સ્વીકારી લો; તેને વિષે ચર્ચા કરશો નહીં;" એમ કહ્યે નહીં ચાલે. વિશ્વમાં જે સત્ તત્ત્વ છે તેને બુદ્ધિથી જાણ્યે ન ચાલે; જીવનમાં તેનો અનુભવ અથવા સાક્ષાત્કાર થવો જોઇએ. એટલે પ્રશ્ન એ પુછાય છે કે "એ પ્રથમ જન્મેલાને જોયો કોણે?" (को ददर्श प्रथमं जायमानम्) એ વેળાના સત્યશોધકોને અંગત આરામ અને સુખચેનની જેટલી ખેવના નહોતી એટલી તાલાવેલી પરમ ને શાશ્વત સત્ય શોધવા ને પ્રાપ્ત કરવાની હતી. જંગલી માણસ ઈશ્વરને દુભાયેલો ને કોપેલો મનુષ્ય ગણે છે. સુધરેલો માણસ તેને દયાઘન ને ક્ષમાવાન ચેતન, આખી પૃથ્વીનો ન્યાયાધીશ, તથા જગતનો કર્તા ને નિયન્તા માને છે. આ બેમાંથી ગમે તે કલ્પના આપણે સ્વીકારીએ, તોપણ એ કલ્પના કાચી ને તકલાદી જ ગણાય, ને ટીકાના મારા સામે ટકી શકે નહીં. દેવોને મનુષ્યના જેવાં જ રૂપગુણ છે એ પ્રકારની કલ્પનાઓ આપણે છોડ્યે જ છૂટકો. એવી કલ્પનાઓ આપણને ઈશ્વરની અવેજીમાં મૂકેલી મૂર્તિઓ બતાવે છે; ઈશ્વરના સાચા ને સચેતન સ્વરૂપની ઝાંખી કરાવતી નથી. આપણા પ્રાણનો પણ પ્રાણ, આપણા જીવનનો આધાર, એવો જે ઈશ્વર, તેના પર આપણે આસ્થા રાખવી જોઈએ, ને તેની ઉપાસના કરવી જોઇએ. એ ઈશ્વરના જે પડછાયા માણસનાં મન પર પડ્યા હોય તેની પૂજા કર્યે નહીં ચાલે. ઈશ્વર એ આપણી આસપાસ ચોદિશ વ્યાપી રહેલો અખૂટ પ્રકાશ છે. પ્રાણ વિરાટ છે (प्राणो विराट्). વસ્તુમાત્ર જ નહીં પણ વિચારમાત્ર સુદ્ધાં એનામાં સમાઈ જાય છે. એ એક જ હોવા છતાં જુદે જુદે રૂપે દેખા દે છે. તે એક, અવ્યય, અવિકારી, અનશ્વર, અનિવાર્ય, અનંત, ને સર્વશક્તિમાન છે. આખું વિશ્વ તેનામાંથી ઉદ્ભવેલું છે, ને પાછું તેનામાં જ વિલીન થઈ જવાનું છે. પુરુષરૂપ ઈશ્વર માણસના હૃદયની ભાવનાને



ભલે ગમે તેટલી તૃપ્ત કરી શકે, પણ સત્યનિષ્ઠા તો જુદી જ કસણીથી કસી જુએ છે, ને માણસે પુરુષરૂપ ઈશ્વરની નહીં પણ બીજા જ કોઈ તત્ત્વની ઉપાસના કરવી જોઈએ એમ સૂચવે છે. એ સત્ય ગમે તેટલું ભાવહીન ને દૂરવર્તી લાગતું હોય, ગમે તેટલું ભીષણ ને અણગમતું દેખાતું હોય, છતાં તે સત્ય મટી જતું નથી. એકેશ્વરવાદ, જેને આજે પણ માનવજાતિનો મોટો ભાગ વળગી રહ્યો છે, તેનાથી પાછલા વેદકાળના વિચારકોને સંતોષ રહ્યો નહોતો.

વિશ્વનું કેંદ્રવર્તી પરમ સત્ય લિંગભેદથી પર છે, એમ બતાવવાને તેઓ એને માટે 'સત્' એ નપુંસક લિંગનો શબ્દ વાપરતા. તેમને એવી દૃઢ પ્રતીતિ થઈ હતી કે એવું કોઈ સત્ તત્ત્વ હસ્તીમાં છે, ને અગ્નિ ઈન્દ્ર વરુણ આદિ દેવો તો તેનાં વિવિધ રૂપ કે નામ માત્ર છે. એ સત્ અનેક નથી પણ એક છે; પુરુષરૂપ નથી પણ અપૌરુષેય છે; "તે જુદી રીતે જન્મેલું હોઈ, જંગમ અને સ્થાવર, ચાલતી ને ઊડતી, દરેક વસ્તુ પર રાજ્ય ચલાવે છે."[૧] "સત્ એક છે, તેને વિપ્રો બહુ રીતે વર્ણવે છે. તેઓ તેને અગ્નિ, યમ, માતરિશ્વા વગેરે કહે છે."[૨]

અંગ્રેજ કવિ વર્ડ્ઝવર્થ કહે છે કે તારાજડિત આકાશ અને વિશાળ પૃથ્વી, અફાટ સમુદ્ર અને અવિચળ પર્વતો, "એ સહુ એક જ મનની કૃતિઓ, એક જ મુખનાં અંગો, એક જ વૃક્ષનાં પુષ્પો હતાં; પરમ તત્ત્વના પેલા વિરાટ-દર્શનરૂપી નાટકનાં પાત્રો હતાં; અનંતત્વનાં મૂર્તિમાન પ્રતીકો હતાં; એ પહેલાં હતાં, છેલ્લાં હતાં, વચલાં હતાં, ને તેને પાર કે છેડો કશું હતું નહીં."

આ એક સત્ તે વિશ્વનો આત્મા છે, વિશ્વના અંતરમાં રહેલું ચિત્ તત્ત્વ છે, પ્રકૃતિમાત્રનું ઉદ્ભવસ્થાન છે, સનાતન શક્તિ છે. તે સ્વર્ગ નથી કે પૃથ્વી નથી; સૂર્યનો પ્રકાશ નથી કે વાવાઝોડું નથી; પણ કંઈક જુદું જ તત્ત્વ છે. એ કદાચ ઋતનું સાકાર રૂપ, અદિતિનું આધ્યાત્મિક રૂપ, વાયુ વિના શ્વાસ લેનારું સત્ત્વ હશે.[૩] આપણે તેને જોઈ શકતા નથી, કે તેનું યથાર્થ વર્ણન આપી શકતા નથી. એક સૂક્તનો કવિ કરુણતાભરી નિખાલસ-તાથી સૂક્તને અંતે કહે છે: "જેણે આ વસ્તુઓને જન્મ આપ્યો છે તેને આપણે કદી જોવા પામવાના નથી." "હું મૂરખની પેઠે, મારા મનથી ન

જાણતો હોઈ, દેવોનાં ગુપ્ત સ્થાનો વિષે પૂછું છું પણ મને તે જડતાં નથી. એટલે જે કવિઓએ તે ખોળી કાઢ્યાં હોય તેમને હું પૂછું છું. હું અજ્ઞાન હોઈ જાણવા માટે પૂછપરછ કરું છું."[૧] આ પરમ સત્ય વસ્તુમાત્રમાં વસે છે, ને તે સર્વમાં ગતિ પ્રેરે છે. એ સત્ ગુલાબના ફૂલમાં સ્મિત કરે છે, વાદળાંમાં સુંદરતા પ્રગટાવે છે, વાવાઝોડાંમાં પોતાનું બળ પ્રદર્શિત કરે છે, ને આકાશમાં તારાને અસ્ત પમાડે છે. આમ આપણે અહીં સાચા ઈશ્વરનું દર્શન, તેનો સાક્ષાત્કાર, થતાં જોઈએ છીએ. સર્વ દેવોમાં એ જ સાચો ઈશ્વર છે. એવો સાક્ષાત્કાર કોઈ પણ વખતે અદ્‌ભુત ગણાય; પણ માનવી માનસના ઇતિહાસના પરોડમાં એટલો વહેલો સાચો સાક્ષાત્કાર થવા પામ્યો, એટલે તો એ અતિશય અદ્‌ભુત ને આશ્ચર્યકારક લાગે છે. આ એક ને અદ્વિતીય સત્‌ના સાંનિધ્યમાં, આર્ય ને દ્રાવિડ, યહૂદી ને હીધન, હિંદુ ને મુસ્લીમ, પેગન ને ખ્રિસ્તી એ સર્વ ભેદો શમી જાય છે. અહીં આપણે ક્ષણભર એ પરમ સત્યની ઝાંખી કરી શકીએ છીએ. પૃથ્વીના સર્વ ધર્મો એ પૂર્ણ તેજની છાયામાત્ર છે. એ એક સત્‌ને ઘણે નામે ઓળખવામાં આવે છે. "જે ગૂઢ સત્ એક છે તેને વિપ્રો ને કવિઓ શબ્દો વડે અનેક રૂપે કલ્પે છે."[૨] આ વિરાટ સત્‌ને વિષે માણસ જે કલ્પનાઓ બાંધવા બેસે તે ઘણી અધૂરી જ હોય. તેના આત્માની ઇચ્છાઓ અધૂરી કલ્પનાઓથી, "જે મૂર્તિઓને આપણે અહીં પૂજીએ છીએ તેનાથી", સારી પેઠે સંતોષાતી દેખાય છે. કોઈ પણ બે મૂર્તિઓ તંતોતંત એકસરખી હોઈ ન શકે, કેમકે કોઈ પણ બે માણસની કલ્પનાઓ સોએ સો ટકા સરખી હોતી નથી. જે પ્રતીકો વડે આપણે એ સત્‌નું સ્વરૂપ વર્ણવવા મથીએ છીએ તે પ્રતીકો વિષે ઝઘડો કરવો એ બેવકૂફી છે. એક ને અદ્વિતીય એવો પરમાત્મા જે જુદાં જુદાં ક્ષેત્રોમાં કામ કરતો હોય તે ક્ષેત્ર પરથી, કે સાધકોની ભિન્ન ભિન્ન રુચિ અનુસાર, જુદે જુદે નામે ઓળખાય છે. લોકધર્મને રીઝવવા ખાતર કે તેની સાથે ઘર્ષણ થતું ટાળવા ખાતર આમ કરવામાં આવે છે એવું નથી. એમાં તો તત્ત્વજ્ઞાનનું એક ઊંડું સત્ય પ્રગટ થાય છે. ઇઝરાયલને ઈશ્વરે એ જ સત્યનું દર્શન કરાવતાં કહ્યું હતું: "આ નાથ, તારો ઈશ્વર, એક જ છે." પ્લુટાર્ક કહે છે: "સર્વ પ્રજાઓને માથે એક જ સૂર્ય, એક જ આકાશ, ને વિવિધ નામે ઓળખાતો એક જ દેવ છે." ગ્રીક કવિ ક્લીએંથના એક સ્તોત્રમાં કહ્યું છે: "હે ઈશ્વર, તું સહુથી ભવ્ય ને યશસ્વી છે; ઘણે નામે



ઓળખાય છે; પ્રકૃતિનો સ્વામી ને સમ્રાટ છે; અગણિત વર્ષો થયાં તું જેવો ને તેવો જ રહ્યો છે; હે સર્વશક્તિમાન, તું તારા ન્યાયી કાયદા વડે સર્વને અંકુશમાં રાખે છે. હે ઝ્યુસ, સ્વાગત છે તને; કેમકે સર્વ દેશોમાં તારાં સરજેલાં પ્રાણીમાત્રે તારું રટણ ને તારું આવાહન કરવું ઘટે છે."

ઋગ્વેદના આ અદ્વૈતવાદ વિષે ડૉયસન લખે છે: "હિંદુઓ આ અદ્વૈતવાદ પર જે રીતે આવે છે તે બીજા દેશોની રીતથી સાવ નિરાળી છે. એકેશ્વરવાદનું સ્થાપન કરવા માટે, મિસરમાં જુદા જુદા સ્થાનિક દેવો એક જ દેવનાં વિવિધ નામ છે એમ મનસ્વીપણે કહી દેવામાં આવેલું; પાલેસ્ટાઈનમાં રાષ્ટ્રીય દેવ યહોવા સિવાયના બીજા બધા દેવોની પૂજા કરવાની મનાઈ કરેલી, ને તેમના પૂજકો પર સખત જુલમ ગુજારવામાં આવેલો. હિંદુસ્તાનમાં તો તત્ત્વચિન્તકો, એથી અધિક ચિન્તનવાળે માર્ગે ચાલીને, વિવિધતાની પાછળ રહેલી એકતા, ભેદની પાછળ રહેલો અભેદ, જોઈ શક્યા હતા; ને એકેશ્વરવાદ આગળ અટકી ન જતાં અદ્વૈતવાદ અથવા અદ્વૈતબ્રહ્મવાદ પર પહોંચ્યા હતા."[૧] મૅક્સમૂલર કહે છે: "ઋગ્વેદસંહિતાનો સંગ્રહ ભલે ગમે તે યુગમાં પૂરો થયો હોય, પણ એ યુગ પહેલાં જ વિચારકોને એવી પ્રતીતિ થઈ હતી કે સત્ તત્ત્વ એક જ છે; તે નથી પુરુષ કે નથી સ્ત્રી; તે પુરુષત્વની ને મનુષ્યસ્વભાવની સર્વ પરિસ્થિતિ ને મર્યાદાથી પર ને તેનાથી પાર ઊંચે ઊંચે છે. અને છતાં, ઇન્દ્ર, અગ્નિ, માતરિશ્વા, પ્રજાપતિ વગેરે બધાં નામ વાપરીને પણ ખરેખર તો એ સત્ તત્ત્વની જ ઉપાસના કરવાનો આશય રખાયેલો છે. વસ્તુતઃ વેદના કવિઓ દેવાધિદેવને વિષે જે કલ્પના પર આવેલા તે જ કલ્પના સુધી ત્યાર-પછી એકવાર અલેકઝાંડ્રિયાના કેટલાક ખ્રિસ્તી ફિલસૂફો પહોંચ્યા હતા; પણ પોતાને ખ્રિસ્તી કહેવડાવનારાઓનું ત્યાં સુધી પહોંચવાનું આજે પણ ગજું નથી."[૨]

ઋગ્વેદનાં કેટલાંક, ઉચ્ચ તત્ત્વચિન્તનથી ભરેલાં, સૂક્તોમાં એ સત્ અથવા પરમ સત્યને વિષે સઃ કે તત્ એમ પુંલ્લિંગ કે નપુંસકલિંગ ગમે તેમ વાપરેલું છે. એકેશ્વરવાદ (સેશ્વરદ્વૈતવાદ) અને અદ્વૈતબ્રહ્મવાદની વચ્ચે માણસે ઘણા વખત સુધી ઝોલાં ખાધેલાં, એમ પૂર્વ અને પશ્ચિમ બંનેની ફિલસૂફી પરથી આપણે જોઈ શકીએ છીએ. એ દોલાયમાન સ્થિતિનું સૌથી પ્રથમ દર્શન તત્ત્વજ્ઞાનના ઇતિહાસમાં આપણને પહેલીવાર અહીં થાય છે. ફિલસૂફી જે સત્

તત્ત્વને નિર્ગુણ, નિરાકાર, અપૌરુષેય, શુદ્ધ ને નિર્વિકાર તરીકે વર્ણવે છે. તેને જ ભાવનાશીલ માણસનું પ્રેમાળ ને ભક્તિપૂર્ણ હૃદય કોમળ ને હિતકારી દેવ કે દેવી માનીને પૂજે છે. એમ બને એ અનિવાર્ય છે. મનુષ્યમાં રહેલો ભક્તિભાવ, સામાન્ય રીતે, મનુષ્ય ને ઈશ્વર વચ્ચેના સંવાદ રૂપે — સાન્ત અને અનન્ત એવી બે ઇચ્છાઓના સંયોગરૂપે — પ્રગટ થાય છે. દિક્કાલ તથા જન્મ જરા મરણની મર્યાદામાં ઘેરાયેલા મનુષ્યની ઉપર, દિક્કાલની મર્યાદાથી મુક્ત, અજન્મા ને અજરામર એવો પુરુષોત્તમ બેઠેલો છે, ને તે જ પરમાત્મા છે, એવી કલ્પના કરવા તરફ માણસનું મન ઝૂકે છે. પરબ્રહ્મ અથવા પરમાત્માને વિષે જે અનેક કલ્પનાઓ પ્રચલિત છે તેમાંની આ પણ એક છે. પણ એ તત્ત્વજ્ઞાનનું પરમ અથવા સર્વોચ્ચ સત્ય નથી. કેટલાક અતિશય તર્કપ્રિય લોકો પોતાના સિદ્ધાન્તોને તાર્કિક વિચારસરણી જેટલે સુધી લઈ જવા માગે તેટલે સુધી લઈ જવા ઇચ્છે છે; ને તેમ કરતાં જે નિર્ણય ફલિત થતો હોય તેનો તેઓ વિનાસંકોચે સ્વીકાર કરે છે. આવા ખોબા જેટલા લોકોને બાદ કરીએ તો, બાકીના મોટા ભાગના લોકોને માટે તો સગુણ, સાકાર ને પુરુષરૂપ ઇશ્વર વિના ઉપાસના કરવી શક્ય જ નથી. તત્ત્વચિન્તકને પણ જ્યારે પરમ સત્યની વ્યાખ્યા પૂછવામાં આવે છે, ત્યારે તેને નછૂટકે એવા શબ્દો વાપરવા જ પડે છે જેને લીધે નિર્ગુણ ને નિરાકાર તત્ત્વ તે સગુણ ને સાકાર બની જાય છે. માણસ જાણે છે કે પરમાત્માના અમાપ ને અપ્રમેય વિરાટ રૂપને પોતાના મન કે વાણીમાં સમાવવાનું તેનું ગજું નથી. છતાં એને, ભલે પોતાની પાંગળી ભાષામાં પણ, એ અનંત ને સનાતન પરમાત્માનું વર્ણન તો કરવું જ પડે છે. તે પોતે તો અનેક મર્યાદાઓથી જકડાયેલો હોય છે; એટલે વસ્તુમાત્રના વિરાટ, ભવ્ય, અકળ જનક ને પ્રેરક એવા પરમાત્માનાં અધૂરાં ચિત્રો કલ્પીને જ તેને કામ ચલાવવું પડે છે. તે પોતાની તૃપ્તિને ખાતર મૂર્તિઓ ઘડે છે. પરમાત્માને સગુણ, સાકાર કે પુરુષરૂપ કલ્પો એટલે તેનામાં અવચ્છેદ (મર્યાદા) આવી ગયો જ સમજવો. અને છતાં પૂજા કે ઉપાસના તો સગુણ, સાકાર ને પુરુષરૂપ ઈશ્વરની જ કરી શકાય. સગુણ ને સાકાર ઈશ્વરની કલ્પનામાં ઈશ્વર ને અનીશ્વર એવો ભેદ ગર્ભિત રીતે રહેલો છે; અને તેથી, જે સત્ તત્ત્વ વસ્તુમાત્રને ઘેરી વળી પોતામાં સમાવી લે છે તે તત્ત્વને સગુણ ને સાકાર ન જ માની શકાય.



સગુણ ને સાકાર ઈશ્વર એ પણ પરબ્રહ્મનું એક પ્રતીક જ છે; માત્ર તે ખરેખરા જીવતા પરમાત્મા કે પરબ્રહ્મનું સર્વોચ્ચ ને સર્વશ્રેષ્ઠ પ્રતીક છે. જે તત્ત્વ નિરાકાર છે તેને આકાર આપવામાં આવે છે; જે તત્ત્વ અપૌરુષેય છે તેને પુરુષરૂપ કલ્પવામાં આવે છે; જે સર્વવ્યાપી છે તેને કોઈ એક જ સ્થાનમાં બેસાડવામાં આવે છે; જે નિત્ય ને અવિનાશી છે તેને રહેવા માટે ઈંટચૂનાનાં મંદિર ચણવામાં આવે છે. નિર્ગુણ, નિરાકાર ને અનવચ્છિન્ન એવા પરબ્રહ્મને આપણે ઉપાસનાનો વિષય બનાવીએ તે ક્ષણે જ તેનામાં અવચ્છેદ આવી જાય છે, ને તે સગુણ અને સાકાર બની જાય છે. મર્યાદિત મનવાળા મનુષ્યની સાથે ઉપાસક ઉપાસ્યના સંબન્ધમાં ઊતરવા માટે પરબ્રહ્મે સગુણ ને સાકાર બનવું જ જોઈએ. પણ એ જો સગુણ ને સાકાર બને, એટલે કે એનામાં એટલો પણ પરિચ્છેદ આવી જાય, તો કોઈ પણ પ્રભાવશાળી ધર્મમાં તેની પૂજા કરવી પોસાય નહીં. પરમાત્મા જો સંપૂર્ણ હોય, તો તેની ઉપાસના ન થઈ શકે; તે જો અપૂર્ણ હોય, તો તેની ઉપાસના અસરકારક ન નીવડે. સાન્ત ને મર્યાદિત પરમાત્માની ઉપાસના કરવાથી આપણને શાન્તિનો પરમાનંદ ન મળે; સત્યનો જ વિજય થશે એવી ખાતરી ન મળે; ને વિશ્વની છેક છેવટે તો સદ્ગતિ જ થવાની છે એવો વિશ્વાસ આપણાં મનમાં પેદા ન થાય. સાચા ધર્મને કે સાચી ઉપાસનાને પૂર્ણ ને નિર્ગુણ બ્રહ્મ જ જોઈએ. તેથી, એક તરફ જનસમૂહનો ધર્મ ને બીજી તરફ વિચારકોનું તત્ત્વજ્ઞાન એ બંનેની માગણીને સંતોષવા સારુ પરબ્રહ્મને વિષે સઃ કે તત્ એમ પુંલ્લિંગ યા નપુંસકલિંગ બેમાંથી ગમે ત્યારે ગમે તેનો પ્રયોગ કરવામાં આવે છે. ઉપનિષદોમાં એમ જ છે. ભગવદ્ગીતા ને બ્રહ્મસૂત્રમાં પણ એવું જ છે. સગુણબ્રહ્મવાદ અથવા સેશ્વરવાદ, અને નિર્ગુણબ્રહ્મવાદ અથવા અદ્વૈતબ્રહ્મવાદ, એ બેની વચ્ચે સમાધાન કરાવવા જાણીબૂજીને આમ કર્યું હતું, અથવા તો એ વિચારના ગોટાળાનું પરિણામ હતું, એવું જરાયે નથી. અદ્વૈત બ્રહ્મની કલ્પનામાં પણ ઉચ્ચતમ કોટિની ઉપાસનાવૃત્તિ ખીલવી શકય છે. માત્ર એમાં સગુણ ને સાકાર ઈશ્વરની પ્રાર્થનાને સ્થાને નિર્ગુણ ને નિરાકાર પરમાત્માનું ધ્યાન ધરવામાં આવે છે. એ પરમાત્મા વિશ્વાધિપ હોઈ, વિશ્વ પર અમલ ચલાવે છે; અને પ્રેમસ્વરૂપ હોઈ, જગત પર સ્પચૂકપણે પણ છૂટે હાથે પ્રેમ ઢોળે છે. અંશરૂપ મનુષ્ય ને પૂર્ણરૂપ પરમાત્મા બેનાં મનની વચ્ચે

સમાધિ દ્વારા યોગ અથવા એકતાનતા કે સમભાવ સ્થપાય, તેમાંથી ઊંચામાં ઊંચી ધર્મભાવના કે ભક્તિની લાગણી જન્મે છે. પરમાત્મા વિષેના આવા આદર્શ કોટિના પ્રેમથી, તથા શિવ ને સુંદર એવા સતસ્વરૂપ પરબ્રહ્મને વિષે સમાધિ સાધવાથી, ચિત્તમાં વિશ્વવ્યાપી પ્રેમની ભાવનાનાં પૂર રેલાય છે. જે માણસ આવી ભાવના લગી ન પહોંચ્યો હોય ને જેણે તેની શક્તિનો અનુભવ ન કર્યો હોય તેને આવી ધ્યાનયોગવાળી ઉપાસનામાં ભાવનાની ઊષ્માનો અભાવ લાગે, કે બુદ્ધિને વધારેપડતું મહત્ત્વ અપાયેલું લાગે, એ સાચું. પણ તત્ત્વજ્ઞાનની કસોટીમાં બીજી કોઈ પણ પ્રકારની ઉપાસના પાર ઊતરી શકે એમ નથી.

ભૂતળ ઉપર ધર્મના જેટલા પ્રકારો પ્રગટ થયા છે તે બધા, માનવ-હૃદયની જે મોટામાં મોટી ભૂખ છે તેને લક્ષમાં રાખે છે, ને તેને તૃપ્ત કરવાની યોજના કરે છે. માણસ પોતાની ઉપર અને પાર રહેલી કોઈ શક્તિને માટે ઝંખે છે, જેને તે આલંબનરૂપ ગણી તેના પર આધાર રાખી શકે; જે શક્તિ તેના પોતાના કરતાં મોટી હોઈ તેની તે ઉપાસના કે અર્ચના કરી શકે. મનુષ્યની ઝંખનાઓ ને જરૂરિયાતો, તેના મનનાં ફાંફાં ને તેના હૃદયનાં મન્થન જેમ જેમ વધતાં ગયાં તેમ તેમ વૈદિક ધર્મમાં નવા નવા દેવો ઉમેરાતા ગયા છે. કેટલીકવાર માણસને એવા દેવ જોઈએ છે જે તેની સ્તુતિ સાંભળે ને તેના હવિનો સ્વીકાર કરે; એટલે એ પ્રકારના દેવો કલ્પાય ને પૂજાય છે. નિસર્ગનાં જુદાં જુદાં દૃશ્યોની પાછળ રહેલી શક્તિઓને દેવરૂપે કલ્પવામાં આવે છે; દેવોને મનુષ્યના જેવાં જ રૂપ ને ગુણ છે એવી પણ કલ્પના કરવામાં આવે છે. આ દેવો એક જ પરમાત્માનાં વિવિધ રૂપો કે અંગો છે એમ કહીને માણસના મનને રીઝવવાનો આપણે ગમે તેટલો પ્રયત્ન કરીએ, તોપણ એમાંનો એકે દેવ સત્ વિષેની સર્વોચ્ચ કલ્પનાને સંતોષી શક્તો નથી. એટલે, દેવોના મોટા ટોળામાં છૂટાંછવાયાં વેરાઈ ગયેલાં તેજકિરણોને ભેગાં કરી, તેમને એક અનામી પરબ્રહ્મના અસહ્ય તેજોરાશિમાં સમાવી દેવામાં આવે છે. નામરૂપ વિનાનું એ પરબ્રહ્મ જ માનવહૃદયની તથા શંકાશીલ બુદ્ધિની અદમ્ય ને અવિરત ઝંખનાને તૃપ્ત કરી શકે છે. વેદની વિચારધારા છેવટે આ એક ને અદ્વિતીય એવા પરબ્રહ્મને પહોંચી ત્યાં સુધી તેની પ્રગતિ અટકી કે થંભી નહોતી. ઋગ્વેદનાં સૂક્તોમાં જે ધર્મવિચાર સમાયેલો છે



તેનો વિકાસ ક્યા ક્રમે થયો તે સમજાવવા માટે તેમાં કલ્પેલા દેવોના જુદા જુદા પ્રકારોનું એક એક દૃષ્ટાન્ત આપ્યે ચાલે એમ છે: (૧) દ્યૌ — નિસર્ગ-પૂજાની પ્રથમ અવસ્થાનો સૂચક; (૨) વરુણ — પાછળનો અતિશય નીતિમાન ને નીતિપોષક દેવ; (૩) ઇન્દ્ર — વિજય અને સામ્રાજ્ય-સ્થાપનાના યુગનો સ્વાર્થી દેવ; (૪) પ્રજાપતિ — એકેશ્વરવાદીઓનો દેવ; (૫) બ્રહ્મ — આ ચારેય નીચલી ભૂમિકાની પૂર્ણાવસ્થા કે પરાકાષ્ઠા. આ કોષ્ટક જેમ તર્કની દૃષ્ટિએ ખરું છે, તેમ તેમાં ક્યા કાલક્રમે પ્રગતિ થઈ એ પણ બરાબર બતાવેલું છે. માત્ર વેદનાં સૂક્તોમાં આપણે એ સર્વ પ્રકારના દેવોને જોડાજોડ મૂકેલા જોઈએ છીએ. તેમ કરતાં તાર્કિક દૃષ્ટિ કે કાલક્રમનો કશો ખ્યાલ રખાયેલો નથી. કેટલીકવાર એક જ સૂક્તમાં એ સર્વ દેવોની સાથે સ્તુતિ કરેલી છે. એ પરથી તો એટલું જ દેખાય છે કે ઋગ્વેદની સંહિતા જ્યારે લખાવા વારો આવ્યો ત્યારે વિચારની આ સર્વ અવસ્થાઓ વટાવીને માણસો આગળ વધ્યા હતા; લોકો એમાંની કેટલીકને કે બધીને વળગી રહ્યા હતા; ને દેવોના એ જુદા જુદા પ્રકારોની વચ્ચે કંઈ વિરોધ કે વિસંગતતા છે એવો ખ્યાલ સુદ્ધાં તેમના મનમાં નહોતો.

## ૮. સૃષ્ટિવિજ્ઞાન

સૃષ્ટિની ઉત્પત્તિ ને તેની સ્વરૂપરચનાને વિષે પણ ફિલસૂફી પ્રશ્નો ઉઠાવે છે, એ વાત વેદકાલીન વિચારકોના ધ્યાન બહાર નહોતી. સૃષ્ટિની સર્વ પરિવર્તન પામતી વસ્તુઓનું પ્રથમ ઉદ્ભવસ્થાન શું, એની શોધ કરતાં કરતાં તેમણે, પ્રાચીન ગ્રીકોની પેઠે, જગતની વિવિધ વસ્તુઓ મૂળ પાણી, વાયુ વગેરેમાંથી ઉત્પન્ન થયેલી છે એવી અનેક જુદી જુદી કલ્પનાઓ કરેલી. કાળ, સંવત્સર, કામ, પુરુષ, તપ એમ અનેક વસ્તુઓના બળ વડે પાણી, જે મૂલદ્રવ્ય હતું, તે આ વિશ્વરૂપે વિકાસ પામ્યું, એમ કહેલું છે.[1] કેટલીક જગાએ પાણી પોતે રાત્રિ, અથવા તમસ્, અથવા વાયુમાંથી ઉત્પન્ન થયેલું વર્ણવવામાં આવ્યું છે.[2] દસમા મંડળના ૭૨ મા સૂક્તમાં કહ્યું છે કે સૃષ્ટિની ઉત્પત્તિ અસત્ — એટલે કે જેની હસ્તી નથી તે — માંથી થઈ છે. "અસત્માંથી સત્ પેદા થયું."[3] એ અસત્ તે જ અદિતિ છે. જે કંઈ સત છે એટલે કે હસ્તીમાં છે તે દિતિ એટલે કે મર્યાદિત છે. અદિતિ એટલે અનન્ત,

અમર્યાદિત. તે અસત્ છે; તે હસ્તી ધરાવતું નથી. એ અનંતમાંથી વિશ્વને સરજનારી શક્તિ ( દક્ષ પ્રજાપતિ ) ઉત્પન્ન થાય છે; જોકે કેટલીક જગાએ એમ કહ્યું છે કે એ વિશ્વસર્જક શક્તિ ( દક્ષ ) માંથી જ અદિતિનો જન્મ થયો છે.[૧] પણ થોડા જ વખતમાં આ તર્કો ને કલ્પનાઓનો અતિભૌતિક તત્ત્વોની સાથે સંબન્ધ જોડાયો; અને ભૌતિકવિદ્યા જીવ, આત્મા, ઈશ્વર આદિનો વિચાર કરવા લાગી એટલે અધ્યાત્મવિદ્યા બની.

જે યુગમાં અનેક દેવોની પૂજા ચાલતી હતી તે યુગમાં વરુણ, ઈન્દ્ર, અગ્નિ, વિશ્વકર્મા વગેરે અનેક દેવોને વારાફરતી સૃષ્ટિના કર્તા માનવામાં આવતા.[૨] સૃષ્ટિસર્જનની રીત પણ જુદી જુદી કલ્પવામાં આવી છે. સુતાર જેમ ઘર બાંધે છે તેની પેઠે કેટલાક દેવો સૃષ્ટિ રચે છે એમ મનાય છે. એ સૃષ્ટિ જેમાંથી રચાઈ તે વૃક્ષ કે વન ક્યાંથી જડ્યું, એ પ્રશ્ન પૂછવામાં આવે છે.[૩] આગળ જતાં એનો એ ઉત્તર અપાય છે કે દ્યાવાપૃથિવી જેમાંથી ઉત્પન્ન થયાં તે વૃક્ષ અને વન તે બ્રહ્મ છે.[૪] અનેક તત્ત્વોના સંમિશ્રણમાંથી સૃષ્ટિનો ક્રમે ક્રમે વિકાસ થયો, એવી સૂચના પણ ક્યાંક ક્યાંક કરવામાં આવી છે.[૫] દેવોએ યજ્ઞ કરીને તેમાંથી મળેલી શક્તિ વડે સૃષ્ટિને સરજાવી, એમ પણ કેટલીક જગાએ કહ્યું છે. એ વિચાર કદાચ વેદકાળના પાછલા ભાગમાં ઊપજ્યો હશે.

અનેક દેવોની પૂજા છોડીને આપણે એકેશ્વરપૂજાની કક્ષા પર આવીએ છીએ ત્યાં પ્રશ્ન એ ઊઠે છે કે સૃષ્ટિ ઉત્પન્ન થતા પહેલાં કોઈ તત્ત્વ હસ્તીમાં હતું કે નહીં ? ને ઈશ્વરે એવા તત્ત્વ વિના પોતાના સ્વરૂપમાંથી જ સૃષ્ટિને ઉત્પન્ન કરી, કે સૃષ્ટિસર્જન પૂર્વે હસ્તી ધરાવતા કોઈ નિત્ય પણ ઈતર તત્ત્વ પર પોતાની શક્તિ અજમાવીને તેમાંથી સૃષ્ટિ નિર્માણ કરી ? ઈશ્વરે પોતાના સ્વરૂપમાંથી જ સૃષ્ટિ નિર્માણ કરી, એ પહેલી કલ્પના આપણને ઉચ્ચતર અદ્વૈતવાદ ( પરબ્રહ્મની કલ્પના ) પર લઈ જાય છે; જ્યારે પૂર્વતર તત્ત્વમાંથી ઈશ્વરે સૃષ્ટિ નિર્માણ કરી એ બીજી કલ્પના નીચલી કોટિના એકેશ્વરવાદ ( અપરબ્રહ્મની કલ્પના ) પર પહોંચાડે છે. વેદનાં સૂક્તોમાં આ બંને વિચાર આપણને મળે છે. દસમા મંડળના ૧૨૧ મા સૂક્તમાં સૃષ્ટિસર્જનનું જે વર્ણન છે તેમાં કહ્યું છે કે સૃષ્ટિ ઉત્પન્ન થઈ તે પહેલાં કંઈક તત્ત્વ હસ્તીમાં હતું, ને તેમાંથી સર્વશક્તિમાન હિરણ્યગર્ભે સૃષ્ટિ રચી. સૃષ્ટિમાં જે પાણી વ્યાપી



વળેલું હતું તેમાંથી શરૂઆતમાં હિરણ્યગર્ભ ઉત્પન્ન થયો. જે કંઈ હતું તે તમોરૂપ, અદૃશ્ય, અલક્ષણ, તર્કથી ન કળાય એવું, અવિજ્ઞેય, ને જાણે ઊંડી નિદ્રામાં પડ્યું હોય એવું હતું. તેમાંથી હિરણ્યગર્ભે આ સુંદર સૃષ્ટિ પેદા કરી.[૧] પણ પેલા તમસ્‌માંથી હિરણ્યગર્ભ પેદા થયો એ કેવી રીતે બન્યું ? એને જન્મ આપનાર અજ્ઞાત બળ કે નિયમ ક્યાં છે ? સૃષ્ટિના આદિદ્રવ્યરૂપ જળનો પેદા કરનાર કોણ ? મનુસ્મૃતિ, હરિવંશ અને પુરાણોના કહેવા પ્રમાણે તો, ઈશ્વર પોતે જ એ તમસ્‌નો કર્તા હતો. તેણે સ્વસંકલ્પ વડે તમસ્ પેદા કર્યું, ને તેમાં વીર્યનું બીજ મૂક્યું. તે બીજ સોનાનું ઈંડું થયું; ને એ ઈંડામાં ઈશ્વરે પોતે સર્વ સૃષ્ટિના જનક બ્રહ્મારૂપે જન્મ લીધો. “ હું હિરણ્યગર્ભ છું — હિરણ્યગર્ભરૂપે પ્રગટ થયેલો પરમાત્મા પોતે છું, ” એમ એક જગાએ કહ્યું છે.[૨] આમ અનાદિકાળથી સાથેસાથે હસ્તી ધરાવતાં આ બે તત્ત્વો એક જ આદિતત્ત્વમાંથી વિકસેલાં ભાસે છે.

ઋગ્વેદના પાછલા કાળમાં રચાયેલા નાસદીય સૂક્તમાં આ જ વિચારનું પ્રતિપાદન કરેલું છે. એ આખા સૂક્તનો અનુવાદ આ પ્રમાણે છે :

“ તે વેળાએ અસત્ નહોતું તેમ સત્ પણ નહોતું. અંતરિક્ષ નહોતું, તેમ તેની પારનું આકાશ પણ નહોતું. ( તેવી સ્થિતિમાં ) આચ્છાદન કોણે કરેલું ? તે ક્યાં હતું ને કોને આશરે હતું ? ગહન ને ગભીર જળ હતું ખરું કે ?

મૃત્યું નહોતું, ને તેથી કશું અમર તત્ત્વ પણ નહોતું. રાત ને દિવસની વચ્ચે કશો ભેદ નહોતો. ( જે કંઈ હતું તે ) એક પોતે વાયુ વિના શ્વાસ લેતું હતું. તેના સિવાય બીજું કશું જ નહોતું.

તિમિર હતું. શરૂઆતમાં પાણી તિમિરથી ઢંકાયેલું હતું, ને ઓળખાય એવું નહોતું. છોતરાથી ઢંકાયેલું જે બીજ હતું તે એકે તપના પ્રભાવ વડે જન્મ ધારણ કર્યો.

તેના મનનું જે પ્રથમ રેત ( બીજ ) હતું તે જ શરૂઆતમાં કામ થયો. કવિઓએ હૃદયમાં શોધ કરીને જ્ઞાન વડે અસત્‌માં સત્‌નો સંબંધ શોધી કાઢ્યો.

તેનું જે કિરણ આડું પથરાયેલું હતું તે નીચે હતું તેમજ ઉપર પણ હતું. રેત ધારણ કરનારા હતા; શક્તિઓ હતી; સ્વધા એટલે કે સ્વશક્તિ નીચે હતી, ને પ્રયતિ એટલે કે પ્રભાવ ઉપર હતો.

ત્યારે, આ વિસૃષ્ટિ (સૃષ્ટિ) ક્યાંથી પેદા થઈ તે કોણ જાણે છે ? તે કોણે સમજાવ્યું છે ? દેવો પણ આ વિસૃષ્ટિ પેદા થઈ તે પછી આવેલા છે. ત્યારે આ વિસૃષ્ટિ ક્યાંથી પેદા થઈ એની ખબર કોને હશે ?

જેનામાંથી આ વિસૃષ્ટિ પેદા થઈ તેણે તે પેદા કરી છે કે નહીં ? પરમ વ્યોમમાં રહેનાર એનો જે અધ્યક્ષ છે તે ખરેખર એ વાત જાણતો હશે; કે તે પણ નહીં જાણતો હોય ! (કોને ખબર) "[1]

સૃષ્ટિસર્જનને વિષે જે સૌથી આગળ વધેલો વિચાર તે કાળમાં પ્રચલિત હશે તે આપણે આ સૂક્તમાં વર્ણવાયેલો જોઈએ છીએ. છેક શરૂઆતમાં સત્ કે અસત્ બેમાંથી એકે નહોતું. સત્‌નું દૃષ્ટિગોચર રૂપ તે વેળાએ નહોતું. પણ એટલા માટે કંઈ એને અસત્ ન કહી શકાય; કેમકે એ ચોકસ હસ્તી ધરાવનારું સત્ હતું, ને તેમાંથી જ આખી સૃષ્ટિનો જન્મ થયો. આપણાં મનની કલ્પનાઓ ને આપણી વાણીથી બોલાતી ભાષા કેટલાં અપૂર્ણ ને અધૂરાં છે, એ પહેલી લીટીમાં બતાવ્યું છે. આખી સૃષ્ટિની પાછળ જે નિર્ગુણ કે નિર્વિશેષ સત્ય રહેલું છે તેને આપણે સત્ નથી કહી શકતા, તેમ અસત્ પણ નથી કહી શકતા. " એ એક, વાયુ વિના જ, પોતાની શક્તિને બળે, શ્વાસ લેતું હતું. "* તેનાથી પાર તેના સિવાય બીજું કશું ન હતું.[2] તે સર્વનું આદિકારણ હોઈ, સૂર્ય, ચંદ્ર, આકાશ ને તારા સહિત આખી સૃષ્ટિ કરતાં પ્રાચીન છે. તે દિક્ અને કાળથી પર છે; જરા, મૃત્યુ ને અમૃતત્વ તેને સ્પર્શી શકતાં નથી. ' તે છે ' એટલું જ આપણે તેને વિષે કહી શકીએ છીએ; તે શું છે એ વિષે એનાથી અધિક કશું કહી શકતા નથી. એવું એ સૃષ્ટિનું તમોભૂત, અપ્રતર્ક્ય, અલક્ષણ ને અવ્યાકૃત એવું અધિષ્ઠાન કે ઉપાદાન છે. એ વિશ્વાત્મામાં પહેલીવાર ' હું ' (अहम्) એવા ભાનનો ઉદય થાય છે. ' अ તે अ છે ' એવો જે નિયમ તર્કશાસ્ત્રમાં છે તેને મળતું આ ભાન છે. ' अ છે ' એમ પહેલાં કહી શકાય તે પછી જ એ નિયમ સાચો ઠરે. ' હું ' (अहम्) કહ્યું કે તરત તેના પ્રતિદ્વંદ્વીરૂપે ' તું ' કે ' તે ' (अनहम्) હોવાં જ જોઈએ. ' હું ' अस्मत्) ની સામે ' તું ' (युष्मत्) આવીને ઊભું જ રહે છે. તેને લીધે, ' अ તે ब નથી ' એ તર્કનો નિયમ બંધાય છે. એ ' હું 'ને જેનું ભાન છે એવું કંઈક બીજું ન હોય, તો ' હું ' એ નરી નિરર્થક કલ્પના થઈ પડે. ' અપર ' અથવા ' દ્વિતીય ' ન હોય, તો ' અહમ્ ' પણ ન હોય. ' દ્વિતીય ' હોય તો જ ' અહમ્ 'ની હસ્તી સંભવે. અહમ્ અને દ્વિતીય ( હું, અને તું અથવા તે ) વચ્ચેનો ભેદ સૃષ્ટિના આદિકાળથી

---

* आनीदवातं स्वधया तदेकम् । ऋ. १०; १२९; २.



ચાલતો આવેલો છે.* એ ભેદનો વિકાસ — એટલે કે એકમાંથી બીજાની ઉત્પત્તિ — પરબ્રહ્મે તપ વડે કરી, એમ કહેવાય છે. તપ એ પરબ્રહ્મની ' રેલછેલ ', સ્વયંસ્ફૂર્તિથી થયેલો ' ઊભરાટ ', સૃષ્ટિમાં જીવનનું સિંચન, શક્તિપ્રેરક વૃત્તિ, અથવા પરબ્રહ્મનો અંતર્ગત ઉત્સાહ છે. આ તપ દ્વારા સત્ અને અસત્, અહમ્ અને દ્વિતીય, ક્રિયાવાન પુરુષ અને નિષ્ક્રિય પ્રકૃતિ, સર્જક શક્તિ ને અવ્યાકૃત ઉપાદાનતત્ત્વ ઉત્પન્ન થાય છે. એ પરસ્પરવિરોધી દ્વંદ્વોની ક્રિયા તથા પ્રતિક્રિયા વડે બાકીની સૃષ્ટિ વિકાસ પામે છે. નાસદીય સૂક્તના કહેવા પ્રમાણે, કામ એટલે કે વાસના એ સૃષ્ટિની હસ્તીનું રહસ્ય છે. કામ એ અસ્મિતા કે આત્મભાનનું ચિહ્ન છે, મનનું બીજ (रेतस्) છે. કામ છે તેથી જ વિશ્વ આગળ વધે છે; તેની પ્રેરણા થાય છે તેને લીધે જ જગતમાં પ્રગતિ થવા પામે છે. આત્મભાનવાળા ' અહમ્ 'ની સામે ' દ્વિતીય ' એવું કંઈક પડેલું છે, તેની હસ્તીને લીધે ' અહમ 'માં કામ અથવા વાસના જાગૃત થાય છે. કામ એ કેવળ વિચાર કરતાં વિશેષ છે.[1] કામ જાગૃત થાય છે એ બતાવે છે કે બુદ્ધિ પ્રદીપ્ત થઈને સ્કુરવા લાગી છે; મનમાં અપૂર્ણતાનું ભાન થયું છે, ને તેની સાથે તે અપૂર્ણતા દૂર કરવાનો પુરુષાર્થ પણ શરૂ થયો છે. કામ એ સત્ અને અસત્‌ને જોડનારી કડી છે. જે તત્ત્વ અનાદિ,

---

* સરખાવો :

सत् सदेव, असत् असदेव । गीता–शांकरभाष्य २; १६.

(સત્ તે સત્ જ છે; અસત્ તે અસત્ જ છે.) વળી :

युष्मदस्मत्प्रत्ययगोचरयोर्विषयविषयिणोस्तमःप्रकाशवद्‌ विरुद्धस्वभावयोरितरेतरभावानुपपत्तौ सिद्धायाम् । ब्रह्मसूत्रशांकरभाष्य–उपोद्‌घात

(' તું ' અને ' હું ' એ બે શબ્દથી ઓળખતા વિષય અને વિષયી, તિમિર અને પ્રકાશની પેઠે, એકબીજાથી વિરુદ્ધ સ્વભાવવાળા છે; એટલે તેમની વચ્ચે તાદાત્મ્ય સંભવતું નથી એમ સિદ્ધ થઈ ચૂક્યું છે.)

પણ સત્ અને અસત્ વચ્ચેનો આ ભેદ પારમાર્થિક નથી; એટલે કે તે અમુક હદ સુધી જ ચાલે છે, છેક છેવટ સુધી નભતો નથી, ને છેક છેવટની અવસ્થામાં એ ભેદ શમી જાય છે, એમ પણ બતાવ્યું છે; ને તેથી પરમ સત્ય અથવા પરમેશ્વરને એ દ્વંદ્વથી પર, સદસદ્વિલક્ષણ કે સદસદાદિશબ્દપ્રત્યયાગોચર (સત્ અને અસત્ વગેરે શબ્દથી ન ઓળખાય એવો) કહેલો છે. —અનુવાદક

અજન્મા, એક, ને નિત્ય છે તે એકાએક આત્મભાનવાળા બ્રહ્મારૂપે પ્રગટ થાય છે; અને પોતાની સામે પ્રકૃતિ, તિમિર, અસત્, શૂન્ય, અવ્યાકૃત તત્ત્વ પડેલું જુએ છે. કામ એ આ આત્મભાન અથવા અસ્મિતાવાળા પુરુષનું આવશ્યક લક્ષણ છે. સૂક્તમાં છેવટે 'કોણ જાણે છે?' (को वेद ?) એવો જે પ્રશ્ન પૂછ્યો છે તે સૂચવે છે કે વિશ્વમાં કેટલી ગૂઢતા ભરેલી છે. એ ગૂઢતા જોઈ ને જ પાછળના વિચારકો તેને 'માયા' કહેવા પ્રેરાયા છે.

કેટલાંક સૂક્ત એવાં છે જે પુરુષ અને પ્રકૃતિના દ્વંદ્વથી અટકી જાય છે ને એથી આગળ વધતાં નથી. વિશ્વકર્માની સ્તુતિવાળા, દસમા મંડળના ૮૨ મા સૂક્તની પાંચમી ને છઠ્ઠી ઋચામાં કહ્યું છે કે પ્રથમ ગર્ભ અથવા સૃષ્ટિનું આદિ-બીજ સમુદ્રના પાણીમાં રહેલું હતું. એ પ્રથમ ગર્ભ તે જ 'હેમનું અંડ' (हैमं अण्डम्); તે અવ્યાકૃત પ્રકૃતિના આદિદ્રવ્યરૂપ જળ પર તરતું હતું; ને તેમાંથી જ ક્રમેક્રમે આખી સચેતન સૃષ્ટિ નિર્માણ થઈ. એ અંડમાંથી, વિશ્વમાં પ્રથમ જન્મનાર, તથા વિશ્વના પિતા, જનક ને વિધાતા એવા વિશ્વકર્મા ઉત્પન્ન થયા. અહીં જે પાણીની વાત કરી છે તેને ગ્રીક લોકો 'તમસ્' (કૅઑસ) કહેતા, ને બાઇબલના સૃષ્ટિસર્જનના પ્રથમ અધ્યાયમાં એને 'નિરાકાર ને શૂન્ય' કહેલું છે, ને અનંત પરમાત્મા તેના પર સૂતેલો છે એવી કલ્પના કરી છે.[1] કામ, સંકલ્પ, અસ્મિતા યા આત્મભાન, મન, વાક્ અથવા વાણી, એ બધાં અનંત ચિત્તત્ત્વના, સમુદ્રના જળ પર સૂતેલા વિષ્ણુ ભગવાનના, શેષશાયી નારાયણના, ગુણો છે. બાઇબલના સૃષ્ટિસર્જનના અધ્યાયમાં એવો સગુણ ઈશ્વર કહે છે: "આમ થાઓ;" ને આમ થયું. "તેણે વિચાર કર્યો, હું ભુવનોને ઉત્પન્ન કરીશ. પછી તેણે આ અનેક ભુવનોને, તથા જળ, તેજ આદિને ઉત્પન્ન કર્યાં." પણ નાસદીય સૂક્તમાં આવા દ્વૈતવાદથી પાર જઈ, તેનાથી ઉચ્ચતર એવા અદ્વૈતવાદનું પ્રતિપાદન કર્યું છે. પ્રકૃતિ અને પુરુષ બંને એક ને અદ્વિતીય એવા પરબ્રહ્મનાં જ અંગો છે, એમ એ સૂક્તમાં કહ્યું છે. પરબ્રહ્મ પોતે નથી 'અહમ્' કે નથી દ્વિતીય; તે નથી 'અહમ્'થી સૂચવાતી અસ્મિતા, કે નથી 'અનહમ્'થી સૂચવાતો અસ્મિતાનો અભાવ. પરબ્રહ્મ એ બંનેના કરતાં પર ને તેમનાથી પાર છે. એ બંનેથી પર રહેલું તે ચિત્તત્ત્વ છે. તેની અંદર જ દ્વંદ્વનું ભાન પેદા થાય છે; પોતાના ઉપરાંત બીજો કોઈ સોબતી હોય તો સારું



એવી ઇચ્છા તેને ઉપજે છે. આ વર્ણન અનુસાર સૃષ્ટિસર્જનનો જે ક્રમ આપેલો છે તેને આધુનિક પરિભાષામાં વર્ણવીએ, તો આ પ્રમાણે કહેવાય: (૧) પરબ્રહ્મ; (૨) 'હું છું' (अहमस्मि) એવી નરી અસ્મિતા કે આત્મભાન; (૩) 'દ્વિતીય'ની ઉત્પત્તિને લીધે એ અસ્મિતા કે આત્મભાન પર મુકાયેલી મર્યાદા. આનો અર્થ એવો નથી કે આ ક્રમની કોઈ પણ અવસ્થામાં પરબ્રહ્મ સૃષ્ટિમાંથી ખસીને ચાલ્યું જાય છે. ઉપર જે અવસ્થાઓ બતાવી તે તો તર્કની દૃષ્ટિએ કલ્પેલી છે; કાલક્રમે તે એકની પછી એક આવે છે એવું નથી. 'અહમ્' શબ્દનો પ્રયોગ ત્યારે જ કરી શકાય જ્યારે કોઈ 'દ્વિતીય' મોજૂદ હોય; ને તેથી 'અહમ્'ની હસ્તી 'દ્વિતીય'ના પહેલાં સંભવતી નથી. તેમજ 'દ્વિતીય' તે પણ 'અહમ્'ના પહેલાં હસ્તીમાં આવી શકે નહીં. તેમજ પરબ્રહ્મ કદી પણ તપ કર્યા વિના બેસી રહે એમ બને નહીં. કાલથી અનવચ્છિન્ન એટલે કે કાલગણનાથી પર એવું એ પૂર્ણ તત્ત્વ નિરંતર વિવિધ સૃષ્ટિરૂપે પ્રગટ થયાં જ કરે છે; અને આત્મા સંસારના જાતજાતના અનુભવ લેતાં લેતાં સંપૂર્ણ આત્મસાક્ષાત્કાર કરશે ત્યાં સુધી એ સર્જનક્રિયા ચાલ્યાં જ કરશે. પણ એવો સંપૂર્ણ આત્મસાક્ષાત્કાર કદી થવાનો નથી. એટલે સૃષ્ટિ નિરંતર ગતિમાન જ રહે છે, કદી થોભતી કે જંપતી નથી. સૃષ્ટિ કેવી રીતે ઉત્પન્ન થઈ તે આ સૂક્તમાં કહ્યું છે; ક્યાંથી નીપજી એ કહ્યું નથી. સૃષ્ટિ સરજાયેલી છે એ હકીકત આપણી સામે મોજૂદ છે; તેની સર્જનક્રિયા કયા ક્રમે થઈ એનો ખુલાસો માત્ર એમાં આપેલો છે.[1]

આપણે સ્પષ્ટપણે જોઈએ છીએ કે જગત મિથ્યા છે એવી કલ્પનાને માટે ઋગ્વેદનાં સૂક્તોમાં જરા પણ આધાર નથી. જગત એ અહેતુક ઇન્દ્રજાળ નથી, પણ પરમાત્મામાંથી જ વિકાસ પામીને ઊપજેલી છે. ઋગ્વેદમાં જ્યાં જ્યાં 'માયા' શબ્દ આવે છે ત્યાં સામાન્યપણે તેનો અર્થ શક્તિ અથવા બળ એટલો જ અભિપ્રેત છે. "ઇન્દ્ર તેની માયા વડે ઝપાટાબંધ ઘણાં રૂપો લે છે."[2] છતાં કેટલીકવાર 'માયા', ને તેના પરથી નીકળેલા શબ્દો— 'માયી', 'માયાવંત' આદિ — અસુરોની ઇચ્છા એ અર્થમાં વપરાયા છે;[3] અને ભ્રમ કે આભાસ એ અર્થમાં એ શબ્દ વાપરેલો પણ જોવામાં આવે છે.[4] જગત ખરેખર હસ્તી ધરાવે છે એ જાતની મુગ્ધતાભરી માન્યતા એ ઋગ્વેદનો પ્રધાન સૂર છે. પાછળના હિંદી વિચારકો આકાશ, વાયુ, તેજ,

અપ્, ને પૃથ્વી એવાં પાંચ જુદાં જુદાં મહાભૂતો ગણાવે છે. પણ ઋગ્વેદે તો પાણી એ એક જ મહાભૂતનો ઉલ્લેખ કર્યો છે. એ આદિદ્રવ્યમાંથી બીજાં દ્રવ્યો ધીરેધીરે વિકાસ પામે છે.

મૂળ અસત્ હતું, તેમાંથી સત્ ઉત્પન્ન થયું, એમ નાસદીય સૂક્તમાં કહેલું છે,—એવો અર્થ ઘટાવીએ તો તે સાવ ખોટો ગણાય. છેક આરંભની અવસ્થા સાવ અસત્‌ની નહોતી, કેમકે સૂક્તમાં એમ તો કહેલું જ છે કે એક તત્ત્વ હસ્તીમાં હતું, ને તે વાયુ વિના પોતાની મેળે શ્વાસ લેતું હતું. આખી સૃષ્ટિના અધિષ્ઠાનરૂપ જે પરમ સત્ અથવા પરબ્રહ્મ, તેનું એ વર્ણન વેદના કવિએ પોતાની રીતે કરેલું છે એટલું જ. સત્ ને અસત્ એ તો પરસ્પર સાપેક્ષ શબ્દો છે; એકની હસ્તી વિના બીજાની હસ્તી સંભવે જ નહીં. એટલે જે એક ને અદ્વિતીય તત્ત્વ સર્વથા નિર્દ્વંદ્વ અથવા દ્વંદ્વાતીત છે તેને વિષે એ શબ્દોનો પ્રયોગ કરી શકાય જ નહીં. ‘અસત્’ શબ્દનો આશય એટલો જ છે કે જે કંઈ વસ્તુઓ અત્યારે હસ્તીમાં હોઈ દૃષ્ટિગોચર છે તેમાંથી કોઈ ને તે વેળા સ્પષ્ટ કે નોખી હસ્તી ન હતી. દસમા મંડળના ૭૨ મા સૂક્તની બીજી ઋચામાં કહ્યું છે કે “અસત્‌માંથી સત્ ઉત્પન્ન થયું.” (असतः सदजायत) ત્યાં પણ એવો અર્થ નથી કે અસત્‌માંથી સત્ પેદા થયું; પણ એટલો જ અર્થ અભિપ્રેત છે કે અસ્પષ્ટ સત્‌માંથી સ્પષ્ટ સત્ પેદા થયું. એટલે, “પ્રકૃતિ વિષેના જે તત્ત્વવિચારે પાછળથી વિકાસ પામીને સાંખ્ય દર્શનનું રૂપ ધારણ કર્યું તે વિચારનું પ્રથમ પગથિયું” આ સૂક્તમાં જોવા મળે છે, એમ જે મૅકડોનેલે કહ્યું છે તેમાં અમે સંમત નથી.[૧]

સૃષ્ટિનું સર્જન જાણે કોઈ મૂળ દ્રવ્યમાંથી થયું હોય એવું વર્ણન કેટલીકવાર અપાય છે. પુરુષસૂક્ત (મંડળ ૧૦; સૂક્ત ૯૦) માં કહેલું છે કે દેવોએ આદિપુરુષના શરીરમાંથી સૃષ્ટિ ઉત્પન્ન કરી. પુરુષને હોમીને દેવોએ યજ્ઞ કર્યો; એ યજ્ઞ તે જ સૃષ્ટિનું સર્જન.[૨] “આ સર્વ કંઈ પુરુષ છે; જે થઈ ગયું તે, અને જે થવાનું છે તે પણ.”[૩] દેવોને મનુષ્યના જેવાં રૂપગુણવાળા કલ્પવાની વૃત્તિ એકવાર જાગી કે પછી તે મર્યાદામાં રહેતી નથી. એટલે, ભારતવાસીઓની કલ્પનાએ, ઈશ્વરની મહત્તા વર્ણવવા સારુ, તેને હજારો માથાં, હજારો આંખો, હજારો પગ કલ્પેલાં છે. જગત અને ઈશ્વર મળીને જે પૂર્ણ ને અખંડ રૂપ થાય છે તેની એકતા બતાવવા સારુ કવિપ્રતિભાએ તેનું, વિશ્વને વ્યાપીને તેની પણ



પાર પહોંચનારું, વિરાટ રૂપ કલ્પ્યું છે. છતાં, એક ને અદ્વય પરબ્રહ્મમાંથી સૃષ્ટિ ઉત્પન્ન થયાનો જે સિદ્ધાન્ત ઉપર વર્ણવેલો છે તેમાં ને આ પુરુષસૂક્તમાં વિરોધ કે વિસંવાદ નથી. પુરુષસૂક્તમાં પણ એમ જ કહેલું છે કે પરબ્રહ્મે પોતાના વિભાગ કરીને તેમાંથી જ્ઞાતા અને જ્ઞેય, દ્રષ્ટા અને દૃશ્ય, પુરુષ અને પ્રકૃતિ એમ દ્વિવિધ તત્ત્વ ઉત્પન્ન કર્યાં, તેને લીધે સૃષ્ટિ નિર્માણ થવા પામી. માત્ર એ વિચાર કંઈક અણઘડ રૂપક દ્વારા પ્રગટ કરેલો છે. પરબ્રહ્મ કે પરમાત્માએ ક્રિયાવાન પુરુષનું રૂપ ધારણ કર્યું છે, કેમકે સૂક્તમાં કહ્યું છે: “એ પુરુષમાંથી વિરાટ જન્મ્યો; ને વિરાટમાંથી પાછો પુરુષ જન્મ્યો.”* આમ પુરુષને જન્મદાતા તેમજ જન્મ પામનાર બંને કહેલો છે. તે નિર્ગુણ પરબ્રહ્મ છે, તેમજ આત્મભાન અથવા અસ્મિતાવાળો ‘અહમ્’ (હું) પણ છે.

## ૯. ઉપાસના ને કર્મકાંડ

નિસર્ગની ભૌતિક ઘટનાઓ તરફ માણસોનું ધ્યાન કેવી રીતે ગયું, ને તેને તેમણે મનુષ્યના જેવાં રૂપગુણવાળી કેવી રીતે કલ્પી, એ આપણે જોઈ ગયા. નિસર્ગની ઘટનાઓને દેવરૂપ માનવામાં આવે એની ધાર્મિક આચારવિચાર પર માઠી અસર થાય છે. જગતમાં દેવદેવીઓની વસ્તી વધી પડે છે; ને એ દેવદેવીઓને જેમ મનુષ્યના જેવી ન્યાયવૃત્તિ હોય છે, તેમ મનુષ્યના જેવા રાગદ્વેષ ને ગુણ અવગુણ પણ હોય છે. ઘણા દેવોને તો મનુષ્યરૂપ પણ પૂરતા પ્રમાણમાં અપાયું નથી હોતું, ને તેઓ સહેજે તેમની પાછલી નૈસર્ગિક અવસ્થામાં સરી પડે છે. દાખલા તરીકે પાણી ને વાદળાંમાંથી જન્મેલો ઈન્દ્ર કેટલીકવાર આકાશમાંથી ગાજવીજ ને કડાકા કરતો આવી ચડે છે. બ્લૂમફીલ્ડ કહે છે કે વેદના દેવોને “મનુષ્યના જેવાં રૂપગુણ આરોપવાની ક્રિયા વચ્ચેથી અટકી પડેલી” દેખાય છે. પણ જેમને મનુષ્યના જેવાં રૂપગુણ અપાયાં છે તેવા દેવોનું મનુષ્યરૂપ પણ અણઘડ દશામાં જ રહી ગયું છે. તેમને માણસના જેવા હાથપગ હોય છે. તેમને મનુષ્યના જેવી શરીરાકૃતિ, મનુષ્યના હૃદયમાં યુદ્ધ મચાવે છે એવા ભીષણ રાગદ્વેષ, ગોરી ચામડીની બહારની સફાઈ, અને ગૌરવસૂચક લાંબી દાઢી આપવામાં આવે છે. તેઓ લડે છે ને ઉત્સવો કરે છે, સુરાપાન કરે છે ને નૃત્ય કરે છે, ખાય છે ને મોજશોખ કરે છે. એમાંથી

* तस्माद् विराडजायत विराजो अधि पूरुषः । ऋ. १०; ९०; ३.

અગ્નિ ને બૃહસ્પતિ જેવા કેટલાકને યજ્ઞના પુરોહિત કહેવામાં આવે છે. ઇન્દ્ર ને મરુતો જેવા બીજા કેટલાક લડવૈયા છે. દૂધ ને માખણ, ઘી ને અનાજ વગેરે જે ખોરાક માણસોને ભાવે છે તે જ દેવો પણ ખાય છે. સોમરસ એ એમનું મનગમતું પીણું છે. માણસના જેવી નબળાઈ તેમનામાં પણ હોય છે, ને તેઓ ખુશામતથી સહેજે રીઝે છે. કેટલીકવાર તો તેમનામાં એટલો બેવકૂફ સ્વાર્થ હોય છે કે પોતે શું આપવું એની ચર્ચા કરવા તેઓ મંડી પડે છે. "હું આમ કરીશ — તેમ નહીં. એને હું ગાય આપીશ. કે ઘોડો આપું ? એની પાસેથી મને સોમ સાચેસાચ મળ્યો છે ખરો ?"[1] હૃદયની સાચી લાગણીથી કરેલી પ્રાર્થના કરતાં સુંદર ભેટ તેમની દૃષ્ટિએ વધારે અસરકારક લાગે છે. દેવો ને મનુષ્યો વચ્ચે લેવડદેવડનો સીધો ને સાદો સંબંધ છે; જોકે લીધું હોય તેટલું જ આપવાનો જે વહેવાર એમની વચ્ચે પાછલા બ્રાહ્મણગ્રંથોના કાળમાં વર્તે છે તે હજુ બહુ દૂર છે.

ગિલબર્ટ મરે લખે છે: "નિસર્ગપૂજાના ધર્મમાં પૂજાતાં પ્રાકૃતિક તત્ત્વોને મનુષ્યરૂપ આપવામાં આવે એથી એ તત્ત્વોમાં દુર્ગુણ દાખલ થયા વિના ન જ રહે. વીજળી સારા તેમજ નરસા વચ્ચે ભેદ પાડ્યા વિના બંનેને બાળે છે, તે છતાં વાવાઝોડાની પૂજા કરવામાં નૈતિક દૃષ્ટિએ કશી ભારે હાનિ નથી. વીજળી પડતી વેળાએ ડહાપણ વાપરીને ધર્મબુદ્ધિથી પસંદગી કરે છે, એવો ખોટો ડોળ કરવાની કશી જરૂર નથી. પણ વીજળી નાખનાર કોઈ અર્ધ-મનુષ્ય એવું સત્ત્વ છે એવી કલ્પના કરીને એ સત્ત્વની પૂજા તમે કરો એટલે તમે ભારે દુવિધામાં આવી પડો છો. તમારે કાં તો એમ કબૂલ કરવું રહ્યું કે તમે જે સત્ત્વની પૂજા ને ખુશામત કરો છો તે સત્ત્વમાં નીતિની ભાવના જેવી કશી વસ્તુ જ નથી, કેમકે તે ભયંકર છે. અથવા તો, જે લોકો પર દૈવવશાત્ વીજળી પડે તેમની સામે એ સત્ત્વનો કોપ થવાનાં કંઈક કારણ તમારે જોડી કાઢવાં પડે. અને એ કારણ ખરાબ જ હોવાનાં એ વિષે શંકા નહીં. તેથી ઈશ્વર જો પુરુષરૂપ હોય, એટલે કે મનુષ્યના જેવાં રૂપગુણવાળો હોય, તો તે મનસ્વી ને ઘાતકી જ બની જાય."[2] આ અભિપ્રાય સાચો છે, એનો પુરાવો એ છે કે નિસર્ગની પ્રાકૃતિક શક્તિઓની જે સ્તુતિ ને ઉપાસના વેદમાં થાય છે તે શુદ્ધ હૃદયની ને નિરપેક્ષ નથી, પણ તેના બદલામાં લાભ મેળવવાનો ઉદ્દેશ રહેલો છે. જે દેવો આપણને



હાનિ કરી શકે એવા છે તેમનાથી આપણે ડરીએ છીએ; ને જે દેવો આપણને આપણી રોજની પ્રવૃત્તિઓમાં મદદ કરે છે તેમના પ્રત્યે આપણે પ્રેમ ધરાવીએ છીએ. આપણે ઇન્દ્રને પ્રાર્થના કરીએ છીએ કે તે વરસાદ મોકલે, પણ સાથે એમ પણ માગીએ છીએ કે વાવાઝોડું ન મોકલે. સૂર્યને પ્રાર્થના કરવામાં આવે છે કે તે સૌમ્ય ઉષ્ણતા આપે, અને દઝાડે ને બાળે એવી ગરમી વડે દુનિયામાં સુકવણું ને દુકાળ ન પાડે. દેવો આર્થિક સંપત્તિ ને આબાદીના દેનારા થઈ પડે છે; ને દુનિયાનાં સુખચેન ને સંપત્તિ માટે દેવદેવીઓને હાલતાંચાલતાં પ્રાર્થના કરવામાં આવે છે. અને કાર્યો ને ગુણોમાં પણ જુદા જુદા વિભાગ હોવાથી, આપણે અમુક દેવોની પાસે અમુક જ ચીજો માગીએ છીએ.[1] દેવોને કરેલી આવાહનની સ્તુતિઓ એટલી બધી સાદી છે કે એમાં વિવિધતાનો સાવ અભાવ જ લાગે.[2] દેવોને સુશીલ નહીં પણ બળવાન, નીતિમાન નહીં પણ સામર્થ્યવાન, કલ્પવામાં આવેલા. આવો ધર્મ માણસોની નીતિભાવનાને સંતોષ આપી શકતો નથી. દેવોની પ્રાર્થના કરીને તેમની પાસેથી સારી સારી વસ્તુઓ મેળવી લેવાની — દેવો માણસને કેટલો લાભ આપી શકે છે તેના પર જ નજર રાખવાની — વૃત્તિ સમાજમાં પ્રચલિત હતી. છતાં વૈદિક આર્યો દેવોને એકંદરે નીતિમાન, તથા સજ્જનને સહાયતા કરવાની ને દુર્જનને દંડવાની વૃત્તિવાળા, માને છે; એ બતાવે છે કે એ લોકોમાં નીતિભાવના કેટલી પ્રબળ હતી. પરમાત્માની સાથે ઐક્ય કે તાદાત્મ્ય સાધવું એ મનુષ્યની જે ઊંચામાં ઊંચી ધાર્મિક ઝંખના છે તે પણ એ લોકોના લક્ષમાં હતી.[3] અનેક દેવો તેમના ઉપાસકોને પરમાત્માની પ્રાપ્તિ કરવાનું સામર્થ્ય આપતા, એટલા માટે જ તેઓ સહાયક છે એમ મનાતું.[4]

આ ક્રમમાં આગળ જતાં યજ્ઞયાગ થવા માંડે એ અનિવાર્ય હતું. કેમકે ઈશ્વરને વિષે મનુષ્યને ઊંડો પ્રેમ હોવાનું ચિહ્ન જ એ છે કે માણસ પોતાની ધનસંપત્તિ ને માલમતા એ પ્રભુના ચરણમાં અર્પણ કરી દે. આપણે મોઢેથી ઈશ્વરની ઉપાસના કરીએ છીએ, ને સાથે આપણું સર્વસ્વ એની આગળ ધરી દઈએ છીએ. યજ્ઞયાગમાં પશુ અને હવિ હોમવાની પ્રથા ચાલી ત્યારે પણ હૃદયની શ્રદ્ધાને અધિક અગત્યની માનવામાં આવતી, ને યજ્ઞનું સાચું સ્વરૂપ લોકોએ સમજવું જોઈએ એમ આગ્રહપૂર્વક કહેવામાં આવતું. "માખણ

કે મધ કરતાં મીઠી હોય એવી ઇન્દ્રની પ્રબળ સ્તુતિ કરો."[૧] સર્વ ક્રિયાઓમાં શ્રદ્ધા હોવી જરૂરની ગણાતી.[૨] મનુષ્યની હૃદયગુહાનાં ગુપ્ત ઊંડાણોમાં દૃષ્ટિ કરીને, એમાં ઊંડે ઊંડે શો હેતુ રહેલો છે, તે વરુણદેવ જુએ છે. ધીરેધીરે દેવોને મનુષ્યના જેવા, ઘણે જ અંશે મનુષ્યના જેવાં રૂપ ને ગુણવાળા, કલ્પ્યા પછી, એ લોકોને લાગ્યું કે દેવ ધરાય એટલું ખાવાનું એને આપવું એ એને રીઝવવાનો સારામાં સારો રસ્તો છે.[૩]

ઋગ્વેદના કાળમાં નરમેધ થતો કે નહીં એ પ્રશ્નની ચર્ચા ઘણી થાય છે. શુનઃશેપના[૪] દૃષ્ટાન્ત પરથી એમ નથી દેખાતું કે વેદમાં નરમેધને માટે છૂટ કે ઉત્તેજન અપાયાં છે. અશ્વમેધને વિષે ઉલ્લેખો છે ખરા.[૫] પણ એ બધાની સામે એ યુગમાં પણ વિરોધના અવાજો સંભળાતા. સામવેદમાં કહ્યું છે: "હે દેવો ! અમે યજ્ઞના યૂપ વાપરતા નથી. અમે કોઈ પ્રાણીનો વધ કરતા નથી. અમે તો માત્ર સૂક્તોના ગાન વડે જ ઉપાસના કરીએ છીએ."[૬] આ બળવાનો પોકાર ઉપનિષદોએ ઉપાડી લીધો છે; ને બૌદ્ધ તથા જૈન સંપ્રદાયોએ એમાં પોતાનો સૂર મિલાવી તેને આગળ વધાર્યો છે.

યજ્ઞયાગ એ વૈદિક ધર્મની બીજી ભૂમિકાનું લક્ષણ છે. પહેલી ભૂમિકામાં માત્ર મોઢાની પ્રાર્થના થતી. પારાશરસ્મૃતિમાં કહ્યું છે કે "કૃતયુગમાં ધ્યાન, ત્રેતાયુગમાં યજ્ઞ, દ્વાપરમાં પૂજા, ને કલિયુગમાં પ્રાર્થના ને ભજન થાય છે." આ મત વિષ્ણુપુરાણના મતને સારી પેઠે મળતો આવે છે; કેમકે તેમાં કહ્યું છે કે યજ્ઞના નિયમો ત્રેતાયુગમાં ઘડાયા.[૭] યુગોના જે વિભાગ એમાં પાડ્યા છે તેમાં કદાચ આપણે સંમત ન થઈએ. પણ ધ્યાનમાંથી યજ્ઞ, યજ્ઞમાંથી પૂજા, ને પૂજામાંથી સ્તુતિ ને ઉપાસના, એ જે ધાર્મિક આચારનો તર્કસિદ્ધ વિકાસક્રમ છે તે તો ઐતિહાસિક સત્ય છે.

વૈદિક ધર્મમાં મૂર્તિપૂજાને સ્થાન હોય એમ દેખાતું નથી. દેવોને માટે મંદિર નહોતાં. માણસો કોઈની દરમ્યાનગીરી વિના દેવોની સાથે, મોઢામોઢ બોલતા હોય એવી રીતે, સ્તુતિનાં વચનો બોલતા. દેવોને ઉપાસકોના મિત્ર ગણવામાં આવતા. 'દ્યૌષ્પિતા', 'પૃથ્વીમાતા', 'અગ્નિબન્ધુ' એ નિરર્થક શબ્દો નથી. મનુષ્યો ને દેવો વચ્ચે ગાઢ અંગત સંબન્ધ હતો. ધર્મ આખા જીવનને વ્યાપી વળેલો હતો, ને એ જ જીવનનો નિયન્તા હતો, એમ દેખાય છે.



ઈશ્વર એ જ મનુષ્યના જીવનનો એકમાત્ર આધાર છે એવી ભાવના પ્રચલિત હતી, ને માણસ એકેએક વસ્તુને માટે ઈશ્વરની સામે નજર નાખતો. જીવનની સામાન્ય જરૂરિયાતો માટે પણ લોકો દેવોની પાસે પ્રાર્થના કરતા. 'હે ભગવાન, અમને આજનો રોટલો આજે આપ,' એ બાઈબલની પ્રાર્થનામાં વૈદિક આર્યોની ભાવના ખરા સ્વરૂપમાં પ્રગટ થાય છે. જીવનની સામાન્ય સુખ-સગવડને માટે પણ ભગવાન પર આધાર રાખવો એ ખરા ભક્તહૃદયનું લક્ષણ છે. પાછળ અમે કહી ગયા છીએ કે વરુણની ઉપાસનામાં આપણે ઊંચામાં ઊંચી ભક્તિનાં આવશ્યક લક્ષણો જોઈએ છીએ. સગુણ અથવા પુરુષરૂપ ઈશ્વર પર શ્રદ્ધા, તેને વિષે પ્રેમ, તેની સેવામાં સર્વસ્વનું અર્પણ, ને પ્રપત્તિ કે શરણાગતિ વડે મોક્ષપ્રાપ્તિ, એ જો ભક્તિનો અર્થ હોય, તો એ બધાં તત્ત્વો આપણને વરુણની ઉપાસનામાં મળી રહે છે.

દસમા મંડળના ૧૫ મા ને ૫૪ મા એમ બે સૂક્તમાં પુણ્યશાળી ને સ્વર્ગવાસી પિતૃઓની સ્તુતિ કરેલી છે. વેદનાં સૂક્તોમાં તેમનું આવાહન દેવોની સાથેસાથે કરવામાં આવે છે.[૧] તેઓ સ્તુતિગાન સાંભળવા ને યજ્ઞોનો હવિ લેવા અદૃશ્ય સત્ત્વોરૂપે આવે છે એમ મનાય છે. આ પિતૃપૂજા દ્વારા સમાજની પ્રણાલિકા પ્રત્યે આદર બતાવવાનો આશય હોય એ સંભવિત છે. પણ વેદના કેટલાક અભ્યાસીઓ માને છે કે પિતૃઓને પિંડદાન અપાયાનો ઉલ્લેખ ઋગ્વેદમાં ક્યાંયે જડતો નથી.[૨]

વૈદિક ધર્મની સામે સામાન્યપણે એક ટીકા એ થાય છે કે એ જમાનાના લોકોને પાપનું ભાન હોય એમ વેદનાં સૂક્તો પરથી દેખાતું નથી. આ મત ભૂલભરેલો છે. દેવની કૃપા ને મિત્રતા ગુમાવી બેસવી એ, વેદના મત અનુસાર, પાપ છે.[૩] પાપ વિષેની વેદની કલ્પના યહૂદી ધર્મના સિદ્ધાન્તને મળતી આવે છે. દેવ અથવા ઈશ્વરની ઇચ્છા એ જ નીતિનું ધોરણ. એ ઇચ્છા તૃપ્ત કરવામાં માણસ કચાશ કે ઊણપ રાખે તેનું નામ પાપ. આપણે ઈશ્વરની આજ્ઞાનો ભંગ કરીએ ત્યારે પાપ કર્યું કહેવાય. દેવો ઋતના — એટલે કે જગતની નૈતિક વ્યવસ્થાના — રક્ષક (ऋतस्य गोपा) છે. તેઓ સત્કર્મ કરનારની રક્ષા કરે છે, ને દુષ્કર્મ કરનારને સજા કરે છે. માત્ર બાહ્ય વિધિઓ કરવામાં ગફલત કે કસૂર કરવી એનું નામ પાપ નથી. યજ્ઞયાગ કે કર્મકાંડના વિધિ ન કર્યાથી થયેલાં પાપ એક પ્રકારનાં છે; નીતિનિયમ તોડ્યાથી થયેલાં પાપ[૪] બીજા

પ્રકારનાં છે. માણસને પોતે કરેલાં પાપનું ભાન હોય છે એટલા માટે જ તે દેવોને રીઝવવા યજ્ઞયાગ કરે છે. ખાસ કરીને વરુણની સ્તુતિમાં પાપ અને ક્ષમાપનના જે ઉલ્લેખો જોવામાં આવે છે તે આપણને આધુનિક ખ્રિસ્તી સિદ્ધાન્તોનું સ્મરણ કરાવે છે.

ઋગ્વેદના દેવો સામાન્યપણે નીતિનિયમના રક્ષક ગણાય છે એ ખરું; છતાં એમાંના કેટલાક, મનુષ્યની જ મોટી આવૃત્તિ જેવા હોઈ, તેમના રાગદ્વેષ ને અહંકાર ગયા નથી હોતા. અને એ બધામાં રહેલું પોકળપણું જોઈ શકે એવા કવિઓની પણ કંઈ ખોટ નથી. એક સૂક્તમાં[1] બતાવેલું છે કે સર્વ દેવો ને મનુષ્યો કેવા સ્વાર્થવૃત્તિથી પ્રેરાયેલા હોય છે. ઘણા દેવોને વિષે આવી હીન કલ્પના પ્રચલિત હતી તેને લીધે વેદકાળની જૂની દેવપૂજા ઘસાઈ ગઈ એમ કહી શકાય. એમ ન હોત તો, દસમા મંડળના જે સુંદર સૂક્ત (નં. ૧૧૭) માં પરોપકાર કરવાનો ધર્મ બતાવ્યો છે[2] ત્યાં દેવોની તેમ કરવાની આજ્ઞા છે એવું કહ્યું નથી, એ કેમ બને તે સમજી શકાતું નથી. શુદ્ધ નીતિપાલનને ટેકો આપવાનું સામર્થ્ય દેવોમાં રહ્યું દેખાતું નથી. પ્રચલિત ધર્મથી સ્વતન્ત્ર રીતે નીતિપાલન કરવાનો જે વિચાર બૌદ્ધ ધર્મે આગળ જતાં ફેલાવ્યો, તેનું બીજ આપણે અહીં જોઈ શકીએ છીએ.

## ૧૦. નીતિનિયમ અને સદાચાર

ઋગ્વેદમાં આપેલા નીતિ ને સદાચારના નિયમો તપાસતાં આપણે જોઈએ છીએ કે ઋતની કલ્પના ઘણી મહત્ત્વની છે. કર્મનો જે નિયમ ભારતીય વિચારરાશિના એક વિશિષ્ટ લક્ષણરૂપ છે તેનું પૂર્વરૂપ ઋતના નિયમમાં દેખાય છે. ઋતનો નિયમ આખા જગતમાં પ્રવર્તે છે; અને દેવો તથા મનુષ્યો બંનેએ તેનું પાલન કર્યે જ છૂટકો. જગતમાં જો નિયમ હોય, તો તેનો અમલ થયા વિના ન જ રહે. કોઈ પણ અણધાર્યા કારણસર તેનું ફળ ઈહલોકમાં મળતું ન દેખાય, તો પરલોકમાં પણ મળવું જ જોઈએ. જ્યાં અવિચળ નિયમ હસ્તી ધરાવતો હોય, ત્યાં અવ્યવસ્થા ને અન્યાય ચાલે તોપણ થોડો જ વખત ને થોડા પ્રમાણમાં જ ચાલે. દુરાચારીની જીત થાય તોપણ તે સદાકાળ ન ટકે. સદાચારીનું નાવ ભાંગે તો તેથી તેણે નિરાશ ને નાસીપાસ થવાની જરૂર નથી.



ઋત આપણને સદાચારનું ધોરણ બતાવે છે, ને સદાચારનું માપ કાઢવાનો ગજ આપે છે. તે વસ્તુમાત્રમાં અંતર્ગત એવું શાશ્વત ને સર્વવ્યાપી સારતત્ત્વ છે. તે વસ્તુમાત્રમાં વસતું સત્ય છે. અનીતિ અથવા અનૃત (અન્ + ઋત) એટલે સત્યથી ઊલટું, અસત્ય.[1] સત્ય અને નીતિને, એટલે કે ઋતને, માર્ગે ચાલે તે માણસ સદાચારી. નીતિમય આચરણ એ જ સાચું વ્રત. ઋતને માર્ગે ચાલનાર સજ્જનોની રહેણી તેનું નામ વ્રતો (व्रतानि).[2] સર્વ સંજોગોમાં એકધારું વર્તન એ સદાચારી જીવનનું મુખ્ય લક્ષણ છે. વેદનો સદાચારી માણસ પોતાની રહેણીકરણી બદલ્યાં કરતો નથી. ઋતના અનુશીલનનું સંપૂર્ણ દૃષ્ટાન્ત તે વરુણ છે. તે 'ધૃતવ્રત' એટલે કે અવિચળ આચરણવાળો છે. જ્યારે કર્મકાંડનું મહત્ત્વ વધ્યું ત્યારે 'ઋત'નો અર્થ યજ્ઞ થવા લાગ્યો.

આદર્શ જીવનનું સામાન્ય વર્ણન આપ્યા પછી ઋગ્વેદસંહિતા નીતિમય જીવનમાં શાનો શાનો સમાવેશ થાય તેની વીગતો આપે છે. દેવોની સ્તુતિ કરવી જોઈએ. કર્મકાંડના વિધિ શ્રદ્ધાપૂર્વક કરવા જોઈએ.[3] માણસો ને દેવો વચ્ચે ઘણો ગાઢ ને નિકટનો સંબન્ધ છે એમ વેદ માને છે. માણસે ઈશ્વરની નજર આગળ રહીને જ પોતાનું જીવન વ્યતીત કરવાનું છે. દેવો પ્રત્યેનાં કર્તવ્યો ઉપરાંત મનુષ્યો પ્રત્યેનાં પણ કેટલાંક કર્તવ્યો પાર પાડવાનાં રહે છે.[4] માણસમાત્ર પ્રત્યે દયા રાખવાની આજ્ઞા કરેલી છે. અતિથિસત્કારને મોટો સદ્‌ગુણ માનેલો છે. "જે દાન આપે છે તેનું ધન કદી ખૂટતું નથી...જેની પાસે અન્ન હોવા છતાં જે દરિદ્ર, દુર્બળ ને ભૂખ્યા અતિથિને અન્ન આપતો નથી, મનને કઠણ કરે છે, ને પોતે તેની સામે ખાઈપીને ચેન કરે છે, તેને કોઈ આશ્વાસન દેનાર મળતો નથી."[5] જાદુ, જારણ, મારણ, વશીકરણ, ઉચ્ચાટન, અને વ્યભિચારને દુર્ગુણ કહી નિંદેલા છે.[6] દ્યૂતને નિંદ્ય ગણ્યું છે. ઈશ્વરના નિયમને અનુસરવું તે સદાચાર. તેમાં મનુષ્ય પ્રત્યેના પ્રેમનો પણ સમાવેશ થાય છે. એ નિયમનું ઉલ્લંઘન તે દુરાચાર. એક સૂક્તમાં કહ્યું છે: "હે વરુણ! અમારા પ્રત્યે પ્રેમ રાખનાર સામે અમે પાપ કર્યું હોય, મિત્ર કે સાથીને અન્યાય કર્યો હોય, અમારી સાથે ક્યારેક પણ રહી ગયેલા પડોશીને અથવા અજાણ્યાને પણ ઈજા કરી હોય, તો તે પાપના અપરાધમાંથી અમને મુક્ત કરો."[7] કેટલાક દેવોને ગમે તેટલો હવિ કે ચાહે તેટલું બલિદાન આપવા છતાં તેમને ઋત એટલે કે પુણ્યને માર્ગેથી આડે જવા સમજાવી કે

લલચાવી શકાતા નથી. “ તેમનામાં જમણું કે ડાબું, આગળ કે પાછળ, એવો કશો ભેદ દેખાતો નથી. તેઓ આંખ મીંચતા કે ઊંઘતા નથી. તેઓ વસ્તુમાત્રનું અંતર ભેદીને જોઈ શકે છે. તેઓ સારું નરસું બંને જુએ છે. ગમે તેવી દૂરમાં દૂરની વસ્તુ પણ તેમને નજીક લાગે છે. મૃત્યુ પ્રત્યે તેમને અણગમો છે, ને કોઈનું મોત નિપજાવનારને તેઓ દંડે છે. તેઓ જીવમાત્રને ટકાવી રાખે છે ને પોષે છે. ”

તપોમાર્ગનાં કેટલાંક સૂચનો પણ ઋગ્વેદમાં છે. ઇન્દ્રે તપ કરીને સ્વર્ગ જીત્યું એમ કહ્યું છે.[1] પણ ઋગ્વેદનો પ્રધાન સૂર તપસ્યાનો નથી. સંહિતાનાં સૂક્તોમાં આપણે માણસોને નિસર્ગનું સૌંદર્ય, તેની વિશાળતા, તેની ભવ્યતા, ને તેની કરુણતા એ સર્વમાં રાચતા ને આનંદ પામતા જોઈએ છીએ. જગતની સરસ વસ્તુઓ મેળવવાની ઇચ્છા એ યજ્ઞો કરવાનો હેતુ છે. જીવન અને જગતમાંથી ઊંડો આનંદ લેવાતો દેખાય છે; ને એ આનંદને કલુષિત કરે એવો દુ:ખદ ખેદ કે વિષાદ હજુ એમાં ભળ્યો નથી. છતાં તપના કેટલાક પ્રકારો ચાલુ હતા ખરા. ઉપવાસ અને સંયમને વિવિધ અલૌકિક શક્તિઓ મેળવવાનાં સાધનરૂપ માનવામાં આવતા. ઉન્માદની અવસ્થામાં એમ પણ કહેલું છે કે દેવોએ મનુષ્યોનાં શરીરમાં પ્રવેશ કર્યો છે.[2] તપોનિષ્ઠ મુનિઓના ઉન્માદનો પહેલવહેલો ઉલ્લેખ દસમા મંડળના ૧૩૬ મા સૂક્તમાં આવે છે.[3]

હિંદુ સમાજ ચાર વર્ણોમાં વહેંચાયેલો હતો, એનો પ્રથમ ઉલ્લેખ પુરુષસૂક્ત ( મંડળ ૧૦; સૂક્ત ૯૦ ) માં છે. ચાતુર્વર્ણ્યની આ વ્યવસ્થા કેવી કુદરતી રીતે ઉદ્ભવ પામી, એ સમજવા માટે એટલું યાદ રાખવાની જરૂર છે કે આર્ય વિજેતાઓ, અને ભારતવર્ષની જિતાયેલી આદિવાસી અનાર્ય જાતિઓ, એ બેની વચ્ચે લોહીના ને આનુવંશિક સંસ્કારના તીવ્ર ભેદો હતા. અસલી આર્યો બધા એક જ વર્ગ કે વર્ણના હતા; દરેક માણસ ઋત્વિજ અને સૈનિક, વેપારી ને કૃષિકાર એ સર્વનાં કામો કરતો. ઋત્વિજોનો એક નોખો ને ખાસ અધિકારોવાળો વર્ગ નહોતો. જીવન જેમ જટિલ ને સંકુલ થતું ગયું તેમ તેમ આર્યોમાં વર્ણવિભાગ પડ્યા. શરૂઆતમાં દરેક માણસ કોઈની પણ દરમ્યાનગીરી વિના દેવોને હવિ આપી શકતો; છતાં ઋત્વિજો અને રાજવંશના લોકો તથા અમીરી ખવાસના માણસો આમવર્ગથી અળગા રહેવા લાગ્યા. વૈશ્ય ( विश् )



શબ્દ મૂળ તો આખી પ્રજાને માટે વપરાતો.* આપણે આગળ પર જોઇશું તેમ, જ્યારે યજ્ઞોનું મહત્ત્વ વધ્યું, ને જ્યારે જીવનની વધતી જતી જટિલતાને લીધે સમાજના વિભાગો પાડવા જરૂરી જણાયા, ત્યારે વિદ્વત્તા, જ્ઞાન, તથા કવિત્વ ને ચિન્તનની નૈસર્ગિક શક્તિઓવાળાં અમુક કુટુંબો યજ્ઞો કરાવવાનું કામ કરવા લાગ્યાં. પુરોહિત એટલે આગળ બેસાડેલો. વૈદિક ધર્મે વિકાસ પામીને જ્યારે નિયમબદ્ધ કર્મકાંડનું રૂપ ધારણ કર્યું ત્યારે આ કુટુંબોએ પોતાનો એક નોખો વર્ગ બનાવ્યો. આર્યોની પ્રણાલિકા સાચવી રાખવાનું મોટું કામ આ વર્ગને માથે હતું; એટલે તેને આજીવિકા માટે જીવનકલહમાં ઊતરવું ન પડે એવી જોગવાઈ કરવામાં આવી. કેમકે જીવનના ધમસાણમાં પડેલા લોકોને વિચાર અને ચિન્તનને માટે જરૂરી એવી સ્વતંત્રતા ને ફુરસદ મળવા પામે જ નહીં. એટલે અધ્યાત્મજ્ઞાનની સાધનામાં જ નિમગ્ન રહેનારો એક નોખો વર્ગ નિર્માણ થયો. બ્રાહ્મણો એ નિશ્ચિત સિદ્ધાન્તોને ટેકો આપવાની પ્રતિજ્ઞા લઇને બેઠેલો પુરોહિતવર્ગ નથી, પણ એક બુદ્ધિપ્રવણ શિષ્ટવર્ગ છે; અને પ્રજાનું ઉચ્ચતર જીવન ઘડવાનું કામ તેને હસ્તક સોંપાયેલું છે. જે રાજાઓ આ વિદ્વાન ને વિદ્યારત બ્રાહ્મણોના આશ્રયદાતા બન્યા તે ક્ષત્રિયો હતા, ને તેઓ એ જમાનામાં રાજ્ય ચલાવતા. ક્ષત્રિય શબ્દ મૂળ ‘ક્ષત્ર’ (એટલે કે ‘રાજ્ય, અમલ’)માંથી આવેલો છે. વેદમાં, અવસ્તામાં, ને ઇરાનના શિલાલેખોમાં એ એક જ અર્થમાં વપરાયેલો છે. આ બ્રાહ્મણ અને ક્ષત્રિય સિવાયના બાકીના પ્રજાજનોને વૈશ્ય એટલે કે આમ: વર્ગમાં મૂકેલા હતા. આ વિભાગ મૂળ તો ધંધાને અનુસરીને પડેલો, પણ પાછળથી પેઢીઉતાર બની ગયો. સંહિતાના

---

* यच्चिद्धि ते विशो यथा प्र देव वरुण व्रतं मिनीमसि द्यवि द्यवि । ऋ. १; २५; १.
(હે વરુણ, અમે માણસો રોજેરોજ તમારા જે કાંઈ નિયમોનો ભંગ કરીએ છીએ...... )

दासीर्विशः सूर्येण सह्याः । ऋ. २; ११; ४.
(હે ઇન્દ્ર, સૂર્ય જેવા તેજસ્વી વજ્ર વડે તમે દાસ લોકોને મારી નાખો.)

इन्द्र क्षितीनामसि मानुषीणां विशां दैवीनामुत पूर्वयावा । ऋ. ३; ३४; २.
(હે ઇન્દ્ર, તમે મનુષ્યલોકની તેમજ દેવલોકની પ્રજાના અગ્રેસર છો.)

अग्निर्दीदाय मानुषीषु विक्षु । ऋ. ४; ६; ७.
(મનુષ્યલોકમાં અગ્નિ દીપી ઊઠ્યો.)

કાળમાં અમુક ધંધા અમુક જ વર્ણના લોકો કરે એવી મર્યાદા નહોતી. માણસોની અભિરુચિ કેટલી વિવિધ હતી એનો ઉલ્લેખ કરતાં એક સૂક્તમાં કહ્યું છે: "હું કવિ છું. મારા પિતા વૈદ્ય છે. મારી માતા દળનારી છે."[1] બ્રાહ્મણવર્ગની સત્તા વધતી જતી હતી એમ સૂચવનારાં વચનો પણ મળી આવે છે: "જે રાજાને ઘેર બ્રાહ્મણ પહેલો આવે છે તે રાજા પોતાના ઘરમાં શાંતિ ને સુખચેનથી રહે છે; યજ્ઞનું અન્ન હમેશાં તેની પાસે પુષ્કળ આવે છે; તેને લોકો પોતાની મેળે નમન કરે છે."[2] જેઓ વિદ્યાના સંપાદન અને દાનનું કામ કરતા, જેઓ લડતા, ને જેઓ વેપારવણજ કરતા, તે એક સમગ્ર સમાજનાં અંગરૂપ હતા. એક તરફ આ સમાજ, અને બીજી તરફ જિતાયેલા લોકો, એ એની વચ્ચે ઘણો મોટો ગાળો હતો. જિતાયેલા લોકોના બે મોટા વર્ગ પાડવામાં આવ્યા હતા: (૧) દ્રાવિડો, જેમાંથી શૂદ્રોનો ચોથો વર્ણ બન્યો; અને (૨) આદિવાસીઓ. આર્ય અને દસ્યુનો જે ભેદ છે તે બે નોખી નોખી જાતિઓ વચ્ચેનો ભેદ છે; ને લોહી તથા આનુવંશિક સંસ્કારોના ફરકને લીધે પડેલો છે. કેટલાકનું એમ કહેવું છે કે જે આદિવાસીઓને ધર્માંતર કરાવીને આર્યોએ અપનાવી લીધા તે શૂદ્રો; ને જેમને ન અપનાવતાં અળગા રાખ્યા તે પંચમો.[3] બીજા કેટલાક કહે છે કે આર્યો ભારતવર્ષના દક્ષિણ ભાગમાં આવ્યા તે પહેલાંથી એમના સમાજમાં શૂદ્રોનો નોખો વર્ગ હતો. આ બે પ્રતિસ્પર્ધી કલ્પનાઓમાં કઈ ખરી, એ નક્કી કરવું સહેલું નથી.

વર્ણવ્યવસ્થા વસ્તુતઃ નથી આર્યોની કે નથી દ્રાવિડોની; પણ જે જમાનામાં જુદા જુદા જાતિસમૂહોને હળીમળીને રહેવું પડેલું તે જમાનાની જરૂરિયાત જોઈને દાખલ કરવામાં આવેલી. આજે એનું વલણ ભલે ગમે તેવું હોય, પણ એ યુગમાં તો એણે દેશને ઉગારેલો. આર્ય પ્રજાની જે સંસ્કૃતિ દેશના આદિવાસીઓની મોટી સંખ્યાના વહેમોમાં ભળી તેની સાથે એકાકાર થઈ જવાનો મોટો ભય રહેતો હતો, તે સંસ્કૃતિની રક્ષા કરવાનો એક જ રસ્તો આર્યોની પાસે હતો. અને તે એ કે સંસ્કાર અને લોહીના જે ભેદ મોજૂદ હોય તેને લોઢાને પટે સખ્ત બાંધી વજ્રલેપ જેવા કરવા. સમાજશરીરને સડતું ને મરણ પામતું અટકાવવાને યોજેલા આ ઉપાયે છેવટે એ શરીરના વિકાસને પણ રૂંધ્યો,[4] એ દુર્ભાગ્યની વાત છે. પ્રગતિના જુવાળને લીધે જરૂર પડી



ત્યારે પણ એ બંધનોએ ઢીલાં પડવાનાં કશાં ચિહ્ન બતાવ્યાં નહીં. એમણે સમાજવ્યવસ્થાની રક્ષામાં ફાળો આપ્યો એ સાચું; પણ સમગ્ર રાષ્ટ્રની પ્રગતિમાં તેમણે મદદ કરી નહીં. પણ આને લીધે કંઈ આપણને વર્ણવ્યવસ્થાની મૂળ યોજનાને નિંદવાનો અધિકાર પ્રાપ્ત થતો નથી. ભિન્ન ભિન્ન લોહી ને સંસ્કારવાળી અનેક જુદી જુદી જાતિઓ લડ્યા વિના જોડાજોડ રહી શકી તે કેવળ આ વર્ણવ્યવસ્થાને જ પ્રતાપે. બીજા દેશોની પ્રજાઓએ જિતાયેલા લોકોનું નિકંદન કાઢીને પ્રજા પ્રજા વચ્ચેના જે પ્રશ્નનો નિકાલ આણ્યો છે, તે પ્રશ્નને ભારતવર્ષે શાન્તિથી ઉકેલ્યો હતો. યુરોપની પ્રજાઓએ જ્યાં જ્યાં બીજી પ્રજાને જીતી તાબે કરી છે ત્યાં બધે એ વિજિતોનું માનવી તરીકેનું ગૌરવ ભૂંસી નાખવાની, ને તેમના સ્વમાનનો નાશ કરવાની, પેરવી તેમણે કરી છે. પણ વર્ણવ્યવસ્થાને લીધે વેદકાળના ભારતવાસીઓ વિજેતા ને વિજિત બંને પ્રજાઓની અખંડિતતા તથા સ્વતંત્રતા જાળવી શક્યા હતા, ને તેમની વચ્ચે પરસ્પર વિશ્વાસ અને સંપનો સંબંધ સ્થાપી શક્યા હતા.

## ૧૧. મરણોત્તર જીવન

વૈદિક આર્યોએ ભારતવર્ષમાં પ્રવેશ કર્યો ત્યારે તેમનાં મન બળના ગર્વ ને વિજયના આનંદથી મસ્ત હતાં. તેમને જીવન ને તેના આસ્વાદો ગમતા. એટલે મરણ પછી આત્માની શી ગતિ થાય છે એ વિષયમાં એમણે ઝાઝો રસ લીધો નહોતો. જીવન એમને મન ઉજ્જવલ, આનંદમય, ને ચિડિયલ મનની ચિંતા ને જંજાળોથી મુક્ત હતું. એમને મૃત્યુનો મોહ નહોતો. પોતાને તથા પોતાના વંશજોને સો શરદની આવરદા મળે એમ તેઓ ઇચ્છતા.[1] મરણ પછીના જીવનને વિષે તેમની પાસે ખાસ કંઈ કલ્પનાઓ કે સિદ્ધાન્તો નહોતાં. માત્ર ચિન્તનશીલ માણસો સ્વર્ગ ને નરકને વિષે કંઈક ઝાંખા, અસ્પષ્ટ ખ્યાલો બાંધે એ અનિવાર્ય હતું. પુનર્જન્મની વાત હજુ છેટે હતી. વૈદિક આર્યોનાં મનમાં ખાતરી હતી કે મરણ એ કંઈ સંસારની સમાપ્તિ નથી. જેમ રાત પછી દિવસ, તેમ મરણ પછી જીવન આવવાનું જ છે. જે મનુષ્યો એકવાર જન્મ્યાં છે તેનો સર્વથા નાશ કદી થવાનો નથી. તેઓ ક્યાંક ને ક્યાંક તો રહેવાનાં જ છે; જ્યાં યમનો અમલ ચાલે છે એવા આથમતા સૂર્યના રાજ્યમાં કદાચ રહેશે. માણસે હજુ, મોતની ભડકના

માર્યા, યમને વેર વાળનારો ભીષણ દેવ કલ્પ્યો નહોતો. પરલોક પર રાજ્ય ચલાવવાને ત્યાં પ્રવેશ કરનાર પ્રથમ મર્ત્યો તે યમ અને યમી હતાં. માણસ મરે એટલે યમના રાજ્યમાં જાય છે એમ મનાય છે. યમે આપણે માટે એક જગા ખોળી કાઢી છે; ને એ ઘર આપણી પાસેથી છીનવવાની કોઈની મગદૂર નથી. શરીરનું ખોળિયું ફેંકી દીધા પછી આત્માને તેજસ્વી અશરીરી રૂપ પ્રાપ્ત થાય છે; અને જ્યાં યમ અને પિતૃઓ અમર બનીને રહે છે એવા દેવોના ધામમાં એ આત્મા જઈ પહોંચે છે. મૃતાત્માઓ એક નદી ને એક પુલ પાર કરીને આ સ્વર્ગમાં જાય છે એવી કલ્પના છે.[1] દસમા મંડળના ૮૮ મા સૂક્તની ૧૫ મી ઋચામાં પિતૃયાન અને દેવયાન એ બે માર્ગોનો નામનિર્દેશ છે.† પ્રેતદહન અને યજ્ઞ બેમાં ધુમાડો જુદી જુદી રીતે ઊંચે ચડે છે તે પરથી આ બે માર્ગોના ભેદ પડ્યા હોવા જોઈએ, એમ એક લેખકે કહ્યું છે. પણ એ ભેદ હજુ પૂરતો વિકાસ પામેલો દેખાતો નથી.

મૃતાત્માઓ સ્વર્ગમાં યમની સાથે રહે છે ને ચેનબાજી કરે છે. ત્યાં તેઓ આપણા જેવી જિંદગી ગાળે છે. પૃથ્વીના આનંદોનું પૂર્ણ ને તીવ્ર રૂપ તે સ્વર્ગના આનંદ છે. "જે માણસો દાન આપે છે તેમને આ તેજસ્વી વસ્તુઓ મળે છે; સ્વર્ગમાં તેમને માટે સૂર્યો છે; તેમને અમૃતત્વ પ્રાપ્ત થાય છે. તેમની આવરદા લંબાય છે."[2] મરણોત્તર જીવનના વેદમાં આપેલા ચિતારોમાં વિષયસુખનું વર્ણન ઘણું છે, એ વાત પર કેટલીકવાર ભાર દઈ, તેની ટીકા કરવામાં આવે છે. પણ ડૉયસન કહે છે તેમ, "ઈસુએ પણ સ્વર્ગના રાજ્યને ઉત્સવના સંમેલનરૂપે ચીતર્યું છે, ને ત્યાં માણસો ભોજન[3] ને સુરાપાન[4] કરે છે એમ કહ્યું છે. ડાન્ટે અને મિલ્ટનથી પણ સ્વર્ગલોકના ચિતારો આપવાને ઈહલોકના સર્વ રંગો ઉપયોગમાં લીધા વિના રહેવાતું નથી."[5] દેવો સોમપાનને પ્રતાપે અમર બનતા મનાય છે. દેવો જેવા બનવું એ મનુષ્યના પુરુષાર્થનું ધ્યેય ગણાય છે. કેમકે દેવદેવીઓ સ્વર્ગમાં રહી શુદ્ધ, નિર્ભેળ સુખ ભોગવે છે. તેમને ભૂખતરસ લાગતી નથી. દેવો સ્ત્રી પરણતા નથી, તેમ દેવીઓ પતિને

---

† द्वे स्रुती अशृणवं पितॄणामहं देवानामुत मर्त्यानाम् ।

(અમે માણસોને મર્યા પછી બે માર્ગે જતા સાંભળ્યા છે — એક પિતૃઓને માર્ગે; ને બીજે દેવોને.)



કન્યાદાનમાં અપાતી નથી. પરલોકનાં જે આદર્શભૂત વર્ણનો આપેલાં છે તેમાં ઈહલોક ને મરણ પછી મળનારો પરલોક એ બેના જીવન વચ્ચેનો ભેદ દેખાઈ આવે છે. સુખી દેવો સદાકાળ જીવે છે. આપણે તો એમની આગળ એક દિવસનાં બાળક છીએ. જ્યાં યમનું રાજ્ય ચાલે છે તે સ્વર્ગમાં દેવો સુખ ભોગવે છે. આ પૃથ્વી પર આપણે લલાટે તો દુઃખ જ ભોગવવાનું લખાયેલું છે. ત્યારે આપણે અમરપણું મેળવવાને શું કરવું? આપણે દેવોને રીઝવવા સારુ યજ્ઞ કરવા રહ્યા; કેમકે જેઓ દેવોથી ડરીને ચાલે છે તેમને સ્વર્ગમાંથી અમરત્વની ભેટ મળે છે. દેવોની ઉપાસના કરનાર સદાચારી માણસ અમર બને છે. "હે અગ્નિ, તમને પ્રસન્ન કરનાર માણસ સ્વર્ગમાં ચંદ્ર બને છે."[1] એક સવાલ તે વેળાએ પણ ઊઠે છે: એ માણસ ચન્દ્ર બને છે કે ચન્દ્ર જેવો બને છે? સાયણ એનો ખુલાસો આપતાં લખે છે: "તે ચન્દ્રના જેવો, સર્વને આહ્લાદ આપનાર, બને છે."[2] બીજા કહે છે કે એ ચન્દ્ર જ બને છે.[3] મરણ પછી માણસ પોતાના પિતૃઓને મળી શકે છે એમ વૈદિક આર્યો માનતા, એવું સૂચવનારાં વચનો પણ છે.[4]

આપણે દેવોની ઉપાસના ન કરીએ તો શું થાય, એ પ્રશ્ન ઊઠે છે. જેમ સ્વર્ગ છે તેમ તેનાથી ઊલટું નરક — એટલે કે દુરાચારી, પાખંડી, દેવોને ન માનનારા, લોકો માટેનું નોખું સ્થાન — છે ખરું? સ્વર્ગ માત્ર પુણ્યશાળી ને સદાચારી લોકોને માટે હોય, તો દુષ્ટ માનસવાળા માણસો તો મૃત્યુ વેળાએ સાવ નાશ પણ ન પામે તેમ સ્વર્ગે પણ ન જઈ શકે એવી તેમની સ્થિતિ થાય. એટલે નરક જરૂરનું મનાય છે. પાપકર્મ કરનારને વરુણ અંધારા ગર્તમાં નાખે છે, ને ત્યાંથી તે માણસ કદી પાછો ફરી શક્તો નથી, એમ કહેલું છે. એક સૂક્તમાં એવી પ્રાર્થના કરી છે: "હે ઈન્દ્ર, જે માણસ અમને ઈજા કરે છે તેને તમે નીચલા અંધકારમાં પહોંચાડો."[5] આ અંધારા ગભીર સ્થાનમાં પડી અલોપ થઈ જવું એ સજા દુરાચારીને માટે નિર્મેલી હોય એમ દેખાય છે. પાછળનાં પુરાણોમાં નરક ને તેની યાતનાઓનાં જેવાં બેહૂદાં વર્ણનો ઉપજાવી કાઢેલાં છે તેવાં વર્ણન વેદમાં મળતાં નથી. સદાચારીને સ્વર્ગવાસ, ને દુરાચારીને નરકવાસ, એ નિયમ છે. પુણ્ય કરવાથી પુરસ્કાર, ને પાપ કરવાથી સજા, મળે છે. અજ્ઞાન માણસો મૃત્યુ પછી ઘોર અંધકારથી છવાયેલા જે આનંદ વિનાના લોકમાં જાય છે તે લોક તે

આપણે જેમાં રહીએ છીએ તે ભૂલોક જ છે, એવો ડૉયસનનો મત છે; પણ હું એમ માનતો નથી. સંસારનો એટલે કે ભવચક્રનો, અથવા સુખની ન્યૂનાધિક કક્ષાઓનો, ખ્યાલ હજુ પેદા થયેલો જોવામાં નથી આવતો. ઋગ્વેદની એક ઋચામાં કહ્યું છે: "તેને કરવાનું કામ તે કરી રહે છે ને ઘરડો થાય છે ત્યારે તે આ લોકમાંથી ચાલ્યો જાય છે; અહીંથી ગયા પછી તે ફરી એકવાર જન્મે છે; એ એનો ત્રીજો જન્મ છે." દરેક માણસને ત્રણ જન્મ હોય છે, એવો જે સિદ્ધાન્ત વેદમાં છે તેનો અહીં ઉલ્લેખ છે. એ ત્રણ જન્મ તે આ: પહેલો માની કૂખે બાળક તરીકે થતો; બીજો આત્મ-જ્ઞાનના શિક્ષણ વડે થતો; ને ત્રીજો મરણ પછી થતો. આત્મા વડે જ માણસ જીવતો ગણાય છે, ને એ આત્મા ગતિમાન છે, એવી માન્યતા આપણને જોવા મળે છે.[૧] દસમા મંડળના ૫૮ મા સૂક્તમાં બેભાન દેખાતા માણસના આત્માને વૃક્ષો, આકાશ ને સૂરજમાંથી પાછો આવવાનું કહેલું છે. અમુક અસાધારણ અવસ્થામાં આત્મા શરીરથી વિખૂટો પડીને બહાર જઈ શકે છે એમ મનાતું દેખાય છે. છતાં આ બધા પરથી એમ પુરવાર નથી થતું કે વૈદિક આર્યો પુનર્જન્મની કલ્પનાથી વાકેફ હતા.

### ૧૨. ઉપસંહાર

સંહિતાનાં સૂક્તો એ પાછળના ભારતીય તત્ત્વજ્ઞાનનો પાયો છે. એ સૂક્તોમાં જે કર્મકાંડના વિધિઓનાં સૂચનો છે તેના પર બ્રાહ્મણગ્રન્થોમાં ભાર દીધેલો છે; જ્યારે એમાંના તત્ત્વચિન્તન ને તત્ત્વચર્ચાના ઉલ્લેખોને ઉપનિષદોએ ઉપાડી લીધા છે ને એ દિશામાં આગળ પ્રયાણ કર્યું છે. ભગવદ્‌ગીતાનો ભક્તિયોગ એ વરુણોપાસનાનું જ ઉચ્ચતર રૂપ છે. કર્મનો મહાસિદ્ધાન્ત હજુ ઋતરૂપે બાલ્યાવસ્થામાં છે. સમુદ્રના પાણી પર તરતા હિરણ્યગર્ભની કલ્પનાના તર્કશુદ્ધ વિકાસમાંથી જ, પુરુષ ને પ્રકૃતિના ભેદવાળું દ્વૈતવાદી સાંખ્ય દર્શન પેદા થયેલું છે. યજ્ઞ કરવાથી કે વેદમન્ત્રો ગાવાથી કે સોમરસના પાનથી ઉન્માદ કે અભાનોર્મિની અવસ્થા પ્રાપ્ત કરી શકાય છે, ને એવી સ્થિતિમાં આપણે સ્વર્ગની ભવ્યતાઓ નિહાળી શકીએ છીએ, એવાં જે વર્ણનો આવે છે તે આપણને યોગની સમાધિની અમુક અવસ્થાઓનું સ્મરણ કરાવે છે, જેમાં યોગીને અવાજો સંભળાય છે ને અલૌકિક દૃશ્યો દેખાય છે.

## ખંડ ૨ : અથર્વવેદ અને બ્રાહ્મણો

અથર્વવેદનું સામાન્ય સ્વરૂપ — સંસ્કૃતિઓનો સંઘર્ષ — અથર્વવેદનો અતિ-પ્રાચીન ને અણઘડ ધર્મ — જાદુ અને ગૂઢવાદ — યજુર્વેદ — બ્રાહ્મણો — તેમાંનો યજ્ઞ અને સ્તુતિનો ધર્મ — પુરોહિતનું પ્રાબલ્ય — વેદનું પ્રામાણ્ય — સૃષ્ટિવિજ્ઞાન — નીતિનિયમ અને સદાચાર — વર્ણવ્યવસ્થા — મરણોત્તર જીવન.

### ૧. અથર્વવેદ

"ઋગ્વેદનાં સૂક્તોનું અતિશય ગોટાળાવાળું રૂપ; આગલા યુગનાં દેવદેવીઓમાં સેળભેળ ને અંધાધૂંધી; નવા, અને હવે પૂરા થયેલા, દેવમંડળમાં એ સર્વનો સમાવેશ; વિચિત્ર દેવોનો નવો પ્રવેશ; ઘોર યાતનાવાળા નરકની હસ્તીનો સ્વીકાર; ઘણાં દેવદેવીને બદલે, સર્વ દેવોના તેમજ પ્રકૃતિના પણ પ્રતિનિધિરૂપ એક દેવની સ્થાપના; જારણમારણ આદિ બૂરાં કામો માટે અભિચારના મન્ત્રો, ને સારાં કામો માટે શુભ મન્ત્રો; 'જેને હું ધિક્કારું છું ને જેઓ મને ધિક્કારે છે' તેમની સામે શાપના મન્ત્રો; સંતતિ મેળવવા માટે, આવરદા લંબાવવા માટે, કૂડા જાદુનું નિવારણ કરવા માટે, ઝેર અને બીજા રોગ સામે સાવચેતી માટે, જાદુ ને મંતરજંતર; યજ્ઞના 'ઉચ્છિષ્ટ'ને દેવપદે પહોંચાડવાથી સૂચિત થતા કર્મકાંડ વિષેના આદરનો, ગતિમાત્રને રૂંધે એટલી હદ સુધીનો, અતિરેક; સાપ, રોગ, નિદ્રા, કાલ, અને તારાઓની સ્તુતિઓ; મન્ત્રો વડે પુરોહિતને હેરાન કરનાર સામે અભિશાપનાં વચનો;"[૧] — ઋગ્વેદના પઠન પછી અથર્વવેદ વાંચીએ એનાથી મન પર પડતી છાપનો ચિતાર સંક્ષેપમાં ઉપર આપ્યો છે.[૧] ઋગ્વેદમાં પણ મંતરજંતર, જાદુ, જારણમારણ, ને અભિચારનાં વચનો, તથા જડ નિર્જીવ વસ્તુઓ, અસુરો ને રાક્ષસોની સ્તુતિનાં સૂક્તો, જોવા તો મળે છે. ઘરમાં સૂતેલાં માણસોને ધારણ[૨]

નાખવાના ચોરના મન્ત્રો, ભૂતપ્રેત આદિને સ્ત્રીઓની કસુવાવડ કરાવતાં રોકવાના મન્ત્રો,[1] અને રોગ કાઢવાના મન્ત્રો[2] પણ તેમાં મળી આવે છે. આમ ઋગ્વેદના કાળમાં જાદુ, જંતરમંતર ને અભિચાર ચાલતા ખરા; પણ વૈદિક ઋષિઓએ તેને ઉત્તેજન કે માન્યતા આપ્યાં નહોતાં. ઋગ્વેદમાં એ વસ્તુઓના છૂટાછવાયા ઉલ્લેખો આવે છે તે જાણે પાછળથી ઉમેરેલા હોય એવા દેખાય છે; જ્યારે અથર્વવેદમાં તો મુખ્ય વિષય જ એ છે.

અથર્વવેદનો જે વિચિત્ર ધર્મ છે તે ઋગ્વેદના ધર્મ કરતાં જૂનો છે, એ વિષે શંકા નથી; માત્ર અથર્વવેદની સંહિતા પાછળથી રચાયેલી. વૈદિક આર્યો જેમ હિંદુસ્તાનમાં આગળ વધતા ગયા તેમ તેમને જંગલી, અસંસ્કારી ને અણસુધરેલી જાતિઓનો ભેટો થયો. એ જાતિઓ સાપ અને નાગ, વૃક્ષ અને પાષાણને પૂજનારી હતી. કોઈ પણ સમાજને અસંસ્કૃત ને અર્ધસંસ્કૃત પ્રજાસમૂહોની વચ્ચે રહીને પણ પોતાની પ્રગતિશીલ સુધારાની સ્થિતિ ટકાવી રાખવી હોય, તો તેને માટે એક જ રસ્તો છે. તેણે નવી સ્થિતિને પહોંચી વળવા કાં તો એ પ્રજાઓને જીતી તાબે કરવી રહી, અથવા તેમને પોતાની સંસ્કૃતિનાં મૂળતત્ત્વો શીખવવાં રહ્યાં. આપણી આગળ ત્રણ જ રસ્તા ખુલ્લા હોય છે — કાં તો જંગલી પડોશીઓનું નિકંદન કાઢવું; અથવા તેમને પોતાના પરિવારમાં સમાવી લઈ સંસ્કારની ઊંચી કક્ષાએ ચડાવવા; અથવા તો તેઓ આપણા પર મોટો હલ્લો લાવી પોતાની વિશાળ સંખ્યામાં આપણી નાની સંખ્યાને ડુબાડી દે તે સહન કરવું. આર્યોને માટે પહેલો રસ્તો અશક્ય હતો, કેમકે તેમની સંખ્યા પ્રમાણમાં ઘણી ઓછી હતી. ઊંચા ખવાસ અને સંસ્કારનું અભિમાન તેમને ત્રીજો રસ્તો લેતાં રોકતું હતું. એટલે માત્ર બીજો રસ્તો જ તેમને માટે ખુલ્લો હતો; તે તેમણે સ્વીકાર્યો. ઋગ્વેદમાં ગૌરવર્ણ આર્યો ને કાળી ચામડીવાળા દસ્યુઓ વચ્ચેના સંઘર્ષનો યુગ વર્ણવ્યો છે. એ સંઘર્ષને ભારતીય પુરાણકથાઓએ દેવાસુરસંગ્રામનું રૂપ આપ્યું છે. અથર્વવેદમાં જે યુગનો ચિતાર આપ્યો છે તે યુગમાં એ સંઘર્ષ શમી ગયો છે, ને બે કોમો માંહોમાંહે આપલે કરીને સંપથી રહેવા મથે છે. આ બાંધછોડની વૃત્તિને લીધે આદિવાસી લોકોનો ધર્મ તો ઉન્નત થયો; પણ વૈદિક ધર્મમાં જાદુ, જંતરમંતર ને અભિચાર દાખલ થવાથી તેની અવનતિ થવા પામી. ભૂત પ્રેત પિશાચ, તારા, વૃક્ષો ને પર્વતોની



પૂજા, તથા જંગલવાસી કોમોના બીજા વહેમો વૈદિક ધર્મમાં ઘૂસી ગયાં. વૈદિક આર્યોએ અણસુધરેલા લોકોને કેળવવાનો જે પ્રયાસ કર્યો તેને પરિણામે, તેઓ પોતે જે આદર્શ ફેલાવવા મથતા હતા તે આદર્શમાં જ સડો પેઠો. અથર્વવેદના મન્ત્રસંચયના અંગ્રેજી અનુવાદની પ્રસ્તાવનામાં બ્લૂમફીલ્ડ કહે છે: “જારણ મારણ વશીકરણ વગેરે અભિચારો પણ હિંદુ ધર્મનું અંગ છે. તે પવિત્રમાં પવિત્ર વૈદિક વિધિઓની અંદર ઘૂસી ગયેલા, ને તેમાં ઊંડા ઊતરીને ભળી ગયા હતા. લોકપ્રિય ધર્મ અને વહેમનો વિશાળ પ્રવાહ, અગણિત વહેણોમાં થઈને, બ્રાહ્મણ પુરોહિતોએ ઉપદેશેલા ધર્મમાં ભળી ગયો હતો. અને એમ માની શકાય કે પોતાની ધાર્મિક માન્યતાઓની આસપાસ લૌકિક માન્યતાઓના જે થર ધાડા જામી ગયા હતા તે થરને ખસેડી પોતાના મૂળ ધર્મને શુદ્ધ બનાવવાનું કામ કરવાની શક્તિ એ પુરોહિતોમાં રહી નહોતી; એટલું જ નહીં પણ એમ કરવામાં એમને પોતાનો લાભ દેખાયો હોય એ પણ જરાયે સંભવિત નથી.”[1] દુનિયાના નબળા લોકો સબળા ઉપર કેવાં વેર વાળી શકે છે તેનો આ નમૂનો છે. હિંદુ ધર્મ શંભુમેળા જેવો કેમ છે તેનો ખુલાસો અહીં મળે છે. જંગલી વહેમોની ભમતી કલ્પનાઓથી માંડીને ગગનગામી વિચારોના ઊંચામાં ઊંચા જ્ઞાનદર્શન લગીની, વિચાર અને માન્યતાની, સર્વ વચલી કક્ષાઓને તેણે પોતામાં સમાવી લીધેલી છે. આર્યધર્મ છેક આરંભથી પોતાનો વિસ્તાર વધારતો હતો; સાથે પોતાનો વિકાસ પણ સાધતો હતો, અને સહિષ્ણુ હતો. તેના વિકાસ દરમ્યાન તેને જે નવી શક્તિઓ મળતી ગઈ તેને અનુકૂળતા કરી આપી તેનો તે પોતાના દેહમાં સમાસ કરતો ગયો. આમાં આપણે એની સાચી નમ્રતા ને સહૃદયતા જોઈ શકીએ છીએ. નીચલી કોટિના ધર્મો પ્રત્યે આંખ મીંચી, તેમની જોડે લડી, તેમનું નિકંદન કાઢવાનું હિંદીઓને રુચ્યું નહીં. પોતાનો ધર્મ એ જ એકમાત્ર સાચો ધર્મ છે, એવો ધર્માન્ધપણાનો ગર્વ તેમનામાં હતો નહીં. કોઈ દેવ મનુષ્યના મનને અમુક રીતે સન્તોષ આપતો હોય, તો તે એક પ્રકારનું સત્ય છે. સંપૂર્ણ સત્ય કોઈના હાથમાં આવી શકે એમ નથી. તે ક્રમે ક્રમે, અંશતઃ, અને અમુક સમય પૂરતું જ, પ્રાપ્ત કરી શકાય છે. પણ એ લોકો ભૂલી ગયા કે અસહિષ્ણુતા એ પણ કેટલીકવાર સદ્‌ગુણ થઈ પડે છે. ‘ખોટું નાણું સાચા નાણાને ચલણમાંથી હાંકી કાઢે છે,’ એ પ્રકારનો નિયમ જેમ અર્થશાસ્ત્રમાં છે તેમ ધર્મમાં પણ

છે. જ્યારે આર્ય અને અનાર્ય ધર્મ — એક સંસ્કારી ને બીજો અસંસ્કારી, એક સારો ને બીજો બૂરો — ભેગા થયા ત્યારે સારાને ચલણમાંથી હાંકી કાઢવાનું વલણ બૂરાએ બતાવ્યું.

## ૨. અથર્વવેદના દેવો

અથર્વવેદનો ધર્મ તે અતિપ્રાચીન, અર્ધસંસ્કૃત મનુષ્યનો ધર્મ છે. એવા માણસને જગત આકાર વિનાનાં ભૂતપ્રેત અને વિનાશકારી સત્ત્વોથી ભરેલું લાગે છે. પોતે કુદરતનાં બળોની સામે અસહાય છે, ને પોતાનું જીવન પગલે પગલે મોતના પંજામાં સપડાવાનો ભય હોઈ મોત ક્યારે આવી પડશે એની ખબર પડતી નથી, — એવું ભાન તેને થાય છે ત્યારે તે મૃત્યુ ને વ્યાધિ, અનાવૃષ્ટિ ને ધરતીકંપ એ સર્વ ક્ષેત્રોમાં પોતાની કલ્પનાના ઘોડાને દોડાવી મૂકે છે. તેની નજરે આખું જગત ભૂતપ્રેત ને દેવદેવીઓથી ભરેલું દેખાય છે; અને જગત પર જે આફતો ને ઉત્પાતો આવી પડે છે તે બધાં એ અસંતુષ્ટ સત્ત્વોએ નાખેલાં છે એમ જ તે માને છે. માણસ માંદો પડે ત્યારે વૈદને નહીં પણ ભુવાને બોલાવવામાં આવે છે; ને ભુવો દરદીનો વળગાડ કાઢવા મંતરજંતર, દોરાધાગા વગેરે કરે છે.[૧] ભયંકર શક્તિઓને તો માણસનું કે જાનવરનું લોહી રેડીને આપેલા બલિદાનથી જ શાન્ત પાડી શકાતી. માણસના મનમાં રહેલી મોતની બીકે વહેમને માટે દરવાજા મોકળા મૂકી દીધા. શ્રીમતી રેગોઝીન લખે છે: “ ઋગ્વેદના ઋષિઓ તેજસ્વી, પ્રસન્ન ને કલ્યાણકારી દેવમંડળની, વિશ્વાસ અને આભારપૂર્વક, સ્તુતિ કરતા. જાણે એ દેવમંડળના વિરોધી દળરૂપે આપણે અથર્વવેદમાં વિચિત્ર ને અણગમો ઉપજાવે એવો, ભૂંડી કિકિયારી પાડનારો, અસુરવર્ગ જોઈએ છીએ; અને તે માણસોનાં મનમાં ઉપજાવે છે તેવા ભય ને થથરાટ આર્યોની કલ્પનામાંથી તો કદી નીપજ્યા નથી. ”[૨] અથર્વવેદનો ધર્મ એ આર્ય ને અનાર્ય આદર્શોનું સંમિશ્રણ છે. ઋગ્વેદ ને અથર્વવેદની ભાવનાઓ વચ્ચેનો ભેદ સમજાવતાં વ્હીટનીએ લખ્યું છે: “ ઋગ્વેદમાં દેવની ઉપાસના કરતી વેળા મનુષ્યના મનમાં પૂજ્યભાવમિશ્રિત ભય ઊપજતો ખરો, પણ સાથે પ્રેમ ને વિશ્વાસ પણ ઊપજતા. તેમની જે ઉપાસના કરવામાં આવતી તેને લીધે ઉપાસકનું મન પણ ઉન્નત બનતું. ‘ રાક્ષસ ’ એ સામાન્ય નામે



ઓળખાતા દાનવો અસુરો વગેરે ત્રાસજનક હતા; તેમને દેવો મનુષ્યોથી છેટા રાખતા ને તેમનો સંહાર કરતા. અથર્વવેદના દેવો વિષે મનુષ્યો એક પ્રકારનો દારુણ ભય સેવે છે; અને એ શક્તિઓનો કોપ ટાળવો જોઇએ, ને તેમની કૃપા મેળવવા મથવું જોઈએ, એમ માને છે. અથર્વવેદમાં અનેક વર્ગ અને દરજ્જાવાળી, ભૂત પ્રેત પિશાચ અસુર આદિની મોટી સેનાનાં નામો આવે છે. તેમને સીધું સંબોધન કરીને તેમની સ્તુતિ કરેલી છે; અને તેમને રીઝવવા માટે, ને હાનિ કરતાં રોકાઈ જવા સમજાવવા માટે પગે પડીને વીનવેલાં છે. ઋગ્વેદના મન્ત્રો (ઋચાઓ) ભક્તિનાં સાધન છે; અથર્વવેદમાં તે વહેમનાં સાધન બની ગયાં છે. જૂના વખતમાં મનુષ્યો વિષે દેવોનાં મનમાં જે સદ્‌ભાવ હતો તેનાથી પ્રેરાઈને તેઓ મનુષ્યોને અનેક પ્રકારની ભેટો આપતા. હવે અથર્વવેદના મંત્રો ઉચ્ચારીને દેવોના હાથમાંથી, તેમની મરજી હોય કે ન હોય તોપણ, ભેટ પરાણે પડાવવામાં આવે છે; અથવા તો મંત્રમાં રહેલી ચમત્કારિક શક્તિને લીધે જ તેનો ઉચ્ચાર કરનારની ઇચ્છાઓ તૃપ્ત થાય છે. અથર્વવેદમાં જે મંતરજંતર ઘણા મોટા પ્રમાણમાં છે તે એની સૌથી આગળ તરી આવતી વિશેષતા છે. એ મન્ત્રો કાં તો લાભ મેળવવા માગનાર પોતે બોલે છે, અથવા તો અભિચારપ્રયોગમાં કુશળ એવો કોઈ માન્ત્રિક કે ભુવો તેની વતી બોલે છે. એમ કરીને હરેક જાતના લાભ મેળવવાનો ને જાતજાતની ધારણાઓ પાર પાડવાનો જ ઉદ્દેશ હોય છે...... અથર્વવેદના કેટલાક મન્ત્રોમાં કોઈ એક જ વિધિ કે ક્રિયા લઈ તેની સ્તુતિ કરેલી છે; ઋગ્વેદનાં પવમાન સૂક્તોમાં સોમની સ્તુતિ કરેલી છે એને લગભગ મળતો સૂર આમાં છે. ચિન્તનથી ભરેલાં ને તત્ત્વદર્શનની ઝંખના દર્શાવનારાં સૂક્તોની પણ ખોટ નથી. પણ પ્રથમ વેદની પછીના યુગોમાં હિંદુ ધર્મનો જે વિકાસ થવા પામેલો તેનો વિચાર કરતાં, અથર્વવેદમાં આ બીજા પ્રકારનાં સૂક્તોની સંખ્યા ઘણી મોટી હોવાની અપેક્ષા સહેજે રખાય. પણ એ સંખ્યા એટલી મોટી વસ્તુતઃ નથી. મુખ્યત્વે એમ દેખાય છે કે અથર્વ એ પુરોહિતોએ રચેલો ને પ્રવર્તાવેલો ધર્મ નહીં, પણ લોકોમાં અનાયાસે પ્રચલિત એવો ધર્મ હતો. અને વેદકાળથી આધુનિક યુગ સુધીના સંક્રમણનો ઇતિહાસ તપાસીએ તો, અથર્વવેદનો ધર્મ એ બ્રાહ્મણવર્ગના ભવ્ય અદ્વૈતબ્રહ્મવાદનું નહીં, પણ અજ્ઞાન જનસમૂહનાં બેહૂદાં મૂર્તિપૂજાઓ ને વહેમોનું, પૂર્વરૂપ છે. ”[૧] જંતર-

મંતર અને અભિચારપ્રયોગ પર બાળકના જેવો વિશ્વાસ રાખનારો, ને જાદુથી ભરેલો, ધર્મ આ કાળમાં શુદ્ધતર વેદધર્મને ખસેડી તેનું સ્થાન લે છે. ભૂતપ્રેતને ભગાડનારા ને અંકુશમાં રાખનારા માન્ત્રિકો ને ભુવા સમાજમાં શ્રેષ્ઠ પદ પ્રાપ્ત કરે છે. તપ વડે કુદરત પર કાબુ મેળવનાર મોટા તપસ્વીઓનાં દૃષ્ટાન્તો આપણે સાંભળીએ છીએ. તેઓ પોતાની કઠોર તપસ્યા વડે કુદરતનાં બળોને પોતાના તાબામાં આણે છે. દેહદંડન કરીને અભાનોર્મિની સ્થિતિ પ્રાપ્ત કરી શકાય છે, એ વાત એ કાળમાં સારી પેઠે જાણીતી હતી. માણસ જાદુના ગુપ્ત સામર્થ્ય વડે દૈવી શક્તિમાં હિસ્સો મેળવી શકે છે. જાદુ ને જંતરમંતરમાં પાવરધા માણસોને વૈદિક ઋષિઓએ સત્કાર્યા, ને એમના ધંધાને ગૌરવ આપ્યું; તેનું પરિણામ એ આવ્યું કે જાદુ અને ઇશ્વિરસાક્ષાત્કાર બે વચ્ચે થોડા જ વખતમાં લોકોનાં મનમાં સંભ્રમ પેદા થયો. પંચાગ્નિની વચ્ચોવચ બેસવું, એક પગે ઊભા રહેવું, એક હાથ માથા ઉપર ઊંચો કરી રાખવો, એ વસ્તુઓ સાધારણ થઈ પડી; અને લોકો એ બધું દેહદંડન કુદરતનાં બળો પર હુકમ ચલાવવા માટે ને દેવો પાસે પોતાનું ધાર્યું કરાવવા માટે કરતા થઈ ગયા.

ભારતવર્ષના વહેમી પ્રજાસમૂહોમાં કેવી અસુરપૂજા ને મેલી વિદ્યા ચાલતી તેનો ખ્યાલ અથર્વવેદ આપણને આપે છે એ ખરું; પણ કેટલાક વિષયોમાં તે ઋગ્વેદ કરતાં આગળ વધેલો છે, ને તેના કેટલાક અંશો ઉપનિષદો ને બ્રાહ્મણોને મળતા આવે છે. એમાં કાળ ( સમય ), કામ ( પ્રણય ), અને સ્કંભ ( આધાર ) ની સ્તુતિ કરેલી છે. એ સહુમાં મોટો સ્કંભ છે. તે પરમ ને અન્તિમ તત્ત્વ છે. તેને પ્રજાપતિ, પુરુષ, બ્રહ્મ એમાંથી ગમે તે નામે ઓળખવામાં આવે છે. દિક્, કાલ, દેવો, વેદો, અને નૈતિક શક્તિઓ એ બધું સ્કંભમાં સમાઈ ગયેલું છે.[૨] રુદ્ર પશુનો દેવ છે; અને વેદકાળનો ધર્મ તથા પાછળની શિવપૂજા એ બેનું અનુસંધાન કરનારી કડીરૂપ છે. ઋગ્વેદમાં 'શિવ'નો અર્થ શુભ અથવા મંગલ એટલો જ થાય છે; ત્યાં એ દેવના નામનો સૂચક નથી. ઋગ્વેદમાં રુદ્ર એ પશુઓનો નાશ કરનાર ત્રાસદાયક દેવ છે.[૨] અથર્વવેદમાં તે પશુઓનો રક્ષક ને સ્વામી — પશુપતિ — છે. પ્રાણ ને પ્રકૃતિમાં ચૈતન્ય પૂરનાર તત્ત્વ કહીને તેની સ્તુતિ કરેલી છે.[૩] ભારતવર્ષની પાછળની અધ્યાત્મવિદ્યામાં પ્રાણોપાસના ને પ્રાણનિયમનને જે મહત્ત્વનું સ્થાન અપાયું



છે તેનો પ્રથમ ઉલ્લેખ અહીં મળે છે. ઋગ્વેદમાં જે પ્રાણનો ઉલ્લેખ છે તેનું જ કદાચ આ વિકાસ પામેલું રૂપ હોય. ઋગ્વેદમાં દેવ અને દેવીઓ બંને હતાં ખરાં, પણ દેવો વધારે આગળપડતા હતા. અથર્વવેદમાં એ ક્રમ ઊલટો થઈ જાય છે. તાન્ત્રિક દર્શનોમાં સ્ત્રૈણ તત્ત્વને પાયારૂપ ગણ્યું છે એમાં આશ્ચર્ય નથી. અથર્વવેદમાં ગાયની પવિત્રતા સ્વીકારી છે, અને બ્રહ્મલોકનો નામનિર્દેશ કરેલો છે.[૧] નરકને 'નરક' એ ઘટતે નામે ઓળખવામાં આવે છે. ભીષણ ત્રાસ અને યાતનાઓથી ભરેલું નરક લોકોને ઠીકઠીક પરિચિત હોય એમ લાગે છે.[૨]

અથર્વવેદના જાદુવાળા ભાગ ઉપર પણ આર્યોની અસર પડેલી દેખાઈ આવે છે. જાદુ માનવો ને ચલાવવો જ હોય, તો એથી પછીનું સારામાં સારું પગલું એ છે કે એ જાદુને શુદ્ધતર બનાવવો. એટલે ખરાબ જાદુને નિંદેલો છે, ને સારા જાદુને ઉત્તેજન આપ્યું છે. ઘણા અભિચારપ્રયોગો કુટુંબ અને ગામના જીવનમાં મેળ અને એકરાગને ઉત્તેજન આપનારા છે. ભારતવર્ષના જે ભાગોમાં આર્યોની અસર પહોંચી નથી તેમાં ટકી રહેલા જંગલી ને પશુહિંસાવાળા યજ્ઞોને નિંદ્યા છે. અથર્વવેદનું જૂનું નામ હતું 'અથર્વાંગિરસ'. તે બતાવે છે કે એમાં બે જુદાજુદા થર હતા — એક અથર્વનનો, ને બીજો અંગિરસનો. અથર્વનવાળા ભાગનો સંબંધ રોગોપચાર માટે કરાતા શુભ પ્રયોગો સાથે હતો.[૩] એથી ઊલટા, મેલા પ્રયોગો તે અંગિરસ શાખાના હતા. પહેલો ભાગ તે વૈદક, ને બીજો તે જંતરમંતર છે; અને એ બે ભાગ સેળભેળ થઈ ગયેલા છે.

અથર્વવેદ એ આટલી બધી માંડવાળનું પરિણામ હોઈ, તેને વેદ તરીકેની પ્રતિષ્ઠા મેળવતાં સારી પેઠે મુસીબત પડી હતી.[૪] તેના તરફ તિરસ્કારની દૃષ્ટિથી જોવાતું, કેમકે જાદુ ને જંતરમંતર એ તેનું મુખ્ય અંગ હતું. તેણે હિંદુસ્તાનમાં નિરાશાવાદની વૃત્તિ વધવામાં ફાળો આપ્યો. માણસો અસુરો ને ભૂતપ્રેત પર આસ્થા રાખે ને છતાં જીવનનો આનંદ ટકાવી શકે એમ બને નહીં. માણસને પોતાની આસપાસ રાક્ષસો જ દેખાયાં કરે તો તે જિંદગીથી થથરે. અથર્વવેદને ન્યાય કરવા ખાતર એટલું કહેવું જોઈએ કે તેણે હિંદુસ્તાનમાં વિજ્ઞાનના વિકાસ માટે રસ્તો તૈયાર કરવામાં મદદ કરી હતી.

## ૩. યજુર્વેદ અને બ્રાહ્મણો

તત્ત્વચિન્તનના ઇતિહાસમાં સર્જન અને સમીક્ષાના યુગ એક પછી એક

વારાફરતી આવ્યાં કરે છે. ઊંડી ને જ્વલંત શ્રદ્ધાના યુગો પછી શુષ્કતા ને કૃત્રિમતાના યુગ આવે છે. આપણે ઋગ્વેદ છોડીને યજુર્વેદ અને સામવેદ તથા બ્રાહ્મણો પર આવીએ છીએ ત્યાં વાતાવરણ બદલાયેલું લાગે છે. ઋગ્વેદની સ્ફૂર્તિ ને સાદાઈને બદલે આ પછીના ગ્રન્થોમાં ભાવહીનતા ને કૃત્રિમતા દેખા દે છે. ધર્મના પ્રાણરૂપ એવી જે હૃદયની ભાવના, તે એમાં ગૌણ સ્થાન લે છે; ને ધર્મના બાહ્ય કલેવરને તથા કર્મકાંડને ભારે મહત્ત્વ મળે છે. સ્તોત્ર-સંચયોની જરૂર જણાય છે. સામાજિક પ્રાર્થના કરવાનો ને તેમાં વેદમન્ત્રો ગાવાનો રિવાજ પડે છે. ઋગ્વેદમાંથી સૂક્તો લઈ તેને યજ્ઞના કામમાં અનુકૂળ પડે એવે ક્રમે ગોઠવવામાં આવે છે. પુરોહિત કર્તાહર્તા બને છે. યજ્ઞની વેદી રચવાની હોય કે એવા બીજા પ્રસંગો હોય ત્યારે ઉચ્ચારવાના ખાસ મન્ત્રો યજુર્વેદમાં આપેલા છે; અને સામવેદમાં યજ્ઞ વેળાએ ગાવાનાં ગાન આપેલાં છે. આ બે વેદની ચર્ચા બ્રાહ્મણોની સાથે કરી શકાય એમ છે, કેમકે એ બધામાં યજ્ઞના વિધિઓની ને યજ્ઞ વેળા બોલવાના મન્ત્રોની જ ચર્ચા કરેલી છે. યજુર્વેદનો ધર્મ એ યજ્ઞયાગથી ભરેલો યાન્ત્રિક કર્મકાંડ છે. ઋત્વિજો ને પુરોહિતોનું મોટું ટોળું બાહ્ય વિધિઓની વિશાળ ને અટપટી યોજના ચલાવે છે. એ વિધિઓમાં ઘણું રહસ્ય હોઈ તે મહત્ત્વના છે એમ માનવામાં આવે છે, ને તેની ઝીણામાં ઝીણી વીગતને ભારેમાં ભારે વજન અપાય છે. યજ્ઞયાગ અને કર્મકાંડના આવા ગૂંગળાવનારા વાતાવરણમાં સાચી ધાર્મિક ભાવના ટકી શકી નહીં. આદર્શની પૂજા, ને પાપનું ભાન, એ બે લક્ષણવાળી ધાર્મિક ભાવનાનો આ યુગમાં અભાવ દેખાય છે. પ્રત્યેક સ્તુતિવચનની સાથે અમુક વિધિ જોડેલો હોય છે, અને તેનું ધ્યેય કંઈક અર્થલાભ સાધવાનું હોય છે. યજુર્વેદના મન્ત્રો સંસારની વસ્તુઓ મેળવવા માટે કરેલી નજીવી વિનવણીઓની શુષ્ક ને નીરસ પુનરુક્તિઓથી ભરેલા છે. ઋગ્વેદનાં સૂક્તોનો યુગ તથા બીજા વેદો ને બ્રાહ્મણોનો યુગ એની વચ્ચે આપણે ચોખ્ખો ભેદ પાડી નથી શકતા; કેમકે જે વૃત્તિઓ પાછળના ગ્રન્થોમાં પ્રબળ થઈ પડી તે ઋગ્વેદનાં સૂક્તોમાં પણ મોજૂદ તો હતી જ. આપણે અમુક અંશે નિશ્ચય-પૂર્વક એટલું કહી શકીએ કે બ્રાહ્મણગ્રંથોના કરતાં ઋગ્વેદનાં મોટા ભાગનાં સૂક્તો વધારે પ્રાચીન યુગનાં છે.

## ૪. યજુર્વેદ અને બ્રાહ્મણોના દેવો

બ્રાહ્મણો એ વેદનો બીજો ભાગ છે. યજ્ઞવિધિઓની અટપટી વીગતોમાં પુરોહિતોને માર્ગદર્શન કરાવવાના ઈરાદાથી રચેલાં એ પાઠ્ય પુસ્તકો છે. ઐતરેય અને શતપથ એમાં મુખ્ય છે. યજ્ઞવિધિઓના અર્થો ઘટાવી બતાવવામાં વીગતો પરત્વે મતભેદ પડ્યા, તેને લીધે બ્રાહ્મણોની અનેક શાખાઓ થઈ. આ યુગમાં ધર્મના સ્વરૂપમાં મહત્ત્વના ફેરફારો થયા, ને તેણે ધર્મના ભાવિ ઇતિહાસ પર કાયમની અસર કરી છે. યજ્ઞ પર ભાર, વર્ણાશ્રમધર્મનું પાલન, વેદનું નિત્યત્વ, તથા ઋત્વિજો ને પુરોહિતોનું પ્રાબલ્ય, એ સર્વે આ યુગની વસ્તુઓ છે.

આ કાળમાં વૈદિક દેવમંડળમાં જે ઉમેરા થયા તેની નોંધ લઇને આપણે શરૂઆત કરીએ. યજુર્વેદમાં વિષ્ણુનું મહત્ત્વ વધ્યું. શતપથ બ્રાહ્મણે એને યજ્ઞની સાક્ષાત્ મૂર્તિ બનાવ્યો.[1] નારાયણ એ નામ પણ એમાં આવે છે. પણ નારાયણ અને વિષ્ણુનો સંબંધ જોડેલો છે તે તો તૈત્તિરીય આરણ્યકમાં જ. શિવ આ કાળમાં દેખા દે છે; અને કૌષીતકિ બ્રાહ્મણમાં એનાં અનેક નામ આપેલાં છે.[2] રુદ્ર હવે કલ્યાણકારી રૂપ ધારણ કરે છે, ને ગિરિશ એ નામે ઓળખાય છે.[3] ઋગ્વેદનો પ્રજાપતિ હવે દેવાધિદેવ અને સૃષ્ટિનો સરજનહાર બને છે. એ પ્રજાપતિ અને વિશ્વકર્મા બે એક જ દેવનાં નામ છે એમ બતાવવામાં આવે છે.[4] એકેશ્વરવાદને ઉત્તેજન આપવામાં આવે છે. અગ્નિનું મહત્ત્વ ઘણું મનાય છે. વેદમન્ત્રોનો દેવ બ્રહ્મણસ્પતિ તે મન્ત્રોચ્ચારણનો નેતા ને યજ્ઞવિધિઓનો યોજક બને છે. ઋગ્વેદમાં 'બ્રહ્મ' શબ્દનો અર્થ દેવને ઉદ્દેશીને ઉચ્ચારેલો મન્ત્ર કે સ્તુતિવચન એટલો જ છે.* ઋષિને સૂક્ત રચવામાં મદદ કરનારી, મન કે આત્માની શક્તિ, એવો જે એનો અર્થ હતો તે બદલાઈને, જે વસ્તુ મેળવવાને સ્તુતિ કરી હોય તે, એવો અર્થ થઈ ગયો. આગળ જતાં, 'પ્રાર્થનાનું કારણ' એ એનો અર્થ

* अकारि ते हरिवो ब्रह्म नव्यम् । ऋ. ४; १६; २१.
(હે ઈન્દ્ર, તમારું આ નવું સ્તોત્ર કર્યું છે.)

आदित्या रुद्रा सुदानव इमा ब्रह्म शस्यमानानि जिन्वत । ऋ. १०; ६६; १२.
(હે આદિત્ય અને રુદ્ર! તમે ભારે ઉદાર છો. આ સૂક્ત રચવાની પ્રેરણા તમે કરી છે.)

મટીને ‘ યજ્ઞની શક્તિ ’ એવો અર્થ થવા લાગ્યો. અને બ્રાહ્મણોમાં આખું વિશ્વ યજ્ઞમાંથી ઉત્પન્ન થયેલું ગણાવ્યું છે, એટલે બ્રહ્મનો અર્થ છેવટે સૃષ્ટિનું સર્જન કરનારી શક્તિ એવો થવા લાગ્યો.[1]

બ્રાહ્મણગ્રન્થોનો ધર્મ નર્યા કર્મકાંડનો હતો. વેદનાં સૂક્તોમાં જે કવિત્વની ઝલક અને હૃદયનો ઉત્સાહ હતાં તે અહીં અલોપ થઈ ગયાં છે. પ્રાર્થના એટલે મન્ત્રોનું ઉચ્ચારણ અથવા પવિત્ર સૂત્રોનો પાઠ, એવો અર્થ થવા લાગ્યો છે. દેવને જાગૃત કરી તેની પાસે ધાર્યું કામ કરાવવા માટે ઉચ્ચ સ્વરે પોકારીને વિનવણીઓ કરાવવાની જરૂર મનાવા લાગી. શબ્દો તે માત્ર ગૂઢ અકળ શક્તિવાળા કૃત્રિમ અવાજો થઈ પડ્યા. પોતે પૃથ્વી પર વિચરતો મનુષ્યદેવ છે એવા ગૌરવનો દાવો કરનાર ઋત્વિજ સિવાય કોઈ એ લખાણોના ગૂઢ અર્થ સમજી શકતું નહીં. માણસોની એકમાત્ર આકાંક્ષા દેવોના જેવા અમર બનવાની હતી; ને દેવો યજ્ઞો કરીને એ પદ પામ્યા છે એમ મનાવા લાગ્યું.[2] આખું વિશ્વ યજ્ઞના પ્રભાવને વશ છે; યજ્ઞ ન થાય તો સૂરજ ન ઊગે; સો અશ્વમેધ યજ્ઞ કરનાર માણસ, ઇન્દ્રને પદચ્યુત કરી, સ્વર્ગમાં ઇન્દ્રાસન લઈ શકે છે; એવી માન્યતાઓ પ્રચલિત થઈ. યજ્ઞોથી દેવો રીઝતા ને માણસોને લાભ થતો. યજ્ઞને લીધે દેવો મનુષ્યના મિત્ર બનતા. યજ્ઞો હંમેશાં સ્વર્ગનું સુખ નહીં પણ સંસારના લાભો મેળવવાને થતા. વેદનો જે સાદો, ભક્તિભાવવાળો ધર્મ હતો તેનું સ્થાન લેવડદેવડના વિચાર પર રચાયેલા કડક, આત્માને જડ બનાવનાર, ને વેપારી વૃત્તિવાળા ધર્મે લીધું.[3] વેદનાં સૂક્તોમાં પણ યજ્ઞો હતા ખરા; પણ સાચા ધર્મની નિદર્શક એવી જે પ્રાર્થનાઓ કે સ્તુતિઓ હતી તેની સાથે જોડેલી નકામી પુરવણીરૂપ હતા. પણ બ્રાહ્મણકાળમાં એ યજ્ઞે મધ્યવર્તી સ્થાન પ્રાપ્ત કર્યું છે. ક્રિયાકાંડમાં કરેલો પ્રત્યેક વિધિ, ને ઉચ્ચારેલો પ્રત્યેક અક્ષર, મહત્ત્વનો ગણાય છે. બ્રાહ્મણકાળના ધર્મ પર, પ્રત્યેક ક્રિયાનું રહસ્ય રૂપક દ્વારા સમજાવવાને કરેલી ઝીણી ઝીણી દલીલોનો બોજો ઘણો વધી પડ્યો; અને છેવટે એ ધર્મ નિરર્થક વિધિઓ ને કર્મકાંડના આડંબરરૂપી આત્મહીન યંત્રની જાળમાં અટવાઈ પડી ગૂમ થઈ ગયો.

યજ્ઞની કલ્પનાનું પ્રાબલ્ય વધતું ગયું, તેને લીધે ઋત્વિજો ને પુરોહિતોનું મહત્ત્વ વધવામાં મદદ થઈ. વેદનાં સૂક્તોનો ઋષિ, જે પોતાની પ્રતિભા દ્વારા



સત્યનું ગાન કરતો, તે હવે ઈશ્વરપ્રણીત શાસ્ત્રગ્રન્થોનો રક્ષક કે ચોકીદાર, અને જાદુઈ શક્તિવાળા મન્ત્રોનો પાઠ કે ઉચ્ચારણ કરનાર, બની ગયો. આર્યોએ ધંધા અનુસાર ત્રણ વર્ણની જે સાદી વ્યવસ્થા કરી હતી તેણે આનુવંશિક રૂપ ધારણ કર્યું. યજ્ઞના વિધિઓ અતિશય ઝીણી વીગતથી કરવા પડે ત્યારે એને માટે ઋત્વિજ વર્ગને ખાસ તાલીમ લેવી પડે છે. યજ્ઞવિધિની અટપટી ને ઝીણીઝીણી ક્રિયાઓ કુટુંબના મુખ્ય પુરુષથી ચલાવી શકાય એવું ન રહ્યું. ઋત્વિજ યા પુરોહિતનું કામ એ પેઢી દર પેઢી ચાલનારો એક ધંધો થઈ પડ્યો. વેદવિદ્યાનું જ્ઞાન ધરાવનાર બ્રાહ્મણો દેવો ને મનુષ્યો વચ્ચે સત્તાભેર દરમ્યાનગીરી કરનાર થઈ પડ્યા; ને દેવોની કૃપા એમની મારફતે જ પ્રાપ્ત થઈ શકે એવી સ્થિતિ આવી પડી. જેને માટે યજ્ઞવિધિઓ કરવામાં આવતા હોય તે યજમાન તો કોરે ઊભો રહે છે. તે યજ્ઞમાં નિષ્ક્રિય ભાગ લે છે; ને યજ્ઞને માટે માત્ર માણસો, પૈસા ને સાધનસામગ્રી પૂરી પાડે છે. બાકીનું બધું કામ એની વતી ઋત્વિજ યા પુરોહિત કરે છે. સત્તા, પ્રતિષ્ઠા ને મોજશોખની ઝંખનાવાળી સ્વાર્થવૃત્તિ ધર્મમાં ઘૂસી ગઈ; અને તેણે મૂળ આદર્શના તેજને ઝાંખું કરી નાખ્યું. યજ્ઞના હવિના મૂલ્ય વિષે લોકોનાં મનમાં અવળા ખ્યાલો પેદા કરવાના પ્રયત્નો ચાલ્યા અમુક કર્તવ્યો ને પદવીઓ અમુક જ વર્ગના હાથમાં રહે એવી પાકી વ્યવસ્થા થઈ. પાર વિનાનાં રૂપકો ને પ્રતીકપૂજા દાખલ કરીને એની જડ ઊંડી નાખવામાં આવી. ભાષા જાણે આપણને આપણા વિચારો સંતાડવા સારુ જ ન મળી હોય એવી રીતે વપરાવા લાગી. વસ્તુમાત્રનું ગૂઢ રહસ્ય બ્રાહ્મણ ઋત્વિજો જ સમજી શકતા. એટલે એ બ્રાહ્મણો પોતાને દેવ જેવું માન મેળવવાનો હક છે એમ કહે એમાં આશ્ચર્ય નહોતું. શતપથ બ્રાહ્મણમાં કહ્યું છે : “ દેવ બે પ્રકારના છે. દેવો પોતે તો દેવો છે જ. તે ઉપરાંત જે બ્રાહ્મણોએ વેદનું અધ્યયન ને અધ્યાપન કર્યું છે તે મનુષ્યદેવો છે. ”[1]

આ કાળમાં ક્યાંક ક્યાંક એવા પણ બ્રાહ્મણો મળી આવે છે જેઓ ગંભીરપણે કહે છે કે “ જે માણસ અમને કામ માટે રોકે તેનું મૃત્યુ અમે નિપજાવી શકીએ. ” જોકે એવું કાર્ય નિષિદ્ધ છે[2] એમ સમજવા જેટલી નીતિભાવના એમનામાં હોય છે. બ્રાહ્મણ વર્ણના બળમાં વધારો કરનાર એક બીજો પણ સંજોગ હતો. જે વેદને આર્યો પોતાની સાથે લાવેલા, અને આપણે

આગળ ઉપર જોઈશું તેમ જે આર્ય જાતિની પવિત્ર સંપત્તિ છે એવી કલ્પના બંધાયેલી, તે વેદને સાચવી રાખવાની જરૂર હતી. એ સાચવણીનું કામ બ્રાહ્મણ વર્ણને સોંપવામાં આવ્યું. વેદને ટકાવી રાખવા હોય તો બ્રાહ્મણે પોતાનો એ વ્યવસાય એકનિષ્ઠપણે ચલાવવો રહ્યો, ને એને અનુરૂપ પોતાનું જીવન ઘડવું રહ્યું. એટલે તેણે પોતાના જીવન પર કડક અંકુશો મૂક્યા. મનુએ કહ્યું છે: “વેદનું અધ્યયન ન કરનાર બ્રાહ્મણ સળગેલા સૂકા ઘાસની પેઠે ક્ષણમાં હોલાઈ જાય છે.”[1] બ્રાહ્મણ જેમ ઝેરથી દૂર રહે તેમ તેણે દુનિયાનાં માનપાનથી દૂર રહેવું જોઈએ. બ્રહ્મચારી તરીકે તેણે પોતાના વિષયવિકાર પર સંયમ રાખવો જોઈએ, આચાર્યની સેવા કરવી જોઈએ, ને ભિક્ષા માગીને ખાવું જોઈએ. ગૃહસ્થ તરીકે તેણે ધન એકઠું કરવાની લાલસા ન રાખવી જોઈએ, સાચું બોલવું જોઈએ, સદાચારી જીવન ગાળવું જોઈએ, અને મન તથા શરીરને શુદ્ધ રાખવાં જોઈએ. બ્રાહ્મણોને લાગ્યું કે તેમને જે પવિત્ર કાર્ય સોંપવામાં આવ્યું છે તેને એકનિષ્ઠાથી પાર ઉતારવાની તેમની ફરજ છે. ઇતિહાસનાં તમામ ભયાનક અકસ્માતો ને પરિવર્તનોની સામે તેમણે વૈદિક પ્રણાલિકાને કેવી અદ્‌ભુત રીતે સાચવી રાખી છે, એ વિષે અમારે કંઈ કહેવાની જરૂર નથી. આજે પણ ભારતવર્ષનાં શહેરોની શેરીઓમાં આપણે આ વેદમૂર્તિઓનાં — વેદવિદ્યાના જીવતાજાગતા ભંડારોનાં — દર્શન કરી શકીએ છીએ. વર્ણ વર્ણ વચ્ચે પાછળના યુગમાં જે કડક અંતરાયોની દીવાલો ઊભી થઈ તેનું કારણ ઐતિહાસિક અકસ્માતો છે. બ્રાહ્મણગ્રન્થોના યુગમાં દ્વિજ ગણાતા આર્યોમાં દેખીતો ઝાઝો ભેદ નહોતો. તે સહુને વેદ ભણવાની છૂટ હતી.[2] “યજ્ઞ એ સ્વર્ગ તરફ હંકારી રહેલી નૌકા છે. એમાં એક પણ પાપી ઋત્વિજ હોય તો તે એક ઋત્વિજ નૌકાને ડુબાડે.”[3] એટલે નીતિનિયમને સાવ નકામો ને પ્રયોજન વિનાનો ગણીને તેનો વિચાર કાઢી નાખવામાં આવ્યો નહોતો. બ્રાહ્મણ ઋત્વિજો દુષ્ટ નહોતા તેમ બેવકૂફ પણ નહોતા. તેમનાં મનમાં કર્તવ્ય ને સદાચાર વિષે તેમના પોતાના ખ્યાલો હતા, તેનો ઉપદેશ તેઓ બીજાને કરવા મથતા હતા. તેઓ પ્રામાણિક, નીતિમાન ને ધર્મનિષ્ઠ માણસો હતા. તેઓ યથાશક્તિ નિયમો પાળતા, ધર્મવિધિ કરતા, ને ધર્મતત્ત્વોનો બચાવ કરતા. તેમને પોતાના કર્તવ્યનું ભાન હતું; ને તે કર્તવ્ય તેઓ ઉત્સાહ અને આદરથી પાળતા. તેમણે વિસ્તૃત સ્મૃતિગ્રન્થો રચ્યા, તેમાં તેમનો ઊંડો વિદ્યાપ્રેમ તથા



માનવપ્રેમ પ્રગટ થાય છે. એમણે ભૂલો કરી, તો તેનું કારણ એ હતું કે તેઓ પોતે પ્રણાલિકાનાં બંધનમાં જકડાયેલા હતા. એમનાં મનમાં ભલે ગમે તેવી ભ્રમણાઓ હોય, છતાં તેઓ સત્યનિષ્ઠ આત્માઓ હતા. પોતે જે ધાર્મિક સિદ્ધાંતો ને પ્રણાલિકાને અનુસરતા હતા તે સાવ સાચાં છે એ વિષે એમનાં મનમાં લવલેશ શંકા ન હતી. એમના વિચારનો વહેતો પ્રવાહ એ યુગની રૂઢિઓને લીધે કુંઠિત થઈ ગયો હતો. છતાં કોઈ એમ તો નહીં કહે કે એમની સંસ્કૃતિ ને સભ્યતા વિષેનો એમનો ગર્વ અઘટિત ને અસ્થાને હતો; કેમકે એ જમાનામાં આસપાસનું જગત જંગલીપણામાં ડૂબેલું હતું, એટલું જ નહીં પણ હજાર અસંસ્કારી ને જુલમી તત્ત્વોએ તેમનાં મનમાં આ ગર્વની લાગણી પરાણે ને પ્રબળપણે પ્રગટાવી હતી.

જગતનો ક્રમ જ એવો છે કે પુરોહિતો ને ધર્માધિકારીઓનો નોખો ધંધાદારી વર્ગ હોય તે હંમેશાં અવનતિકારક જ નીવડે. પણ હિંદુસ્તાનના બ્રાહ્મણો બીજા કોઈ દેશના પુરોહિતો કરતાં વધારે ઘમંડી ને દંભી હતા એમ માનવાનું કશું કારણ નથી. એમની જે અધોગતિ થવાનો ભય રહેતો હતો તેની સામે સાચા બ્રાહ્મણોએ એ જમાનામાં વિરોધના અવાજો કાઢ્યા હતા. સત્યનિષ્ઠ, તત્ત્વદર્શી આત્મામાં જેવી અવિચળ શાન્તિ ને સાદી ભવ્યતા હોય છે તેવી આ બ્રહ્મર્ષિઓમાં હતી. સ્વાર્થી પુરોહિતના આડંબર ને દંભ સામે તેમણે બળવો ઉઠાવ્યો હતો. એક મહાન ધાર્મિક આદર્શને કલુષિત થયેલો જોઈ તેમને શરમ આવતી. પુરોહિતવર્ગના ગુણદોષનો આંક મૂકતી વેળાએ એટલું યાદ રાખવાની જરૂર છે કે બ્રાહ્મણોએ જે કર્મકાંડના વિધિ ગોઠવેલા તે ગૃહસ્થે કરવાનાં કર્તવ્યો લક્ષમાં લઈ તેને અંગે જ યોજ્યા હતા. ગૃહસ્થાશ્રમ પછીના વાનપ્રસ્થ અને સંન્યાસ એ બે આશ્રમોમાં અગ્નિહોત્ર, યજ્ઞ આદિ વિધિ કરવાનું બંધન જરાયે નહોતું. બ્રાહ્મણોનો અમલ લોકોને જુલમાટ કે બળાત્કારવાળો લાગ્યો હોત તો તે ઝાઝો કાળ ટકી ન શક્યો હોત. વિચારશીલ લોકોને એ અમલ પર વિશ્વાસ હતો, તેનું કારણ એ કે દરેક માણસે પોતાનાં સામાજિક કર્તવ્યોનું પાલન કરવું જોઈએ એટલો એક જ આગ્રહ તેણે રાખ્યો હતો.

પાછળનાં દર્શનોમાં આપણે ‘વેદપ્રામાણ્ય’ અથવા ‘શબ્દપ્રમાણ’ વિષે ઘણી ચર્ચા થયેલી જોઈએ છીએ. કોઈ પણ દર્શન વેદનું પ્રામાણ્ય સ્વીકારે છે કે નહીં એ જોઈને તેને વૈદિક અથવા અવૈદિક, કે આસ્તિક

અથવા નાસ્તિક એ બેમાંથી એક વિભાગમાં મૂકવામાં આવે છે. વેદ ઈશ્વરપ્રણીત અથવા અપૌરુષેય મનાય છે. પાછળના જમાનાના હિંદુ શાસ્ત્રીઓ ને તાર્કિકોએ વેદપ્રામાણ્યના પક્ષમાં બુદ્ધિચાતુર્યથી ભરેલી દલીલો કરી છે. પણ વેદના મન્ત્રદ્રષ્ટા ઋષિઓને મન તો વેદ એટલે શુદ્ધ ચિત્તવાળા માણસને ઈશ્વરે દેખાડેલું કે સંભળાવેલું સર્વોચ્ચ સત્ય, એટલો જ અર્થ હતો. "ધન્ય છે શુદ્ધ હૃદયવાળા માણસોને, કેમકે ભગવાન તેમને દર્શન દેશે." વૈદિક સૂક્તોનો ઋષિ પોતાને એ સૂક્તોનો કર્તા નહીં પણ તેનો દ્રષ્ટા કહેવડાવે છે.[૧] એ મનરૂપી ચક્ષુ વડે, અથવા અંતરની પ્રતિભા વડે, કરેલું દર્શન છે. ઋષિની આંખો વિષયવિકારરૂપી ધુમાડાથી અંધ બનેલી નથી હોતી; એટલે જે સત્ય અતીન્દ્રિય છે એટલે કે ઇન્દ્રિયોને દેખાતું નથી તે એ ઋષિ જોઈ શકે છે. જે સત્ય એ બનાવતો નથી પણ જુએ છે, તેને બીજાઓ સુધી પહોંચાડવાનું જ કામ એ કરે છે.[૨] વેદને 'શ્રુતિ', એટલે કે આત્માએ સાંભળેલી પરમાત્માની વાણી, કહેવામાં આવે છે. 'દૃષ્ટિ' અને 'શ્રુતિ' એ બંને વેદે વાપરેલા શબ્દો છે. તે બતાવે છે કે વૈદિક જ્ઞાન તર્કની દલીલોથી નથી મળતું; પણ પ્રજ્ઞા, પ્રતિભા, કે આર્ષદૃષ્ટિ વડે મળે છે. મન ચંચળ ચેતનાની સંકુચિત કક્ષાની પાર ઊંચે ગયું હોય એવી, પ્રેરણા કે અભાનોર્મિની, સ્થિતિમાં કવિનો આત્મા એ સત્યનું શ્રવણ કે દર્શન કરી શકે છે. વેદના ઋષિઓ સૂક્તોના વિષયભૂત વસ્તુને ઈશ્વરપ્રણીત કે અપૌરુષેય કહે છે તે માત્ર આ જ અર્થમાં. એને અંગે કંઈક ચમત્કાર કે અતિપ્રાકૃતિક ઘટના બને છે, એમ સૂચવવાનો એમનો આશય નથી હોતો. એ સૂક્તોને તેઓ કેટલીકવાર પોતાની રચના કે કૃતિઓ પણ કહે છે. સુતાર, વણકર, ને નાવિકના[૩] કામની સાથે તેઓ પોતાના કવિ તરીકેના કામની સરખામણી કરે છે, અને એના સ્વાભાવિક ખુલાસા આપે છે. સૂક્તોનાં કલેવર માનવહૃદયની લાગણી વડે ઘડાય છે.[૪] કેટલીકવાર ઋષિઓ કહે છે કે અમને સૂક્ત મળી આવ્યાં.[૫] સોમપાનથી ઊપજેલાં ઉન્માદ કે અભાનોર્મિને લીધે એ રચાયાં, એમ પણ તેઓ કેટલીકવાર કહે છે.[૬] અત્યંત નમ્રતાપૂર્વક તેઓ માને છે કે એ સૂક્તો ઈશ્વરે એમને આપેલાં છે.[૭] સૂક્તો ઈશ્વરી પ્રેરણાનું પરિણામ છે, એ કલ્પના જ આ કાળમાં પ્રચલિત છે. તે ઈશ્વરનાં જ રચેલાં કે સંભળાવેલાં છે, ને એમાં ભૂલચૂક થવી અશક્ય છે, એવી કલ્પના હજુ પ્રચલિત થવા પામી નથી.



પણ આપણે બ્રાહ્મણકાળ પર આવીએ છીએ ત્યાં વેદનું ઈશ્વરકર્તૃકત્વ નિર્વિવાદ સત્યરૂપે સ્વીકારાય છે.[૧] વેદ ઈશ્વરપ્રણીત છે માટે નિત્ય (એટલે કે સદાને માટે પ્રમાણભૂત) છે, એ દાવો આ યુગમાં રજૂ કરવામાં આવે છે. એ વિચારની ઉત્પત્તિ સહેલાઇથી સમજી શકાય એવી છે. લેખનની કળા એ જમાનામાં અજ્ઞાત હતી. મુદ્રકો કે પ્રકાશકો કોઈ નહોતા. વેદનાં સૂક્તો ગુરુઓની પરંપરા દ્વારા મુખપાઠથી શીખવાતાં ને સચવાઈ રહેતાં. વેદને વિષે આદર ઉપજાવવાને તેનામાં અમુક પાવિત્ર્યની કલ્પના કરવામાં આવેલી. ઋગ્વેદમાં વાક્ એટલે વાણી એ દેવી છે. અને હવે વળી એમ કહેવાયું કે વાક્માંથી વેદો નીકળ્યા. વાક્ એ વેદોની માતા છે.[૨] અથર્વવેદમાં કહેલું છે કે વેદમન્ત્રમાં જાદુઈ શક્તિ રહેલી છે. "વેદ સ્વયંભૂના મુખમાંથી શ્વાસની પેઠે નીકળ્યા."[૩] વેદ એ ઋષિઓને, એટલે કે પ્રેરણા પામેલા પ્રતિભાશાળી પુરુષોને, ઈશ્વરે દેખાડેલું કે સંભળાવેલું જ્ઞાન છે, એમ મનાવા લાગ્યું. શબ્દ, એટલે કે મોઢેથી ઉચ્ચારેલો સ્પષ્ટ અવાજ, નિત્ય મનાય છે. વેદ વિષેના આ મતનું દેખીતું પરિણામ એ આવ્યું છે કે તત્ત્વવિચાર કેવળ જૂનાં લખાણોનાં ભાષ્ય કે ટીકારૂપ જ બની જાય છે; એથી આગળ તે વધી શક્તો નથી. સાચો ને જીવતોજાગતો બોલાતો શબ્દ જ્યારે કોઈ કડક સૂત્રની દીવાલોમાં કેદ પુરાય ત્યારે તેનો પ્રાણ ઊડી જાય છે. ભારતીય વિચારધારાના ઈતિહાસમાં આટલો વહેલો વેદપ્રામાણ્યનો સિદ્ધાન્ત ઘડાયો એની અસર પાછળના આખા દાર્શનિક વિકાસ પર થયેલી છે. અગાઉના યુગનાં અવ્યવસ્થિત ને કેટલીકવાર પરસ્પરવિરોધી એવાં શાસ્ત્રવચનોનો અર્થ અમુક નિશ્ચિત મત કે ધરેડ અનુસાર જ કરી શકાય, એવી વૃત્તિ પાછળનાં દર્શનોમાં પેદા થઈ ને વધી. પરાપૂર્વથી ચાલી આવતી પ્રણાલિકાને પવિત્ર ને ભૂલચૂક વિનાની માનવામાં આવે એટલે પછી, સત્ય તેની દ્વારા સ્પષ્ટ કે ગર્ભિત રીતે પ્રગટ થાય છે એમ બતાવવું જ પડે. આ કારણને લીધે જ, એકનાં એક વચનો એકબીજાથી ઊલટા ને અસંગત એવા વિવિધ મતો ને સિદ્ધાન્તોના સમર્થન માટે રજૂ કરવામાં આવે છે. પૂર્વપરંપરા પ્રત્યેની નિષ્ઠા, અને મતોની વિવિધતા, એ બેને ભેગાં રહેવું હોય, તો તેને માટે એક જ રસ્તો છે. તે એ કે શાસ્ત્રવચનોના અર્થો ઘટાવવાની બાબતમાં પૂરેપૂરી સ્વતન્ત્રતા આપી દેવી. અને ભારતવર્ષના તત્ત્વચિન્તકોએ પોતાના બુદ્ધિચાતુર્યનું પ્રમાણ આપ્યું છે તે આ વિષયમાં.

પરાપૂર્વથી ચાલી આવતી પ્રણાલિકાનું બંધન હોવા છતાં ભારતીય તત્ત્વજ્ઞાન લાંબા વખત સુધી ફિલસૂફીમાં જડ મતાગ્રહથી મુક્ત રહી શક્યું, એ આશ્ચર્યજનક છે. ભારતના ચિન્તકો પહેલાં વિચારપૂર્વક સુસંગત તાત્ત્વિક સિદ્ધાન્તનું એક દર્શન રચે છે; ને પછી પોતાના મતનું સમર્થન કરવા માટે પ્રાચીન યુગનાં શાસ્ત્ર-વચનો ખોળવા બેસે છે. તેઓ કાં તો એ વચનોનો મારીમચડીને મનગમતો અર્થ ઘટાવી, તેને પોતાના સમર્થન માટે વાપરે છે; અથવા તો એ જ ઢબે, પ્રતિકૂળ દેખાતાં વચનોના પ્રતિકૂળ અંશનો ખુલાસો આપી, તે પોતાને અગવડ-કર્તા નથી એમ બતાવે છે. આ વૈદિક પ્રણાલિકાની એક સારી અસર થઈ છે. ફિલસૂફીને વાસ્તવદર્શી ને જીવતીજાગતી રાખવામાં તેણે મદદ કરી છે. નિરર્થક વાદવિવાદમાં ઊતરવાને બદલે, ને જીવનની સાથે જેને કશી લેવાદેવા ન હોય એવી, જીવ, જગત ને ઈશ્વર વિષેની, ચર્ચાઓ કર્યાં કરવાને બદલે, ભારતના વિચારકોને વિચારની ઈમારત રચવા માટે એક પાકો પાયો તૈયાર મળી ગયો. એ પાયો તે વેદમાં પ્રગટ થયેલું, સર્વોત્તમ ઋષિઓ ને દ્રષ્ટાઓનું, આત્મજ્ઞાન. એ જ્ઞાને પાછળના સર્વ વિચારકોને જીવનનાં કેન્દ્રવર્તી સત્યોની સાથે દૃઢ સંપર્ક સાધી આપ્યો; ને કોઈ પણ દર્શનને એ જ્ઞાનની અવગણના કરવાનું પોસાય એવું ન રહ્યું.

## ૫. સૃષ્ટિસર્જન વિષેના વાદ

સૃષ્ટિસર્જનના વિષયમાં બ્રાહ્મણગ્રન્થો એકંદરે ઋગ્વેદે પાડી આપેલે ચીલે ચાલે છે; પણ સાથેસાથે કેટલાંક તરંગી વર્ણનો પણ આપે છે. ઋગ્વેદને અનુસરીને તૈત્તિરીય બ્રાહ્મણ કહે છે: "અગાઉ કશું જ — આકાશ, અંતરિક્ષ કે પૃથ્વી એમાંનું કશું જ — હસ્તીમાં નહોતું." કામ એ સૃષ્ટિનું બીજ છે. પ્રજાપતિને સંતતિની ઇચ્છા થાય છે એટલે તે સૃષ્ટિ રચે છે. "શરૂઆતમાં પ્રજાપતિ એકલા જ હતા. તેમણે મનમાં વિચાર કર્યો કે 'હું કેવી રીતે પ્રજોત્પત્તિ કરું?' તેમણે શ્રમ કર્યો ને તપ કર્યું; ને તેમણે સજીવ પ્રાણીઓને સરજ્યાં."[૧]

## ૬. નીતિનિયમ અને સદાચાર

બ્રાહ્મણગ્રન્થોના ધર્મને ન્યાય કરવા ખાતર એમ કહેવું જોઈએ કે એમાં આપણે ઊંચી નીતિભાવના ને ઉન્નત વિચારોના અંશો ઘણી જગાએ જોઈએ



છીએ. મનુષ્યના કર્તવ્યની કલ્પના પહેલવહેલી અહીં ઉદ્‌ભવે છે. માણસ દેવો, મનુષ્યો, ને મનુષ્યેતર જીવો પ્રત્યેનાં કંઈક ઋણ કે કર્તવ્યો લઈને જન્મે છે, એમ કહેલું છે. ઋણના પ્રકાર આ પ્રમાણે ગણાવ્યા છે: (૧) દેવઋણ, (૨) ઋષિઋણ, (૩) પિતૃઋણ, (૪) મનુષ્યઋણ, (૫) મનુષ્યેતર જીવો પ્રત્યેનું ઋણ. એ તમામ ઋણ અદા કરે તે માણસ સદાચારી. રોજના ભોજનમાંથી અમુક ભાગ દેવો, પિતૃઓ, મનુષ્યો, ને મનુષ્યેતર જીવોને આપ્યા વિના, ને નિત્યસંધ્યા કર્યા વિના, કોઈ પણ માણસથી જમવા બેસાય નહીં. મનુષ્યે આસપાસના જગત સાથે હળીમળીને રહેવું હોય તો તેનો આ જ રસ્તો છે. જીવન એ કર્તવ્યો ને જવાબદારીઓથી ભરેલી એક ઘટમાળ છે. આ કલ્પના ઉચ્ચ ને ઉદાત્ત છે એમાં શંકા નથી; એ આદર્શનું વહેવારમાં આચરણ ભલે ગમે તેવું થતું હોય. આપણાં બધાં કામોમાં આપણે ધારીએ તો નિઃસ્વાર્થવૃત્તિ રાખી શકીએ. શતપથ બ્રાહ્મણમાં આત્માની વિમુક્તિ પ્રાપ્ત કરવાના સાધનરૂપે સર્વમેધ — જેમાં સર્વસ્વનો ભોગ આપવાનો હોય છે એવો — યજ્ઞ કરવાનું કહ્યું છે.[૧] પ્રભુપરાયણતા એ બેશક પ્રથમ કર્તવ્ય છે. તે નિશ્ચિત વિધિઓના યાન્ત્રિક પાલનમાં રહેલી નથી. તે તો ઈશ્વરસ્તવન અને સત્કર્મમાં રહેલી છે. પ્રભુપરાયણતા એટલે બને એટલા અધિક પ્રમાણમાં ઈશ્વરના જેવા અથવા દેવાંશી થવા મથવું. સાચું બોલવું એ પ્રભુપરાયણતાનું આવશ્યક અંગ છે. તે ધાર્મિક અને નૈતિક કર્તવ્ય છે. અગ્નિ તે વ્રતપતિ, ને વાક્ તે વાણીની દેવી છે. સત્યનું પાલન ન થાય તો એ બંને નારાજ થાય.[૨] યજ્ઞો એ સૃષ્ટિક્રમનાં રૂપકો છે એવા અર્થો ઘટાવવા શરૂ થયેલા જોવામાં આવે છે. યજ્ઞાદિ કર્મો સ્વભાવતઃ વ્યર્થ છે, એમ બતાવનારાં વચનો મળી આવે છે. "જે માણસ આ જાણતો નથી તેને યજ્ઞમાં આપેલાં દાન વડે કે તપ વડે પરલોક મળી શકતો નથી. જેણે આ જ્ઞાન મેળવ્યું છે તેને જ એ લોક પ્રાપ્ત થાય છે."[૩] વ્યભિચારને દેવો સામેનું — ખાસ કરીને વરુણ સામેનું — પાપ માની તેને નિંદ્ય ગણાવવામાં આવે છે. પાપકર્મના સર્વ પ્રસંગોમાં પાપની કબૂલાત કરવાથી અપરાધ ઓછો થતો મનાય છે.[૪] તપસ્યાને પણ સમુચિત આદર્શરૂપે રજૂ કરવામાં આવી છે, કેમકે દેવોએ તપના પ્રભાવ વડે જ દેવપદ પ્રાપ્ત કર્યું મનાય છે.[૫]

આશ્રમધર્મ આ યુગમાં દાખલ થયો; અથવા વધારે ખરું કહીએ તો,

તેનું ચોક્સ રૂપ ઘડાયું.[૧] વૈદિક આર્યનું જીવન ચાર વિભાગ અથવા 'આશ્રમ'-માં વહેંચાયેલું છે: (૧) બ્રહ્મચારી અથવા વિદ્યાર્થી. તે વખતે માણસને એક અથવા વધારે વેદનું અધ્યયન કરવાનું હોય છે. (૨) ગૃહસ્થ અથવા કુટુંબકબીલાવાળો સંસારી. આ આશ્રમમાં તેણે શાસ્ત્રોમાં જણાવેલાં સામાજિક ને યજ્ઞયાગાદિ ધાર્મિક કર્તવ્યો પાળવાનાં હોય છે. (૩) વાનપ્રસ્થ અથવા અરણ્યવાસી. આ આશ્રમમાં સાધક ઉપવાસ અને તપમાં સમય ગાળે છે. (૪) સંન્યાસી અથવા પરિવ્રાજક. તે અનિકેત હોઈ તેને કોઈ ચોક્સ રહેઠાણ હોતું નથી. તે અકિંચન હોઈ તેની પાસે ધનદોલત કે માલમતા હોતી નથી. તે પરમાત્મા સાથે તાદાત્મ્ય સાધવાની આતુરતા સેવે છે. વેદના ચાર ભાગ — સંહિતા, બ્રાહ્મણ, આરણ્યક, અને ઉપનિષદ — એ વૈદિક આર્યના જીવનના ચાર ભાગ અથવા આશ્રમને મળતા છે.[૨] વિધિઓથી ભરેલા કર્મકાંડી દેવાર્ચનની તળે સાચાં ધર્મ અને નીતિની ભાવના કામ કરી રહી હતી; ને તેમાંથી મનુષ્યનું હૃદય તૃપ્તિ મેળવતું હતું. આ જે નીતિધર્મરૂપી પાયો હતો તેણે જ બ્રાહ્મણધર્મને, તેની આટલી બધી નબળાઈઓ છતાં, આટલો લાંબો કાળ ટકી રહેવાનું સામર્થ્ય આપ્યું છે. તેને બાહ્ય વિશુદ્ધિનો આગ્રહ હતો ખરો, પણ તેની સાથેસાથે આંતર શુદ્ધિ પર તેણે ભાર દીધો હતો. સત્ય, પ્રભુપરાયણતા, માતપિતા પ્રત્યે સન્માન, પ્રાણીમાત્ર પ્રત્યે દયા, મનુષ્યો પ્રત્યે પ્રેમ, અસ્તેય, હિંસા અને વ્યભિચારનો ત્યાગ, એ સદ્ગુણોને તેણે સદાચારી જીવનનાં આવશ્યક અંગરૂપ ગણાવ્યાં હતાં.

ચાતુર્વર્ણ્યની વ્યવસ્થા એ સ્વાર્થી ને કપટી પુરોહિત વર્ગે શોધી કાઢેલી કરામત નથી, પણ એ યુગની પરિસ્થિતિ અનુસાર નૈસર્ગિક રીતે વિકસેલી વસ્તુ છે. બ્રાહ્મણોના યુગમાં એનો પાયો દૃઢ થયો. પુરુષસૂક્ત એ ઋગ્વેદનો ભાગ છે ખરો, પણ તેના વિચારો વસ્તુતાએ તો બ્રાહ્મણયુગના જ છે. આર્યો અને દસ્યુઓ વચ્ચે એ કાળે માંહોમાંહે લગ્નો થતાં એ દેખીતું છે.[૩] લોહીનો હદપારનો સંકર થતો રોકવાને આર્યોના અભિમાનને જાગૃત કરવામાં આવ્યું. જે વ્યવસ્થા મૂળે સામાજિક હતી તે ધાર્મિક બની ગઈ. તેને ઈશ્વરની સરજેલી ગણાવવામાં આવી, અને જાતિભેદના નિયમો અવિચળ બની ગયા. અસલી વર્ણવ્યવસ્થામાં ફેરફારોને અવકાશ હતો, તેને ઠેકાણે હવે જાતિભેદની મજબૂત દીવાલો રચાઈ. આરંભકાળના વૈદિક યુગમાં ઋત્વિજો ને પુરોહિતોનો એક



નોખો વ્યવસાય હતો, પણ તેમનો નોખો વર્ણ ન હતો. કોઈ પણ આર્ય ઋત્વિજ કે પુરોહિતનું કામ કરી શકતો; અને એ વર્ગ લડવૈયા કે વેપારી વર્ગ કરતાં હંમેશાં શ્રેષ્ઠ જ ગણાય એવું નહોતું. કેટલીકવાર તો એ વર્ગ પ્રત્યે તિરસ્કાર દાખવવામાં આવતો.[૧] પણ હવે અભિમાનમાંથી જન્મેલી અળગાપણાની વૃત્તિ જાતિવ્યવસ્થાના પાયારૂપ થઈ પડી. તેણે સ્વતંત્ર વિચારને દબાવી દેવાનું વલણ બતાવ્યું, ને તત્ત્વજ્ઞાનને પ્રગતિ પામતું અટકાવ્યું. નીતિ ને સદાચારનું ધોરણ નીચું ઊતર્યું. જાતિના નિયમોનો ભંગ કરનાર માણસ બળવાખોર ને બહિષ્કૃત ગણાવા લાગ્યો. શૂદ્રોને સર્વોચ્ચ ધર્મગ્રંથરૂપ જે વેદ તેના અધ્યયનની મનાઈ કરવામાં આવી. જાતિઓનો એકબીજા પ્રત્યેનો તિરસ્કાર વધ્યો. "આ તો ક્ષત્રીડાના શબ્દો છે," એ વિરોધીનાં વચનને ડામવાની બ્રાહ્મણોની રીતનો એક નમૂનો છે.[૨]

## ૭. મરણોત્તર જીવન

બ્રાહ્મણોમાં આપણે મરણ પછીની સ્થિતિને વિષે કોઈ એક જ મત જોતા નથી. પિતૃયાન અને દેવયાન વચ્ચેનો ભેદ બતાવેલો છે.[૩] પૃથ્વી પર થનારા પુનર્જન્મને કેટલીકવાર દુઃખરૂપ ને ત્યાજ્ય નહીં પણ આશીર્વાદરૂપ ગણાવ્યો છે. કંઈક દૈવી ગૂઢતાનું જ્ઞાન મેળવ્યાના પુરસ્કારરૂપે એવો પુનર્જન્મ મળે છે, એવું વચન અપાયું છે.[૪] પણ આ વિષયમાં સૌથી મુખ્ય ને પ્રબળ વિચાર એ છે કે મર્યા પછી દેવોના ધામ સ્વર્ગમાં અમરપદ પ્રાપ્ત કરી શકાય છે. "જે માણસ યજ્ઞ કરે છે તે આ રીતે શાશ્વત સંપત્તિ ને કીર્તિ પ્રાપ્ત કરે છે, આદિત્ય અને અગ્નિ એ બે દેવની સાથે સાયુજ્ય પ્રાપ્ત કરે છે, ને જે લોકમાં એ દેવો વાસ કરે છે ત્યાં જઈને વસે છે."[૫] અમુક યજ્ઞો અમુક દેવોની સાથે સાયુજ્ય ને સાલોક્ય અપાવે છે.[૬] તારાઓને પણ મૃતાત્માઓના નિવાસરૂપ માનેલા છે. હજુ ભલે આથી સારા લોકમાં, પણ વ્યક્તિ તરીકેનું સ્વતંત્ર જીવન મેળવવાનું જ ધ્યેય રખાય છે. વેબર લખે છે: "બ્રાહ્મણોમાં, જે લોકો યજ્ઞના વિધિ યથાર્થ રીતે સમજે ને કરે છે તેમને અમરત્વ, અથવા ઓછામાં ઓછું દીર્ઘાયુષ્ય, મળવાની આશા આપવામાં આવી છે; જ્યારે એ વિષયમાં ઊણપ રાખનાર લોકો અકાળે મૃત્યુ પામી પરલોકમાં જાય છે; ત્યાં તેમને ત્રાજવાંમાં તોળવામાં આવે છે,[૭] ને તેમનાં કર્મો અનુસાર તેમને સારાં નરસાં ફળ મળે છે. માણસે જેટલા વધારે યજ્ઞો કર્યા હોય તેટલું વધારે સૂક્ષ્મ

શરીર તેને મળે છે; અથવા, શતપથ બ્રાહ્મણમાં કહ્યું છે તેમ, તેને ઓછીવાર ખાવાની જરૂર પડે છે.[૧] એથી ઊલટું,[૨] બીજાં કેટલાંક વચનોમાં મોટામાં મોટું ઈનામ એ બતાવ્યું છે કે યજ્ઞો કરનાર યજમાન આખું શરીર લઈને (સર્વ-તનૂરેવ) પરલોકમાં જન્મે છે."[૩] આટલે સુધી વેદ અને બ્રાહ્મણના વિચારોમાં ફરક એ છે કે, ઋગ્વેદના મત અનુસાર પાપીનો સર્વથા નાશ થાય છે, અને સદાચારીને અમરત્વ મળે છે; જ્યારે બ્રાહ્મણોમાં પાપી અપાપી બંને પોતપોતાનાં કામોનું ફળ ભોગવવા ફરીવાર જન્મે છે. વેબર કહે છે: "છેક પ્રાચીન કાળમાં એમ મનાતું કે દેવોના ધામમાં, જ્યાં દૂધમધની નદીઓ વહે છે, ત્યાં અમરત્વ મળે એ સત્કર્મ અથવા જ્ઞાનનું પારિતોષિક છે; જ્યારે પાપી અથવા અજ્ઞ જન, ઈહલોકમાં ટૂંકું આવરદા ભોગવે તે પછી, તેના વ્યક્તિત્વનો સર્વથા નાશ થવો નિર્માયેલો છે. પણ બ્રાહ્મણગ્રન્થોનો સિદ્ધાન્ત એવો છે કે મૃત્યુ પછી સહુને પરલોકમાં જન્મવાપણું રહે છે, ને ત્યાં તેમનાં કર્મ અનુસાર તેમને બદલો અપાય છે; સારાને પારિતોષિક ને બૂરાને સજા મળે છે."[૪] આમાં ધ્વનિ એ છે કે ઈહલોકના જીવન પછી એક જ જિંદગી ભોગવવાની રહે છે, અને તેનું સ્વરૂપ આપણે ઈહલોકમાં કરેલા આચરણ પરથી નક્કી થાય છે. "માણસે જે લોક (સ્વકર્મ વડે) રચ્યો હોય તેમાં તે જન્મ લે છે."[૫] "માણસ જે આહાર ઈહલોકમાં ખાય છે તે આહાર પરલોકમાં તેને ખાય છે."[૬] સારાં ને નરસાં કર્મોને માટે ઈનામ અને દંડ ભાવિ જીવનમાં મળે છે. વળી કહ્યું છે: "પરલોકમાં તેમણે અમને આ પ્રમાણે કર્યું હતું, માટે અમે ફરી આ લોકમાં આ પ્રમાણે કરીએ છીએ."[૭] કર્મ અને ફળ વચ્ચે સમતોલપણાવાળા ન્યાયની કલ્પના ધીરેધીરે ઘડાય છે. ઋગ્વેદમાં કહેલું તેમ પિતૃયાન એ મૃતાત્માઓને જવા માટેના બે રસ્તામાંનો એક હતો ખરો; પણ એક તરફ વૈદિક દેવો ને તેમનો દેવલોક, અને બીજી તરફ પિતૃયાન તથા કર્મનો બદલો આપનાર પિતૃલોક, એ બેની વચ્ચે ફરક ગણાવા લાગ્યો. પરલોકમાં પુનઃ પુનઃ જન્મ થયાં કરે છે, અને માણસને ઈહલોકમાં કરેલાં કામનું પ્રાયશ્ચિત્ત કરવું પડે છે, એ કલ્પના હજુ જન્મી નથી. પણ, દુર્જનો શાશ્વત કાળ લગી સજા ભોગવે છે ને સજ્જનો શાશ્વત કાળ લગી સુખ ભોગવે છે એ વાત સાચી છે કે કેમ, એ સવાલ ટાળી શકાય એવો નથી. "ભારતવાસીઓ જેવા સૌમ્ય સ્વભાવના



ને ચિન્તનશીલ માનસવાળા માણસોને એમ ન લાગે કે માણસોને મળનાર પારિતોષિક કે સજા શાશ્વત કાળ લગી ચાલે એવાં હોઈ શકે. તેમને તો એવો જ ખ્યાલ સૂઝે કે આ ટૂંકી જિંદગીમાં કરેલાં પાપ માટે પશ્ચાત્તાપ ને પ્રાયશ્ચિત્ત કર્યા પછી એ પાપની સજામાંથી મુક્તિ મળવાનું શક્ય હોવું જોઈએ. એ જ રીતે તેઓ એમ પણ ન માને કે એટલા ટૂંકા કાળમાં કરેલાં સત્કર્મોનું ઈનામ શાશ્વત કાળ લગી ટકી શકે." આપણે આપણાં કામનાં સારાં નરસાં ફળ ભોગવી રહીએ, એટલે આપણું પરલોકનું જીવન સમાપ્ત થાય છે, ને આપણે ફરી પૃથ્વી પર જન્મ લઈએ છીએ, એમ કહેવામાં આવે છે. જે નૈસર્ગિક તાલથી જીવનમાંથી મૃત્યુ ને મૃત્યુમાંથી જીવન નીપજે છે તે તાલ જોયા પછી આપણને અનાદિ ને અનન્ત ભવચક્રની કલ્પના સૂઝે છે.[૧] જીવનમરણના બંધનમાંથી મુક્તિ, અથવા સંસારના ચકરાવામાંથી છુટકારો, એ જીવનનો ખરો આદર્શ થઈ પડે છે. "જે માણસ દેવોને માટે યજ્ઞ કરે છે તેને આત્માને માટે યજ્ઞ કરનાર માણસના જેટલો મોટો લોક મળી શકતો નથી."[૨] "જે માણસ વેદનું પઠન કરે છે તેને ફરી મરવાપણું રહેતું નથી, અને તેને બ્રહ્મના જેવું જ સ્વરૂપ પ્રાપ્ત થાય છે."[૩] જન્મ થાય એટલે મૃત્યુ પણ અવશ્ય નીપજે જ. તેથી મૃત્યુ ને તેના કારણરૂપ જન્મ એ ટાળવા લાયક વસ્તુઓ ગણાતી થઈ દેખાય છે. આગળ જતાં એવી કલ્પના જોવામાં આવે છે કે જેઓ જ્ઞાન વિના માત્ર કર્મકાંડના વિધિઓ કરે છે તેઓ ફરી જન્મે છે, ને ફરીફરી મૃત્યુનો આહાર થઈ પડે છે.[૪] કામના ને તેની તૃપ્તિના કરતાં ઉચ્ચતર એવી અવસ્થાની — સાચા અમૃતત્વની સ્થિતિની — જે કલ્પના ઉપનિષદમાં છે તેનું પણ સૂચન શતપથ બ્રાહ્મણના એક વચનમાં છે. "આ આત્મા એ આ બધાનો છેડો છે. તે પ્રાણીમાત્રની વચ્ચે વસે છે. તેને સર્વ કામનાઓ પ્રાપ્ત થાય છે...તે કામના વિનાનો છે; અને તેની સર્વ કામનાઓ તૃપ્ત થાય છે, કેમકે તે કશાની કામના રાખતો નથી."[૫] "જે અવસ્થામાં કામનાઓ શમી જાય છે તે અવસ્થાએ માણસો વિદ્યા — એટલે કે જ્ઞાન — વડે ચડી શકે છે. ત્યાં દાનદક્ષિણા પહોંચતાં નથી, તેમજ જ્ઞાન વિનાના તપસ્વીઓ પણ ત્યાં પહોંચી શકતા નથી. જે માણસને આ જ્ઞાન નથી તે માણસ દાનદક્ષિણા આપીને કે તપ કરીને આ લોક પ્રાપ્ત કરી શકતો નથી. જેમને આવું જ્ઞાન છે તેમને જ આ લોક પ્રાપ્ત થાય છે."[૬]

પુનર્જન્મના સિદ્ધાન્તના વિકાસ માટે આવશ્યક એવાં સર્વ સૂચનો બ્રાહ્મણોમાં મોજૂદ છે. પણ એ માત્ર ગર્ભિત સૂચનો છે; અને વ્યક્તિગત અમરત્વ એ મુખ્ય વિચાર છે. એ બધાં બીજરૂપ સૂચનોને ભેગાં કરી, વ્યવસ્થિત રૂપ આપી, તેમાંથી પુનર્જન્મનો સિદ્ધાન્ત નિપજાવવાનું કામ આગળ જતાં ઉપનિષદોએ કરવાનું રહ્યું છે. કર્મ અને પુનર્જન્મના સિદ્ધાન્તો એ નિર્વિવાદપણે આર્ય માનસની કૃતિ છે એ સાચું; પણ એનાં સૂચનો કદાચ આદિવાસી લોકો તરફથી મળ્યાં હોય એ વાતની ના પાડવાની જરૂર નથી, કેમકે એ લોકો માનતા કે મૃત્યુ પછી તેમના આત્માઓ જાનવરોનાં શરીરમાં વસે છે.

બ્રાહ્મણગ્રન્થોમાં ઉચ્ચતર નીતિ અને ધર્મના છૂટાછવાયા વિચારો છે એ ખરું; છતાં એમ કહેવું જોઇએ કે એ યુગ એકંદરે કર્મકાંડ અને બાહ્યાચારના આગ્રહનો હતો. એ યુગમાં લોકો પોતાના આત્માનું પૂર્ણત્વ પ્રાપ્ત કરવા કરતાં યજ્ઞો યથાવિધિ ને સાંગોપાંગ પાર ઉતારવાને વધારે આતુર હતા. જે આધ્યાત્મિક અનુભવના કેન્દ્રવર્તી રહસ્ય પર કાયદાબાજીવાળી સ્મૃતિ અને કર્મકાંડવાળા રૂઢિગત ધર્મને લીધે ઝાંખ વળી ગઈ હતી, તે અનુભવનું નવેસર નિવેદન કરવાની જરૂર હતી. એ કામ ઉપનિષદોએ ઉપાડી લીધું.

# લેખકનાં ટિપ્પણો

वेदाभ्यासो हि विप्रस्य तपः परमिहोच्यते।
मनुस्मृति २; १६६.

(વિપ્રને માટે વેદનો અભ્યાસ એ જ આ લોકમાં પરમ તપ ગણાય છે.)

ऋचो अक्षरे परमे व्योमन् यस्मिन् देवा अधि विश्वे निषेदुः।
यस्तन्न वेद किमृचा करिष्यति य इत् तद् विदुस्त इमे समासते॥
ऋग्वेद १; १६४; ३९.

(ઋક્‌માં એટલે કે વેદમાં જે અક્ષરનું — બ્રહ્મનું — વર્ણન કરેલું છે તે બ્રહ્મરૂપી પરમ વ્યોમમાં સર્વ દેવો સમાયેલા છે. જે માણસ એ બ્રહ્મને ન જાણે તે વેદની ઋચા ભણીને શું કરશે? જેઓ એ બ્રહ્મને જાણે છે તેઓ જ સારી રીતે રહે છે — જીવન સાર્થક કરે છે.)

स्थाणुरयं भारहारः किलाभूत्, अधीत्य वेदं न विजानाति योऽर्थम्। निरुक्त

(જે માણસ વેદ ભણે છે પણ તેનો અર્થ જાણતો નથી તે કેવળ લાકડાનો થાંભલો છે; તે કેવળ ભાર વહન કરે છે.)

**નોંધ:**—ટિપ્પણોની આગળ જે આંકડા આપ્યા છે તેમાંનો પહેલો આંકડો પાનાનો ક્રમાંક, અને બીજો આંકડો તે પાના પરની નોંધનો ક્રમાંક દર્શાવે છે.

## સંક્ષેપોની સમજ

| | |
|---|---|
| अ. | अथर्ववेद |
| ऋ. | ऋग्वेद |
| ऐ. ब्रा. | ऐतरेयब्राह्मण |
| तै. ब्रा. | तैत्तिरीयब्राह्मण |
| श. ब्रा. | शतपथब्राह्मण |

૬; ૧. જર્નલ ઑફ ધી રૉયલ એશિયાટિક સોસાયટી, વૉ. ૧૩ ૧૮૫૨, પૃ. ૨૦૬.

૬; ૨. સાધારણ માન્યતા એવી છે કે ઋગ્વેદમાં સામેલ કરેલાં સૂક્તો હિંદુસ્તાનના વાયવ્ય ભાગમાં રચાયાં હતાં. જુઓ મૅકડોનેલ: 'સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ'.

૭; ૧. અમેરિકન ઓરિયેન્ટલ સોસાયટી પ્રોસીડિંગ્સ, વૉ ૩, પૃ. ૩૦૪.

૮; ૧. अचिकित्वाश्चिकितुषश्चिदत्र कवीन् पृच्छामि विद्मने न विद्वान्। वि यस्तस्तम्भ षळिमा रजांस्यजस्य रूपे किमपि स्विदेकम्। ऋ. ૧; ૧૬૪; ૬.

(અજાણ અને અજ્ઞાની એવો હું, જાણવા માટે, જ્ઞાની કવિઓને પૂછું છું કે જે જન્મરહિત દેવે આ છ લોકને ધારણ કર્યા છે તે દેવના રૂપમાં કશી એકતા છે ખરી?)

कामस्तदग्रे समवर्तताधि मनसो रेतः प्रथमं यदासीत्। सतो बन्धुमसति निरविन्दन् हृदि प्रतीष्या कवयो मनीषा। ऋ. ૧૦; ૧૨૯; ૪.

(એના મનનું જે રેત એટલે બીજ પહેલાં નીકળ્યું તે જ શરૂઆતમાં



'કામ' થયો. અસતમાં સતનો એ પહેલો સંબંધ થયો, એમ કવિઓએ હૃદયમાં વિચાર કરીને બુદ્ધિથી નક્કી કર્યું.)

૯; ૧. જુદા જુદા ધર્મવિચાર અને સામાજિક રીતરિવાજવાળા પાંચ જુદા જુદા યુગમાં આ સૂક્તોને વહેંચી નાખવાના પ્રયાસ કેટલીકવાર થાય છે. આર્નલ્ડ આ પાંચ વિભાગ પાડવા માટે મુખ્યત્વે છંદ, ભાષા, ને શબ્દસંચય પર આધાર રાખે છે. જુઓ આર્નલ્ડનું 'વેદિક મીટર'.

૯; ૨. એમાંથી પાછળનાં દર્શનોના ઘણા પારિભાષિક શબ્દો નીકળ્યા છે — જેવા કે બ્રહ્મ, આત્મા, યોગ, મીમાંસા.

૧૦; ૧. વેદના સમય વિષે પોતે કરેલા સંશોધનનો સાર અધ્યાપક વિંટરનીટ્ઝ આ પ્રમાણે આપે છે:

૧. બૌદ્ધ ધર્મ અને જૈન ધર્મના પહેલાં જ આખો વેદ હસ્તીમાં આવેલો. જૈન ધર્મનું મૂળ મહાવીરસ્વામીના પુરોગામી પાર્શ્વનાથ જેટલું પ્રાચીન હોવાનો સંભવ છે. તેમ હોય, તો ઈ. સ. પૂર્વે આઠમા સૈકા જેટલી વહેલી વેદના સંકલના પૂરી થઈ હોવી જોઈએ, ને તેની બ્રાહ્મણ ધર્મના શાસ્ત્રગ્રન્થ તરીકે ગણના થવા લાગી હશે.

૨. ઋગ્વેદનાં સૂક્તો બાકીના બધા ભારતીય સાહિત્ય કરતાં પ્રાચીન છે.

૩. ઋગ્વેદ સંહિતાનાં ઉત્પત્તિ ને વિકાસને માટે લાંબો કાળ — અનેક સૈકાં — લાગ્યાં હોવાં જોઈએ.

૪. અથર્વવેદ સંહિતા અને યજુર્વેદ સંહિતાના કરતાં ઋગ્વેદ સંહિતા ઘણી જૂની છે.

૫. બધી સંહિતાઓ બ્રાહ્મણગ્રન્થો કરતાં જૂની છે.

૬. બ્રાહ્મણો ને ઉપનિષદો બંનેને તેમના વિકાસ માટે લાંબા વખતની જરૂર પડી હોવી જોઈએ.

૭. એક તરફ વેદની સંહિતાઓની ભાષા, અને બીજી તરફ અવસ્તા ને પ્રાચીન ફારસી ભાષા, એ વચ્ચેનો ગાઢ સંબન્ધ જોતાં આપણાથી વૈદિક યુગનો આરંભ હજારો વરસ પૂર્વેના અતિપ્રાચીન કાળમાં મૂકી શકાય એમ નથી; પછી ઈ. સ. પૂર્વે લાખો વરસ પહેલાં તો ક્યાંથી જ મૂકી શકાય?

૮. બીજી તરફ, રાજકીય, ધાર્મિક, ને સાહિત્યને લગતો ઇતિહાસ જોતાં, ઋગ્વેદનાં પ્રાચીનમાં પ્રાચીન સૂક્તો અને પ્રાચીન ઉપનિષદોના સૌથી છેવટના ભાગો ને બૌદ્ધ ધર્મના ઉદયની વચ્ચે ઓછામાં ઓછો હજાર વરસનો સમય વીત્યો હોવો જોઈએ.

૯. વૈદિક કવિતાના આરંભ માટે કશી ચોકસ સાલ આપવી શક્ય નથી. વૈદિક સાહિત્ય ભૂતકાળમાં ક્યારેક અજ્ઞાત સમયે શરૂ થયું ને ઇસવી સન પૂર્વે આઠમા સૈકા લગી ચાલ્યું, એ કરતાં વધારે કશી ચોકસ હકીકત આપણે જાણતા નથી.

૧૦. પણ વૈદિક સાહિત્યના આરંભનો આ અજ્ઞાત કાળ ઈ. સ. પૂર્વે ૧૫૦૦ કે ૧૨૦૦ ના કરતાં ઈ. સ. પૂર્વે ૨૫૦૦ કે ૨૦૦૦ ની વધારે નજીક હોય એ વધારે સંભવિત છે.

(કલકત્તા રિવ્યુ, નવેંબર ૧૯૨૩)

પંજાબમાં હરપ્પા અને સિંધમાં મોહેન–જો–ડારોમાં થયેલા ખોદકામને પરિણામે જે અવશેષો મળી આવ્યા છે તે ભારતીય સંસ્કૃતિની પ્રાચીનતા પર નવો પ્રકાશ પાડે છે. હવે આપણી પાસે પુરાતત્ત્વનો જે ચોકસ પુરાવો છે તે પરથી એમ સિદ્ધ થાય છે કે, પાંચ હજાર વરસ પૂર્વે, સિંધ અને પંજાબના લોકો સારી ને સુઘડ બાંધણીવાળાં શહેરોમાં રહેતા હતા; તેમની સંસ્કૃતિ પ્રમાણમાં સારી પેઠે વિકાસ પામેલી હતી; તેમની પાસે કળા ને કારીગરીનું ઊંચું ધોરણ હતું, ને સારી વિકસેલી લેખનકળા હતી. પંજાબ અને સિંધમાં મળી આવેલા પુરાતત્ત્વના અવશેષોમાં "પાકી ઈંટોનાં, પ્રચંડ ઘરો ને મન્દિરો પણ હતાં; અને તે ઘરોમાં આરસની શિલાઓથી ઢાંકેલી, સરસ રીતે બાંધેલી, પાણીની નીકો હતી." આ અવશેષોમાં, રંગીન અને સાદી બંને, કેટલીક હાથે ને કેટલીક ચાક પર ઘડેલી, કુંભારકામની ચીજો, બિલોરી કાચનાં રમકડાં ને બંગડીઓ, અને છીપલાં મળી આવે છે. તે ઉપરાંત કેટલીક મુદ્રાઓ એવી મળી આવી છે જેના પર અત્યારલગી અજ્ઞાત એવી ચિત્રલિપિમાં લખાણ અને કોતરકામ કરેલું છે. પુરાતત્ત્વ ખાતાના વડા સર જૉન મારશલ કહે છે કે આ શોધે એ "કાયમને માટે પુરવાર કર્યું છે કે ભારતવર્ષની ભૂમિ પર ઇસવી સન પૂર્વે એથી ત્રણ હજાર વરસના ગાળામાં એક એવી સંસ્કૃતિ હસ્તીમાં હતી, જે મેસોપોટે-



મિયાની સુમેરિયન સંસ્કૃતિ જેટલો જ વિકાસ ને એટલો જ બહોળો ફેલાવો પામેલી હતી; ને એ બેની વચ્ચે નિકટનો સંસર્ગ હતો એવો ચોકસ પુરાવો મળ્યો છે." ઇસવી સન પૂર્વે એથી ત્રણ હજાર વરસના ગાળામાં હિંદ અને મેસોપોટેમિયા વચ્ચેના સંબન્ધને વિષે કશું ચોકસ કહેવાનો સમય હજુ આવ્યો નથી, છતાં દ્રાવિડ સંસ્કૃતિને લગતા પ્રશ્ન વિષે જાણવાનું કંઇક સાધન કદાચ આ અવશેષોમાંથી મળી રહે.

૧૦; ૨. અષ્ટક એટલે આઠમો ભાગ.

૧૧; ૧. इन्द्रं मित्रं वरुणमग्निमाहुरथो दिव्यः स सुपर्णो गरुत्मान्। एकं सद्‌ विप्रा बहुधा वदन्त्यग्निं यमं मातरिश्वानमाहुः। ऋ. ૧; ૧૬૪; ૪૬.

(કોઈ એને ઇન્દ્ર, કોઈ મિત્ર, કોઈ વરુણ, ને કોઈ અગ્નિ કહે છે. એ જ પાંખવાળો દિવ્ય સુપર્ણ છે. સત્ એક છે તેને વિપ્રો બહુ રીતે વર્ણવે છે. તેઓ એને અગ્નિ, યમ, માતરિશ્વા એમ અનેક નામ આપે છે.)

૧૨; ૧. 'આર્ય', વૉ. ૧, પૃ. ૬૦.

૧૬; ૧. देवो दानाद्वा दीपनाद्वा द्योतनाद्वा द्युस्थानो वा भवति। निरुक्त ૭; ૧૫. (દાન આપે તે દેવ; દીપે તે દેવ; તેજસ્વી હોય તે દેવ; અથવા તો આકાશ કે સ્વર્ગમાં રહે તે દેવ.)

દેવ શબ્દ લૅટિન શબ્દ દ્યુસ્ (deus) ની સાથે સંબન્ધ ધરાવે છે, ને જે ધાતુમાંથી તે નીકળેલો છે તેનો મૂળ અર્થ છે દીપવું કે પ્રકાશવું. નિરુક્તની વ્યાખ્યા તો પાછળની છે.

૧૬; ૨. સરખાવો અંગ્રેજી શબ્દ 'લેડી'; તેનો મૂળ અર્થ રોટી માટે લોટની કણક બાંધનારી એવો થતો. 'લૉર્ડ' શબ્દનો પણ મૂળ અર્થ રોટીનો રક્ષક એવો હતો.

૧૬; ૩. विद्वांसो हि देवाः।

૧૬; ૪. मातृदेवो भव, पितृदेवो भव, आचार्यदेवो भव, अतिथिदेवो भव। तैत्तिरीयोपनिषत् ૧; ૧૧; ૨.

૧૭; ૧. ટેલર કહે છે: "મનુષ્યનું શરીર તેમાં વસતા આત્માની શક્તિ વડે જીવે છે ને હાલેચાલે છે એવું જેમ મનાતું, તેમ સૃષ્ટિની ક્રિયાઓ બીજા

દેવો ચલાવે છે એવો ભાસ થતો. ” (‘પ્રીમીટીવ કલ્ચર’) ‘નૅચરલ હિસ્ટરી ઑફ રિલિજિયન્સ’ નામના ગ્રંથમાં હ્યુમ લખે છે: “વિશ્વનાં સર્વ સત્ત્વોને પોતાના જેવાં કલ્પવાની વૃત્તિ આખા માનવસમાજમાં સર્વ દેશકાળમાં હોય છે...જે અજ્ઞાત કારણો વિષે તેમને નિરંતર વિચાર કરવો પડે છે તે તેમને હંમેશાં એક જ રૂપે દેખા દેતાં હોઈ, તે સર્વને એ લોકો એક જ પ્રકાર કે કોટિનાં માને છે. એ સત્ત્વોને વિચાર, બુદ્ધિ ને રાગદ્વેષ હોય છે એમ આપણે થોડા જ વખતમાં માનવા લાગીએ છીએ; ને તેમને મનુષ્યના જેવાં હાથપગ અને આકૃતિઓ હોય છે એવી પણ કલ્પના કેટલીકવાર કરીએ છીએ.”

૧૮; ૧. જુઓ ગિલબર્ટ મરેનું ‘ફોર સ્ટેઈજિસ ઑફ ગ્રીક રિલિજિયન’, પૃ. ૧૭.

૧૮; ૨. યાસ્ક તેમના ‘નિરુક્ત’માં કહે છે કે ઘણા વેદમંત્રોના ત્રિવિધ અર્થ થાય છે: આધિભૌતિક, આધિદૈવિક, અને આધ્યાત્મિક. દાખલા તરીકે અગ્નિનો આધિભૌતિક અર્થ છે બળતો દેવતા; આધિદૈવિક અર્થ છે પુરોહિત દેવ; અને આધ્યાત્મિક અર્થ છે પરમાત્માનું ભવ્ય તેજ. નિસર્ગનાં બળોનાં આવાહન અને સ્તુતિ કરવામાં આવતાં ત્યારે ઉપાસકોનું લક્ષ તેમનાં બાહ્ય રૂપ ઉપર નહીં પણ તેના અંતસ્તલમાં રહેલી શક્તિ ઉપર રહેતું.

૧૮; ૩. હિંદીઓ અને ઈરાનીઓ હિંદી–યુરોપિયનોના વિશાળ કુટુંબના અંગભૂત હતા એમ કહેવાય છે. ટ્યુટૉનિક, કેલ્ટિક, સ્લાવોનિક, ઈટાલિક, હેલેનિક, અને આર્મીનિયન પ્રજાઓ એ મહાકુટુંબની શાખાઓ હતી. આ પ્રજાઓના આચારવિચારની તુલના પરથી વિદ્વાનો એવા અનુમાન પર આવ્યા છે કે એક હિંદી–યુરોપી ધર્મ એ કાળે પ્રચલિત હતો. સચેતનવાદ (ઍનીમીઝમ) અને જાદુ, પિતૃપૂજા અને અમરત્વ વિષેની આસ્થા, એ આ હિંદી–યુરોપી ધર્મનાં મુખ્ય અંગો હતાં, એમ કહેવાય છે. રીપલી જેવા નવા નૃવંશશાસ્ત્રીઓ જાતિઓનું સહેજ જુદું વર્ગીકરણ કરે છે. કેટલાક આર્ય પ્રજાને ટ્યુટૉનિક કે નૉરડીક પ્રજાથી અભિન્ન માને છે. આ પ્રજાઓ સાથે આપણે અત્યારની ચર્ચામાં કશો સંબન્ધ નથી. મધ્ય એશિયાના આર્યો છૂટા પડીને એ સમૂહમાં વહેંચાઈ ગયા; અને એમાંનો એક અફ્ઘાનિસ્તાનમાં થઈને હિંદમાં આવ્યો ને બીજો ઈરાનને નામે ઓળખાતા પ્રદેશમાં ફેલાઈ ગયો; ત્યારથી ભારતીય તત્ત્વવિચારના ઈતિહાસનો આરંભ થાય છે.



૧૮; ૪. વેદકાળના આરંભમાં બોલાતી ભાષા એ પૂર્વાવસ્થાની ભાષા હશે; ને તેણે જ પાછળના યુગમાં, ને ઘણે ભાગે જુદા પ્રદેશમાં, શિષ્ટ સંસ્કૃતનું રૂપ ધારણ કર્યું હશે.

૧૯; ૧. જે જાતિઓ પોતાને પહેલવહેલી ‘આર્ય’ એ નામે ઓળખાવવા લાગી તેનાં ભ્રમણોની વીગતો અત્યારે મળતી હકીકતો પરથી ચોકસ નક્કી કરી શકાય એમ નથી. વેદનાં સૂક્તોમાં સમાજજીવનની આગળ વધેલી અવસ્થા જોવા મળે છે. એ વખતે સંસ્કૃત એ બોલાતી ભાષા હતી, ને આર્ય પ્રજા ઘણી શાખાઓમાં વહેંચાઈ ગઈ હતી. વળી, દ્રાવિડો એ ભારતના મૂળ વતની હતા એમ કબૂલ કરવાને પણ અમે તૈયાર નથી. દ્રાવિડો આર્યોની પહેલાં ઘણા જ જૂના વખતમાં હિંદમાં આવ્યા લાગે છે. આર્યોના આગમન પહેલાં તેમણે પોતાની સંસ્કૃતિ પાકે પાયે સ્થાપી હતી. દ્રાવિડોએ આર્યોના આચાર સ્વીકારેલા એ સાચું, પણ સામી તેમણે પણ આર્ય સંસ્કૃતિ પર અસર પાડી હતી. અવરજવરને માટે મુશ્કેલ એવા પહાડી પ્રદેશોમાં આજે પણ જે સંખ્યાબંધ કોમો વસે છે તેઓ કદાચ ભારતના મૂળ વતની આદિવાસીઓ હશે.

૧૯; ૨. दिव् એટલે પ્રકાશવું.

૨૦; ૧. उरुव्यचसा महिनी असश्चता पिता माता च भुवनानि रक्षतः। सुधृष्टमे वपुष्ये ३ न रोदसी पिता यत् सीमभि रूपैरवासयत्। ऋ. १; १६०; २.

(મહાવિશાળ, વિસ્તીર્ણ, એકબીજાથી છૂટાં, અત્યંત ધૈર્યશાળી, માતપિતાની પેઠે શરીરરક્ષક, એવાં માતપિતારૂપ દ્યાવાપૃથિવી ભુવનોનું રક્ષણ કરે છે. પિતા અનેક રૂપો વડે સહુને ઢાંકે છે.)

तव त्ये पितो ददतस्तव स्वादिष्ट ते पितो। प्र स्वाद्मानो रसानां तुविग्रीवा इवेरते। ऋ. १; १८७; ५.

(હે અત્યંત સ્વાદિષ્ટ અન્ન, તને જેઓ આપે છે અને રસોનો આસ્વાદ લે છે તેઓ જ માથું ઊંચું રાખીને જગતમાં ફરી શકે છે.)

स इत् स्वपा भुवनेष्वास य इमे द्यावापृथिवी जजान। उर्वी गभीरे रजसी सुमेके अवंशे धीरः शच्या समैरत्। ऋ. ४; ५६; ३.

(જેણે દ્યાવાપૃથિવીને ઉત્પન્ન કર્યાં તે જ આ જગતમાં કુશળ છે.

વિશાળ, અચળ, સુંદર, અને કશા આધાર વિના ટકી રહેલાં દ્યાવાપૃથિવીને તે બુદ્ધિમાને કુશળતાથી રચ્યાં છે.)

घृतवती भुवनानामभिश्रियोर्वी पृथ्वी मधुदुघे सुपेशसा। द्यावापृथिवी वरुणस्य धर्मणा विष्कभिते अजरे भूरिरेतसा। असश्चन्ती भूरिधारे पयस्वती घृतं दुहाते सुकृते शुचिव्रते। राजन्ती अस्य भुवनस्य रोदसी अस्मे रेतः सिंचतं यन्मनुर्हितम्। ऋ. ६; ७०; १–२.

(હે દ્યાવાપૃથિવી, તમે ઘીથી ભરેલાં છો; પ્રાણીમાત્રનાં આશ્રય છો; વિશાળ, પ્રસિદ્ધ, મધ આપનારાં, સુસ્વરૂપ, વરુણના નિયમ અનુસાર ચાલનારાં, જરારહિત, અને અત્યંત સામર્થ્યવાન છો. જુદાં જુદાં રહેલાં, અનેક ધારાવાળાં, દૂધથી ભરેલાં, અને પવિત્ર કાર્ય કરનારાં દ્યાવાપૃથિવી પુણ્યવાનોને માટે ઘી ઉત્પન્ન કરે છે. હે દ્યાવાપૃથિવી, તમને પ્રાણીમાત્ર પર સત્તા છે. તમે મનુષ્યોને હિતકારક એવા વીર્યનું સિંચન કરો.)

૨૦; ૨. प्र द्यावा यज्ञैः पृथिवी ऋतावृधा मही स्तुषे विदथेषु प्रचेतसा। देवेभिर्ये देवपुत्रे सुदंससेत्था धिया वार्याणि प्रभूषतः। ऋ. १. १५९; १.

(ઋતની વૃદ્ધિ કરનારાં, મોટાં, અને સુજ્ઞ એવાં દ્યાવાપૃથિવીની યજ્ઞની સભામાં હું યજ્ઞ વડે સ્તુતિ કરું છું. દેવો જેમના પુત્રો છે, અને જેઓ અદ્ભુત કામો કરે છે, તે દ્યાવાપૃથિવી દેવોની સાથે, બુદ્ધિ વડે, ઘણી જ સુન્દર ભેટો લાવે છે.)

ते हि द्यावापृथिवी विश्वशंभुव ऋतावरी रजसो धारयत्कवी। सुजन्मनी धिषणे अन्तरीयते देवो देवी धर्मणा सूर्यः शुचिः। ऋ. १; १६०; १.

(સકળ વિશ્વને સુખ આપનારાં, નિયમ અનુસાર ચાલનારાં, અંતરિક્ષને ધારણ કરનારાં, સુજન્મ, પ્રગલ્ભ, અને દેદીપ્યમાન એવાં જે દ્યાવાપૃથિવી, તેમની વચ્ચે થઈને તેજસ્વી ને શુદ્ધ એવો સૂર્ય નિયમ અનુસાર જાય છે.)

देवी देवेभिर्यजते यजत्रैरमिनती तस्थतुरुक्षमाणे। ऋतावरी अद्रुहा देवपुत्रे यज्ञस्य नेत्री शुचयद्भिरर्कैः। ऋ. ४; ५६; २.

(પવિત્ર દેવોની સાથે, ઋતને અનુસરનારી, દ્રોહ ન કરનારી, દેવોને જન્મ આપનારી, તેજસ્વી ગાનો વડે યજ્ઞની નેતા, પવિત્ર દેવીઓ — દ્યાવાપૃથિવી — અવિરત ધારે પાણી સીંચતી ઊભી છે.)



ऊर्जं नो द्यौश्च पृथिवी च पिन्वतां पिता माता विश्वविदा सुदंससा। **संरराणे** रोदसी विश्वशम्भुवा सनिं वाजं रयिमस्मे समिन्वताम्। ऋ. ६; ७०; ६.

(પિતા ને માતા એવાં દ્યાવાપૃથિવી અમને અન્ન આપો. વિશ્વવેત્તા, સત્કર્મ કરનારાં, સર્વનું કલ્યાણ કરનારાં, અને એકબીજાનું હિત કરી એકત્ર રમનારાં દ્યાવાપૃથિવી અમને લાભ, બળ અને ધન આપો.)

૨૦; ૩. જુઓ મૅકસમૂલરનું 'ઇંડિયા, વૉટ ઈટ કૅન ટીચ અસ?', પૃ. ૧૫૬.

૨૦; ૪. अतप्यमाने अवसावन्ती अनु ष्याम रोदसी देवपुत्रे। उभे देवाना-मुभयेभिरह्नां द्यावा रक्षतं पृथिवी नो अभ्वात्। ऋ. १; १८५; ४.

(દેવોને જન્મ આપનારાં દ્યાવાપૃથિવીને બીજું કોઈ પીડી શકતું નથી. પોતાની રક્ષણશક્તિથી તેઓ રક્ષણ કરે છે. એવાં દ્યાવાપૃથિવીની પાસે અમે રહીએ. હે દ્યાવાપૃથિવી, તમે બંને દિવસ અને રાત દેવોની મધ્યે અમને ભયમાંથી બચાવો.)

प्र द्यावा यज्ञैः पृथिवी ऋतावृधा मही स्तुषे विदथेषु प्रचेतसा। देवेभिर्ये देवपुत्रे सुदंससेत्था धिया वार्याणि प्रभूषतः। उत मन्ये पितुरद्रुहो मनो मातुर्महि स्वतवस्तद्ध-वीमभिः। सुरेतसा पितरा भूम चक्रतुरुरु प्रजाया अमृतं वरीमभिः। ऋ. १; १५९; १-२.

(ઋતની વૃદ્ધિ કરનારાં, મોટાં, અને સુજ્ઞ એવાં દ્યાવાપૃથિવીની યજ્ઞની સભામાં હું યજ્ઞ વડે સ્તુતિ કરું છું. દેવો જેમના પુત્રો છે, અને જેઓ અદ્ભુત કામો કરે છે, તે દ્યાવાપૃથિવી દેવોની સાથે, બુદ્ધિ વડે, ઘણી જ સુંદર ભેટો લાવે છે. પ્રેમાળ પિતાના મનનું અને માતાની મહાન સહજ શક્તિનું હું સ્તોત્રથી ધ્યાન ધરું છું. એ મહાન અમોઘવીર્ય માતપિતાએ પ્રજા માટે દુનિયા અને ચોતરફ અમૃત પેદા કર્યાં છે.)

अवन्तु नः पितरः सुप्रवाचना उत देवी देवपुत्रे ऋतावृधा। रथं न दुर्गाद्‌ वसवः सुदानवो विश्वस्मान्नो अंहसो निष्पिपर्तन। ऋ; १; १०६; ३.

(પુણ્યશ્લોક પિતરો અમારું રક્ષણ કરો. તે જ પ્રમાણે ઋતના બળમાં વૃદ્ધિ કરનાર, દેવોનાં માતપિતા, દ્યાવાપૃથિવી પણ અમારું રક્ષણ કરો. હે સંપન્ન અને દાનશૂર દેવો, ખરાબ રસ્તામાંથી જેમ રથ પાર નીકળે, તેમ તમે અમને સર્વ સંકટોમાંથી પાર ઉતારો.)

वैश्वानरस्य दंसनाभ्यो बृहदरिणादेकः स्वपस्यया कविः । उभा पितरा महयन्नजायताग्निर्द्यावापृथिवी भूरिरेतसा । ऋ. ३; ३; ११.

( વૈશ્વાનરનાં અદ્‌ભુત કાર્યોને માટે તે કવિ -- અગ્નિએ જ પોતાની મહાન કુશળતાથી પોતાની શક્તિઓને છૂટી કરી છે. એવો એ અગ્નિ, મહારેતસવાળાં બંને માતપિતાની પૂજા કરતો, જન્મ પામ્યો. )

पप्राथ क्षां महि दंसो व्यु१र्वीमुप द्यामृष्वो बृहदिन्द्र स्तभायः । अधारयो रोदसी देवपुत्रे प्रत्ने मातरा यह्वी ऋतस्य । ऋ. ६; १७; ७.

( હે ઇન્દ્ર, તમે મોટું પરાક્રમ કરીને પૃથ્વીને વિસ્તીર્ણ બનાવી છે. તે જ પ્રમાણે, હે ઇન્દ્ર, મહાન એવા તમે જ વિશાળ દ્યુલોકને સ્થિર કર્યો છે. તાત્પર્ય કે, દેવો જેમના પુત્ર છે, અને જે પ્રાચીન કાળથી ઋતની યુવાન માતાઓ છે, તે દ્યાવાપૃથિવીને એ ઇન્દ્રે જ સ્થિર રાખ્યાં છે. )

प्र द्यावा यज्ञैः पृथिवी नमोभिः सबाध ईळे बृहती यजत्रे । ते चिद्धि पूर्वे कवयो गृणन्तः पुरो मही दधिरे देवपुत्रे । प्र पूर्वजे पितरा नव्यसीभिर्गीर्भिः कृणुध्वं सदने ऋतस्य । आ नो द्यावापृथिवी दैव्येन जनेन यातं महि वां वरूथम् । ऋ. ७; ५३; १-२.

( પૂજ્ય અને વિસ્તૃત એવાં દ્યાવાપૃથિવીનું સાથેના લોક સહિત, યજ્ઞ અને સ્તોત્ર વડે, અમે સ્તવન કરીએ છીએ. મહાન અને દેવોને જન્મ આપનારાં એવાં દ્યાવાપૃથિવીને પહેલાંના કવિઓ તેમનાં સ્તવનોમાં મોખરે મૂક્તા. હે સ્તોતાઓ, તમે નવાં સ્તોત્રો વડે પ્રાચીન અને જગતનાં માબાપ એવાં દ્યાવાપૃથિવીને યજ્ઞની જગાએ લાવો. હે દ્યાવાપૃથિવી, તમે દેવો સહિત અમારી પાસે આવો; તમારું છત્ર મહાન છે. )

ऊर्ध्वो गन्धर्वो अधि नाके अस्थाद् विश्वा रूपा प्रतिचक्षाणो अस्य । भानुः शुक्रेण शोचिषा व्यद्यौत् प्रारूरुचद्रोदसी मातरा शुचिः । ऋ. ९; ८५; १२.

( સ્વર્ગમાં આદિત્યની ઉપરના ભાગમાં ઉત્કૃષ્ટ સોમ રહે છે. તે આદિત્યનાં સર્વ રૂપોને જોઈ રહે છે. આદિત્ય સફેદ તેજથી પ્રકાશે છે. અને નિર્મળ એવો તે માતારૂપ દ્યાવાપૃથિવીને પણ પ્રકાશિત કરે છે. )

आ हि द्यावापृथिवी अग्न उभे सदा पुत्रो न मातरा ततन्थ । प्र याह्यच्छोशतो यविष्ठाऽथा वह सहस्येह देवान् । ऋ. १०; १; ७.



( હે અગ્નિ, પુત્ર જેમ માતપિતાને મદદ કરે છે તેમ તમે દ્યાવાપૃથિવીને સદા મદદ કરો છો; હે યુવાન, અમારી ઉપાસકોની પાસે તમે આવો; અને, હે બલપુત્ર, તમે ઇન્દ્રાદિ દેવોને અમારા યજ્ઞમાં લઈ આવો. )

द्यावा नो अद्य पृथिवी अनागसो मही त्रायेतां सुविताय मातरा । उषा उच्छन्त्यप बाधतामघं स्वस्त्य१ग्निं समिधानमीमहे । ऋ. १०; ३५; ३.

( મહાન અને માતારૂપ એવાં દ્યાવાપૃથિવી આપણું નિરપરાધીનું આજે સુખને સારુ રક્ષણ કરો. અંધકારને ફેડનારી ઉષા અમારા પાપનો નાશ કરો. તેમજ પ્રજ્વલિત થયેલા અગ્નિની પાસે હું કલ્યાણની યાચના કરું છું. )

ते हि द्यावापृथिवी मातरा मही देवी देवाञ्जन्मना यज्ञिये इतः । उभे बिभृत उभयं भरीमभिः पुरू रेतांसि पितृभिश्च सिंचतः । ऋ. १०; ६४; १४.

( જગતને ઉત્પન્ન કરનાર, મોટાં, અને યજ્ઞને પાત્ર એવાં દ્યાવાપૃથિવીએ દેવોને જન્મ આપ્યો. તે બંને અન્ન વડે સહુને પોષે છે, અને દેવોની સહાયતા વડે પુષ્કળ પાણીની વૃષ્ટિ કરે છે. )

परिक्षिता पितरा पूर्वजावरी ऋतस्य योना क्षयतः समोकसा । द्यावापृथिवी वरुणाय सव्रते घृतवत् पयो महिषाय पिन्वतः । ऋ. १०; ६५; ८.

( સર્વવ્યાપી, માતપિતા જેવાં પ્રાચીન, અને એકત્ર વસનારાં દ્યાવાપૃથિવી યજ્ઞમાં હોય છે. અને એક જ કામ કરનાર તે બંને પૂજ્ય વરુણને પ્રસન્ન કરવા માટે બળવાળા પાણીનું સિંચન કરે છે. )

श्रुधी नो अग्ने सदने सधस्थे युक्ष्वा रथममृतस्य द्रवित्नुम् । आ नो वह रोदसी देवपुत्रे माकिर्देवानामप भूरिह स्याः । ऋ. १०; ११; ९.

( હે અગ્નિ, સર્વ દેવો જેમાં છે એવા ઘરમાંથી તમે અમારું સ્તોત્ર સાંભળો. અમૃત જેમાંથી દ્રવે છે એવો રથ તમે જોડો; અને દેવો જેમના પુત્ર છે એવાં દ્યાવાપૃથિવીને એ રથમાં અમારી પાસે લાવો. દેવોમાંથી કોઈ પણ યજ્ઞમાંથી દૂર ન રહે; માટે તમે અહીં હાજર રહો. )

२०; ५. अयं देवानामपसामपस्तमो यो जजान रोदसी विश्वशंभुवा । वि यो ममे रजसी सुक्रतूयया5जरेभिः स्कम्भनेभिः समानृचे । ऋ. १; १६०; ४.

२०; ६. अजो न क्षां दाधार पृथिवीं तस्तम्भ द्यां मन्त्रेभिः सत्यैः। प्रिया पदानि पश्वो नि पाहि विश्वायुरग्ने गुहा गुहं गाः। ऋ. १; ६७; ३.

( અનાદિ અગ્નિ સત્યવાળા મંત્રો વડે વિશાળ પૃથ્વીને ધારણ કરે છે ને દ્યુલોકને ટકાવી રાખે છે. હે અગ્નિ, સર્વના પ્રાણરૂપ એવા તમે પશુનાં પ્રિય સ્થાનોનું રક્ષણ કરો. એક ગૂઢ સ્થાનમાંથી બીજામાં પ્રવેશો. )

२०; ७. इन्द्राय गिरो अनिशितसर्गा अपः प्रेरयं सगरस्य बुध्नात्। यो अक्षणेव चक्रिया शचीभिर्विष्वक् तस्तम्भ पृथिवीमुत द्याम्। ऋ. १०; ८९; ४.

( જેમ ધરી વડે પૈડાં સ્થિર થાય છે, તે પ્રમાણે પોતાના કામ વડે પૃથ્વી અને સ્વર્ગને જે ઈન્દ્રે સર્વ પ્રકારે ટકાવી રાખ્યાં છે, તે ઈન્દ્રની ઘણી સ્તુતિ કરીને અમે આકાશમાંથી વરસાદ પાડીશું. )

२०; ८. स वीरो दक्षसाधनो वि यस्तस्तम्भ रोदसी। हरिः पवित्रे अव्यत वेधा न योनिमासदम्। ऋ. ९; १०१; १५.

( જે સોમે દ્યાવાપૃથિવીને સ્થિર કર્યાં છે તે વીર સોમ સમર્થ છે. તે પિશંગ સોમ યજમાનની પેઠે પોતે પણ પોતાને સ્થાને બેસવા સારુ ગળણીમાં જાય છે. )

२०; ९. पित्रे चिच्चक्रुः सदनं समस्मै महि त्विषीमत् सुकृतो वि हि ख्यन्। विष्कभ्नन्तः स्कम्भनेना जनित्री आसीना ऊर्ध्वं रभसं वि मिन्वन्। ऋ. ३; ३१; १२.

( અંગિરસોએ આ પિતારૂપ ઈન્દ્રને માટે મોટું ને તેજસ્વી સ્થાન તૈયાર કર્યું. સત્કર્મ કરનારા અંગિરસોએ એ સ્થાન પર નજર નાખી. યજ્ઞમાં બેસીને દ્યાવાપૃથિવીને અંતરિક્ષનો આધાર આપતાં તેમણે ઈન્દ્રને ઉચ્ચ સ્થાને સ્થાપ્યા. )

२१; १. य आस्वत्क आशये विश्वा जातान्येषाम्। परि धामानि मर्मृशद् वरुणस्य पुरो गये विश्वे देवा अनु व्रतं नभन्तामन्यके समे। ऋ. ८; ४१; ७.

( જે વરુણ ઝભ્ભાની પેઠે આખા જગતને, તેમાંનાં સર્વ પ્રાણીઓ તથા તેમનાં નિવાસસ્થાન સહિત, ઢાંકી દે છે, અને સર્વના સામર્થ્યનો વિચાર કરનાર જે વરુણને સહુ દેવો અનુસરે છે, તેની કૃપાથી અમારા દુષ્ટ શત્રુઓ નાશ પામો. )

२१; २. आत्मा ते वातो रज आ नवीनोत् पशुर्न भूर्णिर्यवसे ससवान्। अन्तर्मही बृहती रोदसीमे विश्वा ते धाम वरुण प्रियाणि। ऋ. ७; ८७; २.



( હે વરુણ, વાયુ તમારો શ્વાસ — આત્મા — છે. તે પાણીને પ્રેરે છે. જગતનો પોષક એ વાયુ ઘાસ ખાધેલા પશુની પેઠે સમર્થ હોય છે. હે વરુણ, તમે આ વિશાળ ને મહાન દ્યાવાપૃથિવીની અંદર રહો છો. એ સર્વ ધામો તમને પ્રિય છે. )

२१; ३. उरुं हि राजा वरुणश्चकार सूर्याय पन्थामन्वेतवा उ। अपदे पादा प्रतिधातवेऽकरुतापवक्ता हृदयाविधश्चित्। ऋ. १; २४; ८.

( સૂર્યને જવા માટે રાજા વરુણે પહોળો રસ્તો કરી આપ્યો, અને [ અંતરિક્ષમાં ] પગ મૂકીને જવા માટે, પગ ન મૂકી શકાય ત્યાં માર્ગ કર્યો. હૃદયનું વિદારણ કરનારા શત્રુને તે દૂર કરે છે. )

प्र सीमादित्यो असृजद् विधर्ता ऋतं सिन्धवो वरुणस्य यन्ति। न श्राम्यन्ति न वि मुचन्त्येते वयो न पप्तू रघुया परिज्मन्। ऋ. २; २८; ४.

( ધારણ કરનારા આદિત્યે — વરુણે — તેમને વહેતી કરી. વરુણની નદીઓ ઋતને માર્ગે જાય છે. તે થાકતી નથી કે થંભી જતી નથી, પણ પક્ષીની પેઠે વેગથી દોડે છે. )

तिस्रो द्यावो निहिता अन्तरस्मिन् तिस्रो भूमीरुपराः षड्विधानाः। गृत्सो राजा वरुणश्चक्र एतं दिवि प्रेङ्खं हिरण्ययं शुभे कम्। ऋ. ७; ८७; ५.

( આ વરુણમાં ત્રણ દ્યુલોક અને છ પ્રકારના ત્રણ ભૂલોક સમાઈ ગયેલા છે. પ્રશંસાને પાત્ર એવા રાજા વરુણે જ પ્રકાશને માટે આ આકાશમાં લટકતો સોનેરી ગોળો — સૂર્ય — ટાંગ્યો છે. )

२१; ४. अमी य ऋक्षा निहितास उच्चा नक्तं ददृश्रे कुह चिद् दिवेयुः। अदब्धानि वरुणस्य व्रतानि विचाकशच्चन्द्रमा नक्तमेति। ऋ. १; २४; १०.

( આ જે આકાશમાં ઊંચે રહેલાં નક્ષત્રો રાતે દેખાય છે તે દિવસે ક્યાંક જતાં રહે છે. વરુણની આજ્ઞાથી જ વિશેષ પ્રકાશવાળો ચંદ્રમા રાતે આવે છે. એમ વરુણના નિયમો કોઈ તોડતું નથી. )

तदित् समानमाशाते वेनन्ता न प्र युच्छतः। धृतव्रताय दाशुषे। ऋ. १; २५; ६.

( વરુણનાં વ્રતો — નીતિના નિયમો — પાળનારા ભક્ત પર પ્રસન્ન થયેલા મિત્રાવરુણ સાથે મળીને એક જ હવિ ગ્રહણ કરે છે, તેમાં કદી પ્રમાદ કરતા નથી. )

श्रृण्वन्तु स्तोमं मरुतः सुदानवोऽग्निजिह्वा ऋतावृधः । पिबतु सोमं वरुणो धृतव्रतोऽश्विभ्यामुषसा सजूः । ऋ. १; ४४; १४.

( સારું દાન દેનારા, અગ્નિરૂપી જીભવાળા, ને ઋતને વધારનારા મરુતો અમારું સ્તોત્ર સાંભળો. અશ્વિનો અને ઉષાને સાથે રાખીને ધૃતવ્રત વરુણ સોમરસ પીઓ. )

त्वमग्ने राजा वरुणो धृतव्रतः । ऋ. २; १; ४.

( હે અગ્નિ, જેણે વ્રત ધારણ કર્યું છે એવા વરુણ રાજા તમે જ છો. )

नमः पुरा ते वरुणोत नूनमुतापरं तुविजात ब्रवाम । त्वे हि कं पर्वते न श्रितान्यप्रच्युतानि दूळभ व्रतानि । ऋ. २; २८; ८.

( હે બળવાન વરુણ, અમે તમને અગાઉ નમન કર્યું છે, હમણાં કરીએ છીએ, ને હવે પછી પણ કરીશું. હે દુર્દમ વરુણ, પર્વતની પેઠે તમારે આશ્રયે રહેલાં વ્રતો કદી તેના સ્થાનથી ચળતાં નથી. )

अदब्धानि वरुणस्य व्रतानि । ऋ. ३; ५४; १८.

( વરુણનાં વ્રતો — નિયમો — અવિનાશી છે. )

मित्रा तना न रथ्या ३ वरुणो यश्च सुक्रतुः । सनात् सुजाता तनया धृतव्रता । ऋ. ८; २५; २.

( ધન આપનારા, રથવાળા, સારો જન્મ પામેલા, કાર્યકુશળ, પૃથ્વીમાંથી ઉત્પન્ન થયેલા, ને જેમણે વ્રત ધારણ કર્યું છે એવા, મિત્રાવરુણની તું પૂજા કર. )

૨૧; ૫. यो मृळयाति चक्रुषे चिदागो वयं स्याम वरुणे अनागाः । अनु व्रतान्यदितेर्ऋधन्तो यूयं पात स्वस्तिभिः सदा नः । ऋ. ७; ८७; ७.

( તે વરુણ પાપ કરનાર પ્રત્યે પણ દયા રાખે છે. અમારે હાથે એ વરુણનો અપરાધ ન થાઓ. અમે વરુણનાં વ્રતો — નિયમો — પાળીએ. હે દેવો! કલ્યાણો વડે સર્વદા અમારું રક્ષણ કરો. )

૨૧; ૬. बृहन्नेषामधिष्ठातान्तिकादिव पश्यति ।
यस्तावन्मन्यते चरन्त्सर्वं देवा इदं विदुः ॥
यस्तिष्ठति चरति यश्च वञ्चति यो निलायं चरति यः प्रतंकम् ।



द्वौ संनिषद्य यन्मन्त्रयेते राजा तद्वेद वरुणस्तृतीयः ॥
उतेयं भूमिर्वरुणस्य राज्ञ उतासौ द्यौर्बृहती दूरेअन्ता ।
उतो समुद्रौ वरुणस्य कुक्षी उतास्मिन्नल्प उदके निलीनः ॥
उत यो द्यामतिसर्पात्परस्तान्न स मुच्याते वरुणस्य राज्ञः ।
दिव स्पशः प्र चरन्तीदमस्य सहस्राक्षा अति पश्यन्त भूमिम् ॥
सर्वं तद्राजा वरुणो वि चष्टे यदन्तरा रोदसी यत्परस्तात् ।
संख्याता अस्य निमिषो जनानामक्षानिव श्वघ्नी नि मिनोति तानि ॥
ये ते पाशा वरुण सप्तसप्त त्रेधा तिष्ठन्ति विषिता रुशन्तः ।
छिनन्तु सर्वे अनृतं वदन्तं यः सत्यवाद्यति तं सृजन्तु ॥
अ. ४; १६; १-६.

( આ વિશ્વનો અધિષ્ઠાતા છેક જ પાસે રહીને જોતો હોય એવી રીતે બધું જુએ છે. માણસ વિકાસ પામે છે ને પાલન કરે છે, ફરે છે ને ફેરવે છે, તેમજ વિચાર કરે છે, તે બધું દેવો જાણે છે. માણસ ઊભો રહે છે કે ચાલે છે, ઠગે છે, ગુપ્ત આચરણ કરે છે કે ખુલ્લમખુલ્લા વર્તે છે, તથા બે જણ સાથે બેસીને કંઈ વિચાર કરે છે, તે બધું ત્રીજો રાજા વરુણ જાણે છે. આ પૃથ્વી, અને આ ઘણે દૂર દેખાતું આકાશ, એ બંને વરુણ રાજાનાં છે. બે સમુદ્રો વરુણની બે કૂખો છે. છતાં તે આ અલ્પ ઉદકમાં પણ વસે છે. કોઈ માણસ આકાશથી પણ પાર ચાલ્યો જાય તેથી કંઈ તે વરુણ રાજાના શાસનમાંથી છટકી શકતો નથી. સ્વર્ગમાંથી એના દૂત જગતમાં સંચાર કરે છે. તે હજારો આંખવાળો હોઈ આખી પૃથ્વીને નિહાળે છે. ધરતી અને આકાશની વચ્ચેના ભાગમાં, તથા તે બંનેની પાર પણ, જે કંઈ છે તે બધાને વરુણ રાજા જુએ છે. માણસોની પાંપણોના પલકારાને પણ તે ગણે છે. જુગારી જેમ પાસાને ફેંકે છે તેમ, હે વરુણદેવ! ત્રણ રીતે બાંધેલા જે તમારા સાત સાત પાશ છે તે સર્વ અસત્યવાદીઓને બાંધો, પણ સત્યવાદીઓને જતા કરો. )

उत स्वया तन्वा३ सं वदे तत् कदा न्वऽन्तर्वरुणे भुवानि ।
किं मे हव्यमहृणानो जुषेत कदा मृळीकं सुमना अभि ख्यम् ॥
पृच्छे तदेनो वरुण दिदृक्षूपो एमि चिकितुषो विपृच्छम् ।
समानमिन्मे कवयश्चिदाहुरयं ह तुभ्यं वरुणो हृणीते ॥

किमाग आस वरुण ज्येष्ठं यत् स्तोतारं जिघांससि सखायम् ।
प्र तन्मे वोचो दूळभ स्वधावोऽव त्वानेना नमसा तुर इयाम् ॥
अव द्रुग्धानि पित्र्या सृजा नोऽव या वयं चकृमा तनूभिः ।
अव राजन् पशुतृपं न तायुं सृजा वत्सं न दाम्नो वसिष्ठम् ॥
न स स्वो दक्षो वरुण ध्रुतिः सा सुरा मन्युर्विभीदको अचित्तिः ।
ऋ. ७; ८६; ३-६.

(હું પોતે થઈને તેમનો પીછો પકડું ? હું વરુણની સાથે એક વિચારનો ક્યારે થઈશ ? તે ક્રોધ ભરાયા વિના મારા હવિનો સ્વીકાર કરશે ખરા ? પ્રસન્ન મન વડે સુખદાતા વરુણને હું ક્યારે જોઈશ ? હે વરુણ, હું તમારું દર્શન કરવાને ઉત્સુક છું, એટલે અનેક જ્ઞાનીઓ પાસે જઈને પૂછું છું કે 'મારાથી એવું શું પાપ થયું છે જેને લીધે વરુણ મને દર્શન દેતા નથી ?' સર્વ કવિઓએ મને કહ્યું કે 'વરુણ તારા પર કોપેલા છે.' હે વરુણ, મેં એવું તે શું મોટું પાપ કર્યું છે કે જેને લીધે તમે તમારી સ્તુતિ કરનાર મિત્રનો નાશ કરવા તૈયાર થયા છો ? હે દુર્દમ તેજસ્વી વરુણ, એ પાપ શું છે તે તમે મને જલદી કહો; એટલે નમન કરી, નિષ્પાપ થઈને હું તમારી સ્તુતિ કરવા માંડું. હે વરુણ, અમારા વડવાઓને કે અમારે હાથે જે પાપ થયાં હોય તેમાંથી તમે અમને મુક્ત કરો. હે રાજા, પશુને તૃપ્ત કરનારા ચોરની જેમ અથવા દામણાના બંધનમાંથી વાછડાને છોડે તે પ્રમાણે, તમે વસિષ્ઠને છોડો. હે વરુણ, એ પાપ અમે જાતે જાણીબૂજીને નથી કર્યું; એ તો અમારી ચૂક થઈ ગઈ. દારૂ, ક્રોધ, પાસા, ને અવિચારને લીધે એ પાપ થઈ ગયું.)

૨૨; ૧. 'વૈદિક માઇથોલૉજી', પૃ. ૩.

૨૨; ૨. आ यात्विन्द्रो दिव आ पृथिव्या मक्षू समुद्रादुत वा पुरीषात् । स्वर्णरादवसे नो मरुत्वान् परावतो वा सदनादृतस्य । ऋ. ४; २१; ३.

(ઇન્દ્ર મરુતોની સાથે સ્વર્ગમાંથી, પૃથ્વી પરથી, સમુદ્રમાંથી, અંતરિક્ષમાંથી, સૂર્યલોકમાંથી, દૂરથી કે ઋતના સદનમાંથી અમારા રક્ષણ માટે આવો.)

૨૨; ૩. ऋतस्य गर्भम् । ऋ. १; १५६; ३.

૨૨; ૪. स दाधार पृथिवीं द्यामुतेमाम् । ऋ. १०; १२१; १.



(એણે આ પૃથ્વીને તેમજ આકાશને ટકાવી રાખેલાં છે.)

૨૨; ૫. ઋતની કલ્પના હિંદી — ઈરાની યુગ જેટલી જૂની છે.

૨૩; ૧. एषा दिवो दुहिता प्रत्यदर्शि ज्योतिर्वसाना समना पुरस्तात् । ऋतस्य पन्थामन्वेति साधु प्रजानतीव न दिशो मिनाति । ऋ. १; १२४; ३.

(શુભ કામનાવાળી દ્યૌની દીકરી ઉષા જ્યોતિર્મય વસ્ત્ર પહેરીને પૂર્વમાં દેખા દે છે. તે ઋતના માર્ગને જાણતી હોય એવી રીતે રસ્તા પર સારી રીતે ચાલે છે, અને દિશા ચૂકતી નથી.)

૨૩; ૨. ऋतस्य दृळ्हा धरुणानि सन्ति पुरूणि चन्द्रा वपुषे वपूंषि । ऋतेन दीर्घमिषणन्त पृक्ष ऋतेन गाव ऋतमा विवेशुः ॥ ऋतं येमान ऋतमिद् वनोत्यृतस्य शुष्मस्तुरया उ गव्युः । ऋताय पृथ्वी बहुले गभीरे ऋताय धेनू परमे दुहाते ॥ ऋ. ४; २३; ९-१०.

(દેહધારી ઋતનાં બળવાન, આધારભૂત અને આહ્લાદક એવાં અનેક રૂપો છે. ઋતને લીધે સ્તોતાઓ ઘણું અન્ન ઇચ્છે છે. ઋતને લીધે ગાયો ઋતમાં પ્રવેશ કરે છે. ઋતને વશ કરવા ઇચ્છનાર ઋતની જ ઉપાસના કરે છે. ઋતનું બળ તાખડતોબ ગાય ઇચ્છનારું બને છે. ઋતને માટે જ વિસ્તૃત અને ગભીર (દ્યાવાપૃથિવી હસ્તી ધરાવે છે. એ બે ઉત્કૃષ્ટ ધેનુઓ — દ્યાવાપૃથિવી — ઋતને માટે જ પોતાનું દોહન થવા દે છે.)

૨૩; ૩. ऋतस्य नः पथा नयाऽति विश्वानि दुरिता । ऋ. १०; १३३; ६.

૨૪; ૧. एष स्य मित्रावरुणा नृचक्षा उभे उदेति सूर्यो अभि ज्मन् । विश्वस्य स्थातुर्जगतश्च गोपा ऋजु मर्तेषु वृजिना च पश्यन् ॥ ऋ. ७; ६०; २.

(હે મિત્રાવરુણ ! આ પ્રસિદ્ધ સૂર્ય — મનુષ્યોને નિહાળનાર, અંતરિક્ષમાં ફરનાર, સર્વ સ્થાવર અને જંગમ વસ્તુઓનું રક્ષણ કરનાર — દ્યાવાપૃથિવીને લક્ષમાં રાખીને, મનુષ્યોમાં થતાં પુણ્ય અને પાપ જોતો જોતો ઉદય પામે છે.)

૨૪; ૨. ઋ. ૭; ૬૩.

૨૫; ૧. अचित्ती यच्चकृमा दैव्ये जने दीनैर्दक्षैः प्रभूती पूरुषत्वता । देवेषु च सवितर्मानुषेषु च त्वं नो अत्र सुवतादनागसः ॥ ऋ. ४; ५४; ३.

२५; २. एको दाधार भुवनानि विश्वा । ऋ. १; १५४; २.

२५; ३. त्रीणि पदा विचक्रमे विष्णुर्गोपा अदाभ्यः । ऋ. १; २२; १८.

न ते महित्वमन्वश्नुवन्ति । उभे ते विद्म रजसी पृथिव्या विष्णो देव त्वं परमस्य वित्सो। न ते विष्णो जायमानो न जातो देव महिम्नः परमन्तमाप ॥ ऋ. ७; ९९; १-२.

२५; ४. चतुर्भिः साकं नवतिं च नामभिश्चक्रं न वृत्तं व्यतींरवीविपत् । बृहच्छरीरो विमिमान ऋक्वभिर्युवाकुमारः प्रत्येत्याहवम् ॥ ऋ. १; १५५; ६.

( વિષ્ણુ ગોળ પૈડાની પેઠે જુદી જુદી ચોરાણુ રીતે ફરે છે. તે વિષ્ણુ વિરાટ શરીરવાળા છે, જુદાં જુદાં અનેક રૂપવાળા છે, તરુણ છે, કુમાર છે. તેમને બોલાવતાંવેંત તે આવે છે. )

२५; ५. वि चक्रमे पृथिवीमेष एतां क्षेत्राय विष्णुर्मनुषे दशस्यन् । ध्रुवासो अस्य कीरयो जनास उरुक्षितिं सुजनिमा चकार ॥ ऋ ७; १००; ४.

२६; १. ' અશ્વિન્ ' નો અક્ષરાર્થ છે ઘોડેસવાર.

२६; २. अदितिर्द्यौरदितिरन्तरिक्षमदितिर्माता स पिता स पुत्रः । विश्वे देवा अदितिः पंच जना अदितिर्जातमदितिर्जनित्वम् ॥ ऋ. १; ८९; १०.

२७; १. આ અર્થનો લૅટિન શબ્દ છે ' ઇગ્નીસ ' (Ignis).

२७; २. यो अश्मनोरन्तरग्निं जजान । ऋ. २; १२; ३.

( જેણે ચકમકના બે પથ્થરમાંથી અંદર રહેલા અગ્નિને પ્રદીપ્ત કર્યો. )

२७; ३. ભૃગુ એ એક જાતિસમૂહનું નામ છે.

२७; ४. आग्ने वह वरुणमिष्टये न इन्द्रं दिवो मरुतो अन्तरिक्षात् ।

ऋ. १०; ७०; ११.

२७; ५. अग्निं मन्ये पितरमग्निमापिमग्निं भ्रातरं सदमित् सखायम् ।

ऋ. १०; ७; ३.

२८; १. જર્નલ ઑફ ધી અમેરિકન ઓરિયેન્ટલ સોસાયટી, ૩; ૨૯૨.

२८; २. स्वादिष्ठया मदिष्ठया पवस्व सोम धारया । इन्द्राय पातवे सुतः ॥

ऋ. ९; १; १.

२८; ३. अपाम सोमममृता अभूमागन्म ज्योतिरविदाम देवान् । ऋ. ८;४८;३.



२९; १. प्र वामन्धांसि मद्यान्यस्थुररं गन्तं हविषो वीतये मे । तिरो अर्यो हवनानि श्रुतं नः ॥ ऋ. ७; ६८; २.

( હે અશ્વિનો, તમારે માટે આહ્લાદજનક અન્ન તૈયાર કર્યું છે. તમે મારો હવિ આરોગવા માટે જલદી આવો. અમારા શત્રુનું નિમંત્રણ ન સાંભળતાં અમારી હાક સાંભળો. )

अयं विप्राय दाशुषे वाजाँ इयर्ति गोमतः । अयं सप्तभ्य आ वरं वि वो मदे प्रान्धं श्रोणं च तारिषद्विवक्षसे ॥ ऋ. १०; २५; ११.

( આ સોમ વિદ્વાન દાતાને ગાયોવાળું અન્ન આપે છે. તેણે સાત હોતાઓને ઉત્તમ ધન આપ્યું. આંધળા દીર્ધતમસ્‌ને તેણે આંખો આપી, પાંગળા પરાવૃજને પગ આપ્યા, ને બંનેને તાર્યા. તું ખરેખર મહાન છે. )

२९; २. यत्र ज्योतिरजस्रं यस्मिन् लोके स्वर्हितम् ।
तस्मिन् मां धेहि पवमानाऽमृते लोके अक्षिते ॥
यत्र राजा वैवस्वतो यत्रावरोधनं दिवः ।
यत्रामूर्यह्वतीरापस्तत्र माममृतं कृधी ॥
यत्रानुकामं चरणं त्रिनाके त्रिदिवे दिवः ।
लोका यत्र ज्योतिष्मन्तस्तत्र माममृतं कृधी ॥
यत्र कामा निकामाश्च यत्र ब्रध्नस्य विष्टपम् ।
स्वधा च यत्र तृप्तिश्च तत्र माममृतं कृधी ॥
यत्रानन्दाश्च मोदाश्च मुदः प्रमुद आसते ।
कामस्य यत्राप्ताः कामास्तत्र माममृतं कृधी ॥
ऋ. ९; ११३; ७-११.

२९; ३. पितृयाण. ऋ. १०; २; ७.

२९; ४. ऋ. १०; १४.

३०; १. माता भूमिः पुत्रो अहं पृथिव्याः । पर्जन्यः पिता स उ नः पिपर्तु ।
अ. १२; १; १२

( ભૂમિ માતા છે, ને હું પૃથ્વીનો પુત્ર છું. પર્જન્ય પિતા છે. તે અમારું પાલન કરો. )

३०; २. भूम्यै पर्जन्यपत्न्यै नमोऽस्तु वर्षमेदसे । अ. १२; १; ४२.

(વર્ષાથી જેનું પાલન થાય છે, અને જે પર્જન્યની પત્ની છે, તે ભૂમિને નમસ્કાર.)

३०; ३. यत् पर्जन्यः कृणुते वर्ष्यं १ नभः । ऋ. ५; ८३; ३.

३०; ४. यो विश्वस्य जगतो देव ईशे । ऋ. ७; १०१; २.
यस्मिन् विश्वानि भुवनानि तस्थुः । ऋ. ७; १०१; ४.
आत्मा जगतस्तस्थुषश्च । ऋ. ७; १०१; ६.

३०; ५. भूमिं पर्जन्या जिन्वन्ति । ऋ १; १६४; ५१.

३०; ६. 'ઈંડિયાઃ વૉટ કૅન ઈટ ટીચ અસ?', વ્યાખ્યાન ૬.

३०; ७. હિંદી-ઈરાની યુગમાં પણ ઇન્દ્ર જાણીતો હતો. જુઓ કીથ: 'ધી રિલિજિયન ઍન્ડ ફિલૉસૉફી ઑફ ધી વેદ', વૉ. ૧, પૃ. ૧૩૩.

३१; १. एकराळस्य भुवनस्य राजसि शचीपत इन्द्र विश्वाभिरूतिभिः ।
ऋ. ८; ३७; ३.

जनिता दिवो जनिता पृथिव्याः । ऋ. ८; ३६; ४.

क्षेमस्य च प्रयुजश्च त्वमीशिषे शचीपत इन्द्र । ऋ. ८; ३७; ५.

विश्वं शृणोति पश्यति । ऋ. ८; ७८; ५.

स मन्युं मर्त्यानामदब्धो न चिकीषते । पुरा निदश्चिकीषते । ऋ ८; ७८; ६.

(નિર્ભય ઇન્દ્ર મનુષ્યોનો ક્રોધ દૂર કરે છે. નિંદા શરૂ થતા પહેલાં જ તે ક્રોધને શમાવે છે.)

३१; २. यो जात एव प्रथमो मनस्वान् देवो देवान् क्रतुना पर्यभूषयत् ।
यस्य शुष्माद् रोदसी अभ्यसेतां नृम्णस्य मह्ना स जनास इन्द्रः ॥ १ ॥
यः पृथिवीं व्यथमानामदृंहद् यः पर्वतान् प्रकुपिताँ अरम्णात् ।
यो अन्तरिक्षं विममे वरीयो यो द्यामस्तभ्नात् स जनास इन्द्रः ॥ २ ॥
यो हत्वाहिमरिणात् सप्त सिन्धून् यो गा उदाजदपधा वलस्य ।
यो अश्मनोरन्तरग्निं जजान संवृक् समत्सु स जनास इन्द्रः ॥ ३ ॥
यं स्मा पृच्छन्ति कुह सेति घोरमुतेमाहुर्नैषो अस्तीत्येनम् ।
सो अर्यः पुष्टीर्विज इवा मिनाति श्रदस्मै धत्त स जनास इन्द्रः ॥ ५ ॥



यस्याश्वासः प्रदिशि यस्य गावो यस्य ग्रामा यस्य विश्वे रथासः ।
यः सूर्यं य उषसं जजान यो अपां नेता स जनास इन्द्रः ॥ ७ ॥
यस्मान्न ऋते विजयंते जनासो यं युध्यमाना अवसे हवंते ।
यो विश्वस्य प्रतिमानं बभूव यो अच्युतच्युत् स जनास इन्द्रः ॥ ९ ॥
यः शश्वतो मह्येनो दधानानमन्यमानाञ्छर्वा जघान ।
यः शर्धते नानुददाति शृध्यां यो दस्योर्हन्ता स जनास इन्द्रः ॥१०॥
ऋ. २; १२.

३१; ३. इन्द्रो दिव इन्द्र ईशे पृथिव्या इन्द्रो अपामिन्द्र इत् पर्वतानाम् ।
ऋ. १०; ८९; १०.

३१; ४. अहं राजा वरुणो मह्यं तान्यसुर्याणि प्रथमा धारयन्त ।
क्रतुं सचन्ते वरुणस्य देवा राजामि कृष्टेरुपमस्य वव्रेः ॥
अहमिन्द्रो वरुणस्ते महित्वोर्वी गभीरे रजसी सुमेके ।
त्वष्टेव विश्वा भुवनानि विद्वान्त्समैरयं रोदसी धारयं च ॥
अहमपो अपिन्वमुक्षमाणा धारयं दिवं सदन ऋतस्य ।
ऋतेन पुत्रो अदितेर्ऋतावोत त्रिधातु प्रथयद्वि भूम ॥
मां नरः स्वश्वा वाजयन्तो मां वृताः समरणे हवन्ते ।
कृणोम्याजिं मघवाहमिन्द्र इयर्मि रेणुमभिभूत्योजाः ॥
अहं ता विश्वा चकरं नकिर्मा दैव्यं सहो वरते अप्रतीतम् ।
यन्मा सोमासो ममदन्यदुक्थोभे भयेते रजसी अपारे ॥
विदुष्टे विश्वा भुवनानि तस्य ता प्र ब्रवीषि वरुणाय वेधः ।
त्वं वृत्राणि शृण्विषे जघन्वान्त्वं वृताँ अरिणा इन्द्र सिन्धून् ॥
ऋ. ४; ४२; २-७.

([વરુણ કહે છે:] "હું રાજા વરુણ છું. પ્રથમની આ દૈવી શક્તિઓ મને જ અપાઈ છે. દેવો વરુણની ઇચ્છા પ્રમાણે ચાલે છે. હું સૌથી ઉચ્ચ છત્રનો [ઊંચા આકાશનો] ધણી છું.)

"હું વરુણ તે જ ઇન્દ્ર છું. આ બે વિશાળ, ગભીર, અને સુંદર લોક — દ્યાવાપૃથિવી — સર્વ પ્રાણીઓને જાણનાર એવા ત્વષ્ટાની પેઠે મેં જોડ્યાં છે ને ટકાવી રાખ્યાં છે.

" વાદળાં પાસે વરસાદ મેં પડાવ્યો છે. મેં દ્યુલોકને ઋતના સ્થાનમાં સ્થાપ્યો છે. મેં ઋતને અનુસરીને ચાલનાર અદિતિપુત્ર થઈને ઋત વડે સૃષ્ટિને ત્રણગણી વિસ્તારી છે. "

[ ઇન્દ્ર કહે છે : ] " ઘોડા પર બેઠેલા, લડવા ઇચ્છનાર લોકો મને અનુસરે છે. સંગ્રામમાં ઘેરાઈ ગયેલા મને જ ધા નાખીને બોલાવે છે. મઘવા — દાનશીલ એવો હું ઇન્દ્ર યુદ્ધ કરું છું, અને પ્રચંડ બળવાળો હોઈ ધૂળ ઉડાડું છું. મેં એ બધાં કામો કર્યાં. મને ન જિતાયેલાને દેવોનું બળ પણ રોકી શકે એમ નથી. સોમરસ અને સૂક્તોનું ગાયન જ્યારે મને આનંદિત કરે છે ત્યારે અપાર એવાં દ્યાવાપૃથિવી કંપે છે. "

[ ઋષિ કહે છે : ] " તમે આ બધાં કામો કર્યાં તે આખું જગત જાણે છે. હે રાજા ! તમે હવે તે વરુણને કહી સંભળાવ્યાં. તમને ઇન્દ્રને માણસો વૃત્રના હણનાર તરીકે વખાણે છે. ઘેરાઈ ગયેલાં પાણીને તમે છોડવ્યાં છે. "

૩૨; ૧. आपो हि ष्ठा मयोभुवस्ता न ऊर्जे दधातन । महेरणाय चक्षसे ॥ यो वः शिवतमो रसस्तस्य भाजयतेह नः । उशतीरिव मातरः ॥ तस्मा अरं गमाम वो यस्य क्षयाय जिन्वथ । आपो जनयथा च नः ॥ ऋ. १०; ९; १–३.

( હે પાણી, તમે સુખદાયક છો; તેથી અન્ન અને પવિત્ર ને રમણીય એવા આત્મજ્ઞાનને માટે મારું રક્ષણ કરો. બાળકનું કલ્યાણ ઇચ્છનારી માતાઓ કરે છે તેમ તમારો જે સૌથી કલ્યાણકારક રસ હોય તે અમને આપો. હે પાણી, જે રોગનો નાશ થવાથી અમને આનંદ થાય તેના નાશ માટે અમે તમારું ગ્રહણ કરીએ છીએ. અમને પ્રજોત્પાદનનું સામર્થ્ય આપો. )

૩૨; ૨. अत्राह तद् वहेथे मध्व आहुतिं यमश्वत्थमुपतिष्ठन्त जायवोऽस्मे ते संतु जायवः । साकं गावः सुवते पच्यते यवो न ते वाय उप दस्यन्ति धेनवो नाप दस्यन्ति धेनवः । ऋ. १; १३५; ८.

( સ્વાદિષ્ટ રસની આહુતિ, જે અશ્વત્થની ચોતરફ વિજેતા વિપ્રો બેસે છે તે તરફ તમે આવો. હજી પણ અમારે માટે તે વિજેતા થાઓ. ગાયો એકદમ વિયાય છે. જવનો પુરોડાશ તૈયાર થાય છે. હે વાયુ, ગાયો ક્ષીણ થતી નથી; ગાયો તમારે માટે ઊડી જવાની નથી. )



૩૨; ૩. वृत्रा समत्सु सासहदमित्रान् । ऋ. ६; ३३; १.

( યુદ્ધમાં તમે વૃત્ર શત્રુને હરાવ્યો. )

एवा हि जातो असमात्योजाः पुरू च वृत्रा हनति नि दस्यून् । ऋ. ६; २९; ६.

( આ રીતે પ્રગટ થયેલા અસાધારણ પરાક્રમી ઇન્દ્ર વૃત્રને અને દસ્યુઓને હણે છે. )

૩૨; ૪. अव द्रप्सो अंशुमतीमतिष्ठदियानः कृष्णो दशभिः सहस्रैः । आवत् तमिन्द्रः शच्या धमंतमप स्नेहितीर्नृमणा अधत्त । ऋ. ८; ९६; १३.

૩૨; ૫. પાછળથી, સાપ, નાગ આદિની, ઊતરતા પ્રકારની પૂજા, અને વેદકાળની ઇન્દ્રની પૂજા, એના કરતાં કૃષ્ણપૂજાને ઊંચું સ્થાન મળ્યું. ભગિની નિવેદિતા લખે છે :

" કૃષ્ણ કાળીનાગને જીતે છે ને પોતાના પગલાની નિશાની તેના માથા પર પાડે છે. નવો ભક્તિ સંપ્રદાય, અને સાપ, નાગ આદિની પરાપૂર્વથી ચાલતી આવેલી પૂજા, એ બે વચ્ચેનો જે સંઘર્ષ આપણે નાગેશ્વર શિવના સ્વરૂપમાં જોઈ શકીએ છીએ તે જ સંઘર્ષ અહીં પણ દેખાય છે. કૃષ્ણ ગોપ લોકોને ઇન્દ્રની પૂજા છોડી દેવા સમજાવે છે. આવી રીતે તે પરભાર્યું પ્રાચીન વૈદિક દેવોનું સ્થાન લે છે. હિમાલયના કેટલાક ભાગમાં, વૈદિક દેવો ને કૃષ્ણની વચ્ચે બ્રહ્માએ સ્થાન મેળવેલું, એ વાતની લોકોને આજે પણ ખબર નથી. "

( ફૂટફૉલ્સ ઑફ ઇંડિયન હિસ્ટરી, પૃ. ૨૧૨ )

૩૨; ૬. क्व स्विज्जातः कुत आ बभूव । आत्मा देवानां भुवनस्य गर्भो यथावशं चरति देव एषः । घोषा इदस्य शृण्विरे न रूपं तस्मै वाताय हविषा विधेम ।
ऋ. १०; १६८; ३–४.

૩૩; ૧. ' ઇંડિયાઃ વૉટ કૅન ઇટ ટીચ અસ ? ', પૃ. ૧૮૦.

૩૩; ૨. मरुतो यद्ध वो बलं जनाँ अचुच्यवीतन । गिरीँरचुच्यवीतन ।
ऋ. १; ३७; १२.

( હે મરુતો, તમારી પાસે જે બળ છે તેનાથી તમે લોકોને હલાવી નાખ્યા છે, અને પર્વતોને પણ હલાવ્યા છે. )

पिन्वन्त्यपो मरुतः सुदानवः पयो घृतवद् विदथेष्वाभुवः। अत्यं न मिहे वि नयन्ति वाजिनमुत्सं दुहन्ति स्तनयन्तमक्षितम्। ऋ. १; ६४; ६.

( દાની મરુતો — યજ્ઞમાં પ્રભાવશાળી — પાણી જે ( વાદળાંનું ) ઘટ્ટ દૂધ છે તેને વર્ષાવે છે; મજબૂત ઘોડાને — વાદળને દોરી જતા દેખાય છે; અને ગર્જના કરતા ને અક્ષય એવા ઝરાનું દોહન કરે છે. )

गूहता गुह्यं तमो वि यात विश्वमत्रिणम्। ज्योतिष्कर्ता यदुश्मसि।

ऋ. १; ८६; १०.

( હે મરુતો ! ગુફામાં રહેનાર તિમિરને ઢાંકી રાખો. તમે સર્વ મોટા દાંતવાળા શત્રુને ભગાડી મૂકો. અમે જે જ્યોતિની ઇચ્છા કરીએ છીએ તે તમે પ્રગટ કરો. )

૩૩; ૩. रुद्रस्य मर्याः। ऋ. १; ६४; २.

૩૩; ૪. या ते दिद्युदवसृष्टा दिवस्परि क्ष्मया चरति परि सा वृणक्तु नः।

ऋ. ७; ४६; ३.

( હે રુદ્ર ! આકાશમાંથી પડનારું તમારું વીજળીરૂપી હથિયાર પૃથ્વી પર આવે છે તે વેળા તે અમારા પર ન પડશો. )

आरे ते गोघ्नमुत पूरुषघ्नं क्षयद्वीर सुम्नमस्मे ते अस्तु।

मृळा च नो अधि च ब्रूहि देवाधा च नः शर्म यच्छ द्विबर्हाः।

ऋ १; ११४; १०.

( હે વીર પુત્રવાળા રુદ્ર ! તમારું પેલું, ગાયને મારનારું ને માણસને મારનારું, હથિયાર જરા આઘું મૂકો, ને તમારી કૃપા અમારા પર થવા દો. હે દેવ, તમે અમારા પર કૃપા કરો ને અમારો પક્ષ લઇને બોલો. અમને બેવડું સુખ આપો. )

इमा रुद्राय तवसे कपर्दिने क्षयद्वीराय प्र भरामहे मतीः।

यथा शमसद् द्विपदे चतुष्पदे विश्वं पुष्टं ग्रामे अस्मिन्ननातुरम्।

ऋ. १; ११४; १.

( આ બળવાન, જટાધારી, ને પરાક્રમી પુત્રોવાળા, વીરોના અધિપતિ રુદ્રની આપણે સ્તુતિ કરીએ; જેથી આ ગામમાં બેપગાં ને ચોપગાંનું કલ્યાણ થાય, ને સહુ કોઈ પુષ્ટ ને નીરોગી થાય. )



૩૩; ૫. प्र स्वत्वरीणामति सिन्धुरोजसा। ऋ. १०; ७५; १.

( વહેનારી નદીઓમાં સિંધુ બળમાં શ્રેષ્ઠ છે. )

૩૩; ૬. प्र णो देवी सरस्वती वाजेभिर्वाजिनीवती। धीनामवित्र्यवतु।

ऋ. ६; ६१; ४.

( અન્નથી સમૃદ્ધ અને વિચારોને ઉત્તેજન આપનાર સરસ્વતી દેવી, અમારું સારી પેઠે રક્ષણ કરો. )

વાક્‌ને ઉદ્દેશેલા સૂક્ત ( ૧૦; ૧૨૫ ) માં આપણે વિશ્વમાં વ્યાપી રહેલા શબ્દની — વસ્તુમાત્રમાં રહેનારી ને કામ કરનારી શક્તિ, જેના અંતસ્તલમાં મનુષ્યમાત્ર અજાણે વસે છે તેની — કલ્પના જોઈએ છીએ.

૩૩; ૭. अरण्यान्यरण्यान्यसौ या प्रेव नश्यसि।

कथा ग्रामं न पृच्छसि न त्वा भीरिव विन्दतीइँ।

ऋ. १०; १४६; १.

( હે અરણ્યાની, તું અરણ્યમાં જ ભરાઈ રહે છે ! તું ગામની પૂછપરછ કેમ કરતી નથી ? તને બીક નથી લાગતી ? )

૩૩; ૮. आयातु वरदा देवी, अक्षरं ब्रह्मसंमितम्।

तैत्तिरीय आरण्यक १०; ३४; ५२.

૩૩; ૯. अभीहि मन्यो तवसस्तवीयान् तपसा युजा वि जहि शत्रून्।

ऋ. १०; ८३; ३.

( હે મન્યુ, બળવાનમાં બળવાન એવો તું આવ. તપની સહાયતા વડે તું શત્રુઓનો નાશ કર. )

૩૩; ૧૦. श्रद्धां प्रातर्हवामहे श्रद्धां मध्यंदिनं परि।

श्रद्धां सूर्यस्य निम्रुचि श्रद्धे श्रद्धापयेह नः॥

ऋ. १०; १५१; ५.

( અમે પ્રાતઃકાળે શ્રદ્ધાને બોલાવીએ છીએ. મધ્યાહ્ને શ્રદ્ધાને બોલાવીએ છીએ. સૂર્ય આથમતી વેળાએ શ્રદ્ધાને બોલાવીએ છીએ. હે શ્રદ્ધા, તું અમને શ્રદ્ધાળુ બનાવ. )

૩૩; ૧૧. देवस्त्वष्टा सविता विश्वरूपः पुपोष प्रजाः पुरुधा जजान ।
इमा च विश्वा भुवनान्यस्य महद् देवानामसुरत्वमेकम् ॥

ऋ. ३; ५५; १९.

(વિશ્વરૂપ દેવ ત્વષ્ટાએ — એટલે કે સવિતાએ — અનેક પ્રકારની પ્રજા ઉત્પન્ન કરી ને તેનું પોષણ કર્યું. આ બધાં ભુવનો એ ત્વષ્ટાનાં જ છે. દેવોનું એ એક અદ્‌ભુત કામ છે.)

૩૪; ૧. રૉથ લખે છે: "જે દેવોનાં નામની સાથે 'પતિ' શબ્દ જોડાયેલો છે તેને પાછળના ગણવા જોઈએ. માણસે વિચાર અને ચિન્તન કરીને એ દેવો નિર્માણ કરેલા." પણ આ વાત બધા દેવોને લાગુ પડતી નથી. સરખાવો વાસ્તોષ્પતિ. આ માહિતી માટે હું અધ્યાપક કીથનો આભારી છું.

૩૪; ૨. त्रीणि शता त्री सहस्राण्यग्निं त्रिंशच्च देवा नव चासपर्यन् ।

ऋ. ३; ९; ९.

(૩, ૩૩૯ દેવે અગ્નિની પૂજા કરી.)

૩૭; ૧. 'ધી રિલિજિયન ઑફ ધી વેદ', પૃ. ૧૯૯.

૩૮; ૧. विश्वतश्चक्षुरुत विश्वतोमुखो विश्वतोबाहुरुत विश्वतस्पात् ।
सं बाहुभ्यां धमति सं पतत्रैर्द्यावाभूमी जनयन् देव एकः ॥

ऋ. १०; ८१; ३.

(તેનાં ચક્ષુ સર્વ બાજુએ છે. તેનાં મુખ સર્વ બાજુએ છે. તેના બાહુ સર્વ બાજુએ છે. તેના પગ સર્વ બાજુએ છે. તે બાહુ અને પાંખો વડે દ્યાવાભૂમિને ઉત્પન્ન કરે છે. એવી રીતે ઉત્પન્ન કરનારો દેવ એક જ છે.)

यो नः पिता जनिता यो विधाता धामानि वेद भुवनानि विश्वा। यो देवानां नामधा एक एव तं संप्रश्नं भुवना यन्त्यन्या। ऋ. १०; ८२; ३.

(જે આપણો પિતા છે, જનક છે, વિધાતા છે, જે આપણું તેજ જાણે છે, એટલું જ નહીં પણ સર્વ ભુવનોને જાણે છે, જે દેવોનાં પણ નામ પાડનારો એક ને અદ્વિતીય છે, તેને વિષે આખું જગત પ્રશ્ન કરે છે કે તે કોણ છે?)

परो दिवा पर एना पृथिव्या परो देवेभिरसुरैर्यदस्ति। कं स्विद् गर्भं प्रथमं दध्र आपो यत्र देवाः समपश्यन्त विश्वे। ऋ. १०; ८२; ५.



(જે આકાશની પાર, આ પૃથ્વીની પાર, દેવ અને અસુરોની પાર છે, તેણે — વિશ્વકર્માએ — પાણીમાં ગર્ભ મૂક્યો ત્યારે બધા દેવો નિહાળી રહ્યા.)

૩૮; ૨. ऋ. १०; ७२.

૩૮; ૩. आ नः प्रजां जनयतु प्रजापतिः । ऋ. १०; ८५; ४३.

(પ્રજાપતિ અમારે માટે પ્રજા ઉત્પન્ન કરો.)

आ सिञ्चतु प्रजापतिर्धाता गर्भं दधातु ते। ऋ. १०; १८४; १.

प्रजापतिः प्रजा असृजत । स ऊर्ध्वेभ्य एव प्राणेभ्यो देवानसृजत ।

श. ब्रा. १०; १; ३; १.

(પ્રજાપતિએ પ્રાણીમાત્રને ઉત્પન્ન કર્યાં. તેણે પોતાના શ્વાસોચ્છ્વાસમાંથી જ દેવોને ઉત્પન્ન કર્યા.)

વળી જુઓ श. ब्रा. ६; ६; ८; १–१४.

૩૮; ૪. हिरण्यगर्भः समवर्तताग्रे भूतस्य जातः पतिरेक आसीत् ।

ऋ. १०; १२१; १.

(શરૂઆતમાં ભૂતમાત્રનો એક પતિ હિરણ્યગર્ભ હતો.)

૩૯; ૧. ऋ. १; २४; १०. જુઓ પૃ. ૧૦૩, લીટી ૨૦.

कतरा पूर्वा कतरापरायोः कथा जाते कवयः को वि वेद ।
विश्वं त्मना बिभृतो यद्ध नाम वि वर्तेते अहनी चक्रियेव ॥ ऋ. १; १८५; १.

(હે કવિઓ! આ બે — રાત અને દિવસ — માં પહેલું કોણ, ને પછીનું કોણ? આ બે કેવી રીતે પેદા થયાં એ કોણ જાણે છે? આ દિવસ અને રાત, જે પોતા વડે વિશ્વને ટકાવી રાખે છે, તે રથની પેઠે એક પછી એક આવ્યાં કરે છે.)

૩૯; ૨. कस्मै देवाय हविषा विधेम । ऋ. १०; १२१.

૩૯; ૩. श्रद्धे श्रद्धापयेह नः । ऋ. १०; १५१; ५.

(હે શ્રદ્ધા, અમને શ્રદ્ધાળુ બનાવ.)

૩૯; ૪. वि हि सोतोरसृक्षत नेन्द्रं देवममंसत । ऋ. १०; ८६; १.

( સોમ માટે યજ્ઞ કરાવવા બેસાડેલા સ્તોતાઓએ ઇન્દ્રદેવની સ્તુતિ કરી નહીં. )

વળી જુઓ ऋ. ७; १००–३; તથા २; १२; ५.

४०; १. को ददर्श प्रथमं जायमानमस्थन्वन्तं यदनस्था बिभर्ति। भूम्या असुरसृगात्मा क्व स्वित् को विद्वांसमुप गात् प्रष्टुमेतत्। ऋ. १; १६४; ४.

४१; १. एजद् ध्रुवं पत्यते विश्वमेकं चरत् पतत्रि विषुणं वि जातम्।
ऋ. ३; ५४, ८.

४१; २. एकं सद् विप्रा बहुधा वदन्त्यग्निं यमं मातरिश्वानमाहुः।
ऋ. १; १६४; ४६.

४१; ३. न मृत्युरासीदमृतं न तर्हि न रात्र्या अह्न आसीत् प्रकेतः। आनीदवातं स्वधया तदेकं तस्माद्धान्यन्न परः किं चनास। ऋ. १०; १२९; २.

( તે વેળાએ નહોતું મૃત્યુ કે નહોતું અમૃત. રાતદિવસનો ભેદ કળવાનું કશું સાધન નહોતું. જે કંઈ હતું તે એકલું જ સ્વધા વડે, એટલે કે પોતાની શક્તિ વડે, વાયુ સિવાય શ્વાસોચ્છ્વાસ લેતું હતું. તેના સિવાય બીજું કશું જ ન હતું. )

४२; १. यो देवेष्वधिदेव एक आसीत्। ऋ. १०; १२१; ८.

( જે એક હોઈ દેવોમાં અધિદેવ હતો. )

न तं विदाथ य इमा जजान। ऋ. १०; ८२; ७.

पाकः पृच्छामि मनसाविजानन् देवानामेना निहिता पदानि। अचिकित्वाञ्चिकितुषश्चिदत्र कवीन् पृच्छामि विद्मने न विद्वान्। ऋ. १; १६४; ५–६.

४२; २. सुपर्णं विप्राः कवयो वचोभिरेकं सन्तं बहुधा कल्पयन्ति।
ऋ. १०; ११४; ५.

माहाभाग्या देवताया एक आत्मा बहुधा स्तूयते। यास्क—निरुक्त ७; १.

( મહાઐશ્વર્યને કારણે એક જ આત્મતત્ત્વની બહુ પ્રકારે સ્તુતિ કરવામાં આવે છે. )

४३; १. ' આઉટલાઇન્સ ઑફ ઇંડિયન ફિલૉસૉફી ', પૃ. १३.



४३; २. ' સિક્સ સિસ્ટિમ્સ ઑફ ઇંડિયન ફિલૉસૉફી ', પૃ. ५१, ५२.

४७; १. ऋतं च सत्यं चाभीद्धात् तपसोऽध्यजायत। ततो रात्र्यजायत ततः समुद्रो अर्णवः। समुद्रादर्णवादधि संवत्सरो अजायत। अहोरात्राणि विदधद् विश्वस्य मिषतो वशी। सूर्याचन्द्रमसौ धाता यथापूर्वमकल्पयत्। दिवं च पृथिवीं चाऽन्तरिक्षमथो स्वः। ऋ. १०; १९०; १–३.

( તે પછી તરત જ તપમાંથી ઋત અને સત્યને ઉત્પન્ન કરવામાં આવ્યાં. તેમાંથી રાત્રીનો જન્મ થયો; ને રાત્રીમાંથી સમુદ્રનો. સમુદ્રમાંથી સંવત્સરનો જન્મ થયો. આંખના પલકારા કરનાર પ્રાણીમાત્રના અધિપતિએ દિવસ અને રાત પેદા કર્યાં. તેણે પહેલાંની પેઠે સૂર્ય તથા ચન્દ્રને, તેમજ દ્યુલોક, પૃથ્વી, અંતરિક્ષ તથા સ્વર્ગને પણ પેદા કર્યાં. )

४७; २. ऋ. १०; १६८.

४७; ३. असतः सदजायत। ऋ. १०; ७२; ३.

( અસત્‌માંથી સત્ ઉત્પન્ન થયું. )

ઋગ્વેદમાં, જ્યાં સૃષ્ટિનો સર્જનક્રમ ને તેની સ્વરૂપરચના જણાવવાનો મુખ્ય હેતુ છે, ત્યાં ' સત્ ' નો અર્થ દૃશ્ય અથવા ઇન્દ્રિયગોચર જગત છે; અને ' અસત્ ' નો અર્થ વર્તમાન વિશ્વવ્યવસ્થાની પૂર્વેની અવ્યાકૃત અવસ્થા છે. જુઓ તૈત્તિરીયોપનિષદનું નીચેનું વચન :

असद्वा इदमग्र आसीत्। ततो वै सदजायत। २; ७.

અહીં સત્ એટલે કે નામરૂપવાળું જગત અસત્‌માંથી ઉત્પન્ન થયું એમ કહ્યું છે.

४८; १. अदितेर्दक्षो अजायत दक्षाद्वदितिः परि। अदितिर्ह्यजनिष्ट दक्ष या दुहिता तव। ऋ. १०; ७२; ४–५.

( અદિતિમાંથી દક્ષ ઉત્પન્ન થયો; અને દક્ષમાંથી અદિતિ ઉત્પન્ન થઈ. હે દક્ષ, તારી જે દીકરી હતી તે અદિતિ જ હતી. )

४८; २. धीरा त्वस्य महिना जनूंषि वि यस्तस्तंभ रोदसी चिदुर्वी। प्र नाकमृष्वं नुनुदे बृहन्तं द्विता नक्षत्रं पप्रथच्च भूम। ऋ. ७; ८६; १.

( જે વરુણે વિશાળ દ્યાવાપૃથિવીને પોતપોતાને સ્થાને સ્થિર કર્યાં તેનો

જન્મ ઘણો મહત્ત્વવાળો છે. કેમકે તેણે જ મહાન સૂર્યને અને રમણીય નક્ષત્રને ગતિ આપી ને પૃથ્વીને વિશાળ બનાવી.)

दाधार यः पृथिवीं द्यामुतेमां जजान सूर्यमुषसं सुदंसाः। ऋ. ३; ३२; ८.

(એ પરાક્રમી ઈન્દ્રે દ્યાવાપૃથિવીને ધારણ કર્યાં, ને સૂર્ય તથા ઉષાને ઉત્પન્ન કર્યાં.)

यतो भूमिं जनयन् विश्वकर्मा वि द्याम्। ऋ. १०; ८१; २.

(વિશ્વકર્માએ ભૂમિ અને દ્યુલોકને ઉત્પન્ન કર્યાં.)

ब्रह्मणस्पतिरेता सं कर्मार इवाधमत्। ऋ. १०; ७२; २.

(બ્રહ્મણસ્પતિ કે અદિતિએ કુંભારની પેઠે આ દેવોને પેદા કર્યા.)

स (हिरण्यगर्भः) दाधार पृथिवीं द्यामुतेमाम्। ऋ. १०; १२१; १.

(તેણે પૃથ્વી અને દ્યુલોકને ઉત્પન્ન કરીને તેમનું રક્ષણ કર્યું.)

૪૮; ૩. किं स्विद्वनं क उ स वृक्ष आस यतो द्यावापृथिवी निष्टतक्षुः।
ऋ. १०; ३१; ७. ऋ. १०; ८१; ४.

(જેમાંથી દ્યાવાપૃથિવી ઉત્પન્ન થયાં તે વન કયું ને તે વૃક્ષ કયું?)

૪૮; ૪. જુઓ तै. ब्रा.

૪૮; ૫. ऋ. १०; १२३; १.

૪૯; ૧. સરખાવો:

आसीदिदं तमोभूतमप्रज्ञातमलक्षणम्।
अप्रतर्क्यमविज्ञेयं प्रसुप्तमिव सर्वतः॥
ततः स्वयंभूर्भगवानव्यक्तो व्यंजयन्निदम्।
महाभूतादि वृत्तौजाः प्रादुरासीत्तमोनुदः॥
योऽसावतीन्द्रियग्राह्यः सूक्ष्मोऽव्यक्तः सनातनः।
सर्वभूतमयोऽचिन्त्यः स एव स्वयमुद्बभौ॥
सोऽभिध्याय शरीरात् स्वात् सिसृक्षुर्विविधाः प्रजाः।
अप एव ससर्जादौ तासु बीजमवासृजत्॥

मनुस्मृति १; ५-८.



(આ જે કંઈ હતું તે તિમિરરૂપ, ઓળખાય નહીં એવું, લક્ષણ વિનાનું, જેને વિષે તર્ક ન ચલાવી શકાય એવું, ને અવિજ્ઞેય હતું. જાણે બધી બાજુએથી સૂઈ ગયેલું હોય એવું હતું. પછી અવ્યક્ત, ને અપ્રતિહત સામર્થ્યવાળા, એવા ભગવાન સ્વયંભૂ પ્રગટ થયા. તેમણે તિમિરને હઠાવી કાઢ્યું ને આ મહાભૂતો વગેરેને પ્રગટ કર્યાં. એ જે પરમાત્મા ઈન્દ્રિયગ્રાહ્ય નહોતા, જે સૂક્ષ્મ, અવ્યક્ત, સનાતન, સર્વભૂતમય ને અચિન્ત્ય હતા, તે જાતે પ્રગટ થયા. તેમણે ધ્યાન ધરીને, પોતાના શરીરમાંથી અનેકવિધ પ્રજા ઉત્પન્ન કરવાની ઇચ્છાથી, શરૂઆતમાં પાણી પેદા કર્યું, અને તેમાં બીજ મૂક્યું.)

प्रजापतिर्वा एषोऽग्रेऽतिष्ठत्स नारमतैकः स आत्मानमभिध्यायद् बह्वीः प्रजा असृजत्। मैत्रायण्युपनिषत् २; ५.

(શરૂઆતમાં પ્રજાપતિ એકલા હતા. તેમને ચેન પડ્યું નહીં. તેમણે પોતાના મનમાં ધ્યાન ધર્યું, ને ઘણી પ્રજા ઉત્પન્ન કરી.)

૪૯; ૨. [મૂળ અંગ્રેજીમાં આ સંદર્ભ આપવામાં સરતચૂક થયેલી છે. આ અવતરણ ક્યાથી લીધેલું છે તે શોધી શકાયું નથી. —અનુવાદક]

૫૦; ૧. नासदासीन्नो सदासीत् तदानीं नासीद्रजो नो व्योमा परो यत्।
किमावरीवः कुह कस्य शर्मन्नम्भः किमासीद् गहनं गभीरम्॥
न मृत्युरासीदमृतं न तर्हि न रात्र्या अह्न आसीत् प्रकेतः।
आनीदवातं स्वधया तदेकं तस्माद्धान्यन्न परः किं चनास॥
तम आसीत् तमसा गूळ्हमग्रेऽप्रकेतं सलिलं सर्वमा इदम्।
तुच्छ्येनाभ्वपिहितं यदासीत् तपसस्तन्महिनाजायतैकम्॥
कामस्तदग्रे समवर्तताधि मनसो रेतः प्रथमं यदासीत्।
सतो बन्धुमसति निरविन्दन् हृदि प्रतीष्या कवयो मनीषा॥
तिरश्चीनो विततो रश्मिरेषामधः स्विदासी३दुपरि स्विदासी३त्।
रेतोधा आसन् महिमान आसन् त्स्वधा अवस्तात् प्रयतिः परस्तात्॥
को अद्धा वेद क इह प्र वोचत् कुत आजाता कुत इयं विसृष्टिः।
अर्वाग्देवा अस्य विसर्जनेनाऽथा को वेद यत आबभूव॥
इयं विसृष्टिर्यत आबभूव यदि वा दधे यदि वा न।
यो अस्याध्यक्षः परमे व्योमन् त्सो अङ्ग वेद यदि वा न वेद॥

ऋ. १०; १२९.

વળી જુઓ श. ब्रा. ૧૦; ૫; ३; ૧.

૫૦; ૨. तस्माद्धान्यन्न परः किं चनास । ऋ. ૧૦; ૧૨૯; ૨.

૫૧; ૧. એક જાણવા જેવી હકીકત એ છે કે ગ્રીક દેવસૃષ્ટિમાં કામને મળતો જે ઇરૉસ દેવ છે તેને સૃષ્ટિસર્જનની સાથે સંબન્ધ છે એવી ગ્રીક કલ્પના છે. પ્લેટો ' સિંપોસિયમ ' માં કહે છે: " ઇરૉસને માતપિતા ન હતાં. તેમ કોઈ અજ્ઞ લોકોએ કે કોઈ પણ કવિએ કહ્યું નથી કે તેને માતપિતા હતાં. " ઍરિસ્ટૉટલના મત પ્રમાણે ઈશ્વર એ કામનાના વિષયરૂપે વિચરે છે.

૫૨; ૧. આની સાથે સરખાવો બાઇબલના ' સૃષ્ટિસર્જન 'ના અધ્યાયનાં વચનો: " સાગરના પૃષ્ઠભાગ પર અંધકાર હતો; ને પાણીની સપાટી પર ઈશ્વરનો આત્મા વિહરતો હતો. " વળી જુઓ ઋગ્વેદના દસમા મંડળનાં સૂક્ત ૧૨૧ ને ૭૨.

ઑરફીક સંપ્રદાયમાં જણાવેલા વિશ્વોત્પત્તિના ક્રમમાં એ કલ્પના મળે છે કે આરંભમાં આદિજળ હતું, તેમાંથી ' અંડ ' ઉત્પન્ન થયું, ને તેમાંથી પ્રથમ પ્રાણી — દેવ ફેનીસ — ઉત્પન્ન થયું. જુઓ નીલસન: ' એ હિસ્ટરી ઑફ ગ્રીક રિલિજિયન ', પૃ. ૭૩.

૫૩; ૧. આની સાથે સરખાવો પ્લેટોએ ' ટિમિયસ 'ના અધ્યાયમાં વાપરેલી ' ડેમીઅર્જ 'ની કલ્પના. વળી ડગલસ ફૉસેટે તેનાં બે પુસ્તક ' ધી વર્લ્ડ ઍઝ ઇમૅજિનેશન ' અને ' ડિવાઇનિ ઇમૅજિનિંગ ' માં રજૂ કરેલો ' સર્જનાત્મક કલ્પનાશક્તિ ' નો ખ્યાલ પણ આની સાથે સરખાવી શકાય.

૫૩; ૨. इन्द्रो मायाभिः पुरुरूप ईयते । ऋ. ૬; ૪૭; ૧૮.

૫૩; ૩. प्रादेवीर्मायाः सहते दुरेवाः शिशीते शृंगे रक्षसे विनिक्षे ।

ऋ. ૫; ૨; ૯.

( તે દુર્ગમ રાક્ષસી માયાનું નિરસન કરે છે, ને રાક્ષસોના નાશને માટે પોતાનાં શિંગડાં — જ્વાળાઓ — તીક્ષ્ણ બનાવે છે. )

प्रजां विश्वस्य बृसयस्य मायिनः । ऋ. ૬; ૬૧; ३.

( માયાવાળા — કપટી — બૃસયના દીકરા વૃત્રને તમે હાર કરો. )

यदिन्द्राहन् प्रथमजामहीनामान्मायिनाममिनाः प्रोत मायाः । ऋ. ૧; ३२; ૪.



( હે ઇન્દ્ર ! અહિઓમાં જે સૌથી મોટો તેને તમે માર્યો, અને એ માયાવીની માયાઓનો પણ નાશ કર્યો. )

यदेददेवीरसहिष्ट मायाः । ऋ. ૭; ૯૮; ૫.

( ઇન્દ્રે રાક્ષસી માયાનો નાશ કર્યો. )

त्वष्टा माया वेदपसामपस्तमः । ऋ. ૧૦; ૫३; ૯.

( કુશળમાં કુશળ એવા ત્વષ્ટા બધી માયાઓ — કારીગરીઓ — જાણે છે. )

૫૩; ૪. मायेत् सा ते यानि युद्धान्याहुः । ૧૦; ૫૪; ૨.

( તેઓ તમારા યુદ્ધનાં જે વર્ણન કરે છે તે માયા છે — ખોટાં છે. )

૫૪; ૧. મૅકડોનેલ, ' વેદિક રીડર ', પૃ. ૨૦૭. વેદકાળના કેટલાક વિચારકો પ્રત્યક્ષ અનુભવગોચર જગતના આદિકારણ તરીકે સત્ અથવા અસત્‌ને માને છે. કદાચ એમાંથી જ પાછળના ન્યાયદર્શનના સત્કાર્યવાદ ને અસત્કાર્યવાદ એ બે વાદ નીકળ્યા હશે. સત્કાર્યવાદ એટલે કારણમાં કાર્યનો અંતર્ભાવ. અસત્કાર્યવાદ એટલે કારણમાં કાર્યનો અંતર્ભાવ ન હોવો તે.

૫૪; ૨. यत् पुरुषेण हविषा देवा यज्ञमतन्वत । ऋ. ૧૦; ૯૦; ૬.

( એ પુરુષરૂપી હવિ વડે દેવોએ યજ્ઞ કર્યો. )

૫૪; ૩. पुरुष एवेदं सर्वं यद् भूतं यच्च भव्यम् । ऋ. ૧૦; ૯૦; ૨.

૫૬; ૧. ઓલ્ડનબર્ગ: ' એનશન્ટ ઈંડિયા ', પૃ. ૭૧.

૫૬; ૨. ગિલબર્ટ મરે: ' ફોર સ્ટેઇજીસ ઑફ ગ્રીક રિલિજિયન ', પૃ. ૮૮.

૫૭; ૧. जगृम्भा ते दक्षिणमिन्द्र हस्तं वसूयवो वसुपते वसूनाम् । विद्मा हि त्वा गोपतिं शूर गोनामस्मभ्यं चित्रं वृषणं रयिं दाः । ऋ. ૧૦; ૪૭; ૧.

( હે ધનપતિ ઇન્દ્ર, અમે ધનની ઇચ્છાવાળા હોઈ તમારી આગળ જમણો હાથ લાંબો કરીએ છીએ. હે શૂર, તમે અનેક ગાયબળદના માલિક છો એ અમે જાણીએ છીએ. માટે અમને ભરપૂર ને આશ્ચર્યકારક ધન આપો. )

वयमिन्द्र त्वे सचा वयं त्वाभि नोनुमः । अस्माँ अस्माँ इदुदव । ऋ. ૪; ३२; ૪.

( હે ઇન્દ્ર, અમે તમારી સાથે એકરૂપ થયા છીએ ને ફરીફરી તમારી સ્તુતિ કરીએ છીએ. તમે અમારું જ રક્ષણ કરો. )

ये स्तोतृभ्यो गोअग्रामश्वपेशसमग्ने रातिमुपसृजन्ति सूरयः । अस्माञ्च तांश्च प्र हि नेषि वस्य आ बृहद् वदेम विदथे सुवीराः । ऋ. २; १; १६.

( હે અગ્નિ, જે દાતાઓ સ્તોતાઓને ગાય ઘોડા વગેરે દક્ષિણામાં આપે છે તે દાતાઓને અને અમને ઋત્વિજોને તમે શ્રેષ્ઠ સ્થાનમાં લઈ જાઓ. અમે સુપુત્રોવાળા થઈને સભામાં મોટેથી બોલીએ.

स नो वृष्टिं दिवस्परि स नो वाजमनर्वाणम् । स नः सहस्रिणीरिषः ।

ऋ. २; ६; ५.

( તે અગ્નિ જ અમારે માટે આકાશમાંથી વૃષ્ટિ કરે છે. તે જ અમને ઘણું બળ આપો, તથા હજાર જાતનાં અન્ન આપો. )

एवा न इन्द्र वार्यस्य पूर्धि प्र ते महीं सुमतिं वेविदाम । इषं पिन्व मघवद्भ्यः सुवीरां यूयं पात स्वस्तिभिः सदा नः । ऋ. ७; २४; ६.

( હે ઇન્દ્ર, તમે અમને શ્રેષ્ઠ ધનથી પરિપૂર્ણ બનાવો. તમારી કૃપા અમને જરૂર પ્રાપ્ત થશે. અમને દાતાઓને પરાક્રમી પુત્રાદિ અને અન્ન આપો. અમારું કલ્યાણ અને રક્ષણ કરો. )

૫૭; ૨. त्वां जना मम सत्येष्विन्द्र संतस्थाना वि ह्वयन्ते समीके । अत्रा युजं कृणुते यो हविष्मान् नासुन्वता सख्यं वष्टि शूरः । ऋ. १०; ४२; ४.

( હે ઇન્દ્ર, લોકો તમને યુદ્ધમાં બોલાવે છે. યુદ્ધમાં વિજય મેળવનારા લોકો પણ તમને બોલાવે છે. જે માણસ હવિ તૈયાર રાખે છે તેની સાથે ઇન્દ્ર મૈત્રી કરે છે; સોમ તૈયાર ન રાખનારની સાથે શૂર ઇન્દ્ર સખ્ય કરતા નથી. )

૫૭; ૩. द्वे स्रुती अशृणवं पितॄणामहं देवानामुत मर्त्यानाम् । ताभ्यामिदं विश्वमेजत् समेति यदन्तरा पितरं मातरं च । ऋ १०; ८८; १५.

( દેવોનો અને પિતૃઓનો એમ બે માર્ગ મેં સાંભળ્યા છે. આ જે જગત દ્યાવાપૃથિવીમાં સમાસ પામેલું છે તે કાં તો દેવયાનથી અથવા પિતૃયાનથી જાય છે. )



नाकस्य पृष्ठे अधि तिष्ठति श्रितो यः पृणाति स ह देवेषु गच्छति ।

ऋ. १; १२५; ५.

( જે દક્ષિણા આપે છે તે સ્વર્ગને શિખરે પહોંચે છે; તે દેવોની વચ્ચે જાય છે — અર્થાત્ પોતે જ દેવ બને છે. )

उच्चा दिवि दक्षिणावन्तो अस्थुर्ये अश्वदाः सह ते सूर्येण । हिरण्यदा अमृतत्वं भजन्ते वासोदाः सोम प्र तिरन्त आयुः । ऋ. १०; १०७; २.

( દક્ષિણા આપનારા ઉપર સ્વર્ગમાં જાય છે. ઘોડા આપનારા સૂર્યની સાથે વસે છે. સોનું આપનારા અમર બને છે. વસ્ત્ર આપનારા સોમ પ્રાપ્ત કરે છે. આ બધું આયુષ્યમાં વધારો કરે છે. )

सं गच्छस्व पितृभिः सं यमेनेष्टापूर्तेन परमे व्योमन् । हित्वायावद्यं पुनरस्तमेहि सं गच्छस्व तन्वा सुवर्चाः । ऋ १०; १४; ८.

( પિતૃઓને જઈને મળ. યમને મળ. ઊંચા વ્યોમમાં તારા ઇષ્ટ અને પૂર્તને ભેળો થા. એ નકામું સ્થળ છોડી ફરી ઘરમાં આવ, અને તેજસ્વી શરીરથી સંયુક્ત થા. )

'ઇષ્ટ' ( યજ્ઞમાં આપેલું ) અને 'પૂર્ત' ( પુરોહિતોને દાનરૂપે આપેલું ) ની કલ્પનાઓમાં પાછળના કર્મકાંડના અંકુરો રહેલા છે. 'ઇષ્ટાપૂર્ત'ને સ્વતંત્ર દેહરૂપે અસ્તિત્વ છે, ને આપણે મરણ પછી તેની સાથે ભળી જઈએ છીએ. આપણાં ધર્મકાર્યો વડે આપણને જે પુણ્યપાપ પ્રાપ્ત થાય તે ઇષ્ટાપૂર્ત. કર્મના સિદ્ધાન્ત પર આ કલ્પનાની ઘણી અસર પડેલી છે.

૫૭; ૪. स नो मह्या अदितये पुनर्दात् पितरं च दृशेयं मातरं च ।

ऋ. १; २४; २.

( એ જ મને ફરી અદિતિ પાસે લઈ જશે. એને પ્રતાપે જ હું માતપિતાને જોઈશ. )

૫૮; ૧. ઋ. મંડલ ૨ તથા ૬.

૫૮; ૨. अधा चन श्रद् दधति त्विषीमत इन्द्राय । ऋ. १; ५५; ५.

( એ દીપ્તિમાન ઇન્દ્ર પર લોકો શ્રદ્ધા રાખે છે. )

श्रद्धितं ते महत इन्द्रियाय । ऋ. १; १०४; ६.

(તમારા મહાન સામર્થ્ય પર અમને શ્રદ્ધા છે.)

૫૮; ૩. "હોમરનાં કાવ્યોમાં કર્મકાંડ સાદો ને એકધારો છે. તેમાં પ્રાર્થનાની સાથે દાણા છંટાય છે, ને પછી પશુને યજ્ઞાગ્નિમાં હોમવામાં આવે છે. એના માંસનો અમુક ભાગ ઉપાસકો ચાખે છે, ને તે અગ્નિમાં નાખી દેવોને અર્પણ કરવામાં આવે છે. બાકીનો, પુષ્કળ દારૂની સાથે, મિજબાની તરીકે ખવાય છે." (હૅરીસન : 'સ્ટેઈજ઼િસ ઑફ ગ્રિશિયન લાઇફ', પૃ. ૮૭–૮.) ભારતવર્ષમાં અગ્નિ એ યજ્ઞનો મુખ્ય દેવ છે. પ્રાચીન ગ્રીસમાં પણ તેમ જ છે. અગ્નિ પૃથ્વી પરથી હવિ સ્વર્ગવાસી દેવો પાસે લઈ જાય છે. આ બધી વસ્તુઓમાં ભારતવર્ષની કશી વિશેષતા છે એવું નથી.

૫૮; ૪. शुनःशेपो यमह्वद् गृभीतः सो अस्मान् राजा वरुणो मुमोक्तु। शुनःशेपो ह्यह्वद् गृभीतस्त्रिष्वादित्यं द्रुपदेषु बद्धः। अवैनं राजा वरुणः ससृज्याद् विद्वाँ अदब्धो वि मुमोक्तु पाशान्। ऋ. १; २४; १२–३.

(બંધનમાં પડેલા શુનઃશેપે જેમને ધા નાખી હતી તે વરુણ રાજા અમને મુક્ત કરો. ત્રણ ખીલે બાંધેલા શુનઃશેપે અદિતિપુત્ર વરુણને પ્રાર્થના કરી હતી કે 'વિદ્વાન અને કોઈથી ન હરાવી શકાય એવા વરુણ રાજા મારા પાશ છેદીને મને મુક્ત કરો.')

૫૮; ૫. ઋગ્વેદ મંડલ ૨, ૩, ૬, ૭.

૫૮; ૬. सामवेद २; ९; २.

૫૮; ૭. ऋ. ६; २. જુઓ પુરુરવાની કથા.

૫૯; ૧. ये सत्यासो हविरदो हविष्पा इन्द्रेण देवैः सरथं दधानाः। आग्ने याहि सहस्रं देववन्दैः परैः पूर्वैः पितृभिर्घर्मसद्भिः। ऋ. १०; १५; १०.

(સત્ય, હવિ ખાનારા ને હવિ પીનારા, એવા જે પિતૃઓ છે તે ઇન્દ્ર અને દેવોની સાથે એક રથમાં બેઠેલા છે. હે અગ્નિ, એ પિતૃઓ સાથે તમે આવો. હજારો સ્તોત્રોએ તમારું સ્તવન કર્યું છે. શ્રેષ્ઠ એવા અમારા યજ્ઞસ્થ પૂર્વજોએ તમને વર્ણવેલા છે.)

૫૯; ૨. બિહારીલાલ : 'ધી વેદઝ', પૃ. ૬૦૧.

૫૯; ૩. ऋ. ७; ८६; ६. જુઓ પાછળ પૃ. ૧૦૬.



क्व १ त्यानि नौ सख्या बभूवुः सचावहे यदवृकं पुरा चित्।
बृहन्तं मानं वरुण स्वधावः सहस्रद्वारं जगमा गृहं ते॥
य आपिर्नित्यो वरुण प्रियः सन् त्वामागांसि कृणवत् सखा ते।
मा त एनस्वन्तो यक्षिन् भुजेम यन्धि ष्मा विप्रः स्तुवते वरूथम्॥

ऋ. ७; ८८; ५–६.

(હે વરુણ, પહેલાંનું આપણું સખ્ય ક્યાં ગયું? પહેલાં આપણું જે અત્યંત ગાઢ સખ્ય હતું તે અમારે જોઈએ છે. હે સંપત્તિમાન વરુણ, તમારા હજાર દ્વારવાળા ને સહુનો સમાસ કરનારા ઘરમાં હું આવું છું. હે વરુણ, જે તમારો કાયમનો પોતીકો છે, ને જેણે તમારો પ્રિય હોવા છતાં તમારો અપરાધ કર્યો છે તેને તમે તમારો સખા માનો. તમે જ્ઞાની છો. એટલે અમને સ્તુતિ કરનારને તમે ઘર આપો.)

૫૯; ૪. इदमापः प्र वहत यत् किं च दुरितं मयि। यद् वाहमभिदुद्रोह यद् वा शेप उतानृतम्। ऋ. १; २३; २२.

(હે પાણી, મારામાં જે કંઈ પાપ હોય, અથવા મેં જાણીજોઈને કોઈનો દ્રોહ કર્યો હોય, કે કોઈને ગાળ દીધી હોય, કે હું જૂઠું બોલ્યો હોઉં, તે સર્વ તમે વહીને ધોઈને નાખો.)

વળી જુઓ ऋ. १; ८५.

૬૦; ૧. સરખાવો બ્લૂમફીલ્ડનું કથન : "ઋતને અંગે આપણને લગભગ પૂરેપૂરી નીતિવ્યવસ્થા, સંપૂર્ણતાનો ઉપદેશ, મળી રહે છે." — 'ધી રિલિજિયન ઑફ ધી વેદ', પૃ. ૧૨૬.

ઋગ્વેદમાં પાપનું ભાન નથી એવું નથી. સરખાવો :

उदुत्तमं वरुण पाशमस्मदवाधमं वि मध्यमं श्रथाय। अथा वयमादित्य व्रते तवानागसो अदितये स्याम। ऋ. १; २४; १५.

(હે વરુણ, જે પાશ મને બાંધી રહ્યા છે તેને ઢીલા કરો. ઉપલા, વચલા ને નીચલા પાશ ઢીલા કરો. એટલે, હે આદિત્ય, તમારા વ્રતમાં નિષ્પાપ થયેલા અમે અદિતિના થઈએ.)

इमामग्ने शरणिं मीमृषो न इममध्वानं यमगाम दूरात्। आपिः पिता प्रमतिः सोम्यानां भृमिरस्यृषिकृन् मर्त्यानाम्। ऋ. १; ३१; १६.

( હે અગ્નિ, અમારું આ પાપ માફ કરો, કેમકે અમે દૂરથી ઘણો રસ્તો કાપીને તમારી પાસે આવ્યા છીએ. તમે પ્રિય સ્વજન છો, પિતા છો, પુણ્યશાળીની સંભાળ રાખો છો, ને મર્ત્ય મનુષ્યોને પ્રેરણા આપો છો. )

अचित्ती यच्चकृमा दैव्ये जने दीनैर्दक्षैः प्रभूती पूरुषत्वता । देवेषु च सवितर्मानुषेषु च त्वं नो अत्र सुवतादनागसः । ऋ. ४; ५४; ३.

અર્થ માટે જુઓ પૃ. ૨૫, લીટી ૩.

૬૦; ૨. स इद् भोजो यो गृहवे ददात्यन्नकामाय चरते कृशाय ।
अरमस्मै भवति यामहूता उतापरीषु कृणुते सखायम् ॥
न स सखा यो न ददाति सख्ये सचाभुवे सचमानाय पित्वः ।
अपास्मात् प्रेयान्न तदोको अस्ति पृणन्तमन्यमरणं चिदिच्छेत् ॥
मोघमन्नं विन्दते अप्रचेताः सत्यं ब्रवीमि वध इत् स तस्य ।
नार्यमणं पुष्यति नो सखायं केवलाघो भवति केवलादी ॥
ऋ. १०; ११७; ३, ४, ६.

( ભૂખ્યો ને કૃશ અતિથિ બારણે અન્ન માગવા આવે ત્યારે તેને અન્ન આપે તે ખરો દાતા છે. યજ્ઞનું ફળ તેને મળે છે, ને શત્રુઓ પણ તેના મિત્ર બને છે.

હંમેશાં પાસે રહી સેવા કરનારને જે અન્ન આપતો નથી તે સખા નથી. એવા કૃપણને છોડીને બાંધવો દૂર જાય તો પછી એ ઘર તે ઘર રહેતું નથી. તેમજ દૂર ગયેલા લોકો અન્ન મેળવવા માટે બીજાની પાસે જાય છે.

કૃપણ મનુષ્યને સંપત્તિ મળે તે નકામી છે. એ હું સાચું કહું છું. જે દેવોને અને મિત્રોને અન્ન ન આપતાં એકલો જ ખાય છે તે સાવ પાપી થાય થાય છે. તેનું એ અન્ન પણ વિષ જેવું જાણવું. )

૬૧; ૧. पापासः सन्तो अनृता असत्या इदं पदमजनता गभीरम् ।
ऋ. ४; ५; ५.

( પાપી, ને મન વચનમાં અસત્યથી ભરેલા, લોકોએ આ ઊંડું સ્થાન — એટલે કે નરક — પેદા કર્યું. )

વળી જુઓ ऋ. ७; ५६; १२. ८; ६; २, ८.



૬૧; ૨. व्रतानि जनानाम् । ऋ. ९; ११२; १.

सुगः पन्था अनृक्षर आदित्यास ऋतं यते। ऋ. १; ४१; ४.

( જેઓ ઋતનો રસ્તો ખોળે છે તેમનો રસ્તો સુગમ થઈ જાય છે. )

त्वं सोम महे भगं त्वं यून ऋतायते। दक्षं दधासि जीवसे। ऋ. १; ९१; ७.

( હે સોમ ! જે જુવાન કે વૃદ્ધ ઋતને અનુસરે છે તેને તું સુખ અને શક્તિ આપે છે, જેથી તે સારી રીતે જીવી શકે. )

૬૧; ૩. इन्द्र धेनाभिरिह मादयस्व धीभिर्विश्वाभिः शच्या गृणानः ।
ऋ. १०; १०४; ३.

( તમારા શક્તિને કારણે અસંખ્ય સ્તુતિઓથી પ્રશંસા પામતાં, હે ઇન્દ્ર, દૂધ સાથે મેળવેલા સોમ વડે આનંદ પામો. )

स इज्जनेन स विशा स जन्मना स पुत्रैर्वाजं भरते धना नृभिः। देवानां यः पितरमाविवासति श्रद्धामना हविषा ब्रह्मणस्पतिम् । ऋ. २; २६; ३.

( જે માણસ મનમાં શ્રદ્ધા રાખીને દેવોના પિતા બ્રહ્મણસ્પતિની હવિ વડે સેવા કરે છે તેને માણસો, બન્ધુજનો, પુત્રો, ધન અને બળ મળી રહે છે. )

श्रद्धयाग्निः समिध्यते श्रद्धया हूयते हविः । ऋ. १०; १५१; १.

( શ્રદ્ધા રાખીને અગ્નિ પ્રજ્વલિત કરવામાં આવે છે. શ્રદ્ધા રાખીને હવન કરવામાં આવે છે. )

૬૧; ૪. જુઓ ૧૦ માં મંડળનું ૧૧૭ મું સૂક્ત.

૬૧; ૫. ऋ. १०; ११७.

૬૧; ૬. ऋ. ७; १०४; ८ અને પછીની ઋચાઓ.

૬૧; ૭. अर्यम्यं वरुण मित्र्यं वा सखायं वा सदमिद्द भ्रातरं वा ।
वेशं वा नित्यं वरुणारणं वा यत् सीमागश्चकृमा शिश्रथस्तत् ॥
ऋ. ५; ८५; ७.

૬૨; ૧. त्वं परितप्याजयः स्वः । ऋ. १०; १६७; १.

( હે ઇન્દ્ર, તમે તપ કરીને સ્વર્ગને જીત્યું. )

૬૨; ૨. ऋ. १०; ८६; २.

૬૨; ૩. उन्मदिता मौनयेन। ऋ. १०; १३६; ३.

વળી જુઓ ऋ. ७; ५९; ६. १०; ११४; २. १०; १६७; १. १०; १०९; ४.

૬૪; ૧. कारुरहं ततो भिषगुपलप्रक्षिणी नना। ऋ. ९; ११२; ३.

૬૪; ૨. स इत् क्षेति सुधित ओकसि स्वे तस्मा इळा पिन्वते विश्वदानीम्। तस्मै विशः स्वयमेवा नमन्ते यस्मिन् ब्रह्मा राजनि पूर्व एति। ऋ. ४; ५०; ८.

૬૪; ૩. જુઓ ફારખ્વાર : 'આઉટલાઈનિ ઑફ ધી રિલિજિયસ લિટરેચર ઑફ ઇંડિયા', પૃ. ૬.

૬૪; ૪. વર્ણોએ જડ બનીને જાતિનું રૂપ ધારણ કર્યું, એને વિષે હ્રીસ ડેવિડ્ઝ લખે છે: "અનાર્ય જાતિઓનો કોઈ પણ માણસ આર્ય કુટુંબમાં પરણી શકે નહીં કે તેને આર્ય પ્રજામાં લઈ શકાય નહીં, એવો જે કડક પ્રતિબંધ અગાઉથી ચાલ્યો આવતો હતો તેની પાછળ, ને મુખ્યત્વે તેને લીધે જ, આ મહત્ત્વની ઘટના બનવા પામી હતી. આર્યો જે જાતિઓને વિષે તિરસ્કાર ધરાવતા હતા તેમની સામે તેઓ આ જે પેઢીઉતાર પ્રતિબંધ મૂકી શક્યા હતા તેની પ્રતિક્રિયા તેમના પોતાના સમાજ ઉપર થઈ, ને તેમણે જે અસહિષ્ણુતાને જન્મ આપ્યો તેણે જ એમાં ઉમેરો કર્યો; અને તેણે જ આટલાં બધાં સૈકાં થયાં આવું કડવું ફળ નિપજાવ્યું છે." (હિબર્ટ લેક્ચર્સ, પૃ. ૨૩)

૬૫; ૧. शतं जीवन्तु शरदः पुरूचीः। ऋ. १०; १८; ४.

(લોકો સો શરદ જીવો.)

૬૬; ૧. अति सेतुं दुराव्यम्। ऋ. ९; ४१; २.

૬૬; ૨. दक्षिणावतानिदिमानि चित्रा दक्षिणावतां दिवि सूर्यासः।
दक्षिणावन्तो अमृतं भजन्ते दक्षिणावन्तः प्र तिरन्त आयुः॥
ऋ. १; १२५; ६.

૬૬; ૩. ("હે અમારા સ્વર્ગસ્થ પિતા!) તું આજે અમને અમારો રોજનો રોટલો આપ."— મૅથ્યુ ૬; ૧૧.

૬૬; ૪. "પણ હું તમને કહું છું કે હું આજ પછી આ દ્રાક્ષફળનો



દારૂ પીવાનો નથી; એ તો તમારી સાથે મારા પિતાના રાજ્યમાં નવો પીશ ત્યારે જ ખરો."— મૅથ્યુ ૨૬; ૨૯.

૬૬. ૫. 'ધી ફિલૉસૉફી ઑફ ધી ઉપનિષદ્ઝ', પૃ. ૩૨૦.

૬૭; ૧. तमुक्षमाणं रजसि स्व आ दमे चन्द्रमिव सुरुचं ह्वार आ दधुः।
ऋ. २; २; ४.

૬૭; ૨. आह्लादकः सर्वेषाम्।

૬૭; ૩. चन्द्र एव भवति।

૬૭; ૪. स नो मह्या अदितये पुनर्दात् पितरं च दृशेयं मातरं च।
ऋ. १; २४; २.

(એ અગ્નિ મને ફરી અદિતિ પાસે લઈ જશે. તેને પ્રતાપે હું પિતાને અને માતાને જોઈ શકીશ.)

૬૭; ૫. यो अस्माँ अभिदासत्यधरं गमया तमः। ऋ. १०; १५२; ४.

વળી જુઓ ऋ. ४; ५; ५. ऋ. ९; ७३; ८.

૬૮; ૧. अनच्छये तुरगातु जीवमेजद् ध्रुवं मध्य आ पस्त्यानाम्।
जीवो मृतस्य चरति स्वधाभिरमर्त्यो मर्त्येना सयोनिः॥
ऋ. १; १६४; ३०.

(શ્વાસ લેનારું, સચેતન, અને વેગથી ચાલનારું જે તત્ત્વ છે તે દેહની અંદર નિશ્ચળ પડી રહે છે. આ જીવતું તત્ત્વ મૃત પદાર્થના બળ વડે ચાલે છે. અમર્ત્ય અને મર્ત્ય એક જ ઠેકાણે રહે છે.)

૬૯; ૧. હૉપિકન્સ : 'ધી રિલિજિયન્સ ઑફ ઇંડિયા', પૃ. ૧૫૧.

૬૯; ૨. सस्तु माता सस्तु पिता सस्तु श्वा सस्तु विश्पतिः। ससन्तु सर्वे ज्ञातयः सस्त्वयमभितो जनः। ऋ. ७; ५५; ५;

(માતા ઊંઘી જાઓ, પિતા ઊંઘી જાઓ, કૂતરો ઊંઘી જાઓ, ઘરનો માલિક ઊંઘી જાઓ, સહુ સગાંવહાલાં ઊંઘી જાઓ, આસપાસના લોકો ઊંઘી જાઓ.)

૭૦; ૧. ब्रह्मणाग्निः संविदानो रक्षोहा बाधतामितः।
अमीवा यस्ते गर्भं दुर्णामा योनिमाशये॥

यस्ते गर्भममीवा दुर्णामा योनिमाशये ।
अग्निष्टं ब्रह्मणा सह निष्क्रव्यादमनीनशत् ॥
यस्ते हन्ति पतयन्तं निषत्स्नुं यः सरीसृपम् ।
जातं यस्ते जिघांसति तमितो नाशयामसि ॥
ऋ. १०; १६२; १-३.

૭૦; ૨. अंगादंगाल्लोम्नो लोम्नो जातं पर्वणि पर्वणि ।
यक्ष्मं सर्वस्मादात्मनस्तमिदं वि वृहामि ते ।। ऋ. १०; १६३; ६.

(તારા અંગેઅંગમાંથી, રોમેરોમમાંથી, સાંધેસાંધામાંથી, અને તારા આખા શરીરમાંથી હું આ યક્ષ્મા રોગને બહાર કાઢું છું.)

૭૧; ૧. 'સેક્રેડ બૂક્સ ઑફ્ ધી ઈસ્ટ', વૉ. ૪૩.

૭૨; ૧. આવો વિચાર કાયમ ટકી રહ્યો હોય, તો તેનું કારણ એ હતું કે તેમાં સત્યનો કંઈક અંશ હતો. શરીરના રોગોના — ખાસ કરીને જ્ઞાનતંતુના વ્યાધિઓના — ઈલાજ તરીકે માનસિક ઉપચારની શક્તિ આધુનિક માનસશાસ્ત્ર સ્વીકારતું થયું છે.

૭૨; ૨. 'વૈદિક ઇંડિયા', પૃ. ૧૧૭–૧૧૮.

૭૩; ૧. 'જર્નલ ઑફ્ ધી અમેરિકન ઓરિયેન્ટલ સોસાયટી', ૩, પૃ. ૩૦૭-૮.

૭૪; ૧. यस्मिन्स्तब्ध्वा प्रजापतिर्लोकान्त्सर्वा अधारयत् ।
स्कंभं तं ब्रूहि कतमः स्विदेव सः ॥ अ. १०; ७; ७.

(જેના આધાર પર રહીને પ્રજાપતિએ સર્વ લોકને ધારણ કર્યા છે તે સ્કંભને વિષે કહો કે તે કેવો છે?)

यस्य त्रयंस्त्रिंशद्देवा अंगे सर्वे समाहिताः ।
स्कंभं तं ब्रूहि कतमः स्विदेव सः ॥ अ. १०; ७; १३.

(તેત્રીસે દેવ જેના અંગમાં સમાઈ ગયેલા છે તે સ્કંભને વિષે કહો કે તે કેવો છે?)

ये पुरुषे ब्रह्म विदुस्ते विदुः परमेष्ठिनम् ।
यो वेद परमेष्ठिनं यश्च वेद प्रजापतिम् ।
ज्येष्ठं ये ब्राह्मणं विदुस्ते स्कंभमनुसंविदुः॥ अ. १०; ७; १७.



(જેઓ મનુષ્યમાં બ્રહ્મનું દર્શન કરે છે તેઓ પરમેષ્ઠીને જાણે છે. જે માણસ પરમેષ્ઠીને જાણે છે, જે પ્રજાપતિને જાણે છે, અને જેઓ જ્યેષ્ઠ બ્રાહ્મણને જાણે છે, તેઓ સ્કંભને સારી રીતે જાણે છે.)

૭૪; ૨. ब्रवः कदग्ने रुद्राय नृघ्ने । ऋ. ४; ३; ६.

(હે અગ્નિ, મનુષ્યને હણનારા રુદ્રને કેવી રીતે કહેશો?)

ऋ. १; ११४; १०. જુઓ પાછળ પૃ. ૧૧૪, નોંધ નં. ૩૩; ૪.

૭૪; ૩. यस्य वातः प्राणापानौ । अ. १०; ७; ३४.

(જેના પ્રાણ અને અપાન તે વાયુ છે.)

૭૫; ૧. अ. १९; ७१; १.

૭૫; ૨. सर्वान् कामान् यमराज्ये वशा प्रददुषे दुहे ।
अथाहुर्नारकं लोकं निरुन्धानस्य याचिताम् ॥ अ. १२; ४; ३६.

(યમરાજ્યમાં ગાય દાતાની સર્વ કામનાઓ તૃપ્ત કરે છે. યાચના કરવા છતાં ન આપનારને માટે નરક લોક છે એમ કહેવાય છે.)

૭૫; ૩. भेषजानि । अ. ११; ६; १४.

૭૫; ૪. ઘણા પ્રાચીન શાસ્ત્રગ્રન્થોમાં આપણને ત્રણ જ વેદ (ત્રયી) નો ઉલ્લેખ મળે છે:

तस्माद्यज्ञात् सर्वहुत ऋचः सामानि जज्ञिरे ।
छन्दांसि जज्ञिरे तस्माद्यजुस्तस्मादजायत ॥ ऋ. १०; ९०; ९.

(એ યજ્ઞ, જેમાં સર્વ કંઈ હોમવામાં આવ્યું, તેમાંથી ઋગ્વેદ અને સામવેદ ઉત્પન્ન થયા; છન્દો તેમાંથી ઉત્પન્ન થયા; ને યજુર્વેદ પણ એ યજ્ઞમાંથી જ ઉત્પન્ન થયો.)

भूरिति वा ऋचः । भुव इति सामानि । सुवरिति यजूंषि । तैत्तिरीयोपनिषत् १; ५; २.

(ભૂઃ એટલે ઋગ્વેદ, ભુવઃ એટલે સામવેદ, સ્વઃ એટલે યજુર્વેદ.)

બૌદ્ધ આગમગ્રન્થોમાં અથર્વવેદનો ઉલ્લેખ નથી. આગળ જતાં અથર્વવેદને પણ વેદપદનો દરજ્જો પ્રાપ્ત થયો.

૭૭; ૧. यो वै विष्णुः स यज्ञः । श. ब्रा. ५; २; ३; ६. (જે વિષ્ણુ છે તે જ યજ્ઞ છે.) एष विष्णुर्यज्ञः । श. ब्रा. ५; ४; ५; १. વળી જુઓ श. ब्रा. १२; ४; १; ४; તથા १४; १; १; ६; તથા १४; १; १; १५.

૭૭; ૨. कौषीतकिब्राह्मण ६; १-६.

૭૭; ૩. नमो गिरिशाय च। तैत्तिरीयसंहिता ४; ५; ५. વળી જુઓ वाजसनेयीसंहिता ९.

૭૭; ૪. प्रजापतिर्वै विश्वकर्मा । श. ब्रा. ८; २; १; १०; तथा ८; २; ३; १३. (પ્રજાપતિ તે જ વિશ્વકર્મા છે.)

૭૮; ૧. કેટલીયે જગાએ 'બ્રહ્મ' શબ્દ આ અર્થમાં વપરાયો છે. 'શરૂઆતમાં આ વિશ્વ તે બ્રહ્મ જ હતું; તેણે દેવોને ઉત્પન્ન કર્યા.' (श. ब्रा. ११; २; ३; १. તથા श. ब्रा. १०; ६; ३.) તથા सर्वं खल्विदं ब्रह्म । छांदोग्योपनिषत् ३; १४; १. (આ બધું બ્રહ્મ જ છે.)

૭૮; ૨. यज्ञेन वै देवाः इमां जितिं जिग्युः । श. ब्रा. ३; १; ४; ३.

स्वर्गं वा एतेन लोकमुपप्रयन्ति यत्प्रायणीयः । ऐ. ब्रा. २; १; १.

(આ પ્રાયણીય નામનો યજ્ઞ કરનારાઓ સ્વર્ગલોકને પામે છે.)

देवा वै यज्ञेन श्रमेण तपसाऽऽहुतिभिः स्वर्गं लोकमजयन् । ऐ. ब्रा. ७; ३; ६.

(દેવોએ યજ્ઞ વડે, શ્રમ વડે, તપ વડે, ને આહુતિઓ વડે સ્વર્ગલોક પ્રાપ્ત કર્યો.)

૭૮; ૩. स जुहोति । देहि मे ददामि ते नि मे धेहि नि ते दधे। निहारं च हरासि मे निहारं निहराणि ते स्वाहेति । श. ब्रा. २; ५; ३; १९.

(તે આ મંત્ર બોલીને આહુતિ આપે છેઃ 'તમે મને આપો, ને હું તમને આપું. તમે મને ભેટ આપો, ને હું તમને ભેટ આપું. તમે મને સારી ચીજ આપો, ને હું તમને આપું.')

૭૯; ૧. द्वया वै देवाः । देवा अहैव देवाः । अथ ये ब्राह्मणाः शुश्रुवांसोऽनूचानास्ते मनुष्यदेवाः । श. ब्रा. २; २; २; ६. श. ब्रा. २; ४; ३; १४.

૭૯; ૨. तैत्तिरीयसंहिता १; ६; १०; ४. અને ऐ. ब्रा. २; २१; २.

૮૦; ૧. ब्राह्मणस्त्वनधीयानस्तृणाग्निरिव शाम्यति । मनुस्मृति ३; १६८.



૮૦; ૨. योऽनधीत्य द्विजो वेदमन्यत्र कुरुते श्रमम् ।

स जीवन्नेव शूद्रत्वमाशु गच्छति सान्वयः ॥ मनुस्मृति २; १६८.

(જે દ્વિજ વેદનો અભ્યાસ ન કરતાં બીજા વિષયો પાછળ મહેનત કરે છે તે આ ભવે જ કુટુંબપરિવાર સહિત જલદી શૂદ્રત્વને પામે છે.)

મહાભારતમાં કહ્યું છે કે "અરણ્યમાં વસી ફળમૂળ ને વાયુ ભક્ષણ કરીને રહેનારા મુનિઓનો વાનપ્રસ્થાશ્રમ ત્રણ દ્વિજ વર્ણોને માટે રાખ્યો છે, જ્યારે ગૃહસ્થાશ્રમ તો સર્વ વર્ણને માટે છે."

૮૦; ૩. नौर्ह वाऽएषा स्वर्ग्या । यद् बहिष्पवमानं तस्या ऋत्विज एव स्फ्याश्च अरित्राश्च स्वर्गस्य लोकस्य संपारणाः । तस्या एक एव मज्जयित य एव निन्द्यः । स यथा पूर्णामभ्यारुह्य मज्जयेदेवं हैनां स मज्जयति । तद्वै सर्व एव यज्ञो नौः स्वर्ग्या । तस्माद् सर्वस्मादेव यज्ञान्निन्द्यं परिविबाधिषेत । श. ब्रा. ४; २; ५; १०.

૮૨; ૧. 'વેદ' શબ્દ જે विद् ધાતુમાંથી નીકળ્યો છે તેનો અર્થ છે 'જોવું'. સરખાવો vision (લૅટિન vides પરથી); ideas (ગ્રીક eidos અર્થાત્ બુદ્ધિ પરથી). વિદ્નો ચોક્કસ અર્થ તો 'જાણવું' છે.

૮૨; ૨. બિટોવન કહે છે: "કલાકૃતિમાત્ર ઈશ્વર પાસેથી આવે છે; અને જેટલે અંશે તે મનુષ્યમાં રહેલા અંતર્યામીની પ્રવૃત્તિની સાક્ષી પૂરે છે તેટલે અંશે જ તેને મનુષ્યની કૃતિ કહી શકાય."

૮૨; ૩. જુઓ મ્યુર: 'સંસ્કૃત ટેક્સ્ટ્સ', વૉ. ૩.

૮૨; ૪. यो वामश्विना मनसो जवीयान् रथः स्वश्वो विश आजिगाति । येन गच्छथः सुकृतो दुरोणं तेन नरा वर्तिरस्मभ्यं यातम् । ऋ. १; ११७; २.

(હે અશ્વિનો, તમારો જે રથ મન કરતાં પણ અધિક વેગવાળો છે, જેને જોરાવર ઘોડા જોડેલા છે, ને જેમાં બેસીને તમે સત્કર્મીનું ઘર શોધો છો, તે રથમાં બેસીને, હે વીરો, અમારે ત્યાં આવો.)

इमं स्वस्मै हृद आ सुतष्टं मन्त्रं वोचेम कुविदस्य वेदत् । ऋ. २; ३५; २.

(હૃદયમાંથી સારી રીતે રચેલો આ મન્ત્ર અમે સારી રીતે બોલીશું. એ મન્ત્રને તે માન્ય કરશે નહિ?)

૮૨; ૫. इमां धियं सप्तशीर्ष्णी पिता न ऋतप्रजातां बृहतीमविन्दत् । तुरीयं स्विज्जनयद्विश्वजन्योऽयास्य उक्थमिन्द्राय शंसन् । ऋ. १०; ६७; १.

૮૨; ૬. अयं मे पीत उदियर्ति वाचमयं मनीषामुशतीमजीगः ।
ऋ. ६; ४७; ३.

( આ સોમરસ પીવાથી મારી વાણીને સ્ફૂર્તિ ચડે છે. તે સુંદર બુદ્ધિને જાગૃત ને પ્રકાશિત કરે છે. )

૮૨; ૭. प्र वः शर्धाय घृष्वये त्वेषद्युम्नाय शुष्मिणे । देवत्तं ब्रह्म गायत ।
ऋ. १; ३७; ४.

( હે ઋત્વિજો, સહનશીલ, શત્રુનાશક, દેદીપ્યમાન કીર્તિવાળા, ને બળવાન એવા મરુદ્‌ગણને ઉદ્દેશીને દેવોનું આપેલું સ્તોત્ર ગાઓ. )

इध्मेनाग्न इच्छमानो घृतेन जुहोमि हव्यं तरसे बलाय ।
यावदीशे ब्रह्मणा वन्दमान इमां धियं शतसेयाय देवीम् ॥ ऋ. ३; १८; ३.

( હે અગ્નિ, ધનની ઇચ્છા રાખનારો હું, તમારી જ્વાળામાં વેગ અને બળ આવે એટલા માટે, લાકડાં અને ઘી સાથે હવિ તમને અર્પણ કરું છું. મારી શક્તિ પ્રમાણે સ્તુતિ કરતો હું સોગણા ધન માટે આ ( મારું ) દૈવી સૂક્ત અર્પણ કરું છું. )

મ્યુરની ‘ સંસ્કૃત ટેક્સ્ટ્સ ’ (વૉ. ૩, પૃ. ૨૧૭–૮૬ ) માં કેટલાંક સૂક્તોનો સંગ્રહ છે, તે પરથી સ્પષ્ટ દેખાય છે કે “ પોતાની ધાર્મિક ભાવના ને કલ્પનાઓ પ્રગટ કરવાની પ્રેરણા ઇશ્વર તરફથી મળે છે, એમ કંઈ નહીં તો કેટલાક ઋષિઓ માનતા ખરા; પણ સાથેસાથે તેઓ એ સૂક્તોને પોતાની અથવા ( કદાચ ) પોતાના પૂર્વજોની કૃતિઓ માનતા, અને તેમાં જૂનાંનવાંનો ભેદ પાડતાં જે શબ્દો વાપરતા તે પરથી એમ જ દેખાઈ આવે કે તેઓ ખરેખર પોતાને એ સૂક્તોના કર્તા માનતા હશે. ”

૮૩; ૧. स ( प्रजापतिः ) एतामृचमपश्यत् । ऐ. ब्रा. ७; ६; १.
( પ્રજાપતિને આ ઋચાનું દર્શન થયું. )

प्रजापतेर्वा एतान्यंगानि यच्छन्दांसि । ऐ. ब्रा. ७; ८; २.

( આ છન્દો છે તે પ્રજાપતિનાં અંગો છે, કેમકે તે પ્રજાપતિએ પેદા કરેલા છે. )

૮૩; ૨. वेदानां माता । तै. ब्रा. २; ८; ८; ५. ( બાઇબલના નવા કરારમાંની જોનની સુવાર્તાનું આરંભનું વાક્ય સરખાવોઃ ‘ આરંભમાં શબ્દ હતો.’



૮૩; ૩. સરખાવો श. ब्रा. ११; ५; ८१ અને તે પછીના મન્ત્રો; તથા ऋ. १०; ९०; ९.

૮૪; ૧. प्रजापतिर्ह वा इदमग्र एक एवास । स ऐक्षत कथं नु प्रजायेयेति । सोऽश्राम्यत्, स तपोऽतप्यत, स प्रजा असृजत । २; ५; १; १.

( શરૂઆતમાં પ્રજાપતિ એકલા જ હતા. તેમણે મનમાં વિચાર કર્યો કે ‘ હું કેવી રીતે પ્રજોત્પત્તિ કરું ? ’ તેમણે શ્રમ કર્યો ને તપ કર્યું. તેમણે સજીવ પ્રાણીઓ ઉત્પન્ન કર્યાં. )

૮૫; ૧. ब्रह्म वै स्वयंभूस्तपोऽतप्यत । तदैक्षत न वै तपस्यानन्त्यमस्ति । हन्ताहम्भूतेष्वात्मानञ्जुहुवानि भूतानि चात्मनीति । तत्सर्वेषु भूतेष्वात्मानं हुत्वा भूतानि चात्मनि सर्वेषां भूतानां श्रैष्ठ्यं स्वाराज्यमाधिपत्यम्पर्यैत् । श. ब्रा. १३; ७; १; १.

( સ્વયંભૂ બ્રહ્માએ તપ કર્યું. તેમણે વિચાર કર્યોઃ ‘ તપમાં અનંતત્વ રહેલું નથી. માટે હું મારા પંડને ભૂતોમાં હોમી દઉં, ને ભૂતોને મારા પંડમાં હોમી દઉં. ’ તે પ્રમાણે તેમણે પોતાના પંડને ભૂતોમાં હોમ્યો ને ભૂતોને પોતાના પંડમાં હોમ્યાં; ને એમ કરીને ભૂતમાત્ર પર શ્રેષ્ઠત્વ, સ્વારાજ્ય, અને આધિપત્ય પ્રાપ્ત કર્યાં. )

૮૪; ૨. एतद्ध वै देवा व्रतं चरन्ति यत्सत्यम् । श. ब्रा. १; १; १; ५.
( દેવો એક વ્રત પાળે છે — સત્ય. )

૮૫; ૩. श. ब्रा. १०; ५; ४; १५.

ઋતને ભૌતિક ને નૈતિક બંને ક્ષેત્ર સાથે સંબન્ધ છે એવી વેદની જૂની કલ્પના હતી, તેનું રૂપાન્તર બ્રાહ્મણોમાં ધર્મની કલ્પનામાં થયું છે, ને એ ધર્મનો સંબન્ધ ખાસ કરીને વિશ્વની નૈતિક વ્યવસ્થા સાથે છે. પાછળથી કર્મકાંડ, સ્મૃતિ, કાયદો, રૂઢિ ને શિષ્ટાચાર એ જે વિભાગો પડ્યા તે સર્વનો સમાવેશ એ ધર્મની કલ્પનામાં થાય છે. કેટલીકવાર ‘ ધર્મ ’ દેવરૂપે પણ દેખા દે છે. જુઓ. श. ब्रा. १३; ४; ३; १४.

૮૫; ૪. अथ प्रतिप्रस्थाता प्रतिपरैति । स पत्नीमुदानेष्यन्पृच्छति केन चरसीति । वरुण्यं वा एतत् स्वीकरोति यदन्यस्य सत्यन्येन चरति । अथो नेन्मेऽन्तः शल्या जुहवदिति तस्मात्पृच्छति । निरुक्तं वा एनः कनीयो भवति । सत्यं हि भवति ।

तस्माद्वैव पृच्छति। सा यन्न प्रतिजानीत ज्ञातिभ्यो हास्यैतदहितं स्यात्। श. ब्रा. २; ५; २; २०.

(પછી પ્રતિપ્રસ્થાતા [જ્યાં યજમાનની પત્ની બેઠેલી છે ત્યાં] આવે છે. તે પત્નીને લઈ જવા માંડે છે ત્યાં પૂછે છે: 'તું કોની સાથે સંભોગ કરે છે?' એક પુરુષની પત્ની બીજા પુરુષ સાથે સંભોગ કરે ત્યારે તે વરુણની સામે પાપ કરે છે. એટલે પ્રતિપ્રસ્થાતા તેને આ પ્રમાણે પૂછે છે; જેથી રખેને તે મનમાં ખટકો રાખીને યજ્ઞ કરે. પાપ જ્યારે કબૂલ કરવામાં આવે છે ત્યારે ઓછું થાય છે, કેમકે તે સત્ય બને છે. તેથી જ તે પત્નીને પૂછે છે. જો [સંભોગ] તે કબૂલ ન કરે તે તેનાં સગાંઓને હાનિકારક નીવડે છે.)

૮૫; ૫. तपसा देवा देवतामग्र आयन्। तै. ब्रा. ३; १२; ३.

૮૬; ૧. 'આશ્રમ' શબ્દ મૂળ 'श्रम्' એટલે મહેનત કરવી એ ધાતુ પરથી નીકળેલો હોઈ, બતાવે છે કે પ્રગતિમાત્રને અંગે કષ્ટ તો વેઠવું જ પડે એ સત્ય ભારતવાસીઓ સમજ્યા હતા.

૮૬; ૨. આ આશ્રમોનું વર્ણન જુદા જુદા ગ્રન્થોમાં જુદું જુદું આવે છે:

एतं वै तमात्मानं विदित्वा ब्राह्मणाः पुत्रैषणायाश्च वित्तैषणायाश्च लोकैषणायाश्च व्युत्थायाथ भिक्षाचर्यं चरन्ति। बृहदारण्यकोपनिषत् ३; ५; १.

(એવા આત્માને જે બ્રાહ્મણો જાણે છે તેઓ દીકરા મેળવવાની ઇચ્છા છોડી દે છે, ધન મેળવવાની ઇચ્છા છોડી દે છે, સ્વર્ગ વગેરે લોકમાં જવાની ઇચ્છા છોડી દે છે, અને ભિક્ષા માગી તેના પર નિર્વાહ કરે છે.)

चत्वार आश्रमा गार्हस्थ्यमाचार्यकुलं मौनं वानप्रस्थ्यमिति।
आपस्तंबधर्मसूत्र २; ९; २१; १.

(આશ્રમ ચાર છે: ગાર્હસ્થ્ય, આચાર્યકુલ, મૌન એટલે મુનિનો, અને વાનપ્રસ્થ.)

ब्रह्मचारी गृहस्थो भिक्षुर्वैखानसः। गौतमधर्मसूत्र १; ३; २.

(આશ્રમ ચાર છે: બ્રહ્મચારી, ગૃહસ્થ, ભિક્ષુ, અને વૈખાનસ.)

एतच्छौचं गृहस्थानां द्विगुणं ब्रह्मचारिणाम्।
त्रिगुणं स्याद् वनस्थानां यतीनां तु चतुर्गुणम्॥ मनुस्मृति ५; १३७.



(આટલો શૌચનો વિધિ તો ગૃહસ્થે કરવાનો. બ્રહ્મચારીએ એથી બમણો, વાનપ્રસ્થે ત્રણગણો, ને યતિએ ચારગણો.)

ब्रह्मचारी गृहस्थश्च वानप्रस्थो यतिस्तथा।
एते गृहस्थप्रभवाश्चत्वारः पृथगाश्रमाः॥ मनुस्मृति ६; ८७.

(બ્રહ્મચારી, ગૃહસ્થ, વાનપ્રસ્થ અને યતિ એ ચાર જુદા જુદા આશ્રમ છે. તે બધા ગૃહસ્થાશ્રમમાંથી ઉત્પન્ન થયેલા છે.)

चत्वार आश्रमा ब्रह्मचारिगृहस्थवानप्रस्थपरिव्राजकाः। वसिष्ठस्मृति ७; २.

(આશ્રમ ચાર છે — બ્રહ્મચારી, ગૃહસ્થ, વાનપ્રસ્થ ને પરિવ્રાજક.)

વળી જુઓ बौधायनधर्मसूत्र २; ७; ११; १२.

૮૬; ૩. उत यत् पतयो दश स्त्रियाः पूर्वे अब्राह्मणाः। ब्रह्मा चेद्धस्तमग्रहीत् स एव पतिरेकधा॥ अ. ५; १७; ८.

(અગાઉ બ્રાહ્મણ સિવાયના દસ પતિ સ્ત્રીને ભલે હોય; પણ જો બ્રાહ્મણ તેની સાથે લગ્ન કરે તો તે એનો એકમાત્ર પતિ બને છે.)

૮૭; ૧. संवत्सरं शशयाना ब्राह्मणा व्रतचारिणः। वाचं पर्जन्यजिन्वितां प्र मण्डूका अवादिषुः॥ ऋ. ७; १०३; १.

(વરસ દહાડો તપ કરનાર વ્રતચારી બ્રાહ્મણોની પેઠે આ દેડકાઓ મેઘરાજાએ જાગૃત કરેલી વાણી બોલે છે.)

ब्राह्मणासो अतिरात्रे न सोमे सरो न पूर्णमभितो वदन्तः।
संवत्सरस्य तदहः परि ष्ठ यन्मण्डूकाः प्रावृषीणं बभूव॥
ब्राह्मणासः सोमिनो वाचमक्रत ब्रह्म कृण्वन्तः परिवत्सरीणम्।
अध्वर्यवो घर्मिणः सिष्विदाना आविर्भवन्ति गुह्या न के चित्॥
ऋ. ७; १०३; ७–८.

(અતિરાત્ર નામના સોમયાગમાં જેમ બ્રાહ્મણો મન્ત્ર બોલે છે તેમ ભરેલા સરોવરની આસપાસ આ દેડકા અવાજ કરે છે. ચોમાસું આવે છે ત્યારે વરસાદને એ દિવસે દેડકા ઠેરઠેર પેદા થાય છે. સોમ પીને વાર્ષિક સ્તોત્ર બોલનારા બ્રાહ્મણોની પેઠે દેડકા બોલે છે. પ્રવર્ગ્ય ઋત્વિજોની પેઠે પરસેવાથી રેબઝેબ થયેલા ને સંતાઈ બેઠેલા દેડકા વરસાદ પડતાંવેંત દેખા દે છે.)

૮૭; ૨. राजन्यबन्धुरिव त्वेव तदुवाच । श. ब्रा. ८; १; ४; १०.

૮૭; ૩. एषां होभयेषां देवमनुष्याणां दिग्यदुदीची प्राची । एतस्यां ह दिशि स्वर्गस्य लोकस्य द्वारम् । श. ब्रा. ६; ६; २; ४.

( ઈશાનકોણ એ દેવો અને મનુષ્યો બંનેની દિશા છે. એ જ દિશામાં સ્વર્ગલોકનું દ્વાર છે. )

૮૭; ૪. तद्वा एतद्वसन्त एव हेमन्तात्पुनरसुः । एतस्माद्ध्येष पुनर्भवति । पुनर्ह वा अस्मिंल्लोके भवति य एवमेतद्वेद । श. ब्रा. १; ५; ३; १४.

( હેમન્તમાંથી વસન્ત ફરી જન્મે છે, કેમકે એકમાંથી બીજી ફરી જન્મે છે. તેથી જે આ પ્રમાણે જાણે છે તે આ લોકમાં ફરી જન્મ પામે છે. )

૮૭; ૫. य एवं जुहोतीति तेजस्वी यशस्व्यन्नादो भवत्येतयोश्च देवतयोः सायुज्यं सलोकतां जयति । श. ब्रा. ११; ६; २; ३.

૮૭; ૬. स यद्वैश्वदेवेन यजते । अग्निरेव तर्हि भवत्यग्नेरेव सायुज्यं सलोकतां जयति । अथ यद्वरुणप्रघासैर्यजते वरुण एव तर्हि भवति वरुणस्यैव सायुज्यं सलोकतां जयति । अथ यत्साकमेधैर्यजते इन्द्र एव तर्हि भवतीन्द्रस्यैव सायुज्यं सलोकतां जयति । श. ब्रा. २; ६; ४; ८.

( તે જ્યારે વૈશ્વદેવ કરે છે ત્યારે તે અગ્નિ બને છે, અને અગ્નિ સાથે સાયુજ્ય પામે છે તથા અગ્નિના લોકમાં તેની સાથે વસે છે. તે જ્યારે વરુણપ્રઘાસ યજ્ઞ કરે છે ત્યારે તે વરુણ બને છે, અને વરુણ સાથે સાયુજ્ય પામે છે તથા વરુણના લોકમાં તેની સાથે વસે છે. તે જ્યારે સાકમેધ યજ્ઞ કરે છે ત્યારે તે ઈન્દ્ર બને છે, અને ઈન્દ્ર સાથે સાયુજ્ય પામે છે તથા ઈન્દ્રના લોકમાં તેની સાથે વાસ કરે છે. )

૮૭; ૭. तुलायां ह वामुष्मिंल्लोक आदधानो यतरद्यंस्यति तदन्वेष्यति यदि साधु वासाधु । श. ब्रा. ११; २; ७; ३३.

( તેઓ એને પરલોકમાં ત્રાજવાંમાં મૂકે છે. બેમાંથી જે પલ્લું ઊંચું જાય તે પરથી તે જુએ છે કે એ માણસ સારો છે કે નરસો. )

૮૮; ૧. अथातो यज्ञवीर्याणामेव । सायंप्रातर्हि वाऽमुष्मिँल्लोकेऽग्निहोत्रहुदश्नाति तावती ह तस्मिन्यज्ञ ऊर्गर्धमासेऽर्धमासे दर्शपूर्णमासयाजी चतुःषु चतुःषु मासेषु चातुर्मास्ययाजी षट्सु षट्सु पशुबन्धयाजी संवत्सरे संवत्सरे सोमयाजी । श. ब्रा. १०; १; ५; ४.



( હવે યજ્ઞ કરવાથી પ્રાપ્ત થતી શક્તિને વિષે. જે માણસ નિયમિત રીતે અગ્નિહોત્ર કરે છે તે પરલોકમાં જાય ત્યારે સાંજસવાર ખાય છે; એટલું પોષણ આપવાની શકિત એ યજ્ઞમાં છે. અમાસ અને પૂનમને દિવસે યજ્ઞ કરનાર — પરલોકમાં જાય ત્યારે — અડધે અડધે મહિને ખાય છે. ચાતુર્માસનો યજ્ઞ કરનાર ચાર ચાર મહિને ખાય છે. પશુબન્ધ યજ્ઞ — વરસમાં બેવાર — કરનાર છ છ માસે ખાય છે. અને સોમયાગ કરનાર વરસે એકવાર ખાય છે. )

૮૮; ૨. प्रजापतिर्वा एष यदंशुः सोऽस्यैष आत्मैव । आत्मा ह्ययं प्रजापतिः । तदस्यैतमात्मानं कुर्वन्ति यत्रैतं गृह्णन्ति तस्मिन्नेतान्प्राणान्दधाति । यथा यथैते प्राणा ग्रहा व्याख्यायन्ते । स ह सर्वतनूरेव यजमानोऽमुष्मिंल्लोके संभवति । श. ब्रा. ४; ६; १; १.

( હવે આ જે અંશુ [ પ્યાલો ] છે તે પ્રજાપતિ જ છે. એ [ યજ્ઞનો કે યજમાનનો ) આત્મા જ છે; કેમકે પ્રજાપતિ એ જ આત્મા છે. એટલે જ્યારે તેઓ એ પ્યાલો લે છે ત્યારે તેઓ એના આત્માને જ લે છે. તેમાં તેઓ આ પ્રાણોને મૂકે છે. આ પ્રમાણે આ પ્રાણો તે જ ગ્રહો છે એમ સમજાવ્યું છે. તે યજમાન પોતાનું આખું શરીર લઈને પરલોકમાં જન્મે છે. )

વળી જુઓ श. ब्रा. ११; १; ८; ६. તથા श. ब्रा. १२; ८; ६; ३१.

૮૮; ૩. વેબર. જર્નલ ઑફ ધી રૉયલ એશિયાટિક સોસાયટી, ૧;૧૮૬૫; પૃ. ૩૦૬ થી.

૮૮; ૪. વેબર : એજન.

૮૮; ૫. कृतं लोकं पुरुषोऽभि जायते । श. ब्रा. ६; २; २; २७.

૮૮; ૬. स यद्ध वास्मिँल्लोके पुरुषोऽन्नमत्ति तदेनममुष्मिँल्लोके प्रत्यत्ति ।
श. ब्रा. १२; ९; १; १.

૮૮; ૭. श. ब्रा. २; ६.

૮૯; ૧. જુઓ ऐ. ब्रा. ३; ४४.

૮૯; ૨. आत्मयाजी श्रेयान्देवयाजी । इत्यात्मयाजीति ह ब्रूयात् ।
श. ब्रा. ११; २; ६; १३.

૮૯; ૩. श. ब्रा. १०; ५; ६; ९.

૮૯; ૪. ते य एवमेतद्विदुः । ये वै तत्कर्म कुर्वते मृत्वा पुनः संभवन्ति ते संभवन्त एवामृतमभिसंभवन्त्यथ य एवं न विदुर्ये वै तत्कर्म न कुर्वते मृत्वा पुनः संभवन्ति । त एतस्यैवान्नं पुनः पुनर्भवन्ति । श. ब्रा. १०; ४; १; १०.

( જેઓ આ પ્રમાણે જાણીને — જ્ઞાનપૂર્વક — આ કર્મ કરે છે તેઓ મરી ગયા પછી ફરી જન્મે છે, અને જન્મ પામીને મૃતઅત્વ પામે છે. પણ જેઓ આ પ્રમાણે જાણ્યા વિના — જ્ઞાન વિના — કર્મ કરે છે તેઓ મરી ગયા પછી ફરી જન્મે છે, અને ફરીફરી તેનું — મૃત્યુનું — ભક્ષ થઈ પડે છે. )

૮૯; ૫. सोऽस्यैष सर्वस्यान्तमेवात्मा स एष सर्वासामपां मध्ये स एष सर्वैः कामैः संपन्नः............स एषोऽकामः सर्वकामः न ह्येतं कस्यचन कामः । श. ब्रा. १०; ५; ४; १५.

૮૯; ૬. विद्यया तदारोहन्ति यत्र कामाः परागताः । न तत्र दक्षिणा यन्ति नाविद्वांसस्तपस्विनः । न ह वै तं लोकं दक्षिणाभिर्न तपसा नैवंविदश्नुते । एवंविदां हैव स लोकः । श. ब्रा. १०: ५; ४; १६.

આ વિચાર પોતાના મતને કેટલો બધો મળતો આવે છે એ બતાવવા શંકરે આ વચનનો વેદાન્તસૂત્ર પરના તેમના ભાષ્યમાં ઉલ્લેખ કર્યો છે :

न हि केवलाभ्यां श्रद्धातपोभ्यामन्तरेण विद्याबलमेषा गतिर्लभ्यते । 'विद्यया तदारोहन्ति............नाविद्वांसस्तपस्विनः' इति श्रुत्यन्तरात् । ब्रह्मसूत्रशांकरभाष्य ३; ३; ३१.

( વિદ્યાબળ વિના કેવળ શ્રદ્ધા અને તપ વડે આ ગતિ પ્રાપ્ત થતી નથી. કેમકે બીજા એક શ્રુતિવચનમાં કહ્યું છે કે 'જે સ્થાનમાં કામમાત્ર શમી જાય છે તે સ્થાન સુધી માણસો વિદ્યા વડે ચડી શકે છે. જેમનામાં વિદ્યા એટલે કે જ્ઞાન ન હોય એવા, કેવળ કર્મ અથવા તપ કરનારા, ત્યાં જતા નથી.' )

## અનુવાદકનાં ટિપ્પણો

[ ટિપ્પણની આગળ આપેલા બે આંકડામાંનો પહેલો આ પુસ્તકનો પૃષ્ઠાંક, ને બીજો આંકડો લીટીની સંખ્યા સૂચવે છે. ]

૫; ૧૯. સરખાવો : "આપણે જેટલે અંશે વાણીમાં — એટલે કે વિચારમાં — આર્યો છીએ તેટલે અંશે ઋગ્વેદ એ આપણો પોતાનો જૂનામાં જૂનો ગ્રન્થ છે." — મૅક્સમૂલર. આ વચન યુરોપવાસીઓને ઉદ્દેશીને કહેવામાં આવેલું છે. વળી : "આર્ય પ્રજાનું, બલ્કે મનુષ્યજાતિનું, એ સર્વથી પ્રાચીન પુસ્તક છે, અને હિંદુસ્તાનના ધાર્મિક ઇતિહાસનાં સર્વ બીજ એમાં ભરેલાં છે." — આ. બા. ધ્રુવ : 'આપણો ધર્મ', પૃ. ૩૨૯.

૭; ૨૬. મુખ્ય બ્રાહ્મણગ્રન્થોનાં નામ — આર્ષેય, ઐતરેય, કૌષિક, કૌષીતકિ, ગોપથ, જૈમિનીય, તલવકાર, તાંડ્ય, તૈત્તિરીય, વંશ, શતપથ, શાંખાયન. આ ગ્રન્થોને 'બ્રાહ્મણ' નામ શા માટે અપાયું હશે એ વિષે ડૉ. સુરેન્દ્રનાથ દાસગુપ્ત લખે છે: "વેબર કહે છે કે 'બ્રાહ્મણ' નો અર્થ છે 'બ્રહ્મ એટલે કે સ્તુતિની સાથે સંબન્ધ ધરાવનાર'. મૅક્સમૂલર કહે છે કે 'બ્રાહ્મણ'નો મૂળ અર્થ 'બ્રાહ્મણોનાં વચન એવો છે. એ બ્રાહ્મણો તે સામાન્ય અર્થમાં પુરોહિતો હોય, અથવા તો એથી અધિક વિશિષ્ટ અર્થમાં બ્રાહ્મણ–પુરોહિતો હોય.' એગલિંગ કહે છે આ ગ્રન્થોને 'બ્રાહ્મણ' નામ મળ્યું 'એનું કારણ કદાચ એ હશે કે તે સામાન્યપણે ઋત્વિજો ને પુરોહિતો (બ્રાહ્મણો) ના શિક્ષણ ને માર્ગદર્શન માટે રચાયેલા હતા; અથવા તો એ પણ કારણ હોય કે જે લોકો વેદવિદ્યા ને યજ્ઞવિદ્યામાં પારંગત હતા, ને તેથી બ્રાહ્મણ અથવા ઋત્વિજ કે પુરોહિત થવાને લાયક હતા, તેમનાં પ્રમાણભૂત

વચનો એમાં મોટે ભાગે સંઘરાયેલાં હોય.' પણ બ્રાહ્મણગ્રન્થોને વેદના જેટલા જ અપૌરુષેય માનવામાં આવતા, એ હકીકત જોતાં હું માનું છું કે વેબરનો મત ખરો છે." ('એ હિસ્ટરી ઑફ ઇંડિયન ફિલૉસૉફી', વૉ. ૧, પૃ. ૧૩ પરની પાદટીપ)

૭; ૨૭. મુખ્ય આરણ્યકોનાં નામ — ઐતરેય, કૌષીતકિ, તૈત્તિરીય, શાંખાયન.

૭; ૨૮. ઉપનિષદો કુલ ૧૦૮ ગણાય છે (આમ તો સંખ્યા ૨૦૦ ઉપર થવા જાય છે, પણ બધાંને ઉપનિષદ ન કહી શકાય.) તેની યાદી મુક્તિકોપનિષદમાં આપેલી છે. ઉપનિષદોની નામાવલિ તથા શાખાવાર વિભાગ વિષે વધુ માહિતી માટે જુઓ 'ઉપનિષદ્‌વિચારણા' (ન. દે. મહેતા), પ્રકરણ ૨.

૮; ૧૭–૧૯. મુંડકોપનિષદમાં કહ્યું છે: तदेतत्सत्यं मंत्रेषु कर्माणि कवयो यान्यपश्यंस्तानि त्रेतायां बहुधा संततानि। तान्याचरथ नियतं सत्यकामा एष वः पन्थाः सुकृतस्य लोके। મું. ૧; ૨; ૧. (એ સાચું છે કે કવિઓએ મન્ત્રોમાં જે કર્મો જોયાં તેનો વિસ્તાર ત્રણ વેદમાં અનેક પ્રકારે થયો છે. હે સત્યકામ લોકો! તમે એ કાર્યોનું આચરણ કરો. સત્કર્મથી મળતા લોકમાં તમારે જવા માટે એ જ માર્ગ છે.) પણ એ જ ઉપનિષદમાં આગળ પર કહ્યું છે: प्लवा ह्येते अदृढा यज्ञरूपाः। મું. ૧; ૨; ૭. (આ યજ્ઞરૂપી હોડીઓ તકલાદી છે.) વળી ચારેય વેદની ગણતરી અપરા, એટલે કે ઊતરતી કોટિની, વિદ્યામાં કરી છે. (મું. ૧; ૧; ૫.), અને કહ્યું છે કે પરા વિદ્યા તે જેનાથી એ 'अक्षर' પ્રાપ્ત થાય. अथ परा यया तदक्षरमधिगम्यते।

૯; ૨૬. સૂક્તોના રચનાકાળ વિષે બીજે એક ઠેકાણે રાધાકૃષ્ણને બીજા કેટલાક વિદ્વાનોના મત ટાંક્યા છેઃ "મૅક્સમૂલર ઈ. સ. પૂર્વે ૧૫૦૦–૧૨૦૦ ને વૈદિક સૂક્તોનો રચનાકાળ માને છે; વેબર ઈ. સ. પૂર્વે ૧૬ મા સૈકાને; હૉગ ઈ. સ. પૂર્વે ૨૪૦૦–૧૪૦૦ ને; વ્હીટની ઈ. સ. પૂર્વે ૨૦૦૦–૧૪૦૦ ને; કીગી ઈ. સ. પૂર્વે ૨૦૦૦ – ૧૫૦૦ ને. કીગી માને છે કે વૈદિક સૂક્તોનો સંગ્રહ કરવાનું કામ ઈ. સ. પૂર્વે ૧૫૦૦ ના અરસામાં પૂરું થઈ રહેલું." ('ઇસ્ટર્ન રિલિજિયન્સ ઍન્ડ વેસ્ટર્ન થૉટ', પૃ. ૧૧૯ પરની પાદટીપ નં. ૪)



૧૪; ૨૪. न वि जानामि यदिवेदमस्मि निण्यः संनद्धो मनसा चरामि।
ऋ, १; १६४; ३७.

૧૮; ૨૪. બીજી એક જગાએ રાધાકૃષ્ણને આ સંબન્ધમાં લખ્યું છે તે આમાં પૂર્તિ કરે એવું હોઈ, તે આખો ભાગ અહીં આપવા જેવો છે:

"ભારતીય સંસ્કૃતિની બીજી ભૂમિકા — ઋગ્વેદનો યુગ — આપણને ઈ. સ. પૂર્વે ૨૦૦૦ થી ૧૦૦૦ ના સમય પર લઈ જાય છે; અને આપણે એક તરફ હિંદીઓ ને ઇરાનીઓ, ને બીજી તરફ ગ્રીક, રોમન, કેલ્ટ, જર્મન અને સ્લાવ એ પ્રજાઓ, એની ભાષા, દેવકથાઓ, ધાર્મિક પ્રણાલિકાઓ, ને સામાજિક પ્રથાઓની વચ્ચે ગાઢ સામ્ય જોઇએ છીએ. દ્યૌષ્પિતા (દ્યૌષ્પિતર, જ્યુપીટર), પૃથ્વીમાતા, આકાશનો વિશાળ વિસ્તાર (વરુણ, ઉરેનૉસ), ઉષા (ઉષા, ઑરોરા), સૂરજ (સૂર્ય) વગેરે દેવોને ગ્રીકો અને હિંદીઓ બંને પૂજે છે; અને મૂળ તો તેમની કલ્પના નિસર્ગમાં કામ કરતાં બળો કે કારણો રૂપે કરવામાં આવેલી. તેમને મનુષ્યના જેવા કેટલાક ગુણો છે ખરા, પણ તેમને મનુષ્યના જેવાં સ્પષ્ટ રૂપ કે શરીરાકૃતિ અપાયાં નથી. ગ્રીકોનો દેવપૂજાનો ધર્મ અને વૈદિક માન્યતાઓ બંનેનો ઉદ્‌ભવ એક જ મૂળમાંથી થયેલો. હોમરનાં કાવ્યો અને વેદ એ બેમાં વર્ણવેલા સામાજિક જીવનમાં પણ ભારે સરખાપણું છે. બંનેમાં પિતા કુટુંબનો મુખી ને કર્તાહર્તા છે; અને સમાજ ગોત્રો અથવા નાના નાના જાતિસમૂહોમાં વહેંચાયેલો છે. આ સમાનતાઓ એમ સૂચવે છે કે આ બે પ્રજાઓ વચ્ચે કોઈક પ્રાચીન યુગમાં ગાઢ સંસર્ગ હોવો જોઈએ. પણ બેમાંથી એકેને એ કાળનું સ્મરણ રહ્યું નહોતું, અને તેઓ ઇરાની સામ્રાજ્યમાં અજાણી પ્રજાઓ તરીકે જ ભેગી થઈ. એટલે ઋગ્વેદમાં યુરોપવાસીઓને તેમના પોતાના જાતીય વારસાનાં સ્મારકો મળી આવશે. હિંદીઓ ને ઇરાનીઓ, તેમના પશ્ચિમી જાતભાઇઓથી જુદા પડ્યા પછી, ઘણો વખત ભેગા રહ્યા હતા. ઋગ્વેદના દેવોમાં વરુણ સૌથી આગળપડતો છે. તે શાણો ને સર્વશક્તિમાન છે. તે ઋતના નિયમ વડે સ્વર્ગ, પૃથ્વી ને પાતાળ પર રાજ્ય કરે છે. તે નીતિનિયમનો રક્ષક છે. તેની નજરથી કશું છૂપું નથી. તે પવિત્ર ને શુદ્ધ મનવાળો (पूतदक्ष) છે.

(અહીં જે અવતરણ આપ્યું છે તે પાછળ પૃ. ૧૦૪–૫ પર મળશે.)

" તેનું રાજ્ય નીતિમય અને સત્યપૂર્ણ છે, ને 'તેને તે વિરોધમાત્ર સામેની લડાઈમાં વિજય અપાવે છે.' આ કલ્પનાને જરથોસ્તી ધર્મમાં અહુરમઝદ અને અહરીમાન વચ્ચેના — દૈવી તેજ અને આસુરી તિમિર વચ્ચેના — યુદ્ધરૂપે વર્ણવી તેના પર ખાસ ભાર દેવામાં આવ્યો છે. વરુણનું રાજ્ય એ બ્રહ્મલોકનું અને સ્વર્ગરાજ્યનું પૂર્વરૂપ છે.

"છતાં વેદનાં સૂક્તો હિંદીઓ ને ઇરાનીઓ છૂટા પડ્યા તે પછી રચાયેલાં; અને એની રચના થઈ તે વખતે એ લોકો — હિંદી આર્યો — નું નિવાસસ્થાન તે સિંધુકાંઠાનો પ્રદેશ હતું." ('ઇસ્ટર્ન રિલિજિયન્સ, ઍન્ડ વેસ્ટર્ન થૉટ, પૃ. ૧૧૮–૯).

વળી જુઓ 'ધર્મોનું મિલન' (રાધાકૃષ્ણન), પૃ. ૬૩, તથા ૧૬૩–૬; તથા 'હિંદુ ધર્મ' (રાધાકૃષ્ણન), પૃ. ૧૫૬–૭.

૧૯; ૧. દસ્યુઓની કાળી ચામડી (त्वचं कृष्णां) નો ઋગ્વેદમાં ઉલ્લેખ છે: मनवे शासदव्रतान्त्वचं कृष्णामरन्धयत्। ઋ. ૧; ૧૩૦; ૮. (ઇન્દ્રે આ કાળી ચામડીવાળા, ને અવ્રત લોકોને આર્યોને સ્વાધીન કરી દીધા.) 'વ્રત' એટલે દેવોએ સ્થાપેલો નીતિનિયમ; અથવા પવિત્ર માર્ગ. બીજે એક ઠેકાણે દસ્યુઓને 'કૃષ્ણગર્ભ' કહેલા છે. ઋ. ૧; ૧૦૧; ૧.

विजानीह्यार्यान्ये च दस्यवो बर्हिष्मते रंधया शासदव्रतान्। ઋ. ૧; ૫૧; ૮. (હે ઇન્દ્ર, આર્યો અને દસ્યુઓને તમે બરાબર ઓળખજો, અને વ્રતહીન એવા દસ્યુઓને દાબી દઇને એમના ઉપર કાબુ બેસાડજો.) એ જ ઋચામાં આર્યોને યજ્ઞ કરનાર (यजमानमार्यम्) કહ્યા છે.

न्यक्रतून् ग्रथिनो मृध्रवाचः पणीँरश्रद्धाँ अवृधाँ अयज्ञान्। प्रप्र तान् दस्यूँरग्निर्विवाय पूर्वश्चकारापराँ अयज्यून्। ઋ. ૭; ૬; ૩.

(દસ્યુઓ પ્રતિભા વિનાના, વાચાળ, કઠોર વાણીવાળા, પણી એ નામવાળા, શ્રદ્ધા વિનાના, યજ્ઞ વિનાના, અને દેવોથી અરક્ષિત છે. અગ્નિ એમને દૂર ને દૂર ભગાડી મૂકે છે. એ દેવહીનોને એ પ્રાચીન [અગ્નિ] શત્રુઓ બનાવે છે.)

अकर्मा दस्युरभि नो अमन्तुरन्यव्रतो अमानुषः। त्वं तस्यामित्रहन् वधर्दासस्य दम्भय। ઋ. ૧૦; ૨૨; ૮.



(અમારી આસપાસ દસ્યુઓ છે, તે કર્મહીન, બુદ્ધિહીન, અન્ય વ્રતોના પાળનારા, ને અમાનુષી છે. હે અમિત્રને હણનારા! આ દાસો જે શસ્ત્રો વાપરે છે તેને નિષ્ફળ કરો.)

ઋગ્વેદમાં આર્યેતર લોકોની લિંગપૂજાનો નિષેધપૂર્વક ઉલ્લેખ છે; ને તેમને 'શિશ્નદેવ' કહ્યા છે. ઋ. ૭; ૨૧; ૫; તથા ૧૦; ૯૯; ૩.

૨૧; ૫. ઋગ્વેદમાં વરુણ તથા મિત્રને આર્ય અસુરો (असुरा आर्याः ઋ. ૭; ૬૫; ૨) કહેલા છે. તે ઉપરાંત વરુણને ઋ. ૧; ૨૪; ૧૪ માં, અને સવિતાને ઋ. ૧; ૩૫; ૧૦ માં, 'અસુર' કહેલા છે. તે ઉપરાંત બીજા મુખ્ય દેવોને પણ 'અસુર' કહ્યા છે. "ઇન્દ્રાદિ દેવો ગામડી, રખડુ, અર્ધજંગલી પ્રજાના દેવ હોય એમ લાગે છે; જ્યારે વરુણ અને મિત્રની ઉપાસનામાં સંસ્કૃતિની કંઇક ઉપલી કક્ષા દેખાઈ આવે છે. છેવટે દેવોએ તેમના પ્રતિસ્પર્ધી અસુરોને હાંકી કાઢ્યા. પણ વસ્તુતઃ તો એ અસુરોને વૈદિક આર્યોએ અપનાવી લીધા હતા."—રાધાકૃષ્ણન: 'ધર્મોનું મિલન', પૃ. ૧૬૫.

૨૧; ૧૯. वेदा यो वीनां पदमन्तरिक्षेण पतताम् वेद नावः समुद्रियः। वेद वातस्य वर्तनिम्। ઋ. ૧; ૨૫; ૬, ૮.

(જે અંતરિક્ષમાં ઊડતાં પંખીઓનાં પગલાં જાણે છે; જે સમુદ્રની નાવનો માર્ગ જાણે છે; જે વાયુનો માર્ગ જાણે છે.)

૨૧; ૨૦. यो धर्ता भुवनानाम्। ઋ. ૮; ૪૧; ૫. (જે સર્વ લોકને ધારણ કરનાર છે.) सत्यानृते अवपश्यञ्जनानाम्। ઋ. ૭; ૪૯; ૩. (તે માણસોનું સત્ય ને અસત્ય જુએ છે.) त्वं विश्वेषां वरुणासि राजा। ઋ. ૧૦: ૧૩૨; ૪. (હે વરુણ, તમે સહુના રાજા છો.) परा हि मे विमन्यवः पतन्ति वस्य इष्टये वयो न वसतीरुप। (જેમ પક્ષીઓ માળા તરફ પાછાં ફરે છે તેમ જ — તેટલા જ આનંદથી ને તેટલા જ ભાવથી — મારી વૃત્તિઓ વરુણ તરફ વળે છે.)

૨૨; ૪. સરખાવો: "ઋગ્વેદમાં વરુણને ઉદ્દેશીને કરેલી સ્તુતિઓ છે તે ખ્રિસ્તી સ્તોત્રો અને ખ્રિસ્તી ધર્મના ભક્તિસાહિત્યની ભાષાનું સ્મરણ કરાવે છે." — રાધાકૃષ્ણન: 'ધર્મોનું મિલન', પૃ. ૨૦–૧.

૨૪; ૩. ભારતવર્ષનો મિત્ર તે જ ઈરાનમાં મિથ્ર તરીકે પૂજાતો. મિથ્રપૂજાના સંપ્રદાય વિષે વધુ માહિતી માટે જુઓ 'ધર્મોનું મિલન' (રાધાકૃષ્ણન), પૃ. ૨૮–૩૦.

૨૪; ૮. આદિત્યોમાં સવિતા, ભગ, વરુણ, મિત્ર ને અર્યમાને ગણાવ્યા છે : सविता भगो वरुणो मित्रो अर्यमा। ऋ. ८; १८; ३५. સામાન્ય રીતે આદિત્યોની સંખ્યા સાત કે આઠની છે એમ ઋગ્વેદના કવિઓ જુદે જુદે વખતે કહે છે.

૨૪; ૧૦. સૂર્ય સર્વદર્શી (विश्वचक्षाः। ऋ. ७; ६३; १) છે. नूनं जनाः सूर्येण प्रसूताः। ऋ. ७; ६३; ४. (માણસોને ખરેખર સૂર્યે જ જન્મ આપ્યો છે.) इदं श्रेष्ठं ज्योतिषां ज्योतिरुत्तमम्। ऋ. १०; १७०; ३. (આ શ્રેષ્ઠ જ્યોતિ સર્વ જ્યોતિઓમાં ઉત્તમ છે.) विश्वस्य स्थातुर्जगतश्च गोपा ऋजु मर्तेषु वृजिना च पश्यन्। ऋ. ७; ६०; २ (તે સકળ સ્થાવર તેમજ જંગમ જગતનો રક્ષક છે, ને માણસોનાં પુણ્ય ને પાપ જુએ છે.) તેને મિત્ર, વરુણ, અને અગ્નિનું ચક્ષુ કહ્યો છે (चक्षुर्मित्रस्य वरुणस्याग्नेः। ऋ. १; ११५; १).

૨૫; ૫. "હિંદુમાત્રની પ્રાર્થના તે ગાયત્રી છે." — રાધાકૃષ્ણન. ગાયત્રી વિષેના તેમના વધુ વિચાર માટે જુઓ 'ધર્મોનું મિલન', પૃ. ૨૦૯–૧૦.

૨૫; ૧૧. इदं विष्णुर्विचक्रमे त्रेधा निदधे पदम्। ऋ. १; २२; १७. (વિષ્ણુએ આને ઓળંગીને ત્રણ પગલાં મૂક્યાં.) त्रीणि पदा वि चक्रमे विष्णुर्गोपा अदाभ्यः। ऋ. १; २२; १८. (કોઈથી પણ જીતી ન શકાય એવા રક્ષક વિષ્ણુએ ત્રણ પગલાં વડે વિશ્વને ઓળંગ્યું.)

૨૫; ૧૬. ઋગ્વેદમાં વિષ્ણુને 'ઇન્દ્રના સહગામી મિત્ર' (इन्द्रस्य युज्यः सखा) કહેલા છે; ને 'તે એકલા સર્વ લોકને ટકાવી રાખે છે.' (एको दाधार भुवनानि विश्वा। ऋ. १; १५४; ४.)

૨૫; ૨૨. પૂષાને 'પથસ્પતિ' (ऋ. ६; ५३; १) — રસ્તાનો પતિ, અને पशुपा (ऋ. ६; ५८; २) — પશુરક્ષક, अनष्टपशुः (ऋ. १०; १७; ३) કહેલો છે. पूषा त्वा पातु प्रपथे पुरस्तात्। ऋ. १०; १७; ४ (પૂષા આગળ સારે રસ્તે તારું રક્ષણ કરો) એવી પ્રાર્થના કરેલી છે.

૨૬; ૧૩. અશ્વિનો વૈદ્ય: भिषज्यतं यदातुरम्। ऋ. ८; २२; १० (તમે રોગીનો ઉપચાર કરો છો). युवं च्यवानं जरसोऽमुमुक्तम्। ऋ. ७;७१;५ (તમે ચ્યવનને ઘડપણમાંથી છોડવ્યા).



૨૭; ૧૫. जुषस्व नः समिधमग्ने अद्य शोचा बृहद् यजतं धूममृण्वन्। उप स्पृश दिव्यं सानु स्तूपैः सं रश्मिभिस्ततनः सूर्यस्य। ऋ. ७; २; १.

૨૮; ૧. "સોમ શબ્દનો અર્થ મદ્ય નથી. વેદમાં મદ્યવાચક સુરા શબ્દ છે. પોતાને હાથે થનારી ભૂલો પોતાની નથી, પણ તેનો દોષ દૈવ, મદ્યપાન, ક્રોધ, ભય, દુર્લક્ષ, સર્વકર્તા ઈશ્વર વગેરેને છે, એમ એક ઋષિ કહે છે. ऋ. ७; ८६; ६. વળી शतं कुंभाँ असिञ्चतं सुरायाः (ऋ. १; ११६; ७) એ મન્ત્રમાં પણ સુરાનો ઉલ્લેખ છે. આ સુરા સોમરસથી ભિન્ન હતી. કેમકે તૈત્તિરીય સંહિતામાં, વિશ્વરૂપ ત્વાષ્ટ્રનું વર્ણન કરતાં, 'તેને ત્રણ મોઢાં હતાં — એક સોમ પીનારું, બીજું સુરા પીનારું, ને ત્રીજું અન્ન ખાનારું, એવા શબ્દો યોજ્યા છે. (तस्य त्रीणि शीर्षाण्यासन् सोमपानं सुरापानं अन्नादनम्। तै. सं. २; ५; १; १) કાઠક સંહિતામાં (૧૨; ૧૦) એવું જ કહ્યું છે; અને ઐતરેય બ્રાહ્મણમાં (૩૭; ૪) સુરા ને સોમને જુદાં ગણાવ્યાં છે." — પાં. વા. કાણે : 'ધર્મશાસ્ત્રવિચાર' (મરાઠી), પૃ. ૫૪ તથા ૧૮૬.

પણ સોમ એ મદજનક, આહ્લાદકારી, અને શક્તિઓનો ઉત્કર્ષ કરનાર પીણું હતું એવા ઉલ્લેખ તો ઠેરઠેર છે. ઈન્દ્ર તે પી, મત્ત થઈને વૃત્રને હણવા ચડેલો, ને પછી કોઈ તેની સામે ટકી શક્યું નહીં, એમ વારંવાર કહેતાં ઋગ્વેદના કવિઓ થાકતા નથી.

૩૦; ૨૯. जनिता दिवो जनिता पृथिव्याः। ऋ. ८; ३६; ४. (ઈન્દ્ર દ્યુલોક અને પૃથ્વીને ઉત્પન્ન કરે છે.) ને દેવોમાં જ્યેષ્ઠ છે — દેવોને इन्द्रज्येष्ठाः (ऋ. १०; ६६; १) કહેલા છે. पितेव पुत्रमबिभरुपस्थे। (પિતા પુત્રને ખોળામાં લે તેમ તમે તેને ખોળામાં લો છો.) पितुर्न पुत्रः सिचमारभे त इन्द्र स्वादिष्ठया गिरा शचीवः। (પુત્ર પિતાને વસ્ત્રનો છેડો ઝાલી પકડી રાખે છે તેમ, હે ઇન્દ્ર, હું તમને પકડી રાખું છું.) ઈન્દ્ર પિતા છે તેમજ માતા પણ છે : त्वं हि नः पिता वसो त्वं माता शतक्रतो बभूविथ। ऋ. ८;९८;११. તેને પ્રાર્થના કરેલી છે કે 'તમે અમને ઋતને માર્ગે, ને દુષ્કર્મથી દૂર, લઈ જાઓ.' (ऋतस्य नः पथा नयाऽति विश्वानि दुरिता। ऋ. १०; १३३; ६.)

૩૨; ૧૮. સરખાવો : “ કૃષ્ણ અને એમની ગાયો વગેરે વર્ણન, જેને પાછળથી પૌરાણિક કલ્પના માનવાનો ચાલ પડી ગયો છે, તેનું મૂળ પણ છેક विष्णुर्गोपा अदाभ्यः, यत्र गावो भूरिशृंगा अयासः ઇત્યાદિ ઋગ્વેદસંહિતાના મન્ત્રોમાં છે.”

— આ. બા. ધ્રુવ : ‘ આપણો ધર્મ ’, પૃ. ૫૩૫.

૩૩; ૧૩. अम्बितमे नदीतमे देवितमे सरस्वति । ऋ. २; ४१; ८. ( હે શ્રેષ્ઠ માતા, હે શ્રેષ્ઠ નદી, હે શ્રેષ્ઠ દેવી સરસ્વતી ! ) બીજે એક ઠેકાણે નદીઓને ઉદ્દેશીને ગાયેલા સૂક્તમાં બીજી નદીઓની સાથે તેનું નામ છેઃ इमं मे गंगे यमुने सरस्वति । ऋ. १०; ७५; ५. બીજી કેટલીક જગાએ તેને વિદ્યાની દેવી કહી તેની સ્તુતિ કરેલી છે. ત્યાં તેને धीनामवित्री । ऋ. ६; ६१; ४ ( બુદ્ધિનું રક્ષણ કરનારી ), चोदयित्री सूनृतानां, चेतन्ती सुमतीनाम् । ऋ. १; ३; ११ ( સત્કર્મની પ્રેરણા કરનારી, સુંદર કવિતાને જાગૃત કરનારી ) કહેલી છે.

૩૩; ૧૬. ઋગ્વેદમાં મુખ્યત્વે આટલી દેવીઓના ઉલ્લેખ આવે છે — ઉષા, ઇળા, સરસ્વતી, મહી, ભારતી, દ્યૌ, પૃથ્વી, અદિતિ, ગુંગૂ, સિનીવાલી, રાકા, સૂર્યા. આ ઉપરાંત દેવપત્નીઓનો ઉલ્લેખ પણ આવે છે. દા. ત.: ઇન્દ્રાણી, વરુણાની, અગ્નાયી. ऋ. १; २२; १२. એ જ સૂક્તમાં કહ્યું છે : अग्ने पत्नीरिहा वह देवानामुशतीरुप । त्वष्टारं सोमपीतये । ऋ. १; २२; ९. ( હે અગ્નિ, તમે દેવોની રૂપવતી પત્નીઓ તથા ત્વષ્ટાને સોમ પીવા માટે લઈ આવો. )

૩૩; ૨૮. त्वष्टा माया वेदपसामपस्तमो बिभ्रत् पात्रा देवपानानि शंतमा । शिशीते नूनं परशुं स्वायसं येन वृश्चादेतशो ब्रह्मणस्पतिः । ऋ. १०; ५३; ९. ( ત્વષ્ટા કુશળ દેવોમાં સૌથી કુશળ હોઈ કારીગરી જાણે છે. તેણે દેવોને માટે પીવાનાં સુંદર પાત્રો બનાવ્યાં. બ્રહ્મણસ્પતિની લોખંડની પરશુને ધાર ચડાવી જેના વડે બ્રહ્મણસ્પતિએ એનશને હણ્યો. ) त्वष्टा यद् वज्रं सुकृतं हिरण्ययम् । ऋ. १; ८५; ९. ( તેણે ઇન્દ્રને માટે સોનેરી વજ્ર બનાવ્યું ). त्वष्टा रूपाणि हि प्रभुः पशून् विश्वान् त्समानजे । ऋ. १; १८८; ९.

૪૨; ૧૨. સરખાવો : अत्र पिताऽपिता भवति, माताऽमाता, लोका अलोका, देवा अदेवा, वेदा अवेदा, अत्र स्तेनोऽस्तेनो भवति, भ्रूणहाऽभ्रूणहा



चाण्डालोऽचाण्डालः, पौल्कसोऽपौल्कसः, श्रमणोऽश्रमण, स्तापसो ऽतापसो, ऽनन्वागतं पुण्येनानन्वागतं पापेन, तीर्णो हि तदा सर्वाञ्छोकान्हृदयस्य भवति । बृहदारण्यको-पनिषत् । ३; ३; २२.

( એ સ્થિતિમાં બાપ તે બાપ રહેતો નથી; મા તે મા રહેતી નથી; દુનિયા તે દુનિયા રહેતી નથી; દેવો તે દેવો રહેતા નથી; વેદ તે વેદ રહેતા નથી. એ સ્થિતિમાં ચોર તે ચોર રહેતો નથી; ગર્ભની હત્યા કરનાર તે ગર્ભની હત્યા કરનાર રહેતો નથી; પૌલ્કસ તે પૌલ્કસ રહેતો નથી; શ્રમણ તે શ્રમણ રહેતો નથી; તપસ્વી તે તપસ્વી રહેતો નથી. એ સ્થિતિમાં તેને નથી પુણ્ય લાગતું, કે નથી પાપ લાગતું; કેમકે તે હૃદયના સર્વ શોકોની પાર ચાલ્યો ગયો હોય છે. )

૫૬; ૩. સરખાવોઃ यदन्नः पुरुषो भवति तदन्नास्तस्य देवताः ।

वाल्मीकिरामायण — अयोध्या० १०४; १५.

( જે અન્ન માણસ ખાતો હોય તે જ અન્ન તેના દેવો પણ ખાય છે. )

૬૨; ૧૯. ब्राह्मणोऽस्य मुखमासीद् बाहू राजन्यः कृतः । उरू तदस्य यद्वैश्यः पद्भ्यां शूद्रो अजायत । ऋ. १०; ९०; १२.

( બ્રાહ્મણ એનું મુખ હતો. રાજન્ય એના બાહુ હતા. વૈશ્ય એની જાંઘ હતી. અને શૂદ્ર તેના પગમાંથી જન્મ પામ્યો. )

૬૨; ૨૩. તે વેળા બે જ વર્ણ હતા — આર્ય અને દાસ. उभौ वर्णौ ( ऋ. १; १७९; ६ ) એવો ઉલ્લેખ એક જગાએ આવે છે. यो दासं वर्णमधरं गुहा कः । ऋ. २; १२; ४. ( જેણે દાસ વર્ણને હરાવીને તેને ગુફામાં ધકેલી દીધો ). આ બે વર્ણોનો ભેદ મુખ્યત્વે તેમની ચામડીના રંગથી ઓળખાતો.

૬૨; ૨૫. દશમા મંડળના ૯૮ મા સૂક્તમાં એક કથા એવી છે કે ઋષ્ટિષેણનો એક દીકરો શંતનુ રાજા થયો; અને બીજા દીકરા દેવાપિએ પુરોહિત થઈ શંતનુ પાસે યજ્ઞ કરાવ્યો. यद्देवापिः शंतनवे पुरोहितो होत्राय वृतः । ऋ. १०; ९८; ७. ( યજ્ઞને માટે દેવાપિને પુરોહિત તરીકે પસંદ કરવામાં આવ્યો. )

૬૩; ૧૨. “બ્રાહ્મણ શબ્દ ઋગ્વેદમાં અનેક વેળા આવેલો છે; પણ વૈશ્ય અને રાજન્ય એ શબ્દ એમાં આવતા નથી.” — પાં. વા. કાણે : એજન, પૃ. ૫૪. આમાં એક પુરુષસૂક્ત અપવાદરૂપ છે.

૬૩; ૧૬. સરખાવો: “ક્ષત્રિય શબ્દ ઋગ્વેદમાં ઘણીવાર આવે છે, ને તેનો અર્થ બળવાન હોય એમ દેખાય છે. દાખલા તરીકે, तथा राष्ट्रं गुपितं क्षत्रियस्य ( ऋ. १०; १०९; ३. ) તથા राजाना मह ऋतस्य गोपा सिन्धुपती क्षत्रिया यातमर्वाक् ( ऋ. ७; ६४; २. ) એ ઋચાઓ જુઓ. त्यान्नु क्षत्रियाँ अव आदित्यान्याचिषामहे ( ऋ. ८; ६७; १. ) એમાં આદિત્ય દેવોને ક્ષત્રિય કહેલા છે. ઇન્દ્રને પણ ક્ષત્રિય એ વિશેષણ લગાડવામાં આવ્યું છે. મિત્રાવરુણને ऋतस्य गोपा અને ક્ષત્રિય કહીને आयातमर्वाक् ( અહીં આવો ) એવું નિમન્ત્રણ આપ્યું છે. આ જગાએ ક્ષત્રિય એટલે ખાસ વર્ગ એવો અર્થ નથી, પણ બલિષ્ઠ એવો અર્થ છે. अग्निरीशे बृहतः क्षत्रियस्य अग्निर्वाजस्य परमस्य रायः । ( ऋ. ४; १२; ३. ) એમાં તો ક્ષત્રિય શબ્દનો અર્થ બળ જ છે. અગ્નિ એ મોટા બળવાળો, અન્નનો ને ઉત્કૃષ્ટ ધનનો સ્વામી છે, એમ એમાં કહ્યું છે.” — પાં. વા. કાણે: એજન, પૃ. ૫૩.

૬૭; ૯: ઉપનિષદમાં કહ્યું છે કે જેઓ આ લોકમાંથી જાય છે તે સહુ ચંદ્રમા પાસે જ જાય છે, અને ચંદ્રમા એ સ્વર્ગલોકનું દ્વાર છે. ये वैके चास्माल्लोकात् प्रयन्ति चन्द्रमसमेव ते सर्वे गच्छन्ति । एतद् वै स्वर्गस्य लोकस्य द्वारं यश्चन्द्रमाः । कौषीतकिब्राह्मणोपनिषत् १–२.

૬૭; ૧૯. ‘બ્રહ્મ’ શબ્દના જે જુદા જુદા અર્થો સાયણે આપ્યા છે તે હૉગે ભેગા કર્યા છે : ( ૧ ) અન્ન, અન્નનો હવિ; ( ૨ ) સામગાયકનું ગાયન; ( ૩ ) સૂક્ત અથવા જાદુઈ મન્ત્ર કે વચન; ( ૪ ) સાંગોપાંગ કરેલો વિધિ; ( ૫ ) ગાન અને દક્ષિણા સાથે; ( ૬ ) હોતાનો મન્ત્રોચ્ચાર; ( ૭ ) મહાન. — સુરેન્દ્રનાથ દાસગુપ્ત; એજન, પૃ. ૨૦.

૭૯; ૨૨. સરખાવો: एते वै देवाः प्रत्यक्षं यद् ब्राह्मणाः । तैत्तिरीयसंहिता १; ७; ३; ११. ( બ્રાહ્મણો તે સાક્ષાત્ દેવો જ છે. ) ब्राह्मणो वै सर्वा देवताः । श. ब्रा. १२; ४; ४; ६. ( બ્રાહ્મણમાં બધા જ દેવો સમાઈ જાય છે. )



૮૨; ૨–૩. વેદપ્રામાણ્ય તથા વેદના અપૌરુષેયત્વના વધુ વિવેચન માટે જુઓ ‘હિંદુ ધર્મ’ (રાધાકૃષ્ણન), પૃ. ૧૬૪–૯ , તથા ‘હિંદુ જીવનદર્શન,’ પૃ. ૯–૧૨. શ્રુતિપ્રામાણ્યના વિષયમાં શંકરાચાર્ય માને છે કે પ્રત્યક્ષ અને અનુમાન કરતાં શ્રુતિનું પ્રામાણ્ય ચડિયાતું ખરું; પણ જે વિષયમાં પ્રત્યક્ષ અને અનુમાનથી જ્ઞાન થઈ શકે છે તે વિષયમાં શ્રુતિનું પ્રામાણ્ય ચાલતું નથી. જે વિષયો અતીન્દ્રિય છે, અને જેને વિષે અનુમાન ચાલી શકતું નથી, ત્યાં જ શ્રુતિનું પ્રામાણ્ય ચાલે છે. તેઓ કહે છે:

यत्तूक्तं श्रुतिप्रामाण्यादिति । तन्न, तत्प्रामाण्यस्यादृष्टविषयत्वात् । प्रत्यक्षादिप्रमाणानुपलब्धे हि विषयेऽग्निहोत्रादिसाध्यसाधनसंबन्धे श्रुतेः प्रामाण्यं न प्रत्यक्षादिविषये, अदृष्टदर्शनार्थविषयत्वात् प्रामाण्यस्य । न हि श्रुतिशतमपि शीतोऽग्निरप्रकाशो वेति ब्रुवत्प्रामाण्यमेति । गीताशांकरभाष्य १८; ६६.

( ‘શ્રુતિના પ્રામાણ્યને લીધે આ વસ્તુ સિદ્ધ થાય છે,’ એમ જે તમે કહ્યું તે બરાબર નથી. કેમકે શ્રુતિનું પ્રામાણ્ય તો અદૃષ્ટ વિષયો પરત્વે છે. પ્રત્યક્ષાદિ પ્રમાણથી જેનું જ્ઞાન થતું નથી એવા અગ્નિહોત્રાદિનાં સાધ્ય, સાધન અને સંબન્ધના વિષયમાં શ્રુતિનું પ્રામાણ્ય છે; પ્રત્યક્ષાદિ પ્રમાણથી જેનું જ્ઞાન થઈ શકે છે તે વિષયમાં નહીં. કેમકે અદૃષ્ટ વિષયનું દર્શન કરાવવું એ જ એ પ્રામાણ્યનો ધર્મ છે. અગ્નિ ઠંડો છે કે નિસ્તેજ છે એમ સો શ્રુતિવાક્યો કહે તોપણ તેમને કંઈ પ્રમાણભૂત માની શકાય નહીં. )

૮૬; ૨૪. આર્ય અને દસ્યુઓ વચ્ચેના સંબન્ધમાં સંહિતાકાળ કરતાં બ્રાહ્મણકાળમાં ઘણો ફરક પડ્યો છે. આર્યોમાં માંહોમાંહે દાશરાજ્ઞનું મોટું યુદ્ધ થયું તેમાં સામસામા પક્ષોએ દસ્યુઓની મદદ લીધી હશે તેને લીધે પણ દસ્યુઓ પ્રત્યેનો અણગમો ઓછો થયો હોય. જોકે સંહિતાના કાળમાં પણ અગસ્ત્યના જેવા કોઈ દીર્ઘદર્શી જ્ઞાનીઓ આર્ય ને દાસ વચ્ચે ભેદભાવ ન રાખતાં બંનેનું શુભ ઇચ્છે છે ને બંનેની સેવા કરે છે. उभौ वर्णावृषिरुग्रः पुपोष सत्या देवेष्वाशिषो जगाम । ऋ. १; १७९; ६. ( સામર્થ્યવાન એવા ઋષિ અગસ્ત્યે બંને વર્ણોનો ઉત્કર્ષ કર્યો, ને દેવલોકમાં ખરેખરા આશીર્વાદ મેળવ્યા. ) તૈત્તિરીય બ્રાહ્મણમાં કહ્યું છે કે दैव्यो वै वर्णो ब्राह्मणः असुर्यः शूद्रः । તે પરથી કેટલાક એમ માને

છે કે સંહિતાકાળમાં જેમને અસુર કે દસ્યુ ગણતા તેને જ બ્રાહ્મણકાળમાં શૂદ્ર ગણ્યા હશે. क्षां दासायोपबर्हणीं कः। ऋ. १; १७४; ७ (હે ઇન્દ્ર, તમે દાસને ધરતીનું જ ઉસીકું કરાવ્યું, અર્થાત્ તેમને ભોંયભેગા કર્યા) એ જૂની ભાષાને ઠેકાણે હવે કહે છે: रुचं नो धेहि ब्राह्मणेषु रुचं राजसु नस्कृधि। रुचं विश्येषु शूद्रेषु मयि धेहि रुचा रुचम्। तैत्तिरीयसंहिता ५; ७; ६; ३, ४. આમાં બ્રાહ્મણ, ક્ષત્રિય ને વૈશ્યની સાથે શૂદ્રને પણ તેજસ્વિતા આપો, એવી પ્રાર્થના કરેલી છે. વળી આત્મૈક્યજ્ઞાનની અવસ્થામાં એમ પણ કહ્યું છે કે ब्रह्म दाशा ब्रह्म दासा ब्रह्मैवेमे कितवाः। માછી, દાસ અને જુગારી સર્વ બ્રહ્મરૂપ છે.

---

મુદ્રક: આર. આર. બખલે, મુંબઈ વૈભવ પ્રેસ, ગિરગામ, મુંબઈ ૪.

પ્રકાશક: એમ. કે. વોરા, વોરા ઍન્ડ કંપની, પબ્લિશર્સ લિમિટેડ, ૩, રાઉન્ડ બિલ્ડિંગ, મુંબઈ ૨.

## વાંચવા જેવાં કેટલાંક પ્રકાશનો

**ગાંધીજીના સમાગમમાં:** સંપાદક: ચંદ્રશંકર શુક્લ.
સરદાર વલ્લભભાઈ પટેલના આશીર્વચન સાથે. કિં. રૂા. અઢી

**ગાંધીજી સાથે અઠવાડિયું:** લેખક: લુઈ ફીશર. અનુવાદક: ચંદ્રશંકર શુક્લ.
શ્રી. કાર્લ હીથની પ્રસ્તાવના સાથે. કિં. રૂા. બે

**ગાંધીજીની યુરોપયાત્રા:** લે. કુ. મ્યુરીએલ લેસ્ટર. અનુ.: ચંદ્રશંકર શુક્લ.
શ્રી. પ્યારેલાલની પ્રસ્તાવના સાથે. કિં. રૂા. બે

**ગાંધીજીના જીવનપ્રસંગ:** મીલી ગ્રેહામ પોલાક. અનુ૦: ચંદ્રશંકર શુક્લ.
દીનબંધુ ઍંડ્રુઝની પ્રસ્તાવના સાથે. બીજી આવૃત્તિ કિં. રૂા. સવાબે

**પુણ્યશ્લોક ગાંધીજી:** સંગ્રાહક અને અનુવાદક: ચંદ્રશંકર શુક્લ.
શ્રી. ગણેશ વાસુદેવ માવળંકરની પ્રસ્તાવના સાથે. કિં. રૂા. સવાચાર

**ગાંધીજીને જગવંદના:** રાધાકૃષ્ણન: અનુ૦: ચંદ્રશંકર શુક્લ.
સ્વામી આનંદની પ્રસ્તાવના સાથે. બીજી આવૃત્તિ. કિં. રૂા. ત્રણ

**ગાંધીવાદી આર્થિક યોજના:** લે. આચાર્ય અગ્રવાલ. અનુ૦: ચંદ્રશંકર શુક્લ.
ગાંધીજીની પ્રસ્તાવના તથા અનુવાદકના ઉપોદ્‌ઘાત સાથે. કિં. રૂા. સવા

**હિંદુ ધર્મ:** લે. રાધાકૃષ્ણન. અનુ૦: ચંદ્રશંકર શુક્લ. કિં. રૂા. સવાચાર

**વેદની વિચારધારા:** લે. રાધાકૃષ્ણન. અનુ૦: ચંદ્રશંકર શુક્લ. કિં. રૂા. સવાબે

**યુવાનોની સંસ્કારસાધના:** રાધાકૃષ્ણન. અનુ૦: ચંદ્રશંકર શુક્લ. કિં. રૂા. દોઢ

**બે નવલકથા:** લીઓ ટૉલસ્ટૉય. અનુ૦: ચંદ્રશંકર શુક્લ. કિં. રૂા. અઢી

**કોની બહેન? અને બીજી વાતો:** લીઓ ટૉલસ્ટૉય.
અનુવાદક: ચંદ્રશંકર શુક્લ. કિં. રૂા. સવાબે

**મૂગો સેવક:** લે. ચંદ્રશંકર શુક્લ. ગાંધીજીને પ્રિય એવી અંગ્રેજી નવલકથા
'સર ગીબી'ને આધારે. કિં. રૂા. દોઢ

**મૌલાના અબુલ કલામ આઝાદ:** લે. મહાદેવ દેસાઈ.
અનુ૦: ચંદ્રશંકર શુક્લ.

**ભારતની એકતા:** જવાહરલાલ નેહરુ, અનુ૦: ચંદ્રશંકર શુક્લ.

**પ્રભુનું ધન:** લે. ચંદ્રશંકર શુક્લ. મેરી કોરેલીની એક કથાને આધારે.



: પ્રકાશક :

**વોરા ઍન્ડ કંપની, પબ્લિશર્સ, લિમિટેડ**

૩, રાઉન્ડ બિલ્ડિંગ, કાલબાદેવી રોડ, મુંબઈ ૨.